# જૈન ધર્મનું હાર્દ

– ચંદ્રહાસ ત્રિવેદી

# જૈન ધર્મનું હાર્દ

ચંદ્રહાસ ત્રિવેદી

: મુખ્ય વિક્રેતા :
ગૂર્જર એજન્સી
રતનપોળ નાકા, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ટે.નં. ૨૨૧૪૯૬૬૦

# JAIN DHARMNU HARD

*by Chandrahas Trivedi*

●

**જૈન ધર્મનું હાર્દ**

© લેખક : ચંદ્રહાસ ત્રિવેદી

●

ચોથી આવૃત્તિ : ૨૦૧૪
પૃષ્ઠ સંખ્યા : ૧૨૮

●

કિંમત રૂ. ૧૦૦-૦૦

●

: પ્રકાશક :
**ચંદ્રહાસ ત્રિવેદી**
'સુહાસ', ૬૪, જૈન નગર, અમદાવાદ-૩૮૦૦૦૭
ટે.નં. ૨૬૬૨૦૬૧૦

●

: વિક્રેતા :
**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળ નાકા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૪૪૬૬૩

**નવભારત સાહિત્ય મંદિર**
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૩૯૨૫૩

**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોન : ૦૨૨-૨૨૦૧૭૨૧૩

**રૂપલ બુક એજન્સી**
વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ-૩૮૮૧૨૦
ફોન : ૦૨૬૯૨-૨૩૭૧૭૧

●

: મુદ્રક :
**ચંદ્રિકા પ્રિન્ટરી**
મિરઝાપુર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

# અર્પણ

પૂજ્ય વિદુષી સાધ્વીજી શ્રી પ્રશમિતાશ્રીજીને

- ચંદ્રહાસ ત્રિવેદી

## શ્રી ચંદ્રહાસ ત્રિવેદીનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો (સ્વરૂપલક્ષી)

| | | | |
|---|---|---|---|
| નવલકથા : | ૧. | પાછે પગલે | ૧૯૯૩ |
| | ૨. | સીમાની પેલે પાર | ૨૦૦૧ |
| | ૩. | બદલાતા રંગ | ૨૦૦૪ |
| | ૪. | રાજરમત | ૨૦૦૯ |
| | ૫. | પરલોકવાસીની પ્રીત | ૨૦૧૦ |
| વિનોદ વ્યંગ : | ૧. | તરંગોની ભીતરમાં | ૧૯૯૪ |
| | ૨. | અષ્ટમ્ પષ્ટમ્ | ૨૦૦૦ |
| | ૩. | અવળી સવળી વાતો | ૨૦૦૩ |
| ટૂંકી વાર્તા : | ૧. | પળનાં પલાખાં | ૨૦૦૨ |
| આત્મકથા : | ૧. | સ્મૃતિની સાથે સાથે | ૧૯૯૯ |
| રેખાચિત્રો : | ૧. | વાટે ને ઘાટે | ૨૦૦૨ |
| નિબંધ : | ૧. | જીવતરને જીવી જાણીએ | ૨૦૦૦ |
| સંશોધન : | ૧. | મૃત્યુ વિજયને પંથે | ૧૯૯૬ |
| | ૨. | તનાવ : સમસ્યા અને સમાધાન | ૨૦૦૦ |
| | ૩. | ધ્યાનવિચાર | ૨૦૧૨ |
| જૈન ધર્મ : | ૧. | મહાવીરની સાધનાનો મર્મ | ૧૯૯૪ |
| | ૨. | કર્મવાદનાં રહસ્યો | ૧૯૯૪ |
| | ૩. | જૈન આચાર મીમાંસા | ૧૯૯૫ |
| | ૪. | જૈન ધર્મનું હાર્દ | ૧૯૯૬ |
| | ૫. | કર્મસાર | ૨૦૧૧ |
| | ૬. | મહાવીરનો સાધનાપથ | ૨૦૧૩ |
| બૌદ્ધ ધર્મ : | ૧. | બૌદ્ધ ધર્મ : સિદ્ધાંત અને સાધના | ૨૦૦૪ |
| ગીતા ચિંતન : | ૧. | ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે (ગીતાનું રહસ્ય ઉદ્દ્ઘાટન) | ૨૦૦૫ |
| | ૨. | ગીતાની ભગવત્તા | ૨૦૦૬ |
| | ૩. | ગીતાજ્ઞાનસાર | ૨૦૦૯ |
| કથા ચિંતન : | ૧. | બિંબ પ્રતિબિંબ | ૧૯૯૨ |
| (પર્સનલ એસેસ) | ૨. | ઘટનાને ઘાટે | ૧૯૯૬ |
| | ૩. | પારકી ભૂમિ પર ઘર | ૧૯૯૯ |
| | ૪. | અલ્પનો વિસ્તાર | ૨૦૦૧ |
| | ૫. | પણ હું મઝામાં છું | ૨૦૦૩ |
| | ૬. | અંતિમ વળાંક | ૨૦૦૭ |
| | ૭. | મૃત્યુ : સમસ્યા અને સમાધાન | ૨૦૦૮ |

# નિવેદન

'જૈન ધર્મનું હાર્દ' જૈન દર્શનનું પુસ્તક છે. જૈન તત્ત્વદર્શન ઉપર આમ તો ઘણાં પુસ્તકો લખાયાં છે. પણ મારું આ પુસ્તક તેની સરળતા અને સુગમતાને કારણે બધાથી નિરાળું નીવડશે એવો મને વિશ્વાસ છે. આ પુસ્તકના લખાણમાં મેં જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સાચવ્યા છે. છતાંય તેનો અભિગમ વૈજ્ઞાનિક અને વિશિષ્ટ હોવાને કારણે વાચકને તે વધારે અનુકૂળ રહેશે - એની મને ખાતરી છે. જ્ઞાનની ગંભીર વાતો હળવી અને સુગમ રીતે મારા પુસ્તકોમાં અનાયાસે રજૂ થઈ છે જેને કારણે મારાં પુસ્તકોને સારો આવકાર મળ્યો છે એમ હવે હું કહી શકું. તત્ત્વજ્ઞાન જેવા ગંભીર અને ભારે વિષયને હળવી રીતે મેં રજૂ કર્યો છે અને જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સાંગોપાંગ સાચવીને વિષયની છણાવટ કરી છે. પુસ્તકનો વિસ્તાર મેં ઓછો રાખ્યો છે પરંતુ વિષયના મર્મને હું ચૂક્યો નથી એમ હું આત્મવિશ્વાસથી કહી શકું તેમ છું. મારું આ પુસ્તક જૈન ધર્મને વર્તમાન સંદર્ભમાં સમજવા માટે વધારે અનુકૂળ રહેશે અને વાચક તેનાથી જૈન ધર્મની વધારે નિકટ આવશે એવી મને શ્રદ્ધા છે.

જૈન ધર્મનો સંપર્ક મને થયો તે જ મારું અહોભાગ્ય. તેની સહાય વિના અસ્તિત્વની કેટલીક ગહન વાતો હું ન સમજી શકયો હોત. જૈન ધર્મની મને જે વિશિષ્ટતા અને મહત્તા લાગી તે રજૂ કર્યા વિના હું ન રહી શક્યો. તેને કારણે મેં જૈન ધર્મ ઉપર પાંચ-છ ચિંતનાત્મક પુસ્તકો લખ્યાં.

જન્મજાત જૈન ન હોવાને કારણે મને જૈન ધર્મના અભ્યાસમાં એક રીતે લાભ થયો. તેને કારણે હું જેન ધર્મનું તટસ્થતાપૂર્વક મૂલ્યાંકન કરી શક્યો અને તેના અમૂલ્ય વારસાની મને પ્રતીતિ થઈ. તદુપરાંત અન્ય ધર્મોનો પરિચય અને પરિશીલન હોવાને કારણે મારી ધર્મધારા વિશાળ પટમાં વહેતી રહી. જન્મથી જ હું તર્કપ્રધાન અને સંદેહથી વાત તરફ જોવાની ટેવવાળો તેથી અંધશ્રદ્ધામાં ક્યારેય હું અટવાયો નહીં. 'મારું તે જ સારું' એમ મેં ક્યારેય માન્યું નથી, પણ 'સારું તે બધું મારું' કરી લેવાની ઝંખનાને કારણે જ હું જૈનધર્મમાં પ્રવેશ કરી શક્યો. વૈજ્ઞાનિક અભિગમને લીધે મારાં ધર્મવિષયક પુસ્તકોને એક વિશિષ્ટ સ્વરૂપ સહજ પ્રાપ્ત થતું રહ્યું જેને કારણે મારાં પુસ્તકો વાચકોને ગમી ગયા હોય - એમ મને લાગે છે.

મારા આ પુસ્તકમાં જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોના અર્થઘટનમાં મેં ક્યાંય છૂટછાટ લીધી નથી. ઊલટાના મેં તેનાં રહસ્યોને મારા વાચન-મનન અને ચિંતનના બળે ઉદઘાટિત કર્યાં છે - જે વાચકને કંઈક વિશિષ્ટ આપી જશે. મૂળ તત્ત્વ તો ક્યારેય બદલાતું નથી, પણ તેની અભિવ્યક્તિ - કહેવાની રીત સમયના વહેણ સાથે ન બદલાય તો ધર્મ ગમે તેવો ઉત્તમ હોય છતાંયે તે તત્કાલીન સમાજને આવતા પૂર સામે ટકી રહેવા માટે બળ આપી શકતો નથી.

વિજ્ઞાનની શોધો અને વિકસતા સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહાર કારણે જગત નાનું બની ગયું છે. દેશો, ધર્મો અને લોકો એકબીજાની નજીક આવી ગયા છે. પરસ્પર આદાન-પ્રદાન વધી ગયું છે. આ બદલાયેલા સંદર્ભોને લક્ષમાં રાખીને જો આપણે આપણા ધર્મને રજૂ નહીં કરીએ કે સમજીશું નહીં તો આપણો મહાન ધર્મ કેવળ ઉપાશ્રયો અને દેરાસરોમાં રહી જશે અને વ્યવહારમાંથી ખસી જશે. બદલાયેલા સંદર્ભોમાં આપણે ધર્મને સમજવાનો છે અને આપણી નવી પેઢી સમક્ષ તે મૂકવાનો છે. તેનો અર્થ એ નથી કે ધર્મ બદલાયો છે. ધર્મ તો એનો એજ રહ્યો છે અને રહેશે. ધર્મ કાલાતીત હોય છે. પરંતુ બદલાયેલા સંદર્ભો અને સમયમાં આપણે તેની અભિવ્યક્તિ બદલવી પડશે. આ વાતને લક્ષમાં રાખીને મેં અહીં જૈનધર્મના સિદ્ધાંતોને રજૂ કર્યા છે.

આવાં ધર્મવિષયક ગંભીર પુસ્તકો, પુરોગામી ધર્મપુરુષો અને તત્ત્વ-મીમાંસકોના આધાર વિના ન લખી શકાય. તે માટે હું તત્ત્વજ્ઞાનની ઉપલબ્ધિમાં મને સહાયભૂત નીવડેલ સૌ પૂર્વાચાર્યો અને પ્રાજ્ઞપુરુષોનો ઋણી છું.

વર્તમાનમાં પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્નવિજયજીનો તો મારા ઉપર વિશેષ ઉપકાર છે. એક રીતે જૈન ધર્મ વિષયક પુસ્તકો લખવા માટે મને પ્રેરનાર જ તેઓ. પૂજ્ય પંડિત મહારાજ સાહેબ પૂ. પંન્યાસ શ્રી મોહજીતવિજયજી અને પૂ. આચાર્ય શ્રી યુગભૂષણવિજયજીની પણ વસ્તુના અર્થઘટનમાં મેં ઘણી વાર સહાય લીધી છે. આમ તેમનો પણ હું ઋણી છું.

મારા દરેક પુસ્તક માટે શ્રીમતી સુમિત્રાની તો મને ડગલે અને પગલે સહાય મળતી રહી છે. જૈન ધર્મ પ્રતિની મારી રુચિ કેળવવામાં તેમનો ઘણો ફાળો છે.

- ચંદ્રહાસ ત્રિવેદી
તા. ૫-૦૪-૨૦૧૪

'સુહાસ' ૬૪, જૈનનગર
અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૬૨૦૬૧૦

## ।। નમો નમો શ્રી ગુરુનેમિસૂરયે ।।

આપણે ત્યાં ભારતીય તથા અન્ય પરંપરાના ધર્મસંપ્રદાયો પાસે પોતા-પોતાના સમગ્ર મતને પ્રતિપાદિત કરવા એક એક પ્રતિનિધિ ધર્મગ્રંથ છે. ગીતા, બાઈબલ, કુરાન, ધમ્મપદ વગેરે. એ રીતે સર્વસંતર્પક પ્રતિનિધિ ગ્રંથ જૈનો પાસે નથી - તેવું અવારનવાર સાંભળવા મળે છે. તેના ઉત્તરમાં તવ્વાર્થાધિગમ સૂત્ર, જ્ઞાનસાર વગેરે ગ્રંથોના નામ આપવામાં આવે છે. પણ વાચકનું માથું સંમતિ દર્શાવતું નથી અને તે વાસ્તવિક છે. જૈન ધર્મ એ પૂર્ણ ધર્મ છે. પૂર્ણ ધર્મ એ સંદર્ભમાં કે એને દષ્ટિગોચર વિશ્વ ઉપરાંતના વિષયો અંગે તેણે તલસ્પર્શી વિચારો રજૂ કર્યા છે. એ સમગ્રને સમાવતો એક ગ્રંથ તો કેવી રીતે બની શકે ?

છતાં તે દિશામાં યુગોથી શરૂ કરી આજ સુધી સભાન પ્રયત્નો થતા જ રહ્યા છે. તે તે યુગના જીવોને સામે રાખીને કરુણાબુદ્ધિએ ઘણા ગ્રંથો લખાયા છે. ગુજરાતી-હિંદીમાં પણ લખાયા છે અને અન્ય ભાષામાં અનુવાદિત પણ થયા છે. ગુજરાતીમાં પણ સારા પ્રમાણમાં પ્રયત્નો થયા છે. એ યાદીમાં શ્રી ચંદ્રાહાસ ત્રિવેદી લિખિત "જૈન ધર્મનું હાર્દ" એ માત્ર ઉમેરો નથી પણ તે નવી પેઢીને સામે રાખીને લખાયેલું નવી ભાત પાડતું એક ઉપયોગી પ્રકાશન છે. શ્રી ચંદ્રહાસભાઈના પુસ્તકમાં વાચકને રસાળ શૈલીમાં સુગમ ભાષામાં તેની જિજ્ઞાસાને સંતોષે તેવી રીતે જોઈતી વાત મળે છે.

આવા વિષયનાં પુસ્તકો લખનારા ત્રણ વિભાગના લેખકો હોય છેઃ

૧. પોતે જૈન હોય, જૈન ધર્મનો - જૈન દર્શનના ઊંડા અભ્યાસ દ્વારા તલસ્પર્શ કર્યો હોય અને અજૈન જિજ્ઞાસુઓને સામે રાખીને જૈન ધર્મના પરિચયનું પુસ્તક લખે.

૨. પોતે અજૈન હોય, તત્ત્વજ્ઞાનનો અભ્યાસી હોય, ભારતીય પરંપરાની અનેક વિદ્યાશાખાનો જિજ્ઞાસુ બુદ્ધિએ પરિચય કેળવ્યો હોય અને તેના એક ભાગરૂપે જૈન ધર્મ - જૈન દર્શન એ શું છે? અથવા જૈન ધર્મ પોતાને કેવી રીતે જણાયો, કેવો લાગ્યો, તેની માન્યતા, ભેદ-પ્રભેદ વગેરેનો ઝીણવટથી અભ્યાસ કરીને પછી તેનું પુસ્તક લખે.

૩. જ્યારે ત્રીજા વિભાગના લેખકોમાં એવી વ્યક્તિ આવે છે કે જેઓ જન્મે અજૈન હોય, અજૈન પરંપરામાં તેમનો ઉછેર થયો હોય અને અજૈન પરંપરાની જાણીતી વિદ્યાશાખાનો હૃદયથી પરિચય કેળવ્યો હોય અને પછી દૈવવશાત્ જૈન ધર્મની પરંપરાના પરિચયમાં આવવાનું બન્યું હોય, એ ધર્મના પરિચયની શરૂઆત કૌતુક-કૂતુહલમિશ્રિત જિજ્ઞાસાથી થઈ હોય અને પછી તો પ્રજ્ઞાના પ્રકાશમાં જૈન ધર્મના એક પછી એક મૌલિક પદાર્થનું જે દર્શન થતું જાય ત્યારે બુદ્ધિ પછીના પ્રદેશ શ્રદ્ધાનું પ્રકટીકરણ થાય અને ત્યાર પછી શ્રદ્ધાથી સંશુદ્ધ બુદ્ધિ વડે જૈન દર્શનનો જે પરિચય થાય ત્યારે માથું ડોલી ઊઠે અને તે પછી પોતાને ગમી ગયેલા, જચી ગયેલા પદાર્થોની લહાણી કરવાનું મન થાય અને પુસ્તક લખાય તે આ ત્રીજો વિભાગ.


અને શ્રી ચંદ્રહાસ ત્રિવેદી આ ત્રીજા વિભાગમાં આવે છે. આ પુસ્તકમાં તેમની કલમમાંથી વારંવાર એક વાક્ય સરી પડે છે – "આ જૈન ધર્મની વિશિષ્ટતા છે." વળી તેઓ બને ત્યાં સુધી પારિભાષિક શબ્દોને પણ નવા રૂપરંગવાળા પર્યાયોના વાઘા પહેરાવે છે. તેઓ 'મોક્ષ' પદાર્થને સમજવા માટે "આત્માની તદ્દન આત્મનિર્ભર નિજાનંદ અવસ્થા" આવી વ્યાખ્યા આપે છે. તે વાચકને જટિલ શબ્દસમૂહમાંથી ઉગારી લે છે. તેઓ મૂળ પદાર્થને સમજી વિચારી વર્તમાન પેઢીની બૌદ્ધિક પરિસ્થિતિનો અભ્યાસ મનમાં રાખી તે પરિભાષાને સમાન અર્થના દ્રાવણમાં ઓગાળીને નવા રૂપે રજૂ કરે છે જે શબ્દોથી પરિચિત હોય છે છતાં મૂળ શબ્દનો પરિચય આપવામાં વધુ અર્થક્ષમ હોય છે. આ પુસ્તકમાંથી પસાર થતાં એટલું તો ચોક્કસ લાગે છે કે તેઓને જૈન દર્શનના પદાર્થોનો સ્પષ્ટ અવબોધ થયો છે. અને તેનું અનાકુલપણે નિરૂપણ કરવાની સુબોધ શૈલી તેમણે હાથવગી કરી છે.

અપેક્ષા તો એ છે કે આપણી સમસ્ત ગુજરાતની નવી પેઢી આવા પુસ્તકનું મનનપૂર્વકનું વાચન કરે અને જૈન ધર્મના હાર્દને પોતાના હૃદયમાં સ્થાપન કરે અને એ રીતે જૈન ધર્મના સાચા રાગી બને. બીજી પણ આની ફલશ્રુતિ છે કે આના વાચનથી જૈન ધર્મ વિશે અને અન્ય ધર્મ વિશેની ઘણી બધી ભ્રમણાઓનું નિરસન થશે. નવી પેઢીના જિજ્ઞાસુ વાચકોને માટેતો આ ભાવતા ભોજનનો થાળ છે.

દાદાસાહેબ જૈન ઉપાશ્રય
ભાવનગર

– **આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ. સા.**
અષાઢ વદ ૧૧ (સં. ૨૦૫૩)

# લેખકનો પરિચય



ઈ. સ. ૧૯૩૦માં કપડવંજમાં જન્મ. અર્થશાસ્ત્ર અને રાજકારણના વિષયો સાથે માસ્ટર ડિગ્રી લઈને અમદાવાદ અને મુંબઈની કૉલેજોમાં અધ્યાપન કાર્ય કર્યું. લગભગ પાંચ વર્ષ સુધી દિલ્હીમાં ઑલ ઇન્ડિયા રેડિયો ઉપરથી સમાચાર આપ્યા અને બે વર્ષ સુધી મુંબઈ રેડિયો સ્ટેશન ઉપરથી પરદેશમાં વસતાં ભારતીય ભાઈ-બહેનો માટે સમાચાર આપતા રહ્યા. જીવનના ઉત્તર કાળમાં પચીસ વર્ષ સુધી મૂળ બ્રિટિશ કંપની ગૅનન ડંકર્લિ ઍન્ડ કું.માં રીજીયોનલ મૅનેજરના ઉચ્ચ પદ ઉપર રહ્યા અને ત્યાંથી નિવૃત્ત થયા.

જીવ-જગત અને ઈશ્વર વિશે જાણવાની અદમ્ય ઝંખનાને કારણે વિધ વિધ ધર્મોનો અભ્યાસ કરતા રહેલા અને જેવા નિવૃત્ત થયા કે તુરત જ સાહિત્યસર્જન તરફ વળ્યા. સાહિત્ય તરફની સદાયની અભિરુચિ તેથી સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનું ઠીક ઠીક પરિશીલન કર્યું. જીવનનાં સાઠ વર્ષ પછી લખવા માંડ્યું. છતાંય આજ સુધીમાં તેમનાં ત્રીસ ઉપર પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. તેમણે ધર્મ ઉપર તો લખ્યું જ, પણ સાહિત્યનાં વિધ વિધ સ્વરૂપોને સ્પર્શીને પણ ઘણું લખ્યું છે. તેમણે નવલકથાઓ લખી, આત્મકથા લખી, ટૂંકી વાર્તાઓ લખી અને હાસ્યવિષયક પુસ્તકો પણ લખ્યાં. 'તનાવ' જેવા મનોવૈજ્ઞાનિક વિષય ઉપર લખ્યું તો 'મૃત્યુ' જેવા ગહન વિષય ઉપર પણ લખ્યું. 'કર્મવાદનાં રહસ્યો' નામનું તેમનું પુસ્તક ઘણું વખાણાયું અને તેની સાત આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ.

છેલ્લાં પંદર-વીસ વર્ષથી તેઓ ગુજરાત સમાચારની 'અગમ નિગમ'ની પૂર્તિના 'ધર્મલોક'માં ચિંતનાત્મક લેખો **'વિમર્શ'** શીર્ષક હેઠળ લખે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી માનવતાલક્ષી સાહિત્ય માટેનું પારિતોષિક તેમના **'પારકી ભૂમિ પર ઘર'** પુસ્તક માટે આપવામાં આવેલ છે. હ્યુમન સોસાયટી ઑફ ઇન્ડિયા તરફથી તેમને તેમની સત્ત્વશીલ નવલકથા **'સીમાની પેલે પાર'** માટે કનૈયાલાલ માણેકલાલ મુનશી ઍવૉર્ડ આપવામાં આવેલ છે. મૌલિક ચિંતનના પથ ઉપર આજે પણ તેમની કલમ આગળ વધી રહી છે.

-----

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | નિવેદન | ૫ |
| | પ્રસ્તાવના | ૭ |
| ૧. | ભિન્ન અને વિશિષ્ટ | ૧૧ |
| ૨. | આધારશિલા | ૧૭ |
| ૩. | જ્ઞાન-વિજ્ઞાન | ૨૬ |
| ૪. | જગત સ્વભાવ | ૩૫ |
| ૫. | આત્માથી પરમાત્મા | ૪૦ |
| ૬. | ત્રાણ સોપાન | ૪૮ |
| ૭. | વત્થુ સહાવો ધમ્મો | ૫૬ |
| ૮. | સાધનત્રયી | ૫૯ |
| ૯. | કર્મસાર | ૬૬ |
| ૧૦. | સજગતા અને સાધના | ૭૨ |
| ૧૧. | શલ્યચિકિત્સા | ૮૦ |
| ૧૨. | ભાવછાયાની પેલે પાર | ૮૩ |
| ૧૩. | ભાવનાયોગ | ૮૮ |
| ૧૪. | આત્માનું ઊર્ધ્વારોહણ | ૧૦૦ |
| ૧૫. | મંગલની વર્ષા | ૧૧૨ |
| ૧૬. | અનેકાંત વિજ્ઞાન | ૧૧૯ |

# ૧. ભિન્ન અને વિશિષ્ટ

જૈન ધર્મના હાર્દમાં પ્રવેશ કરતાં પહેલાં આપણે તે જાણી લેવું આવશ્યક છે કે જગતને ધર્મથી શું અભિપ્રેત છે, દુનિયા કોને ધર્મ કહે છે અને આપણે અન્ય ધર્મો કરતાં ક્યાં જુદા પડી જઈએ છીએ તેમજ જૈન ધર્મ કેવી રીતે વિશિષ્ટ ધર્મ બની રહ્યો છે.

**ઉમરખૈયામે** એક જગાએ લખ્યું છે કે ધર્મને પામવા માટે મેં ઘણાં શાસ્ત્રો ઉથલાવ્યાં, કેટલાય સાધુસંતોને મળ્યો પણ છેવટે તો હું ધર્મમાં જ્યાંથી પ્રવેશ્યો હતો તે જ દ્વારેથી પાછો બહાર આવી ગયો. અંતે મને લાગ્યું કે લાંબી યાત્રા પછી પણ હું તો હતો ત્યાં ને ત્યાં જ ઊભો છું.

ઉમરખૈયામનું આ કથન ગહન છે અને સૌને વિચાર કરતા કરી મૂકે તેવું છે. ધર્મો ઘણી વાર મંજિલ સુધી લઈ જવામાં નિષ્ફળ નીવડે છે કે ઊણા ઊતરે છે કારણ કે ધર્મો મહદ્ અંશે રહસ્યવાદમાં ઊતરી જાય છે.

જગતમાં ધર્મો તો ઘણા બધા છે. સૌ ધર્મો સત્યને પામવા મથે છે, સુખનો માર્ગ દર્શાવે છે અને સાધક વત્તે-ઓછે અંશે તેને અનુસરે છે. છતાંય જીવનને અંતે ઘણાને લાગે છે કે હું જન્મ્યો હતો ત્યારે આધ્યાત્મિક માર્ગમાં જ્યાં હતો ત્યાં જ આજે પણ ઊભો છું. જીવનભર ચાલ્યો ઘણું પણ ક્યાંય પહોંચી શક્યો નહીં. જે કંઈ મેળવ્યું છે તે પણ જાણે મન મનાવવા પૂરતું છે અને ઝંખના તો હજુ એવી ને એવી જ રહી ગઈ છે. જીવન હાથતાળી આપીને સરકી ગયું.

જૈન ધર્મમાં જન્મ્યા છતાંય જો આપણે આવી લાગણી સાથે જીવન પૂર્ણ કરવું પડે તો તેના જેવી બીજી કઈ દુઃખદ વાત હોઈ શકે? આપણા જીવનમાં આવો વખત ન આવે માટે આપણે સવેળા જાગી જઈએ અને વિચારી લઈએ કે આપણી જીવનયાત્રામાં આપણે ક્યા પડાવ ઉપર ઊભા છીએ અને આપણે ક્યાં પહોંચવું છે? જે જૈન કુળમાં જન્મ્યાનું આપણને આટઆટલું ગૌરવ છે તે જૈન ધર્મ શું છે, તે બધા ધર્મો કરતાં કેવી રીતે જુદો છે અને તેની વિશિષ્ટતાઓ શી છે?

આટલી વાત જો મનમાં બરોબર જચી ગઈ હશે તો જૈન ધર્મના હાર્દને સમજીને તેનો પૂર્ણ લાભ લઈ શકીશું અને મહામૂલા મનુષ્યજન્મને અને જૈન કુળને સાર્થક કરી શકીશું.

કોઈ પણ ધર્મને મૂલવવો હોય તો તે જીવ, જગત અને જીવનના પ્રાપ્તવ્ય માટે શું માને છે તે બાબતો સમજીએ તો જ તેનું યથાર્થ મૂલ્યાંકન થઈ શકે. આમ જોઈએ તો દરેક ધર્મ આ સંબંધેની પોતાની ધારણા ઉપર ઊભો હોય છે. આ ધારણા જેટલી વાસ્તવિક અને વૈજ્ઞાનિક તેટલે અંશે જે તે ધર્મ વધારે વાસ્તવિક લાગે છે અને બુદ્ધિને વધારે સ્વીકાર્ય બની રહે છે. આજે જગત ધર્મથી મહદ્ અંશે વિમુખ બની રહ્યું છે કારણ કે ધર્મની મૂળભૂત ધારણાઓ અત્યારનાં વૈજ્ઞાનિક સંશોધનો સામે ટકી શકતી નથી. વળી ધર્મ વર્તમાન જીવન સાથે સુસંગત ન લાગતો હોવાથી પણ ઘણા લોકો ધર્મથી દૂર થતા જાય છે. આજે ભલે નવાં નવાં મંદિરો અને ધર્માલયો થતાં જોઈને લાગે કે ધર્મ વધી રહ્યો છે પણ વાસ્તવિકતા તો જુદી જ છે. લોકોની ધર્મમાંથી શ્રદ્ધા ડગતી જાય છે અને ધર્મ જનસમાજ ઉપરની પોતાની પકડ ગુમાવતો જાય છે. અત્યારે આપણને ધર્મનું જે સ્વરૂપ જોવા મળે છે તે કાળના પ્રવાહ સામે ટકી રહેવા માટે બહુ સક્ષમ નથી લાગતું. આજે જગતમાં જૈન ધર્મ પ્રતિ જે જિજ્ઞાસા જોવા મળે છે તેનું એક કારણ એ છે કે જૈન ધર્મની ધારણાઓ વધારે વૈજ્ઞાનિક છે. છતાંય જો આપણે ધર્મને તેના સાચા સ્વરૂપમાં નહીં સમજીએ તો તે આપણને વર્તમાન જીવનપ્રવાહ સામે ટકી રહેવામાં ઝાઝો મદદરૂપ નહીં નીવડે.

જગતના લગભગ બધા ધર્મોએ કોઈ એક સર્વેસર્વા ઈશ્વરની ધારણા કરી છે. અને તેને કેન્દ્રમાં રાખીને પોતપોતાનાં ધર્માલયોની રચના કરી છે; જ્યારે જૈન ધર્મે આવા કોઈ સર્જક-પોષક અને સંહારક સર્વસમર્થ વ્યક્તિવિશેષ ઈશ્વરનો ઈનકાર કરી આત્માને કેન્દ્રમાં રાખ્યો છે. જૈન **ધર્મનું લક્ષ્ય ઈશ્વરપ્રાપ્તિનું નથી પણ પોતે ઈશ્વર બનવાનું છે.** ઘણા બધા ધર્મોના મતે ઈશ્વરનું અસ્તિત્વ સૌપ્રથમ છે અને બ્રહ્માંડ તેની રચનાનું પરિણામ છે. જ્યારે જૈન મત પ્રમાણે અનંતા આત્માઓનું અસ્તિત્વ અનાદિ છે, તેમને કોઈએ બનાવ્યા નથી, કોઈ પરમાત્મામાંથી

તે છૂટા પડ્યા નથી. ધર્મ પાસે કોઈ પ્રશ્ન હોય તો તે કેવળ આ અસહાય અને દુઃખમય ભવભ્રમણમાંથી બહાર નીકળી, શાશ્વત આનંદની સ્થિતિને પ્રાપ્ત કરવાનો છે.

આપણા ધર્મવિચારમાં આત્મા કેન્દ્રસ્થાને છે અને તેણે પરિપૂર્ણ વિકાસ સાધી પરમાત્મદશા પ્રાપ્ત કરવાની છે. આમ આપણી મૂળભૂત ધારણા બધા ધર્મો કરતાં જુદી પડી જાય છે. પરિણામે આપણો સાધનામાર્ગ પણ સૌ ધર્મો કરતાં ભિન્ન બની રહે છે. પ્રત્યેક આત્માના અલગ અસ્તિત્વની ધારણાથી તેમજ પ્રત્યેક આત્માની પરમાત્મા બનવાની સંભાવનાની ધારણાને કારણે આપણે બધા કરતાં ભિન્ન પડી જઈએ છીએ.

લગભગ બધા ધર્મોએ બ્રહ્માંડ કે સંસારને કોઈ વૈશ્વિક શક્તિનું કાર્ય ગણી તેના કારણરૂપ ઈશ્વરને ગણ્યો છે. આપણે અસ્તિત્વ માટે આવો કાર્યકારણનો સંબંધ સ્વીકાર્યો નથી. આપણા મતે અસંખ્ય સૂર્યો, તારાઓ, નક્ષત્રો, ગ્રહો અને ઉપગ્રહો તેમજ તેના ઉપર જ્યાં-ત્યાં જીવોનું અસ્તિત્વ હોય તેને કાર્યકારણના સંબંધથી જોડવાની જરૂર નથી. સમગ્ર સંસાર એક પ્રવાહ છે જેની કોઈ આદિ નથી કે જેનો કોઈ અંત નથી. જીવ માત્રનું અસ્તિત્વ અનાદિ છે, પણ આ ભવભ્રમણમાંથી તે મુક્ત થઈ શકે છે અને અનંદ ઐશ્વર્યની સ્થિતિને પામી શકે છે. માટે આપણે જીવના પરમ વિકાસની સીમાને પરમાત્મદશા ગણી છે અને તેની પ્રાપ્તિને આપણા ધર્મનું લક્ષ્ય ગણ્યું છે.

બીજી એક મહત્ત્વની ધારણામાં પણ આપણે બધા કરતાં જુદા પડી જઈએ છીએ અને તે છે અવતારની ધારણા. અન્ય ધર્મોમાં ભગવાન અવતાર લઈને પાછા સંસારમાં આવે પણ ખરા. આપણે ત્યાં જીવાત્મા, પરમાત્મા બન્યા પછી સંસારમાં પુનરાગમન કરતો નથી. વળી તે કરુણા કરીને કોઈને પોતાના દૂત તરીકે મોકલતો નથી કારણ કે આપણે ત્યાં કરુણાને પણ વિભાવ ગણ્યો છે. વિભાવ એ અપૂર્ણતાનો સૂચક છે, પછી ભલેને તે ગમે તેટલો ઉત્કૃષ્ટ હોય.

જૈન ધર્મ સૌથી જુદો પડી જાય છે તેના સામાયિકને કારણે. **વાસ્તવિકતામાં જૈન ધર્મ સામાયિક ધર્મ છે.** સામાન્ય રીતે જૈનો

જેને સામાયિક કહે છે તે તો કેવળ ઉપચારથી સામાયિક છે. બાકી જે સામાયિકને કારણે જૈન ધર્મ સામાયિક ગણાય છે તે વાત ઘણી ગહન છે. ભગવાન મહાવીરે 'આત્મા'ને સમય કહ્યો છે. જૈન ધર્મે શાસ્ત્રોને ધર્મમાર્ગમાં એટલું મહત્ત્વ આપ્યું નથી પણ આત્માની અનુભૂતિને વધારે મહત્તા આપી છે.

સંસાર આખો જડ અને ચેતનનો વ્યાપાર છે. જડ એવા પદાર્થોનું અસ્તિત્વ ક્ષેત્રમાં એટલે કે સ્થળમાં છે. જ્યારે ચેતનાનો વાસ સમયમાં છે. સમય સ્થિર છે જ્યારે કાળ વહેતો રહે છે. આપણે આપણા અસ્તિત્વને જાણવું હોય એટલે કે આપણા આત્માની અનુભૂતિ કરવી હોય તો તે સમયમાં જ થઈ શકે. આપણે નથી ભૂતકાળમાં કે નથી ભવિષ્યમાં. તો પછી આપણે ક્યાં ઊભા છીએ? આપણી હયાતી ક્યાં છે? આપણે સમયમાં અવસ્થિત રહીએ છીએ તેથી આત્માની અનુભૂતિ કરવા માટે સમયને પકડવો પડે. જૈન ધર્મે 'સમય' શબ્દને આત્માના પર્યાય તરીકે વાપર્યો છે. **આત્માની અનુભૂતિ કરાવનાર સમય છે અને આવી અનુભૂતિ જેમાં થાય તે સામાયિક.** આ વાત ઘણી સૂક્ષ્મ અને વૈજ્ઞાનિક છે પણ આપણી ભિન્નતા અને વિશિષ્ટતા સમજાવવા તેનો અહીં અછડતો ઉલ્લેખ કરી લીધો છે.

આપણે જીવની ભવભ્રમણની દુઃખદ અને પરાધીન અવસ્થા માટે કર્મને જવાબદાર ગણ્યું છે અને આત્માની કર્મરહિત અવસ્થાને મોક્ષ ગણ્યો છે. તેથી આપણી સમગ્ર સાધનાવ્યવસ્થા કર્મથી છૂટવા માટે ગોઠવાયેલી છે. કર્મને જ આપણે જીવના વિકાસને રૂંધનાર પરિબળ ગણ્યું છે તેથી આપણી લડાઈ કર્મ સાથે છે. કર્મરહિત થવા માટે સંઘર્ષ કરવો પડે. પ્રબળ પુરુષાર્થ કરવો પડે. તેમાં કોઈની કૃપા ન ચાલે. આપણને તેમાં કોઈ સહાય ન કરી શકે. આમ જૈન ધર્મ પુરુષાર્થપ્રધાન બની રહ્યો છે, જ્યારે અન્ય ધર્મોમાં ઈશ્વરની કૃપાને અવકાશ હોવાથી તેઓ બીજી રીતે સર્વેસર્વા ઈશ્વરની શરણાગતિ અને તેની કૃપાને માર્ગે મોટે ભાગે ફંટાઈ ગયા છે. કર્મની પદાર્થ તરીકેની આપણી ધારણા સૌ ધર્મોથી વિશિષ્ટ છે અને તેથી આપણો કર્મવિચાર કર્મવિજ્ઞાન બની રહે છે. અન્ય ધર્મોમાં કર્મ વિશે વિચાર થયો છે. પણ ઈશ્વરને કર્મની ઉપર

ગણવાને કારણે તેમજ કર્મને કેવળ કૃત્ય ગણવાને કારણે તેઓ કર્મને વિજ્ઞાનના માળખામાં ઢાળી શક્યા નથી. **જૈન ધર્મે કર્મ વિશે જે સૂક્ષ્મ વિચારણા કરી છે તેવી અન્ય ક્યાંય જોવા મળતી નથી.**

જૈન ધર્મની અહિંસા વિશિષ્ટ છે અને ધર્મનું જ્વલંત સ્વરૂપ છે. વાસ્તવિકતામાં મનુષ્ય ઊર્જાનો એક પુંજ છે. ઊર્જામાં અનર્ગળ શક્તિ રહેલી છે. શક્તિ વહ્યા વિના રહેતી નથી. કાં તો તે સર્જનાત્મક માર્ગે વહે અથવા તો તે વિનાશ તરફ વહે. આપણા હાથમાં માનો કે મશાલ છે. તેનાથી અંધકાર મિટાવી શકાય કે ઘર પણ સળગાવી શકાય. શક્તિના બન્ને આયામો છે. જો તે વિસ્ફોટ તરફ વળે તો હિંસા અને વિધ્વંસ વેરે. સર્જન તરફ ઢળે તો સાત્ત્વિક આનંદમાં પરિણમે. શક્તિ સતત ઉછાળા મારતી રહે છે. કાં તો તે મૂર્તિઓ બનાવી તેની પૂજા કરશે અથવા મૂર્તિઓ તોડી રાજી થશે. કાં તો તે મિત્ર બનાવશે અથવા શત્રુઓ બનાવશે. કાં તો તે રાગમાં ઢળશે અથવા દ્વેષમાં પરિણમશે. **અહિંસા એટલે જીવનઊર્જાનો સર્જનાત્મક આવિર્ભાવ.** ઊર્જાનું ઊર્ધ્વારોહણ એટલે અહિંસા. જૈન ધર્મની અહિંસા વિશાળ છે – અનંતની ઉપલબ્ધિનો માર્ગ છે. અહિંસાની યાત્રા છેક પરમાત્મદશા સુધીની છે. પરમને પામીને જીવનઊર્જા પોતાનામાં સ્થિતિ કરી લે છે ત્યારે પરમાનંદની પ્રાપ્તિ થાય છે. જૈન ધર્મ અહિંસાને પરમ ધર્મ કહે છે તેની અંતર્ગત ઘણી બધી વાતો રહેલી છે.

વૈચારિક ભૂમિકા ઉપર જૈન ધર્મે **અનેકાંતની** જે પ્રરૂપણા કરી છે અને તેને પરિપૂર્ણ સ્વરૂપ આપ્યું છે તેવું જગતમાં કોઈ ધર્મે આપ્યું નથી. બધા જ ધર્મો કહે છે કે આપણો 'ધર્મ' એ જ સાચો ધર્મ છે. જ્યારે જૈન ધર્મે કયારેય એવું કહ્યું નથી કે તે જૈન ધર્મની અનેકાંત વિચારવ્યવસ્થાને આભારી છે. ભગવાન મહાવીરે વેદોનું પ્રમાણ ન લીધું પણ વેદોનો ઈનકાર નથી કર્યો. ગણધર ભગવંતોને તેઓ વેદોની ઋચાઓનો વિવિધ અપેક્ષાએ અર્થ કરી બતાવી જૈન ધર્મ તરફ વાળી શક્યા તેના કારણમાં સ્યાદ્વાદ જ રહેલો છે. જૈન ધર્મ સત્યને એટલું વિશાળ માને છે કે તેમાં બધી વિરોધી વાત પણ સમાઈ જાય. વિરોધી ધર્મોના સહઅસ્તિત્વનો સ્વીકાર એ તો અનેકાંતના પાયામાં રહેલી વાત

છે. અનેકાંતની વિચારવ્યવસ્થાને લીધે જૈન ધર્મને ક્યાંય કોઈ કલહ નથી કે કોઈની સામે દ્વેષ નથી. સૌના મત ઉપર અપેક્ષાએ વિચાર કરવાને કારણે જૈન ધર્મ વૈજ્ઞાનિક ઠરે છે અને સત્યની વધારે નજીક ઊભો રહે છે.

આમ મૂળથી જ જૈન ધર્મ બધા ધર્મોથી ભિન્ન છે અને તેથી તો તે વાતે વાતે વિશિષ્ટ બની રહે છે. આપણે અહીં તો તેની કેટલીક મૂળભૂત વિશિષ્ટતાઓનું વિહંગાવલોકન કર્યું છે. બાકી જોવા જઈએ તો બીજી કેટલીય નાની મોટી બાબતો છે જે મહત્ત્વની છે છતાંય અહીં તેનો અછડતો ઉલ્લેખ કરીને વિરમવું વધારે યોગ્ય રહેશે.

જૈન ધર્મની ભાષા પ્રાકૃત છે જે તે સમયના જનસમાજની ભાષા હતી. સામાન્ય રીતે ભારતમાં તેમજ અન્ય દેશોમાં પણ ધર્મની એક વિશિષ્ટ ભાષા રહેતી જેને કારણે અમુક પંડિત-પુરોહિત વર્ગના હાથમાં જ ધર્મની ધુરા રહેતી હતી. ધર્મ સામાન્ય જનસમાજની પહોંચની બહાર રહેતો જેને પરિણામે ધર્મમાં કેટલાંય અનિષ્ટો ઘૂસી ગયાં હતા. ઘણી જગાએ તો પંડિતો અને પુરોહિતોના હાથમાં ધર્મ શાસ્ત્ર ન રહેતાં, શસ્ત્ર સમો બની ગયો હતો. જૈન ધર્મે લોકભાષા પ્રાકૃતને ધર્મની ભાષા બનાવી પંડિતોના હાથમાંથી ધર્મની ધુરા લઈ લીધી અને ધર્મનાં દ્વાર સૌને માટે ખોલી આપ્યાં. આમ જૈન ધર્મ એક મોટું ક્રાન્તિકારી પગલું ભર્યું હતું.

**પચ્ચક્ખાણ અને પ્રતિક્રમણ જૈન ધર્મનું આગવું પ્રદાન છે.** આપણે ત્યાં કર્મરહિત થવા માટે અયોગની વાત ઉપર ભાર મુકાય છે જ્યારે બધે ઈશ્વર સાથેના અનુસંધાનનું લક્ષ્ય હોવાથી યોગ ઉપર ભાર મુકાય છે. આપણે ત્યાં પૂજા મહત્ત્વની છે; અન્ય ધર્મોમાં સેવાની મહત્તા છે. બધે પ્રાર્થના છે; આપણે ત્યાં ધ્યાન ચરમ સ્થાને છે. અન્ય ધર્મોમાં નામનો મહિમા છે. આપણે ત્યાં પદનો મહિમા છે. આમ તો કેટલુંય ગણાવી શકાય.

અહીં આપણે જૈન ધર્મની ભિન્નતાની અને વિશિષ્ટતાની વાત કરીને જૈન ધર્મની એક રૂપરેખા રજૂ કરી છે જેથી વાચકનો સુપેરે જૈન ધર્મના હાર્દમાં પ્રવેશ થઈ શકે અને નિષ્ઠાપૂર્વક તે ધર્મમાં આરૂઢ થઈ શકે.

-----

## ૨. આધારશિલા

જૈન ધર્મ એટલે આત્મસત્તા અને કર્મસત્તાના સંઘર્ષની વાત. જીવની સાથે કર્મ ઓતપ્રોત થઈ ગયું છે અને જીવ જો કર્મથી મુક્ત થઈ જાય તો તે સ્વયં મુક્ત થઈ જાય. આ વાત જૈન ધર્મના પાયાની વાત છે. પ્રશ્ન થાય કે જીવને કર્મ ક્યારે ચોંટ્યું? આત્મા કર્મથી કેમ ખરડાયો? જૈન ધર્મ તેના ઉત્તરમાં એટલું જ કહે છે કે અનાદિ કાળથી જીવને કર્મનો સંયોગ થયો છે. આ એક પરિસ્થિતિ છે. તે સ્વીકારીને જ આપણે આગળ વધવાનું છે. સંસારનો કોઈ સર્જનહાર નથી. સંસાર છે અને તે આવો જ છે. તેની કોઈ આદિ નથી તેમજ તેનો કોઈ અંત નથી - ક્યારેય અંત નથી. જૈન ધર્મની આ મૂળભૂત ધારણા છે.

સંસારમાં અનંતા જીવો છે જેની કલ્પના પણ ન થઈ શકે. જીવો ગાઢ મૂર્છામાં પડેલા છે. લગભગ જડ જેવી અવસ્થામાં તે લાખો-કરોડો વર્ષોથી પડ્યા રહ્યા છે અને આમ જ મોટા ભાગના જીવો કોઈ કારણ વિના, કોઈ સભાન પ્રયાસ વિના, કોઈની કૃપા કે હસ્તક્ષેપ વિના આપોઆપ આવી જડવત્ પરિસ્થિતિમાંથી બહાર નીકળી જાય છે અને હાલીચાલી શકાય તેવી ચર અવસ્થાને પ્રાપ્ત કરે છે. આવી ચર અવસ્થામાંથી વળી કેટલાક જીવો અથડાતા-કુટાતા આગળ વધે છે અને તેમને મનની પ્રાપ્તિ થાય છે, બુદ્ધિ મળે છે. આવા તો કેટલાય જીવો દુનિયામાં ફરે છે, જન્મ-મરણ કર્યા કરે છે પણ એમાંથી વળી કેટલાક અતિ ભાગ્યશાળી જીવોને ધર્મનું વાતાવરણ મળી જાય છે. આવા અપવાદ જેવા જીવોની જે અલ્પસંખ્યા સંસારમાં છે તેમાં આપણે આવી ગયા છીએ. આપણો નંબર લાગી ગયો છે.

જીવનમાં કેવળ નહીંવત્ ધબકાર જેવા જડવત્ જીવન અર્થાત્ નિગોદમાંથી બહાર નીકળી ચર અવસ્થામાં આવવા માટે જીવ કંઈ સવિશેષ પુરુષાર્થ કરતો નથી. અમુક જીવો ચર અવસ્થામાં આવ્યા અને બીજા કેમ ન આવ્યા તે વિશે કોઈ પ્રશ્ન કરે તો આપણી પાસે તેનો ઉત્તર

નથી. બસ, તેમ બની ગયું, અકારણ આમ બની ગયું તેનાથી વિશેષ કોઈ કંઈ કહી શકે નહીં. તેને ભવિતવ્યતા કહેવામાં આવે છે. આમ આકસ્મિક રીતે, નદી-પાષાણ ન્યાય એટલે કે નદીમાં તણાતો પથ્થર, અથડાતો-કુટાતો ગોળ થઈ જાય અને કિનારા ઉપર કયાંક ફેંકાઈ જાય તેમ આપણે ભવચક્રમાંથી ઘૂમતાં ઘૂમતાં મનુષ્યભવમાં આવી ગયા છીએ. આ ભવભ્રમણમાંથી બહાર નીકળી જવું હોય તો તેની તક અહીં મળી છે તે ઝડપી લેવી કે વેડફી દેવી તે તમારા હાથમાં છે.

બસ, હવે અહીંથી ધર્મની શરૂઆત થઈ શકે છે. સંસાર અનાદિ છે. તેને કોઈએ બનાવ્યો નથી. સંસાર અનંતા જીવોથી ખીચોખીચ ભરેલો છે અને તે બધા જીવો, જેમ સુવર્ણ સાથે ખાણમાં માટી ઓતપ્રોત થયેલી હોય છે તેમ કર્મથી લેપાયેલા-ખરડાયેલા હોય છે. આ વિષમ પરિ-સ્થિતિમાંથી અનાયાસે ઊગરી જઈને આપણે આટલે સુધી, મનુષ્યભવ સુધી આવી પહોંચ્યા છીએ. વળી યોગાનુયોગ ધર્મનું વાતાવરણ કે ધર્મ પ્રત્યેની રુચિ મળી છે. પરાધીન અવસ્થામાંથી સંપૂર્ણતયા સ્વાધીન થઈ જવાની તક અહીં મળી ગઈ છે. જીવ જો કર્મના કચરાથી મુકત થઈ જાય, પોતાને કર્મથી અલગ કરી દઈને કર્મથી રહિત થઈ જાય તો તે ભવચક્રમાંથી બહાર નીકળી જઈ શકે છે. કર્મને પોતાનાથી અલગ કરી દઈ, પોતાના શુદ્ધ સ્વરૂપમાં આવી જવું તે ધર્મ છે. સમસ્ત જૈન ધર્મ આ ધારણા ઉપર ઊભો છે. તમે જન્મજાત જૈન હશો તો તમે વિના આનાકાનીએ આ ધારણા કદાચ સ્વીકારી લીધી હશે. પણ આ એક ધારણા છે એ વાત ન ભૂલશો, કારણ કે જે લોકો સ્પષ્ટ થયા વિના દોડે છે - દોડતા રહે છે તે વચ્ચે કયાંક ખોટકાઈ જાય છે.

પણ ધારણા એ ધારણા છે. સૌને પોતપોતાની ધારણા હોય છે. જે ધર્મમાં કે સંપ્રદાયમાં માણસ જન્મે તેની ધારણા તેને વહાલી લાગે અને તે જ સ્વીકાર્ય લાગે તે સ્વાભાવિક છે. જો બધા ધર્મોની એક જ ધારણા હોત તો ધર્મના આટલા ફાંટાઓ જ ન પડ્યા હોત. એક વાત નિશ્ચિત છે કે જેણે જીવના સુખનો વિચાર કર્યો તેણે સંસારનો કે સૃષ્ટિનો વિચાર કરવો જ પડ્યો. સંસારનો આ કોયડો ગજબનો છે જેને કોઈ બુદ્ધિને સર્વથા ગમ્ય રહે તે રીતે ઉકેલી શક્યું નથી. સૌ ધર્મોને સૃષ્ટિની ઉત્પત્તિ,

તેનો હેતુ, સંસારનું સ્વરૂપ અને જીવનું પ્રાપ્તવ્ય વગેરે વિશે ધારણાનો સહારો લેવો જ પડ્યો છે. આમાં જૈન અને બૌદ્ધ સિવાયના મોટા ભાગના ધર્મોએ ઈશ્વરની ધારણા કરી અને પછી પોતાનો દાખલો ગણી લીધો. પણ ધારણા એ ધારણા. તેને સત્ય ન કહી શકાય.

ઈશ્વરની ધારણા કરવા જતાં તેના વિશેના કેટલાય પ્રશ્નો અનુત્તર રહી જાય છે. જેમ કે : ઈશ્વરને કોણે બનાવ્યો, તે ક્યાંથી આવ્યો, તેનો ઉત્તર નથી એટલે તેને અજન્મા કહ્યો. સંસાર કેમ બનાવ્યો તો ઉત્તરમાં 'તે તેની મોજ, તેને મન થયું.' આ પણ એક ધારણા જ થઈ ને! સૃષ્ટિની રચના કરવા ઈશ્વર કયાંક ઊભો રહ્યો હશે ને! અને તો પછી એ સ્થાન ઈશ્વર પહેલાં અસ્તિત્વમાં હશે? તો વળી તે સ્થળ કયાંથી આવ્યું અને કોણે બનાવ્યું? વળી, જીવો ક્યાંથી આવ્યા? કોણે ઉત્પન્ન કર્યા? કેમ ઉત્પન્ન કર્યા? ઈશ્વરમાંથી જીવાત્મા છૂટો પડ્યો તો શું કરવા છૂટો પડ્યો? હવે જો તેમને પાછા ઈશ્વરમાં સમાઈ જવાનું હોય તો પછી ઈશ્વરે તેમને પોતાનાથી અલગ કરી આ ખેલ શું કરવા માંડ્યો? હવે જો આ વિખૂટા પડેલા જીવો કંઈ સારું-ખોટું કરે તો તેમાં તેમનો દોષ કેટલો? આમ આ બધા પ્રશ્નોના બુદ્ધિને સ્વીકાર્ય બની રહે તેવા ઉત્તરો મળતા નથી. આ વિશે પણ કેવળ ધારણાઓ જ છે અને જે જ્યાં જન્મ્યો તે વાતાવરણની ધારણા તેને સ્વીકાર્ય બની રહે. બાકી ધારણા સિવાય કોઈ સાબિતી કયાંયથી મળતી નથી.

જો ઈશ્વરને કોઈ બનાવનાર ન હોય, તેનાં કોઈ આદિ કે અંત ન હોય તો પછી જૈનોની ધારણા કે સંસાર અનાદિ અને અનંત છે તે સ્વીકારવામાં ક્યાં વાંધો આવે? પણ ઈશ્વરની ધારણા લોકોને સુગમ છે અને તેના પછી કેટલાય પ્રશ્નોના ઉત્તર આપવા પડતા નથી તેથી ઈશ્વરની ધારણા જનમાનસને વધારે ગમ્ય - અનુકૂળ રહી છે. બાકી ધારણા એ ધારણા. હા, પણ સૌની વાતમાં એક સામ્ય રહેલું છે કે જીવે શાશ્વત સુખની પ્રાપ્તિ માટે કંઈક કરવાનું છે, કંઈક સિદ્ધ કરવાનું છે. લગભગ બધા જ ધર્મો એ માને છે કે જીવ જે પરિસ્થિતિમાં પલે છે, ભટકે છે તે ગંતવ્ય નથી. તેમાંથી તેણે બહાર નીકળી જવા જેવું છે. બહાર નીકળીને ક્યાં જવાય, કેવી રીતે બહાર નીકળી શકાય એ બધી વાતો

એટલે જે તે ધર્મની વાતો.

આપણે ધારણા વિશે આટલી વિશદ ચર્ચા કરી છે કારણ કે તે વિના જૈન ધર્મની જે વાતો આપણે કરવાની છે તેની સુયોગ્ય માંડણી થઈ શકે નહીં. વળી જૈન બાળકો અને શ્રાવકો પણ એટલું જાણી લે કે સૌ ધર્મો એક કે બીજી ધારણા ઉપર ઊભા છે અને તે સંજોગોમાં આપણે જ સાચા અને અન્ય બધા ખોટા - એમ કહેવું યોગ્ય નથી. જૈન ધર્મ સિવાયના બધા ધર્મો 'મિથ્યા ધર્મો છે' - એવું આપણા લોકોના સમૂહમાં રહીને બોલવું સરળ છે, બાકી વિજ્ઞાનથી અભિપ્રેત જગતને કે પશ્ચિમના શિક્ષણ અને સંસ્કાર વચ્ચે ઊછરેલાં જૈન બાળકોને પણ તે સમજાવવું મુશ્કેલ છે. તેથી મેં ધર્મોની મૂળભૂત ધારણા વિશે આટલી ચર્ચા કરવાનું જરૂરી ગણ્યું.

**જૈન ધર્મની પાયાની ધારણા આપણે સમજ્યા. હવે આપણે એ ધારણાને આનુષંગિક જે છ મહત્ત્વના મુદ્દાઓ છે તેની વાત કરીએ. (૧) આત્માનું અસ્તિત્વ છે. (૨) આત્મા નિત્ય છે. (૩) આત્મા કર્મનો કર્તા છે. (૪) આત્મા કર્મનો ભોક્તા છે. (૫) મોક્ષ છે. (૬) મોક્ષને પ્રાપ્ત કરવાનો ઉપાય પણ છે. આ છ મુદ્દાનો વિસ્તાર એટલે જૈન ધર્મ.**

જૈન ધર્મ આત્મવાદી છે. આત્માના અસ્તિત્વનો તેણે સહજ સ્વીકાર કર્યો છે. સંવેદન તે આત્માનું સૌથી પ્રથમ નજરે પડતું લક્ષણ છે, અને ચેતનાના પ્રવર્તનથી એટલે ઉપયોગથી તે જડ પદાર્થોથી ભિન્ન પડી જાય છે. ચેતનાનું પ્રવર્તન જેમ ઉદાત્ત થતું જાય તેમ આત્મામાં જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણોનો આવિર્ભાવ થતો જાય. આત્મા વિશેની આ મૂળભૂત વાત છે. ભલે આપણે અહીં તેની સૂક્ષ્મ તાત્ત્વિક ચર્ચામાં ન પડીએ. પણ આપણને સતત આપણા અસ્તિત્વનું ભાન થયા કરે છે તે સંવેદનને કારણે - તેની તો ના પડાય નહીં.

જે કેટલાક લોકોએ આત્માના અલગ અસ્તિત્વનો સ્વીકાર નથી કર્યો તેમને અનાત્મવાદીઓ કહે છે. પણ તેમણેય ચેતનાના આવિર્ભાવની તો વાત સ્વીકારી જ છે. મૂળ તફાવત તો એટલે જ છે કે તેઓ એમ માને છે કે પાંચ ભૂતો - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ - નું અમુક પ્રમાણમાં સંયોજન થતાં તેમાં ચૈતન્ય પ્રગટે છે અને પાંચ મહાભૂતોનું

વિઘટન થતાં ચૈતન્ય વિરમી જાય છે. આમ તેમના મતે ચેતના પાંચ મહાભૂતોની પહેલાં પણ નથી હોતી અને પછીથી પણ નથી હોતી.

જૈન ધર્મ આત્મવાદી છે. તે માને છે કે જડમાંથી ચેતન પેદા ન થઈ શકે. જડ દ્વારા ચેતન વ્યક્ત થાય છે અને જડનો સહારો ન રહેતાં ચેતન અવ્યક્ત થઈ જાય છે પણ તેનું અસ્તિત્વ તો બની જ રહે છે. આપણે આગળ જૈન ધર્મની ધારણા વિશે વાત કરી ગયા કે આત્માનું અસ્તિત્વ તો છે જ અને તે પણ અનંત જીવોનું. વળી આ અનંતા જીવો, નથી જન્મતા કે નથી મરતા એટલે કે તેને કોઈએ બનાવ્યા નથી અને તેમનો ક્યારેય નાશ થવાનો નથી. આપણે જેને જન્મ-મરણ કહીએ છીએ તે શરીરનાં જન્મ અને મરણ છે. પણ ઉપચારથી આપણે જીવનું જન્મ-મરણ કહીએ છીએ. આમ સંસારમાં અનંતા જીવો છે જ અને તેમની ઉત્પત્તિ અને લય ન હોવાને કારણે તેઓ નિત્ય છે. આમ સંસાર વિશેની મૂળભૂત જૈન ધારણામાં આપણા પ્રથમના બે મુદ્દા તો આવી જ જાય છે. પછી આત્મા ક્યાંથી આવ્યો અને કેમ તે નષ્ટ થતો નથી તે વાતને માટે તો અવકાશ જ નથી રહેતો કારણ કે તે તો આપણી મૂળભૂત ધારણા છે અને તે ધારણાની ધારાએ તો આપણે આગળ વધી રહ્યા છીએ.

આપણને પળે પળે સુખદુ:ખનું સંવેદન થાય છે. જીવ માત્ર સુખનો એટલે કે અનુકૂળ સંવેદનનો ઇચ્છુક છે. તેથી જે જીવની વિચાર કરવાની ક્ષમતા છે તે સ્વાભાવિક રીતે વિચાર કરવાનો જ કે હું સુખી કેમ? હું દુ:ખી કેમ? જો ઈશ્વરનું અસ્તિત્વ હોય તે કરુણાપૂર્ણ હોય અને વળી જો તેના હાથની જ વાત હોય તો તે એક જીવને સુખી કરે અને બીજાને દુ:ખી કેમ રાખે? અહીં જૈન ધર્મ સૌ કરતાં આગળ નીકળી ગયો છે અને તે કહે છે કે કોઈ બહારની સત્તા આપણને સુખી કે દુ:ખી કરતી નથી. કોઈને એમાં રસ શું? અને જો કોઈ તેવો રસ લે તો તેને ઈશ્વર કેમ કહેવાય? આવો રસ તો મનુષ્યને હોઈ શકે પણ મનુષ્યત્વની ઉપર ઊઠી ગયેલા આત્માને કે પરમાત્માને હોઈ શકે ખરો? ઈશ્વર જો સર્વસત્તાધીશ હોય તો તેણે સૌને સુખી જ કરી દેવાના હોયને! અને વળી તેમાં વિલંબ શા માટે કરવાનો હોય?

જૈન ધર્મ જીવના પોતાના સુખ કે દુ:ખ માટેનો યશ કે અપયશ કોઈને

નથી આપતો. તે સુસ્પષ્ટ રીતે કહે છે કે જીવ સુખી છે કે દુઃખી છે તો તે તેનાં પોતાનાં કર્મોને કારણે છે જ. જૈન ધર્મે દુઃખની જવાબદારી કોઈના માથે ધકેલી દીધી નથી. જીવ પોતે જ કર્મનો કર્તા છે. અને પોતાનાં કર્મોનાં ફળ સારાં હોય કે નરસાં હોય જીવે ભોગવવાં જ રહ્યાં.

અહીં જરા મુશ્કેલી પડવાની કારણ કે જીવની સાથે કર્મ અનાદિ કાળથી જડાયેલું છે એવી આપણે એક ધારણા કરી અને અહીં આપણે એમ કહીએ છીએ કે જીવ પોતે કર્મનો કર્તા છે. આ એક ગૂંચ છે અને તેનો ઉકેલ કંઈક અપેક્ષાઓને સહારે જ કરવો પડે છે. લગભગ બધા ધર્મોમાં ક્યાંક ને ક્યાંક આવી ગૂંચો મળી આવે છે અને તેનો ઉકેલ વિવિધ અપેક્ષાએ જ તેમણે કરવો પડ્યો છે તે વાત સમજી લેવા જેવી છે.

હવે મૂળ વાત સાથે અનુસંધાન કરી લઈએ અને ગૂંચનું નિરાકરણ કરીએ. જેની કોઈ શરૂઆત નથી તેવા સંસારમાં જીવનું અસ્તિત્વ જેવું અકારણ છે તેવું જ તેની સાથે ઓતપ્રોત થઈને પડેલા કર્મનું અસ્તિત્વ પણ અકારણ અને અહેતુક છે. આપણને ગમે કે ન ગમે પણ આ પરિસ્થિતિ છે જે સ્વીકારીને જ આપણે આગળ વધવું પડે છે.

જીવ નિગોદમાંથી બહાર આવે છે તેમાં કેવળ ભવિતવ્યતા જ પ્રબળ કારણ છે અને ત્યાંથી તે પંચેન્દ્રિય સુધીની ભવભવાંતરની યાત્રા પણ નદી-પાષાણ ન્યાયે જ કરે છે. એટલે કે જેમ નદીમાં તણાતો પથ્થર અથડાતો-કુટાતો છેવટે ગોળ થતો જાય છે તેમ જીવ મોટે ભાગે કર્મોની અકામ નિર્જરા કરતો કરતો સંજ્ઞી પંચેન્દ્રિય અવસ્થાને પામે છે. અહીં તેને મન મળે છે. નિગોદમાં જીવ અલ્પવિકસિત ચેતનાને કારણે સદંતર પરાધીન હતો એટલે ત્યાં તો તે વિચારપૂર્વક કંઈ ખાસ કરી શકે તેમ ન હતો. નિગોદમાંથી નીકળી પંચેન્દ્રિય અવસ્થા સુધીની જીવની યાત્રામાં પણ જીવ પોતાના વિકાસ માટે સભાનતાપૂર્વક સક્રિય થઈ શકતો નથી. ત્યાં સુધી તો આગળ વધવા માટે કર્મની અકામ નિર્જરા જ પ્રબળ કારણ બની રહે છે. જીવ વિચારપૂર્વક કંઈ ન કરતો હોય છતાંય તેને વેઠવાં પડતાં કે વેદવાં પડતાં સુખ-દુઃખને કારણે તેના ઉપર લાગેલાં કર્મો ખરી પડે છે જેને અકામ નિર્જરા કહેવામાં આવે છે. મોટે ભાગે જીવો અકામ નિર્જરા કરતા કરતા ભવભ્રમણની યાત્રામાં આગળ વધતા હોય છે, પણ જીવને

જેવાં મન અને બુદ્ધિ મળે છે ત્યારથી તે સભાનતાપૂર્વક કર્મની સાથે સંઘર્ષ કરવાની સ્થિતિમાં આવી શકે છે. આપણે બધા અત્યારે આ કક્ષા સુધી આવી પહોંચ્યા છીએ. હવે જો આપણે ચૂકી જઈએ તો પછી આપણો જ વાંક ગણાયને!

જીવ પુખ્ત થઈ ગયા પછી, સમજણમાં આવી ગયા પછી પોતાની ક્ષમતાનો યોગ્ય ઉપયોગ ન કરે, પોતાને મળેલી તક ચૂકી જાય, પોતાની શક્તિ વેડફી નાખે અને પ્રમાદમાં પડી જાય તો સરવાળે તેને જ સહન કરવાનું રહેવાનું. વળી પાછી કર્મસત્તા તેને પોતાની પકડમાં લઈ લેવાની અને પછી તો તેમાંથી ક્યારે છુટાય કે ન છુટાય, તે તો વળી કોણ જાણે? આ સાથે કર્મની બીજી એક ગહન વાત પણ આવી ગઈ કે જીવ કર્મનો કર્તા છે, જીવ કર્મ કરવામાં સ્વતંત્ર છે તો પછી તેનું ફળ પણ તેણે જ ભોગવવાનું. આમ જીવ કર્મનો કર્તા બન્યો તો કર્મનો ભોક્તા પણ તે જ બની રહેવાનો. સમજણમાં અર્થાત્ સભાન અવસ્થામાં આવ્યા પછી જીવને જે સુખ કે સાનુકૂળતા મળે અથવા દુઃખ કે પ્રતિકૂળતા મળી રહે તે બધા માટે જીવનાં કર્મ જ જવાબદાર છે. જીવ સદ્કાર્યો કરી ધર્મના ભાવમાં રહેશે તો તેને ઉત્તરોત્તર સાનુકૂળતા મળતી જ રહેવાની. જો જીવ દુષ્કૃત્ય કરતો, મિથ્યા ભાવોમાં મગ્ન રહેશે તો ઉત્તરોત્તર તેને માટે પ્રતિકૂળતાઓનું નિર્માણ થવાનું અને સરવાળે જીવ ભવાંતરમાં કર્મની બાજી હારી જવાનો.

જૈન ધર્મના મતે **કર્મ એટલે સંસાર.** પુણ્યકર્મ સાનુકૂળતા આપે, પાપકર્મ પ્રતિકૂળતા કરી આપે. એકનું સંવેદન સુખદ લાગે, બીજાનું સંવેદન દુઃખદ લાગે. પણ પૌદ્ગલિક સંવેદન રહ્યું ત્યાં સુધી પરાધીનતા. ગમે તેવું સામ્રાજ્ય મળે પણ કોઈના ઇશારે ભોગવવાનું હોય તો તે સહન કરવા તુલ્ય જ ગણાય. આત્મા મૃતવત્ અવસ્થામાં કલ્પનામાં ન આવે તેટલો કાળ પડ્યો રહે છે તે પણ કર્મના ભારને કારણે. સુષુપ્ત અવસ્થામાંથી જાગ્યા પછી પણ કોઈ પીડતું હોય કે રખડાવતું હોય તો તે પણ કર્મ જ છે. સંસારમાં જીવની આ જ પરિસ્થિતિ કાયમ જ બની રહેવાની હોય અને બીજો કોઈ વિકલ્પ ન હોત તો તો આપણે કંઈ ઝાઝું કરવાનું રહેત નહીં. પણ જાગેલો જીવ પોતાના ઉપર પડેલાં બધાં જ કર્મોને ખંખેરી

નાખવા સમર્થ છે, નવાં આવતાં કર્મોને રોકી લેવા પણ શક્તિશાળી છે તેથી કર્મસત્તાની બહાર નીકળી જવાની તેનામાં ક્ષમતા છે. જીવ કર્મમાત્રથી અળગો થઈ જાય, કર્મસત્તાની પેલે પાર નીકળી જાય પછી કોઈ તેને પીડી શકતું નથી. ત્યાર પછી તેને ક્યાંય રખડવાનું રહેતું નથી. કર્મ ગયાં એટલે આત્માને પોતાનું ઘર મળી ગયું.

કર્મરહિત અવસ્થા પરમ આનંદની અવસ્થા છે અને વળી તે શાશ્વત છે. તે અવસ્થા પ્રાપ્ત થયા પછી આત્મા ત્યાંથી પાછો પડતો નથી. આવા કર્મવિહીન આનંદમય અસ્તિત્વને મોક્ષ કહે છે. 'મોક્ષ' શબ્દ જ એ વાતનો સૂચક છે કે આત્મા ક્યાંક બંધનમાં પડેલો હતો અને હવે બંધનમાંથી તે મુક્ત થયો. આવી કોઈ અવસ્થા ન હોત કે આવી કોઈ શક્યતા ન હોત તો પછી જીવને બચવાનો કોઈ આરો ન હોત. પણ કર્મવિહીન આત્માનું અસ્તિત્વ બની રહે છે જે આત્માની તદ્દન આત્મનિર્ભર નિજાનંદની અવસ્થા છે. તેને પરમાત્મદશા કહે છે. એટલે કે જ્યાં આત્મા પરમાત્મા બની જાય છે. આ છે જૈન ધર્મની મોક્ષની પ્રરૂપણા અને તે પણ સૌથી વિશિષ્ટ છે. એમાં ક્યાંય કોઈ ભગવાનમાં ભળવાની વાત નથી, એમાં ભગવત્ કૃપાની વાત નથી, કોઈની શરણાગતિનો સ્વીકાર કરવાની વાત નથી. જો શરણાગતિ હોય તો તે સ્વયંની જ છે. જે વાત છે તે કેવળ આત્માના શુદ્ધ સ્વભાવમાં આવી જવાની. મોક્ષમાં પણ જીવોનું સ્વતંત્ર અસ્તિત્વ બની રહે છે ને તે પરસ્પરને બાધક નથી હોતું. જૈનો માટે મોક્ષ આધ્યાત્મિક તો છે જ પણ સાથે સાથે તેનું ભૌગોલિક સ્થાન પણ છે કારણ કે જીવ કર્મથી મુક્ત થયા પછી હલકો થઈ જવાને કારણે આલોકના અગ્રભાગે સ્વયં જઈ પહોંચે છે અને તેનાથી આગળ અલોકમાં ગતિ ન હોવાને કારણે ત્યાં સિદ્ધશિલા ઉપર સ્થિત થઈ જાય છે. આ વાતથી પણ જૈન ધર્મનો મોક્ષ વિશિષ્ટ બની જાય છે.

આવા મોક્ષનું અસ્તિત્વ હોય પણ જો ત્યાં પહોંચી શકાય તેમ જ ન હોય, જો તે પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય તો વળી પાછો જીવ અસહાય જ બની જાય. હવે આપણી ચર્ચાનો છેલ્લો મુદ્દો આવી ગયો. મોક્ષ છે, પરમાત્મ દશા છે અને જીવાત્મા તે પ્રાપ્ત કરી શકે છે. આ કેવી રીતે

પ્રાપ્ત થઈ શકે તેનાં વિધિ-વિધાન છે, તેના ઉપાયો છે. આ ઉપાય એટલે ધર્મ, મોક્ષમાર્ગ. ધર્મ શબ્દ ઘણો વ્યાપક છે. તેનો મૂળ અર્થ છે સ્વભાવ. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સામર્થ્ય તે વાસ્તવિકતામાં આત્માનો પોતાનો જ સ્વભાવ છે પણ તે કર્મને લીધે અવરુદ્ધ થયેલો છે. કર્મને વશવર્તી રહેલો જીવ અનંતની તેની આ સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. જો જીવ જાગ્યા પછી ધર્મમાં આવી જાય એટલે કે મોક્ષમાર્ગમાં આવી જાય તો મોક્ષ પ્રત્યેક જીવની સંભાવના છે. જૈન ધર્મમાં મોક્ષ કોઈ આત્મા કે પરમાત્માની જાગીર નથી. સૌ જીવોની તે સંભાવના છે. જોકે તે બધા જીવો પ્રાપ્ત કરી શકતા નથી તે જુદી વાત છે. જૈન મોક્ષધામમાં જવાનાં દ્વાર સૌ માટે ખુલ્લાં છે. ત્યાં કોઈ પણ જીવ માટે પ્રવેશ બંધ નથી. પણ મોક્ષ સિદ્ધ કરવો પડે છે, પુરુષાર્થથી મેળવવો પડે છે. ત્યાં કોઈની કૃપા કામ આવતી નથી અને કોઈ માર્ગ બતાવવાથી કંઈ વધારે ઉપકાર કરી શકતું નથી.

અનંત આનંદના શાશ્વત ધામ મોક્ષમાં પહોંચવા માટેના જે જે માર્ગો છે તે બધા મોક્ષમાર્ગ જ કહેવાય. ત્યાં જ્ઞાનથી પહોંચાય, ધ્યાનથી પહોંચાય, ભક્તિભાવથી પહોંચાય, તપથીય જવાય. પણ મૂળ વાત છે કે કર્મરહિત થવું પડે. કર્મવિહીન થયા વિના, સકલ કર્મોનો ક્ષય કર્યા વિના કોઈનો મોક્ષ ન થાય. કર્મ એટલે જ સંસાર અને સકલ કર્મક્ષય તે જ મોક્ષ - આ જૈન ધર્મની મૂળ વાત છે. જૈન ધર્મે ક્યારેય એમ નથી કહ્યું કે જૈન સિવાયનાનો મોક્ષ ન થાય. જીવ ગમે તે રીતે કર્મરહિત થઈ જાય, પછી તે ભલે ગમે ત્યાંથી આવતો હોય તો પણ તેનો મોક્ષ થઈ જાય. સંસારીનો પણ મોક્ષ થઈ શકે અને સાધુનો પણ મોક્ષ થઈ શકે. કોઈ પણ ધર્મદ્વારેથી મોક્ષમાં પ્રવેશ થઈ શકે પણ તેની પૂર્વશરત એટલી કે સકલ કર્મનો ક્ષય થવો જોઈએ.

મોક્ષને સિદ્ધ કરવા માટે અર્થાત્ સ્વભાવમાં આવવા માટે જે સાધનો છે તેને ઉપચારથી ધર્મ કહે છે. જૈન ધર્મમાં અહિંસા, સંયમ અને તપ એ ધર્મનાં પ્રમુખ સાધનો છે, જેનું પુસ્તકમાં અન્ય સ્થળે સવિસ્તર નિરૂપણ કરેલું છે. જીવની ક્ષમતા અને તેની ભૂમિકા ધ્યાનમાં રાખીને જૈન ધર્મમાં આખા મોક્ષમાર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને ઠેર ઠેર માર્ગસૂચક

એંધાણો પણ મૂકવામાં આવ્યા છે. વળી આ મોક્ષમાર્ગની લાક્ષણિકતા એ છે કે તીર્થંકરોએ જાતે સૌથી આગળ ચાલીને મોક્ષમાર્ગ ચાતરી બતાવ્યો છે. તીર્થંકરો પણ એક વખત આપણા જેવા જ કર્મથી લેપાયેલા જીવો હતા પણ અહિંસા, સંયમ અને તપનું પાલન કરતાં સકલ કર્મનો ક્ષય કરીને તેઓ મોક્ષ ઉપર પહોંચી ગયા કે તેમનો મોક્ષ થઈ ગયો. આપણો પણ મોક્ષ થઈ શકે છે, આપણે પણ સિદ્ધ પરમાત્માઓની સાથે જ સ્થાન લઈ શકીએ છીએ. આપણા સૌની તે સંભાવના છે જે આપણે સિદ્ધ કરીએ.

જૈન ધર્મના આ મહત્ત્વના છ મુદ્દાઓને સમ્યક દર્શનનાં છ સ્થાનકો કહે છે. તેમાં આત્મા છે, આત્મા નિત્ય છે – એમાં તો આપણે કંઈ કરવાનું નથી. તે તો સમજવાની વાત છે. મોક્ષ છે અને મોક્ષનો માર્ગ છે એ બે સ્થાનો આપણા લક્ષ્ય સમાં છે. બાકી જે બે સ્થાનોની વાત આવી તે આત્મા અને કર્મની. એક છે ચૈતન્ય સત્તા અને બીજી છે કર્મસત્તા. કર્મસત્તા બલિષ્ઠ છે પણ આત્મસત્તા તેનાથીય બળવત્તર છે. આત્મસત્તા અને કર્મસત્તાનો સંઘર્ષ તે મોક્ષમાર્ગ અને કર્મસત્તાનો સદંતર પરાજય તે મોક્ષ.

આમ તો સંસારમાં પાંચ મહાસત્તાઓનું સામ્રાજ્ય પ્રવર્તે છે. કાળ એ પ્રબળ સત્તા છે, સ્વભાવ એ પણ એક સત્તા છે જેમાં આપણે કંઈ હસ્તક્ષેપ કરી શકતા નથી. ભવિતવ્યતા એટલે કે અસ્તિત્વ અથવા જગત્ સ્વભાવ એની સામે પણ આપણું કંઈ ચાલે નહીં. આપણે અહીં કેવળ આત્મસત્તા અને કર્મસત્તાની વાત વિસ્તારથી કરી છે કારણ કે બીજી ત્રણ મહાસત્તાઓ સામે આપણે કંઈ કરવાનું નથી, કરી શકીએ તેમ નથી. પણ જ્યાં જે થઈ શકે તેમ છે તેની અહીં વાત કરી છે – આત્મા અને કર્મના સંઘર્ષની. બીજી ત્રણ સત્તાઓનું અસ્તિત્વ આત્મા જો કર્મનો પરાભવ કરે તો તેને માટે સહાયક બની રહે તેવું છે તેથી તેની કંઈ ચિંતા કરવાની નથી. આ છે જૈન ધર્મની આધારશિલા.

-----

# ૩. જ્ઞાન-વિજ્ઞાન
## (અસ્તિત્વના છ ઘટકો)

ભગવાન મહાવીરનું શાસન એટલે એક ને બે જેવી વાત. તેમાં કોઈ રહસ્ય નહીં, ગોપનીય નહીં કે ન સમજાય તેવી વાત નહીં. જૈન ધર્મની વિશેષતા છે કે તે જીવ, જગત અને ઈશ્વર વિશે જેટલો સ્પષ્ટ છે તેટલો અન્ય કોઈ ધર્મ ભાગ્યે જ હશે. કોઈ પણ ધર્મ કેટલો વિશદ કે સ્પષ્ટ છે તેનું મૂલ્યાંકન કરવું હોય તો તે ધર્મે જીવ, જગત અને ઈશ્વર વિશે શો વિચાર કર્યો છે, તેની તે પરત્વેની ધારણા કેવી છે તે બાબત તપાસી જોવી જોઈએ. જો તે બાબત આપણે સ્પષ્ટ થઈ જઈએ, આપણને તે કડીબદ્ધ અને સ્પષ્ટ લાગે તો આગળ ઉપર આપણે શું કરવાનું રહે છે તે અંગે કોઈ સંદેહ રહે નહીં અને તેને અપનાવવામાં ક્યાંય કંઈ ગૂંચ નડે નહીં.

ઈશ્વર :

પરમાત્મા સૌ ધર્મોની એક કે બીજી રીતે મંજિલ છે તેથી સૌ પ્રથમ આપણે તે વિશે વિચાર કરીએ. 'ભગવાન' શબ્દ તો સૌ ધર્મોએ વાપર્યો છે પણ જૈન ધર્મને ભગવાન શબ્દથી જે અભિપ્રેત છે તે અન્ય ધર્મો કરતાં ઘણું ભિન્ન છે. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મને છોડીને લગભગ બધા ધર્મોએ ભગવાન કે ઈશ્વરને જગતના સર્જક તરીકે સ્વીકાર્યો છે. જૈન ધર્મે ભગવાનને માર્ગ બતાવનાર દર્શક તરીકે ગણ્યો છે. 'સર્જક' અને 'દર્શક' આ બે શબ્દો વચ્ચે આભ-જમીનનો ફેર છે.

ભગવાન સૃષ્ટિનું સર્જન કરે, તેનું પાલન કરે અને તેનું વિસર્જન પણ કરે તે લગભગ બધા ધર્મોની ધારણા છે. ભગવાન આમ કેમ કરે, ક્યારે કરે તેવા પ્રશ્નો જે-તે ધર્મોમાં અસ્થાને ગણાય છે અને તેમણે તે માટે જે સમાધાનો આગળ કર્યા છે તે તર્કબદ્ધ લાગે તેવાં નથી. એ બધાં સમાધાનોમાંથી કેવળ એક જ સૂર નીકળે કે ભગવાન સર્વસત્તાધીશ છે અને તેને ઠીક લાગે તે એ

કરે તેમાં આપણે વચ્ચે પડવાનું વિચારાય પણ નહીં. બહુ બહુ તો આપણે તેની કૃપા મેળવી શકીએ કે તેને પ્રાપ્ત કરી શકીએ, તેની નજીકમાં વાસ કરીને આનંદી શકીએ. આ રીતના ભગવાનની ઉપસ્થિતિમાં આત્માના સ્વતંત્ર અસ્તિત્વનો એક રીતે ઇનકાર થઈ જાય છે અને જો તે લેખવામાં આવે તો આત્માની ગરિમા સચવાતી નથી. આત્માનું જો કોઈ સ્થાન હોય તો તે પરમાત્માની નીચેનું છે.

જૈન મત પ્રમાણે આવા કોઈ વ્યક્તિવિશેષ પરમાત્માનું અસ્તિત્વ જ નથી. આ સૃષ્ટિનો કોઈ રચનાર નથી. સંસાર અનાદિ-અનંત છે. સૃષ્ટિનો કોઈ કર્તા નથી, કોઈ ભર્તા નથી કે કોઈ હર્તા એટલે કે વિસર્જન કરનાર પણ નથી. જ્યાં વ્યક્તિ વિશેષ પરમાત્માની ધારણા જ ન રહી ત્યાં કોઈને તેની નીચેના સ્થાને રહેવાની વાત જ ન રહી કે ન તો તેને પ્રાપ્ત કરવાની વાત રહી. જે આત્માએ વ્યાબાધ વિનાના સુખનો - આનંદનો માર્ગ બતાવ્યો તે ભગવાન. આમ જૈન ધર્મનો ભગવાન પથદર્શક છે. તે કોઈના ઉપર કૃપા કરી કોઈને આગળ મૂકતો નથી કે રોષે ભરાઈને કોઈનો દંડ પણ કરતો નથી. ભગવાન પણ એક કાળે આપણા જેવા જ હતા પણ તે આત્માનો પૂર્ણ વિકાસ સાધી સંસારથી મુક્ત થઈ ગયા. આપણે પણ તે માર્ગે ચાલીએ તો મુક્ત થઈને તેમના જેવા જ થઈ શકીએ. પ્રત્યેક જીવાત્મામાં પરમાત્મા બનવાની સંભાવના છે. **આમ અન્ય ધર્મોની ધારણા પ્રમાણે પરમાત્મા અનંત છે જ્યારે જૈન મત પ્રમાણે અનંતા પરમાત્માઓ છે.**

જૈન ધર્મ અને અન્ય ધર્મો વચ્ચે આ પાયાનો તફાવત છે. પરિણામે જૈન ધર્મ સૌથી વિશિષ્ટ ધર્મ બની રહ્યો છે.

**સૃષ્ટિની સંરચના :**

જૈન મત પ્રમાણે સૃષ્ટિ સ્વસંચાલિત છે. સૂર્યને, ચંદ્રને, તારાઓને કે નક્ષત્રોને કોઈ બનાવતું નથી. કોઈ તેમને ઊગવા કે આથમવાનો આદેશ આપતું નથી. અનંતા જીવો અસ્તિત્વમાં છે પણ તેમને કોઈએ બનાવ્યા નથી. સંસાર આખો જીવ અને જડ પદાર્થોથી પ્રચુર છે. જીવ અને જડનો સતત સંયોગ અને વિયોગ થયા કરે છે પણ તેમાં ભગવાન ક્યાંય

વચ્ચે આવતો નથી. જૈન ધર્મનો આ એક પ્રબળ તર્ક છે. બીજી બાજુ એક બે અપવાદ સિવાય જગતના લગભગ બધા જ ધર્મો માને છે કે ઈશ્વરે દુનિયા બનાવી છે, ઈશ્વર સૃષ્ટિનો કર્તા છે પણ ઈશ્વર પોતે સ્વયંભૂ છે. જો ઈશ્વરવાદીઓનો આ તર્ક સ્વીકારી શકાય તો પછી સંસાર સ્વયંભૂ છે તેમ માનવામાં ક્યાં વાંધો રહ્યો? જનમાનસ સામાન્ય બાબતોમાં કોઈ વ્યવસ્થા કરનારાના ખ્યાલથી ટેવાયેલું છે તેથી સૃષ્ટિનો કોઈ કર્તા, ભર્તા અને હર્તા છે તેમ જલદીથી સ્વીકારી લે છે. વળી સૃષ્ટિનો કોઈ સર્જનહાર છે તેમ માની લેવાથી ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા નથી અને જે થાય છે તેના તર્કબદ્ધ ઉત્તર આપવા પડતા નથી. બધું ઈશ્વરને આધીન ગણ્યું પછી પ્રશ્નને સ્થાન જ ક્યાં રહ્યું? આપણું કંઈ ચાલે જ નહિ. આપણે કંઈ કરી શકીએ નહિ એમ સ્વીકારી લીધું પછી એક જ વિકલ્પ આપણી પાસે રહ્યો કે જે સર્વસત્તાધીશ છે, જે સમર્થ છે. તેની સેવા કરો અને તેની કૃપાના પાત્ર બની રહો.

સૃષ્ટિનો કોઈ કર્તા નથી, કોઈ પાલનહાર નથી કે કોઈ તેનું વિસર્જન કરનાર નથી એવી ધારણા આગળ કરતા જૈન ધર્મને તો જીવ અને જગતના સંબંધોનું નિરૂપણ કરવા ઘણી મથામણ કરવી પડે છે અને તેમાંથી તો સમસ્ત કર્મવાદ પ્રસ્થાપિત થયો. સૃષ્ટિનો કોઈ કર્તા નથી એમ કહ્યા પછી જૈન ધર્મે સૃષ્ટિની સંરચના સમજાવવી પડે છે. તેની પ્રક્રિયાનો પણ વિચાર કરવો પડે છે. વળી પ્રત્યેક જીવ, પરમાત્મા થઈ શકે છે તેમ પ્રતિપાદન કરવાને લીધે જૈન ધર્મને આખો મોક્ષમાર્ગ પણ ચાતરવો પડે છે. જ્યાં જીવાત્માને પરમાત્માનો અંશ ગણવામાં આવતો હોય ત્યાં આવો મોક્ષમાર્ગ ચાતરવાની જરૂર રહેતી નથી. આમ જૈન ધર્મ પાયાથી માંડીને શિખર સુધી સૌ ધર્મો કરતાં અલગ પડી જાય છે અને વૈજ્ઞાનિક બની રહે છે.

**અસ્તિત્વના ઘટકો :**

ઈશ્વરના સ્વરૂપ વિશે આપણે ચર્ચા કરી. સૃષ્ટિ કે સંસારનો કોઈ સર્જક નથી. કોઈ ઉપર બેસીને તે ચલાવાતું નથી એ બાબત જૈન ધર્મની ધારણા સમજ્યા પણ જીવ અને જગતના અસ્તિત્વને જાણ્યા વિના

ધર્મનો પૂરો ખ્યાલ નહિ આવે. અસ્તિત્વ એટલે કે જે છે તે. સંસારમાં જીવ છે અને જડ છે. વાસ્તવિકતામાં તો જીવ અને જડના સંબંધો તે જ સંસાર. બ્રહ્માંડમાં એકલો જીવ જ નથી કે એકલું જડ જ નથી. જૈન વિજ્ઞાને સમગ્ર અસ્તિત્વના છ ઘટકો ગણાવ્યા છે. જૈન ધર્મમાં તેને દ્રવ્યો કહે છે. આ છએ ઘટકોને સમજતાં પહેલાં આપણે દ્રવ્ય એટલે શું તેનો વિચાર કરવો રહ્યો. જેને બનાવી ન શકાય કે જેનો નાશ ન કરી શકાય તેને દ્રવ્ય ગણાય. દ્રવ્યનું રૂપાંતર થઈ શકે પણ મૂળ દ્રવ્યને બનાવી ન શકાય તે રીતે દ્રવ્યનો નાશ પણ ન કરી શકાય. તેનું સ્વરૂપ બદલાય પણ તેનો સદંતર નાશ કરવાનું અશક્ય. આ છે જૈન ધર્મની દ્રવ્યની વ્યાખ્યા. **જૈન ધર્મે સમગ્ર અસ્તિત્વના છ ઘટકો ગણાવ્યા છે. તે છે જીવ, પુદ્ગલ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ.** આ છ ઉપર આપણે એક પછી એક વિચાર કરીએ અને ત્યાર પછી તેની રીત-રસમ એટલે કે કાર્યપદ્ધતિ વિશે જાણીશું, જેથી સમગ્ર અસ્તિત્વ આપણી સમક્ષ છતું થઈ જાય.

આ છ દ્રવ્યોમાંથી આપણે પહેલાં જીવદ્રવ્યનો વિચાર કરીએ. જીવ એ જ આત્મા. પણ સામાન્ય રીતે વિકસિત જીવ માટે આત્મા શબ્દનો ઉપયોગ કરીએ છીએ અને અલ્પવિકસિત જીવો માટે જીવાત્મા શબ્દ વાપરીએ છીએ. અવિકસિત જીવો માટે તો જીવ શબ્દ જ વપરાય છે. બાકી આમ તો જીવ માત્ર આત્મા છે અને તેનામાં પરમ વિકાસ સાધવાની, પરમાત્મા બનવાની સંભાવના રહેલી છે. આત્મા પણ દ્રવ્ય છે. તેને કોઈ બનાવતું નથી, તેનો ક્યારેય નાશ થતો નથી. આપણને જીવનું જે મૃત્યુ દેખાય છે તેમાં જીવનું અસ્તિત્વ તો રહે છે જ પણ જે સ્વરૂપે તે હતો તે રૂપે તે રહેતો નથી. જો આત્માને આકાશમાં બેસીને કોઈ બનાવતું હોય તો તે પણ વસ્તુ બની ગઈ એમ ગણાય. એમાં આત્માનું ગૌરવ ક્યાં રહ્યું? તેમ થતું હોય તો તો આત્મા પણ મજાક બની જાય.

સમગ્ર સૃષ્ટિનું કોઈ સારતત્ત્વ હોય તો તે જીવ છે - આત્મા છે. જીવનું પ્રધાન લક્ષણ સંવેદન છે. જીવની સંવેદનની ક્ષમતા જેમ જેમ વધતી જાય તેમ તેમ તે ચેતન તરીકે વર્તવા લાગે છે. જીવની સંવેદનની

ક્ષમતા અલ્પ થતી જાય તેમ તેમ તે જીવ જડની જેમ વર્તવા લાગે છે. સંવેદન જ્યારે ઘટ્ટ બને ત્યારે તે અનુભવમાં લેખાય. સુખ અને દુઃખ જીવનું સંવેદન છે તેથી તેને જીવનાં લક્ષણો તરીકે લેવાય છે. સુખ-દુઃખ જીવનો પ્રાથમિક અનુભવ છે. **આમ તો ઉપયોગ એ જીવનું લક્ષણ ગણાય છે.** જીવ મન, વચન અને કાયાના યોગથી જે કંઈ પ્રવર્તન કરે તેને જીવનો ઉપયોગ કહી શકાય. અનુભવની ધારા શુદ્ધ બનતી જાય ત્યારે જીવમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં લક્ષણો ઘટે છે. જીવને પોતાની શુદ્ધતમ અવસ્થાની અનુભૂતિ થાય તે જીવની પરમ અવસ્થા છે અને ત્યાં આત્માની જ્યોતિ વાસનાના કોઈ ધુમાડા વિના ઝળહળી ઊઠે છે અને તેને કેવળજ્ઞાન કહે છે.

બીજું મહત્ત્વનું દ્રવ્ય છે જડ જેને માટે જૈન ધર્મમાં **પુદ્ગલ** શબ્દ યોજવામાં આવે છે. જડ માત્ર પુદ્ગલ છે તેથી તેને પુદ્ગલાસ્તિકાય કહેવામાં આવે છે. પુદ્ગલ શબ્દ બહુ મઝાનો અને યથાર્થ છે. પુદ્ગલ એટલે જેનું ગલન થાય છે. પડન-સડન અને ગલન પુદ્ગલનાં લક્ષણો છે. પુદગલને સંવેદન નથી પણ પુદગલનાં મુખ્ય લક્ષણો છેઃ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આકાર. અરે, અંધકાર, પ્રકાશ, ઠંડી, ગરમી વગેરે પણ પુદ્ગલનાં સૂક્ષ્મ લક્ષણો છે. પુદ્ગલ શબ્દ જ પરિવર્તનનો સૂચક છે. જડ પદાર્થ માત્રમાં સતત પરિવર્તન થતું જ રહે છે. આ જગતમાં ક્યાંય કશું સ્થિર નથી. ગતિહીન લાગતો જડ પદાર્થ પણ તેના હાર્દમાં-ન્યૂક્લિયસમાં સતત ગતિશીલ હોય છે. પુદગલ પણ વાસ્તવિકતામાં સ્થિર દેખાતો એક પ્રવાહ છે જે એક ક્ષણે છે અને બીજી ક્ષણે તે સ્વરૂપે નથી - તે પુદ્ગલનું પ્રધાન લક્ષણ છે. વિજ્ઞાન આજે આ વાતનું સમર્થન કરે છે. એક વિજ્ઞાનીએ તો ત્યાં સુધી કહ્યું છે કે Rest જેવો શબ્દ પણ અસ્થાને છે બધું જ Restless છે.

આપણું શરીર એ પણ પુદ્ગલનું બનેલું છે તેથી તો તેનામાં સતત પરિવર્તન થયા કરે છે. આપણને ખબર પણ નથી પડતી અને આપણે બાળકમાંથી યુવાન અને યુવાનમાંથી વૃદ્ધ થઈ જઈએ છીએ સૃષ્ટિની સંરચના સતત ગતિશીલ રહે છે.તેથી તો તેને સંસાર કહે છે. કેવળ સ્થિતિની અવસ્થા સંસારની પાર ઊતર્યા વગર ક્યાંય નથી.

પુદ્ગલનો પણ કોઈ સર્જનહાર નથી. જડને પણ બનાવી શકાતું નથી. તેનો પણ નાશ થતો નથી. આપણને જડનું જે વિસર્જન થતું લાગે છે તે કેવળ તેમાં ઘટિત થતું પરિવર્તન છે. પુદ્ગલ અસ્તિત્વનો ખૂબ મહત્ત્વનો ઘટક છે કારણ કે સકળ સંસાર જીવ અને જડના તાણાવાણાથી કંઈ વિશેષ નથી. અસ્તિત્વના આ બે પ્રબળ ઘટકો છે- દ્રવ્યો છે.

આપણા માટે અસ્તિત્વના ખૂબ મહત્ત્વના ઘટકો **જીવ અને પુદ્ગલ** છે. અસ્તિત્વમાં આ ઉપરાંત બીજા પણ ચાર ઘટકો છે. આ ચાર ઘટકોમાં બે **ઘટકો ધર્મ અને અધર્મને** નામે ઓળખાય છે. તેમને **ધર્માસ્તિકાય** અને **અધર્માસ્તિકાય** કહી શકાય. આમ સીધોસાદો અર્થ લઈએ તો ધર્મ જીવને ગતિ કરવામાં સહાયક દ્રવ્ય છે અને અધર્મ સ્થિતિ આપવામાં સહાયક છે. જગતમાં ક્યાંય કોઈએ ધર્મ અને અધર્મનો દ્રવ્ય તરીકે વિચાર કર્યો નથી. જૈન ધર્મ આપણને આમ ઘણી બધી રીતે વિશિષ્ટ લાગે છે. ગતિ આપનાર દ્રવ્યની ઉપસ્થિતિ વિશે વિજ્ઞાને ઘણો વિચાર કર્યો છે. માછલી જળ વિના ગતિ કરી શકતી નથી. પક્ષીઓ હવા વિના ઊડી શકતાં નથી. તેમના માટે જળ અને હવા ગતિ આપનાર દ્રવ્ય છે. અવકાશમાં ગતિ આપનાર દ્રવ્ય તરીકે વિજ્ઞાને ઈથરની ધારણા કરી હતી. પણ સ્થિતિ આપનાર દ્રવ્યની કલ્પના-ધારણા કરીને જૈન ધર્મ વિજ્ઞાનથી એક ડગલું આગળ રહ્યો છે. વળી આ બન્ને દ્રવ્યો માટે જૈન શાસને ધર્મ અને અધર્મ શબ્દ યોજ્યો છે તે સકારણ લાગે છે. સૂચક લાગે છે.

તેનો એક અર્થ એ પણ તારવી શકાય કે ધર્મ એટલે ગતિ. જીવની વિકાસયાત્રામાં જે કંઈ સહાયક બની રહે તે ધર્મ. ધર્મ વિના જીવ વિકાસ ન સાધી શકે. ધર્મની સહાય લીધા વગર આત્મા પરમાત્મા ન બની શકે એવી જ રીતે અધર્મનો અર્થ પણ તારવી શકાય. જ્યાં કેવળ સ્થિતિ બની રહે છે તે અધર્મ. વિકાસયાત્રા થંભી ગઈ, જીવ કેવળ સ્થિતિમાં રોકાઈ રહ્યો તે બધો અધર્મ જ ગણાયને! જડ વસ્તુઓ સ્થિતિમાં છે, ચૈતન્ય એવો જીવ વિકાસોન્મુખ ન રહેતાં, જડની જેમ જ્યાં છે ત્યાં પડી રહે તેને અધર્મ ન કહેવાય તો બીજું શું કહેવાય? જૈન

શાસ્ત્રોને આવો અર્થ અભિપ્રેત હોય કે ન હોય પણ આ બન્ને દ્રવ્યો માટે જેમણે આ શબ્દો પ્રયોજ્યા હશે તેઓ ધન્યવાદને પાત્ર છે. આ બન્ને શબ્દો ખૂબ સૂચક છે અને આ બંને દ્રવ્યોને વૈજ્ઞાનિક આધાર પણ મળી રહે છે.

જીવ જન્મોજન્મથી જડ સાથેના સંયોગની સ્થિતિમાં રોકાઈ ગયો છે તેથી તે એક રીતે અધર્મમાં જ ઊભો છે. જીવે જ્યાં આરાધના શરૂ કરી ત્યાં ધર્મ ઉપસ્થિત થઈ ગયો તેમ સમજી લઈએ તો ખોટું નહીં. આત્માનું પૂર્ણ તરફનું પ્રસ્થાન ધર્મ જ ગણાયને! આમ આ બંને દ્રવ્યો માટે વપરાતા શબ્દો ઘણા સાંકેતિક છે.

બાકીનાં બે દ્રવ્યોમાં એક **આકાશ** છે. આમ એક રીતે વિચારીએ તો અસ્તિત્વને ઉપસ્થિત થવા માટે જે જગા આપે - અવકાશ આપે તે આકાશ. આકાશનો દ્રવ્ય તરીકે વિચાર પણ વિશિષ્ટ છે. આકાશ અસ્તિત્વનો આવશ્યક ઘટક છે. સૌ ધર્મોએ કહ્યું છે કે વિશ્વ બધું પરમાત્માથી વ્યાપ્ત છે. જૈન ધર્મે કહ્યું કે સમસ્ત સંસાર આકાશથી વ્યાપ્ત છે. આકાશનું અસ્તિત્વ તો આલોકની પાર અલોકમાં પણ છે. આકાશનો ગુણ છે કે તે કોઈને વ્યાબાધ કરતું નથી, અવરોધતું નથી. આકાશદ્રવ્યની સ્થાપનામાં જ આત્મદ્રવ્યની સ્વતંત્રતા કે સ્વાયત્તતાની વાત આવી ગઈ અને ઈશ્વર વ્યક્તિગત રીતે કોઈને સહાય કરે છે તે વાતનો ઈનકાર પણ થઈ ગયો. જેને જેમ ગોઠવાવું હોય તેમ તેને આકાશ, અવકાશ કરી આપે - જગા આપે. આકાશ તમને કંઈ બનાવવા માટે કે બનવામાં સહાય કરવા માટેનું પરિબળ નથી. તમે મુક્ત છો. આકાશ ક્યાંય કોઈને બાધક નથી કે સહાયક પણ નથી. આ વાત ઘણી સૂચક બની જાય છે.

કાળ પણ અસ્તિત્વનો સ્વતંત્ર ઘટક છે. આકાશ દિશાઓમાં જગા આપે છે તો કાળ અતીતમાં અને ભવિષ્યમાં જગા આપે છે. આકાશ દિશાઓને વ્યાપીને રહે છે તો કાળ અસ્તિત્વને આગળ-પાછળ એટલે કે ભાવિ અને ભૂતમાં વ્યાપીને રહે છે. એક રીતે અસ્તિત્વ એ કેવળ વર્તમાન છે. ભૂતકાળની હસ્તી સ્મૃતિમાં છે, ભાવિની હસ્તી કલ્પનામાં છે. વાસ્તવિકતામાં અસ્તિત્વ કેવળ વર્તમાનમાં જ વસે છે. જૈન ધર્મે

તેથી તો આત્મા માટે સમય શબ્દ વાપર્યો છે. આત્મા અસ્તિત્વ છે અને અસ્તિત્વની હસ્તી કેવળ વર્તમાનમાં છે. તેથી સમય એ જ આત્મા. આ છે સમયસારની નિષ્પત્તિ. આમ કાળ પણ આકાશ જેવું જ મહત્ત્વનું દ્રવ્ય બની રહે છે. કાળની સહાય વિના અસ્તિત્વનો વિચાર કરવાનું પણ અશક્ય છે. કાળ સિવાય અસ્તિત્વની હસ્તી ન રહે તેથી કાળનું લક્ષણ વર્તના કહેવાય છે એટલે કે જેમાં અસ્તિત્વ વર્તે છે - વર્તીને રહે છે.

જૈન ધર્મમાં જીવ-પુદ્‌ગલ, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય, આકાશ અને કાળનો દ્રવ્ય તરીકે - અસ્તિત્વના ઘટકો તરીકે જે રીતે વિચાર થયો છે તે ક્યાંય થયો નથી. આ છ દ્રવ્યોની બહાર અસ્તિત્વની એક પાંખ પણ રહી શકતી નથી કે વિસ્તરી શકતી નથી.

-----

# ૪. જગત સ્વભાવ
# (ત્રિપદી)

સમગ્ર સૃષ્ટિની રચના સમજવા માટે અસ્તિત્વના મૂળ છ ઘટકો ઉપર વિચાર કર્યો જેને જૈન ધર્મ દ્રવ્ય તરીકે ઓળખે છે. આ છ દ્રવ્યોમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ સહાયક દ્રવ્યો છે. તે પોતે સક્રિય થઈને આપણને સહાય કરવા આવતાં નથી પણ તેમની ઉપસ્થિતિ જ આપણા માટે સહાયક નીવડે છે. સંસારનો જે ખેલ રચાય છે તે કેવળ બે દ્રવ્યો જીવ અને જડને કારણે છે. આપણા માટે તો આ બે દ્રવ્યોનો સંસાર છે. જૈન ધર્મે જડની સત્તા ઓછી નથી આંકી. કર્મ જડ છે તે વાત અત્રે ઉલ્લેખનીય છે. જડ નિર્જીવ છે તેથી તેની તાકાત નથી તેમ કોઈ રખે માની લે! જડમાં તો અનર્ગળ શક્તિ પડેલી છે. જેનો આવિષ્કાર આજના અણુવિજ્ઞાને કરી બતાવ્યો છે. જીવ જડથી સતત પ્રભાવિત થાય છે. જો જીવ જાગેલો ન હોય એટલે કે તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય તો તો તે જડનો દોર્યો જ દોરવાય છે.

અહીં આપણે જડથી શું અભિપ્રેત છે તે વિશે થોડોક વિચાર કરી લેવાનું આવશ્યક બની રહે છે. આપણો સંસાર જીવ અને જડ(અજીવ)ની ગૂંથણીથી કંઈ વધારે નથી. જીવ અને જડના તાણાવાણાથી સંસારનો પટ રચાય છે. તે માટે જીવનું જેટલું મહત્ત્વ છે તેટલું જ જડનું મહત્ત્વ રહે છે. સંસાર એટલે જીવ અને જડનો સંયોગ. મોક્ષ એટલે જીવનો જડથી (કર્મથી) વિયોગ. જડ એવા કર્મના પ્રભાવ હેઠળ જ જીવ સંસારમાં સરકે છે - રખડે છે. જડથી-કર્મથી આવિષ્કૃત થયેલ જીવને જડ પદાર્થો પ્રત્યે રુચિ-અરુચિ રહે છે. જીવ જેવો રાગ-દ્વેષવિહીન થઈ જાય તેની સાથે જ તેનો સંસાર કપાઈ જાય. જડ એવા કર્મને લીધે જીવને રાગ-દ્વેષની પરિણતિ રહે છે અને રાગ-દ્વેષની પરિણતિને કારણે જ જીવ સતત નવાં કર્મોનો આસ્રવ કરે છે. જીવમાં

ક્રોધ, માન, માયા, લોભ ઈત્યાદિ જે ભાવો છે તે તો રાગ-દ્વેષના સહચારી ભાવો છે. સંસારની આય (આવક) કરાવવાને કારણે તો આ બધા ભાવોને કષાયો કહે છે.

જીવ એટલે અસ્તિત્વનો બોધપૂર્ણ ઘટક એટલે કે જેને પોતાની હયાતીનો કંઈક પણ ખ્યાલ છે. જડ એટલે અસ્તિત્વનો બોધહીન ઘટક જેને પોતાની હસ્તીનો કંઈ ખ્યાલ નથી કે સંવેદન નથી. આપણે સમજણમાં આવતા જઈએ ત્યારથી જ આપણને જીવજગત અને જડજગતનું ભાન થતું જાય છે અને જેમ જેમ સમજણ વધતી જાય છે તેમ તેમ જીવ અને જડની ભેદરેખા સુસ્પષ્ટ થતી જાય છે. પણ આપણને ભાગ્યે જ તે વાતનો ખ્યાલ રહે છે કે આપણો દેહ-શરીર જડ છે કારણ કે તે ચેતનથી ઓતપ્રોત હોય છે. બાકી ચેતન વિનાનો દેહ જડ સિવાય બીજું શું છે? તેથી તો ચેતનનો વિયોગ થયા પછી દેહને બાળી નાખવો પડે છે. સંસારમાં પણ આપણને જે ચેતનાનો અનુભવ થાય છે તે પણ વિશુદ્ધ ચેતનાનો નહીં. જડ એવા પરમાણુઓથી બનેલા દેહને ધારણ કર્યા વિનાની ચેતનાનો આપણને આવિષ્કાર નથી કે અનુભવ નથી. જીવ અને અજીવ (જડ) બંને સંસારના મૂળ ઘટક છે અને તે બંને દ્રવ્ય છે. દ્રવ્ય એટલે જેનું અસ્તિત્વ અનાદિ અનંત હોય છે. તેનાં આદિ કે અંત નથી. જો દ્રવ્યની શરૂઆત હોય, આદિ હોય કે તેનો અંત હોય એટલે કે વિસર્જન હોય તો તેને અસ્તિત્વના ઘટક તરીકે ગણવામાં ન આવે.

છતાંય આપણી નજરે સંસારમાં જીવો જન્મતા અને મરતા લાગે છે. વસ્તુઓ પેદા થતી દેખાય છે અને નષ્ટ થતી લાગે છે - તેનું શું? આમ તો આપણે કોઈ જીવને કે જડને સ્થાયી સ્વરૂપે લાંબો કાળ જોઈ શકતા નથી તો પછી દ્રવ્યની મૂળ વાત સાથે તેનો મેળ કેવી રીતે બેસે? આ બહુ મહત્ત્વનો પ્રશ્ન છે તેથી અહીં તેનો સ્વતંત્ર રીતે વિચાર કર્યો છે. આ પ્રશ્ન દેખાય છે તેટલો નાનો નથી કે લાગે છે તેટલો વિકટ નથી. પણ તેના ઉત્તરમાં સંસારનું બધું જ રહસ્ય સમાઈ જાય છે. તીર્થંકર ભગવાનો ધર્મની પ્રરૂપણા જે ત્રણ પદોથી કરે છે તેમાં સંસારનું સકલ રહસ્ય આવી જાય છે. તેથી તો ગણધર ભગવંતો એ ત્રણ પદોનો

વિસ્તાર કરી આગમોમાં તે જ્ઞાન સંગૃહીત કરી લે છે. **આ ત્રણ પદો છે :ઉપન્ને ઈવા, વિધમે ઈવા, ધુવે ઈવા.** તેનો શબ્દાર્થ તો એટલો જ છે કે ઉત્પન્ન થાય છે, વિસર્જન થાય છે પણ ધ્રુવ છે. દેખીતી રીતે વાત વસમી લાગે તેવી છે કે ઉત્પન્ન થાય છે, વિસર્જન થાય છે અને છતાંય ધ્રુવ એટલે શાશ્વત કે કાયમનું છે. બસ, આ ત્રણ પદોમાં સંસારનું રહસ્ય આવી જાય છે.

દ્રવ્ય તો નિત્ય છે. તેનો જન્મ નથી, તેનો નાશ પણ નથી. જીવ દ્રવ્ય છે અને અજીવ એવું જડ પણ દ્રવ્ય છે. આપણે તો સતત જીવ અને અજીવનું સર્જન થતું અને વિસર્જન થતું જોઈએ છીએ તે આપણી સમસ્યા છે. જૈન ધર્મ કહે છે કે દ્રવ્યનો તો ક્યારેય નાશ થતો નથી, કે તે ઉત્પન્ન પણ નથી થતું પણ આપણને જે સર્જન-વિસર્જન જોવા મળે છે તે તેનાં સ્વરૂપોનું. દ્રવ્યનાં સ્વરૂપો બદલાતાં રહે છે. દ્રવ્ય એક સ્વરૂપે ઉત્પન્ન થતું લાગે છે અને થોડાક સમય પછી તેનું તે સ્વરૂપ નષ્ટ થાય છે. પણ વળી પાછું તે નવા સ્વરૂપ, નવા રૂપે-રંગે અને આકારે ઉત્પન્ન થઈ જાય છે.

આપણને જીવ જન્મતો લાગે છે અને મરતો લાગે છે પણ વાસ્તવિકતામાં જીવનો જન્મેય નથી અને મૃત્યુ પણ નથી. જીવ એક શરીર ધારણ કરે છે તેને આપણે જન્મ તરીકે લેખીએ છીએ. જીવ તે દેહને છોડે છે તેને આપણે તેનું મૃત્યુ ગણી લઈએ છીએ. વાસ્તવિકતામાં તે શરીરનો જન્મ છે અને શરીરનું મૃત્યુ છે. જે શરીર ધારણ કરીને રહેલો હોય છે તે તો નથી જન્મતો કે નથી મરતો. તે એક દેહ છોડીને વળી પાછો બીજો દેહ ધારણ કરીને સંસારમાં ક્યાંક ઉપસ્થિત થઈ જાય છે. પણ વિવિધ શરીરોને ધારણ કરનાર જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે - કાયમ રહે છે. જેનો જન્મ કે મૃત્યુ થાય છે તે દેહ તો જીવનું એક સ્વરૂપ છે - જેને માટે પારિભાષિક શબ્દ **'પર્યાય'** વપરાય છે.

કોઈને વિચાર આવે કે શરીરને બાળી નાખવામાં આવે છે ત્યારે જડનું તો વિસર્જન થઈ ગયુંને ! ના, તે વખતે પણ જડના એક સ્વરૂપનો - પર્યાયનો જ નાશ થાય છે અને તેનું વિસર્જન થતાં તેના મૂળ ઘટકો

પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ છૂટાં પડી પોતપોતાના સ્વભાવમાં વળી પાછાં સ્થિત થઈ જાય છે. તેથી તો આપણે ત્યાં કહેવાય છે કે પંચમહાભૂતોનું બનેલું શરીર, મૃત્યુ પછી વળી એ પાંચ મહાભૂતોમાં ભળી જાય છે.

આપણે જે ઉદાહરણ લીધું છે તેમાં જીવ અને જડ બંને દ્રવ્યોની વાત આવી જાય છે. જીવ ચૈતન્યમય છે જ્યારે શરીર જડ એવા પુદ્‌ગલોનું બનેલું છે. પુદ્‌ગલોનો સ્વભાવ સડન, પડન અને ગલનનો છે. પુદ્‌ગલ આ પ્રક્રિયા દ્વારા જ સતત બદલાતું રહે છે અને નિત નવાં રૂપો ધારણ કરે છે. તેથી તો આપણે બાળક, યુવા, પ્રૌઢ અને વૃદ્ધાવસ્થાઓમાંથી પસાર થઈએ છીએ. આ બધી અવસ્થાઓ પણ જડ એવા પુદ્‌ગલના બનેલા શરીરની અવસ્થાઓ છે. તે જ તેના બદલાતા પર્યાયો છે. આ તો પિંડની વાત કરી પણ સમસ્ત બ્રહ્માંડ પણ આ નિયમને આધીન રહીને વર્તે છે. ચાંદ, સૂરજ, તારા, સાગરો, નદીઓ, પહાડો ક્યાંય કશું એકરૂપે સ્થિર નથી. સમસ્ત બ્રહ્માંડના પ્રત્યેક પદાર્થમાં સંઘટન અને વિઘટન એટલે કે પરમાણુઓના મળવાની અને છૂટા પડવાની પ્રક્રિયા સતત ચાલ્યા જ કરે છે. આ પ્રક્રિયા વેગીલી હોય તો તે આપણે જોઈ શકીએ અને તે ધીમી હોય તો તત્કાળ આપણને તેનો ખ્યાલ આવતો નથી.

ત્રિપદીમાં દ્રવ્ય માત્રની કાર્યપદ્ધતિનો ખ્યાલ આપવામાં આવ્યો છે. દ્રવ્ય નિજ સ્વભાવે શાશ્વત છે પણ તેમાં પરિવર્તન થતું રહે છે. તેથી તે નિત નવાં સ્વરૂપો ધારણ કરે છે. આ બદલાતાં સ્વરૂપો એ જ પર્યાયો. પર્યાયો ઉત્પન્ન થાય છે અને પર્યાયો નષ્ટ થાય છે, પણ તેની પાછળ રહેલું પર્યાયોને ધારણ કરનાર દ્રવ્ય તો ધ્રુવ એટલે કે શાશ્વત રહે છે. આપણને જેનો જન્મ અને મૃત્યુ લાગે છે, જે ઉત્પન્ન થતું અને વિસર્જન થતું લાગે છે તે પર્યાયો છે. પણ પર્યાયો ધારણ કરનાર દ્રવ્ય તો હમેશાં એનું એ જ ધ્રુવ છે. આ છે જૈન ધર્મની ત્રિપદી જેનો વિસ્તાર આગમોમાં ક્યાંય સુધી પથરાયેલો છે.

સંસાર જડ અને ચેતનની રમત છે અને આ બંને દ્રવ્યો સ્વયં શાશ્વત રહેનારાં હોવા છતાંય સતત વિવિધ પર્યાયો ધારણ કરે છે. તેથી સંસારને

દ્રવ્ય અને પર્યાયનો રાસ કહે છે જેમાં જીવ અને જડ એવું કર્મ વિધવિધ સ્વરૂપે રમે છે. જીવ જ્યારે જાગીને કર્મનો સંગ છોડી દે છે, કર્મથી વિમુક્ત થઈ જાય છે ત્યારે રમતનો અંત આવે છે અને તે જીવ રાસ છોડીને પોતાને ઘેર પાછો ફરે છે. પછી તે પોતાની અનંત સમૃદ્ધિમાં સ્થિત થઈ જાય છે. ત્યાર પછી જીવ સ્વયંમાં પોતાના સ્વભાવમાં જ રમે છે. તે સમયે તે કોઈ અન્ય દ્રવ્યનો આશ્રય કરતો નથી કારણ કે તે પોતાનામાં જ પરિપૂર્ણતાનો અનુભવ કરે છે.

ત્રિપદી જૈન ધર્મના વિજ્ઞાનમાં પાયા સમી છે. તેને સમજ્યા વિના સંસારની જટિલતા ન સમજાય.

-----

# ૫. આત્માથી પરમાત્મા
## (તત્ત્વવિચાર)

જૈન ધર્મમાં અસ્તિત્વની વાત સમજાવતાં છ દ્રવ્યો અને નવ તત્ત્વો એમ બે બાબતોનો ઉલ્લેખ થાય છે. ભૌતિક વિજ્ઞાનમાં જેને તત્ત્વો કહે છે તેને મળતાં જૈન દ્રવ્યો છે છતાંય નવ તત્ત્વોના અલગ ઉલ્લેખ થાય છે. તો સૌપ્રથમ આપણે આ બે વચ્ચેના ભેદને સમજવો પડશે. છ દ્રવ્યો સમગ્ર અસ્તિત્વના ઘટકો છે. એ છ ઘટકોમાંથી ચાર આપણા કાર્યક્ષેત્રની બહાર રહે છે. તેમનો આપણા ઉપર પ્રભાવ રહે છે. પણ આપણો તે દ્રવ્યો ઉપર ખાસ પ્રભાવ પડતો નથી. આપણે જે બે દ્રવ્યો સાથે નિસ્બત છે તે છે જીવ અને પુદ્‌ગલ.

**જ્ઞેય, હેય અને ઉપાદેયઃ**

જૈન ધર્મની વસ્તુની વિચારણા કરવાની રીત વિશિષ્ટ છે. વિચાર તો બધાય કરે છે પણ તેની નિષ્પત્તિ વેળાએ તેઓ જે વર્ગીકરણ કરે છે તે મહત્ત્વનું બની રહે છે. જૈન ધર્મે આ નિષ્પત્તિને - જ્ઞાનને ત્રણ ક્ષેત્રમાં વહેંચી દીધું છે. એક ક્ષેત્રમાં વસ્તુ કે સંસારના સ્વરૂપનું જ્ઞાન આવે છે. તેને જ્ઞેય કહે છે. આવું જ્ઞાન જરૂરી છે - ઉપકારી છે, કારણ કે તેના પ્રકાશમાં જ આગળનો માર્ગ સ્પષ્ટ થાય છે. પણ એવું કેટલુંક જ્ઞાન છે કે જે શું મેળવવા જેવું છે, શું સાધવા જેવું છે તે દર્શાવે છે. તો એવું પણ કેટલુંક જ્ઞાન છે કે જે શું છોડવા જેવું છે તે બતાવે છે. આમ જૈન ધર્મ પ્રાપ્ત થયેલ જ્ઞાનને ત્રણ રીતે અલગથી તારવી બતાવે છે. એક છે જ્ઞેય એટલે જાણવા જેવું. બીજું છે ઉપાદેય એટલે શું મેળવવા જેવું છે તે બતાવનાર અને ત્રીજું છે હેય એટલે કે આરાધના માર્ગમાં જીવે શું છોડવા જેવું છે તેની માહિતી આપનાર.

નવ તત્ત્વો જીવનમાં શું જ્ઞેય છે, શું ઉપાદેય છે અને શું હેય છે તેનો વિચાર કરી બતાવે છે. છ દ્રવ્યોમાં સકળ વિશ્વની સંરચનાનો કે સંસારના

સ્વરૂપનો ખ્યાલ આવી ગયો પણ જો તે જાણીને કંઈ કરીએ જ નહીં તો તે બધું જ્ઞેયના ઘરનું બની જાય અને આપણે તેના લાભથી વંચિત થઈ જઈએ. તેનાથી કેવળ વિદ્વત્તા દેખાય કે દેખાડી શકાય પણ છેવટે તે પણ ફક્ત અહંકારને પોષનારું બની રહે. તેથી છ દ્રવ્યોનો વિચાર કર્યા પછી તુરત જ નવ તત્ત્વોનો વિચાર ઘણો આવશ્યક બની રહે છે. જેમાં ઉપાદેય અને હેયની વાત આવે છે.

છ દ્રવ્યોનો વિચાર કરતાં આપણે જે ઘટકોનો વિચાર કર્યો તેમાં આપણને જે બે ઘટકો સાથે ઝાઝી નિસ્બત છે, તે છે જીવ અને જડ (પુદ્ગલ). જેને ખબર છે કે 'હું છું' તે જીવાત્મા અને જેને ખબર નથી કે 'હું છું' તે જડ. જીવને 'હું'ના હોવાની ખબર વધતી જાય તેમ તેમ તે જડ જેવી અવસ્થામાંથી ખસીને ચૈતન્યની નજીક આવતો જાય. જીવને 'હું'નું ભાન અલ્પ થતું જાય તો તે જડની નજીક આવતો જાય. પદાર્થમાં બોધહીન અસ્તિત્વ છે જ્યારે જીવમાં બોધપૂર્ણ અસ્તિત્વ છે. પરિપૂર્ણ અસ્તિત્વ ત્રીજી વાત છે. પરિપૂર્ણ અસ્તિત્વની અનુભૂતિ તે પરમાત્મદશા – મોક્ષ છે. જીવ અને જડ તો અલગ છે જ પણ જીવની ચેતના નિરંતર આ ત્રણ અવસ્થાઓ વચ્ચે ઝોલા ખાતી હોય છે. ઘડીમાં તે જડ તરફ ઝૂકે છે એટલે કે કર્મના પ્રભાવ હેઠળ વધારે આવી જાય છે. ઘડીકમાં તે પરમાત્મા તરફ નમે છે તો ઘડીમાં તે વચ્ચે આવી જાય છે. નવ તત્ત્વોનો અભ્યાસ આત્મામાંથી પરમાત્મા કેવી રીતે બનાય તેનો ખ્યાલ આપે છે. જીવ પોતાના બોધપૂર્ણ અસ્તિત્વમાંથી પરિપૂર્ણ અસ્તિત્વ તરફ કેવી રીતે જઈ શકે તે વાત નવ તત્ત્વોનો વિચાર કરવાથી સમજાય છે.

છ દ્રવ્યોનો વિચાર કરતાં આપણે જોયું કે જીવ અને પુદ્ગલ – સંસારના બે છેડા છે. આ બે ઘટકો પરસ્પરને પ્રભાવિત કરે છે. જીવની સંભાવના આમ તો પરમાત્મા બનવાની છે. પણ પુદ્ગલના સહવાસથી જડમાં રચ્યાપચ્યા રહેવાને કારણે જીવ સંસારમાં ઝોલા ખાય છે. ઘડીમાં તે જડની નજીક ચાલ્યો જાય છે તો ઘડીમાં તે ચેતનભાવની નજીક પહોંચી જાય છે. આમ ભવોભવથી ઝોલે ચડેલો જીવ જાગીને જડ તરફ ઝૂકવાનું બંધ કરી કર્મથી વિમુખ થઈને પરમાત્મદશા તરફ કેવી રીતે વળે

તે માટે મહત્ત્વનાં બે દ્રવ્યો જીવ અને પુદ્ગલને અલગ તારવીને નવ તત્ત્વોમાં લઈ લીધાં છે. જીવે કર્મથી અલગ થઈ પરમાત્મા સુધી પહોંચવા સાત સમુદ્ર જેવી સાત સ્થિતિ પાર કરવી પડે છે. નવ તત્ત્વોમાં કર્મસહિત આત્મા એક છેડે છે તો બીજે છેડે કર્મરહિત અવસ્થા-મોક્ષ છે. મોક્ષ એટલે મુક્તિધામ. ત્યાં પહોંચ્યા પછી ક્યાંય આગળ જવાનું રહેતું નથી. મોક્ષ પ્રાપ્ત કરીને જીવ કૃતકૃત્ય થઈ જાય છે. ગણ્યા ગણ્યા નહિ તેટલા ભવોથી ચાલતી જીવની યાત્રા ત્યાં પહોંચતા પૂર્ણ થઈ જાય છે. મોક્ષ એટલે મંજિલ મળી ગઈ. બસ પછી ત્યાં આત્મા પરમાત્મા બનીને અનંતની સમૃદ્ધિ ભોગવે છે.

**જે નવ તત્ત્વોનો જૈન ધર્મમાં વિચાર થાય છે તે છે જીવ, અજીવ (જડ એવું કર્મ) બંધ, પુણ્ય, પાપ આસ્રવ સંવર નિર્જરા અને મોક્ષ.**

**ત્રણ અવસ્થાઓ :**

આપણે આગળ જોઈ ગયા કે જાગેલો જીવ નિરંતર આત્મદશા અને પરમાત્મદશા વચ્ચે ઝોલાં ખાતો હોય છે. ઘણીવાર વચ્ચે વિશ્રામ પણ લેતો હોય છે. તેમાંય જયારે જીવની આત્મદશા કષાયોથી ગાઢ રીતે રંગાયેલી હોય છે ત્યારે તે પરમાત્મદશાથી જોજનો દૂર ચાલ્યો જાય છે. જયારે કષાયો પાતળા પડ્યા હોય છે. ત્યારે તે પરમાત્મદશાની નજીક જતો હોય છે. બાકી મોટે ભાગે જીવ આ બેની વચ્ચે ઝોલે ચડેલો હોય છે. જૈન ધર્મમાં જીવની આ અવસ્થા દર્શાવવા ત્રણ સુંદર શબ્દો યોજેલા છે. જીવ જયારે કષાયોથી ઘેરાયેલો હોય છે ત્યારે તે જડ જગત પ્રતિ અભિમુખ થયેલો હોય છે. તેને બહિરાત્મદશા કહે છે. બહિરાત્મ-દશામાં જીવને પોતાના અસ્તિત્ત્વનો 'હું' નો કષાયમય બોધ- અહંકાર હોય છે. જયાં વિચાર આવ્યો કે 'હું' કોણ છું? 'હું' આમ કેમ છું? ત્યાં જ તેનું અંતરાત્મદશા તરફ પ્રસ્થાન થઈ જાય છે. કષાયો ખસવા માંડે ત્યારે જ અંતરાત્મદશા પ્રાપ્ત થવા માંડે. અંતર્મુખ થયેલ જીવ ધર્મની અભિમુખ જ હોય છે. આરાધના કરતાં કરતાં જીવને જ્યારે રાગ-દ્વેષવિહીન આત્માની શુદ્ધ અવસ્થાની પરિપૂર્ણ અનુભૂતિ થઈ જાય

એટલે જીવ પરમાત્મદશાને પ્રાપ્ત કરી લે - પરમાત્મા થઈ જાય.

જીવની આ ત્રણેય અવસ્થાઓમાં પાયાની વાત છે કષાય. ક્રોધ, માન, માયા અને લોભ. આ બધા કષાયો રાગ-દ્વેષની પરિણતિને લીધે જ ઉત્પન્ન થાય છે. સાથે સાથે એ વાત પણ સમજી લેવી કે કષાય એટલે જ પરોક્ષ કર્મ. કર્મના અવાગમન માટે જો કોઈ બળવત્તર કારણ હોય તો તે કષાય છે. કર્મ કષાયને અનુસરે છે અને પછી તે આત્મા સાથે ઓતપ્રોત થઈને જીવને પોતાની નાગચૂડમાં લઈ લે છે. નવ તત્ત્વોમાં અજીવ કે જડનો ઉલ્લેખ થાય છે તે કર્મનો છે. જૈન ધર્મ જ એક એવો ધર્મ છે કે જેણે કર્મને જડ ગણ્યું છે - પૌદ્ગલિક માન્યું છે. કર્મના પરમાણુઓ અતિ-અતિ સૂક્ષ્મ હોય છે અને કષાયોની ચીકાશને લીધે તે આત્મા સાથે ચોંટી જઈને એકરૂપ થઈ જાય છે. આમ તો લગભગ બધા ધર્મોએ કર્મવિચાર કર્યો છે પણ જૈન ધર્મની જેમ કોઈએય તેને પરમાણુ સ્વરૂપે જડ નથી ગણ્યું અને તેથી જ તે બધા કર્મની સાંગોપાંગ નિષ્પત્તિ કરવામાં ક્યાંક ને ક્યાંક અટવાઈ પડે છે.

જૈન ધર્મે દુઃખનું સચોટ નિદાન કરી કર્મને દોષિત ઠરાવ્યું છે. કર્મ, કષાયને આધીન છે અને જીવમાત્ર કર્મને વશ થઈને વર્તે છે. પરમાત્માની સંભાવનાથી ભરેલો જીવ, સંસારમાં રખડ્યા કરે છે તે કેવળ કર્મને કારણે. જડ એવા કર્મના સંબંધથી જીવ જડમાં રાચે છે અને ચૈતન્યની અનર્ગળ સમૃદ્ધિ તેની અંદર હોવા છતાંય તે તેનો આવિષ્કાર કરી શકતો નથી. તેથી નવ તત્ત્વોમાં જીવ તત્ત્વની શરૂઆત સાથે જ અજીવની વાત કરી. અહીં અજીવમાં વિશેષતયા કર્મની જ વાત છે. કર્મ જડ છે - અજીવ છે. પારમાણિક છે છતાંય ચેતન એવા જીવને તે નચાવે છે. તે વિચારણા તો જૈન ધર્મની ખાસ દેન છે. જડ એવું કર્મ, ચૈતન્ય એવા જીવ ઉપર પોતાનો પ્રભાવ કેવી રીતે પાડે છે તે કર્મવાદની ગહન વાતો છે.

જીવે પરમાત્મ અવસ્થાની પ્રાપ્તિ માટે કર્મથી મુક્ત થવાનું છે. કર્મ જડ છે - અજીવ છે પણ જીવ ઉપર તેનો પ્રભાવ આત્યંતિક છે. જીવ સાથે કર્મ અનાદિ કાળથી જોડાયેલાં છે એટલે કે જીવને કર્મનો સંગ-બંધ અનાદિ કાળથી છે. જીવને આ વાતનો ખ્યાલ આવી જાય, પ્રતીતિ થઈ

જાય એટલે બંધ તત્ત્વ સમજાઈ ગયું. બંધ એટલે કર્મનો બંધ. જીવને કોઈએ બાંધ્યો નથી પણ તે બંધાયેલો છે. જીવને પોતાના બંધનનો ખ્યાલ આવે એટલે તે બંધન તોડવા પ્રયાસ કરે. સારાં અને સુખ આપનારાં કર્મને પુણ્ય કહે છે અને દુઃખ આપનાર કર્મને પાપ કહે છે. પુણ્ય અને પાપ બંને આમ છે તો કર્મ. અને કર્મ એટલે બંધન. પુણ્ય સુખ આપે છે, જીવને પ્રસન્ન રાખે છે જ્યારે પાપના પરમાણુઓ જીવને દુઃખ આપે છે, ગ્લાનિમાં લઈ જાય છે. તેથી જીવને પુણ્યકર્મનો ભોગવટો કઠતો નથી પણ પાપકર્મનો ભોગવટો ખટકે છે. જીવે મુક્ત દશા માણવા માટે છેવટે તો પુણ્ય અને પાપ બંને પ્રકારના કર્મથી છુટકારો મેળવવો પડે. જીવને એક વખત પ્રતીતિ થઈ જવી જોઈએ કે કર્મમાત્ર પરાધીન અવસ્થા છે. જો આવી પ્રતીતિ ન થઈ હોય તો જીવ કર્મથી છૂટવા તત્પર નહીં થાય. બંધ એટલે કર્મબંધ અને તેની અંતર્ગત જ પુણ્ય અને પાપ આવી જાય. તેથી કેટલાક મનીષીઓએ પુણ્ય અને પાપને સ્વતંત્ર તત્ત્વો ન ગણતાં કેવળ આસ્રવ તત્ત્વ તરીકે વિચાર કર્યો છે. તે રીતે વિચાર કરીએ તો તત્ત્વોની સંખ્યા સાત થાય પણ મૂળ વાત તે એકની એક જ રહે છે.

નવ તત્ત્વોમાં આપણે જીવ અને અજીવ અર્થાત્ પુદ્ગલ વિશે જાણ્યું. કર્મ પુદ્ગલ છે અને તેના જીવ સાથેના સંબંધ અર્થાત્ બંધતત્ત્વનો વિચાર કર્યો. બંધમાં પુણ્ય અને પાપ બંને આવી જાય. જીવ જાણતાં કે અજાણતાં પ્રત્યેક પળે અનર્ગળ કર્મો પોતાની તરફ ખેંચી લઈને પોતાની સાથે ઓતપ્રોત કરી દેતો જ હોય છે. તે જ રીતે પ્રત્યેક પળે થોકબંધ કર્મો ભોગવટાથી કે અન્ય પ્રકારે જીવ ઉપરથી ખરી જતાં હોય છે. કર્મના પુદ્ગલોની જીવ સાથે ઓતપ્રોત થઈ જવાની પ્રક્રિયા સતત થયા જ કરે છે. કર્મ તરીકે પરિણમવાની યોગ્યતાવાળા પુદ્ગલોનું જીવ પ્રતિ આવવું તે આસ્રવ છે. તાત્ત્વિક રીતે તો જીવ જ્યારે કર્મ બનવાની યોગ્યતાવાળા પુદ્ગલોને ગ્રહણ કરે છે અને પોતાની સાથે જોડી દે છે ત્યાર પછી જ તે કર્મ બને છે. પણ ઉપચરથી આપણે સરળતા ખાતર કહીએ છીએ કે જીવ કર્મ ગ્રહણ કરે છે કે જીવ કર્મનો આસ્રવ કરે છે. જાગેલા જીવનું લક્ષ્ય કર્મથી અળગા થઈ જવાનું હોય છે તેથી તેણે

આસ્રવથી બચવું જોઈએ કે આસ્રવ અલ્પ થાય તે રીતનો વ્યવહાર રાખવો જોઈએ. આસ્રવ તત્ત્વને જાણ્યા વિના કર્મના પ્રવાહને રોકવાની જીવને ફાવટ ન આવે. કર્મના આસ્રવનું મૂળ કારણ મિથ્યાજ્ઞાન અને કષાય એટલે ભાવ છે અને તેનું સાધન મન, વચન અને કાયાનો યોગ - અવિરતિ છે. જીવ કેટલા પ્રમાણમાં, કેટલા વેગથી, કેવી રીતે કર્મનો આસ્રવ કરે છે તેનું આખું વિજ્ઞાન કર્મવાદમાં નિરૂપાયેલું છે.

આસ્રવ તત્ત્વને સમજ્યા પછી જીવને સ્વાભાવિક રીતે વિચાર આવવાનો કે આ કર્મપ્રવાહને રોકાય કેવી રીતે? કર્મને રોકવાં એટલે કર્મનો સંવર કરવો. કર્મના પ્રવાહને રોકવા માટે કર્મને આવવાનાં દ્વાર - નાળ વગેરે બંધ કરવાં રહ્યાં. કર્મને સમૂળાં ન રોકી શકાય તેમ હોય તો જાગેલો જીવ કર્મના આગમનના પ્રવાહને પાતળો કરી નાખે. કર્મને રોકવા માટે સંવરનો આશ્રય બહુ મહત્ત્વનો બની રહે છે. આમ, સંવર ખૂબ મહત્ત્વનું તત્ત્વ છે.

જીવ સંવર સાધે તો પણ તેટલાથી તેનું કાર્ય પૂર્ણ ન થાય. જીવ સાથે તો જન્મોજન્મનાં કર્મોના ભંડાર પડેલા છે. સંવરથી નવાં આવતાં કર્મ રોકાઈ ગયાં કે અલ્પ થઈ ગયાં પણ તેનાથી કર્મના ભર્યા ભંડારો ખાલી ન થઈ શકે. કર્મના ભંડારોને ઉલેચવા માટે જે પ્રક્રિયા થાય છે તેને નિર્જરા કહે છે. નિર્જરા બે પ્રકારે થાય છે. એક તો જીવ જ્યારે કર્મ ભોગવે છે ત્યારે તે આત્મા ઉપરથી વિખૂટાં પડી જાય છે. પ્રત્યેક પળે ભોગવટા કે એવા અન્ય કારણે (પ્રદેશોદયથી) જીવથી થોકબંધ કર્મો વિખૂટાં પડે છે. તેને અકામ-નિર્જરા કહે છે. તેમાં જીવનો સવિશેષ પુરુષાર્થ હોતો નથી તેથી કર્મ ખપતાં જાય - ખરતાં જાય પણ કર્મના ભોગવટા સમયે જીવ કષાયોને વશવર્તી રહી, પ્રમાદને આધીન થઈ પાછો અનેક નવાં કર્મોનો બંધ કરતો રહે છે. સામાન્ય રીતે તો એવું બને છે કે કર્મ છૂટે ઓછાં અને બંધાય વધારે. જીવ જ્યારે સમજણ સાથે પૂર્ણભાવથી કર્મને ખંખેરવા-ઉલેચવા જે પ્રક્રિયા કરે છે તેને સકામ નિર્જરા કહે છે. સાચા-ખોટાનો બોધ થયા વિના, કષાયો મંદ પડ્યા વિના, મન-વચન અને કાયાના યોગોનો નિગ્રહ કર્યા વિના સકામ નિર્જરા ન સધાય. અને સકામ નિર્જરા કર્યા વિના કર્મના ભંડારો

ઉલેચાય નહીં. આપણી ધર્મક્રિયાઓ, જપ-તપ, સેવા-પૂજા, ધ્યાન-ધારણા, ઈત્યાદિ અનુષ્ઠાનો કર્મનો સંવર કરવા માટે અને સકામ નિર્જરા સાધવા માટે હોય છે. જાગેલો જીવ, સમ્યક દર્શનથી વિભૂષિત થયેલો જીવ જ આવો સંવર અને સકામ નિર્જરા કરી શકે. આમ નિર્જરા નવ તત્ત્વોમાંનું એક અતિ મહત્ત્વનું તત્ત્વ છે.

નવ તત્ત્વોની સમાલોચના કરીએ તો જીવ એ પહેલું તત્ત્વ છે જેને કેન્દ્રમાં રાખીને અજીવ તત્ત્વનો એટલે કર્મપુદ્ગલોનો વિચાર કરવામાં આવે છે. જીવની સાથે જડાયેલું જડ એવું કર્મ તેનો અજીવ તરીકે વિચાર થાય છે જે બીજું તત્ત્વ છે. જીવનો જડ સાથેનો સંબંધ એટલે કર્મ સાથેનો સંબંધ તે બંધ નામનું તત્ત્વ. પુણ્ય અને પાપ બંધ તત્ત્વની અંતર્ગત આવી જાય. આત્માના કર્મ સાથેના સંયોગને આસ્રવ કહે છે. કર્મના પ્રવાહને રોકવામાં આવે તે સંવર તત્ત્વ અને કર્મની જીવથી છૂટા પડવાની પ્રક્રિયા તે નિર્જરા. નિર્જરામાં સકામ નિર્જરા આવે અને અકામ નિર્જરા પણ આવી જાય. જીવનો કર્મ સાથેનો સંબંધ એટલે સંસાર અને જીવની કર્મમાત્રના બંધનમાંથી મુક્તિ તે મોક્ષ. આમ મોક્ષ એ નવમું અને ચરમ તત્ત્વ છે. કર્મસહિત જીવ એટલે જીવાત્મા, કર્મવિહીન જીવ એટલે પરમાત્મા. પરમાત્માની સંભાવનાવાળો પણ કર્મથી લેપાયેલો જીવ તે જીવાત્મા, જે નવ તત્ત્વનું પહેલું પગથિયું છે. પરમાત્મપદ ઉપર પહોંચેલો જીવ એટલે સિદ્ધપરમાત્મા.

**છ દ્રવ્યો સંસારની - સૃષ્ટિની સંરચના સમજાવે છે તો નવ તત્ત્વો જીવને જડ એવા કર્મથી વિમુક્ત થવા માટેનાં તત્ત્વો સમજાવીને છેવટે જીવના ચરમ ઉત્કર્ષ એવા મોક્ષ તત્ત્વને સ્પર્શે છે. જ્યાં પહોંચીને જીવ કૃતકૃત્ય થઈ જાય છે.** ત્યાર પછી જીવને કશું મેળવવાનું કે કંઈ કરવાનું બાકી નથી રહેતું. મોક્ષ શબ્દ જ એ વાતનો સૂચક છે કે બંધનમાંથી જીવનો મોક્ષ થયો - મુક્તિ થઈ ગઈ. મોક્ષ થયા પછી આત્માને ફરીથી સંસારમાં આવવું પડતું નથી. જો મોક્ષ પ્રાપ્ત થયા પછી પણ જીવને નીચે પડવાપણું રહેતું હોય તો મોક્ષની કિંમત પણ બે બદામની થઈ ગઈ. જો મોક્ષ પણ સ્થાયી તત્ત્વ ન હોય તો આટલો પ્રચંડ પુરુષાર્થ કોણ કરે? મોક્ષ અંગે બીજી પણ એ વાત

સમજી લેવા જેવી છે કે તે કેવળ નિષેધાત્મક અવસ્થા નથી. અનાદિકાળથી કર્મના બંધનમાં પડેલો જીવ મુક્ત થતાં પોતાના અનંત આનંદમય સ્વભાવમાં સ્થિત થઈ જાય છે. પછી ત્યાં વિલસે છે કેવળ અસ્તિત્વનો આનંદ. મોક્ષનું વર્ણન શબ્દાતીત છે. તેથી આપણે તો તેનો ઉલ્લેખ કરીને જ વિરમવું પડે. પણ એ વાત નિશ્ચિત છે કે તે પરમની પ્રાપ્તિ છે માટે તો મોક્ષમાં અવસ્થિત થયેલા આત્માઓને પરમાત્મા કહે છે. સિદ્ધ આત્મા. સિદ્ધાત્મા એટલે એવા આત્માઓ કે જેમણે બધું જ સિદ્ધ કરી લીધું. અહીં આત્માઓ શબ્દ બહુવચનમાં વાપર્યો છે તે સકારણ છે કારણ કે જૈન મત પ્રમાણે પરમાત્મા કોઈ વ્યક્તિવિશેષ નથી અને કોઈ એક પણ નથી. પરમાત્માઓ અનંત છે. પ્રત્યેક જીવની ક્ષમતા પરમાત્મા થવાની છે અને અનંતા આત્માઓએ અત્યારસુધીમાં મોક્ષ સિદ્ધ કર્યો છે. આ પ્રવાહ ચાલુ જ છે અને ચાલુ જ રહેશે.

આ છે નવ તત્ત્વનું જ્ઞાન-વિજ્ઞાન જેમાં આત્માની પરમાત્મા સુધીની ઉત્ક્રાંતિનાં રહસ્યો રહેલાં છે.

-----

## ૬. ત્રણ સોપાન
## (દર્શન-જ્ઞાન અને ચારિત્ર)

જન્મ અને મૃત્યુ વચ્ચે આમ તો ઝાઝો સમય નથી મળતો પણ પ્રમાદને વશ થઈને આપણે તે સમય સૂતાં સૂતાં વિતાવી દઈએ છીએ. પછી અંત સમયે અતૃપ્ત આકાંક્ષાઓ, અસંતોષ, આંસુઓ અને હતાશા સિવાય બીજું કાંઈ આપણી પાસે નથી હોતું. અનંત આકાશમાં વિહરવાની દરેક પક્ષીની નિયતિ છે પણ જે પક્ષી ઝાડ ઉપરનો પોતાનો માળો છોડીને ઊડ્યું જ નહિ તેના દુર્ભાગ્યની શી વાત કરવી? તેમ અનંત આનંદમાં વિહરવાની-સ્થિરતા કરવાની આપણી ક્ષમતા છે પણ આપણે પ્રમાદમાં રહી યોગ્ય માર્ગ ઉપર ડગલાં જ ન ભર્યાં તો તેના જેવી બીજી કરુણતા કઈ હોઈ શકે? મનુષ્યભવમાં ઘણું બધું થઈ શકે તેમ છે ત્યારે આપણે કંઈ કરવા તત્પર જ ન થઈએ ત્યાં કોનો દોષ કાઢવો? મનુષ્યનો ભવ અનંત સંભાવનાઓ સિદ્ધ કરવાનો ભવ છે પણ તે માટે પુરુષાર્થ તો આપણે જ કરવો પડે. જીવન તો અનાયાસે મળી જાય છે, પણ મહાજીવન તો અર્જિત કરવું પડે. તે માટે સંઘર્ષ કરવો પડે. ભગવાનનો માર્ગ કર્મવિસર્જનનો છે. તેની પ્રક્રિયા સ્વભાવિક રીતે ક્રમિક જ રહેવાની. તેમાં કોઈના અનુગ્રહ કે કૃપાને માટે અવકાશ નથી. ભગવાને માર્ગ બતાવ્યો તે ઓછો અનુગ્રહ છે? મનુષ્યભવમાં ચાલવાની-આરાધનાની ક્ષમતા પણ મળી છે છતાં ય ચાલીએ જ નહિ તો કોઈ શું કરે?

સમગ્ર જૈન દર્શનનું નવનીત ત્રણ પદોમાં સંગૃહીત થયેલું છે. સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અને સમ્યક ચારિત્ર. ભગવાન મહાવીરનો આ મોક્ષમાર્ગ છે. તેનાં ચઢાણ કદાચ કપરાં રહે પણ માર્ગ સ્પષ્ટ અને સુરેખ છે.

સમસ્ત અધ્યાત્મજગતમાં જ્ઞાન શબ્દ જ પ્રચલિત છે. કેવળ જૈન શાસનમાં જ દર્શન શબ્દ સ્વતંત્ર રીતે વપરાય છે. આપણે દર્શનને મોક્ષમાર્ગનું પ્રથમ ચરણ ગણ્યું છે. આમ તો સામાન્ય રીતે દર્શન એટલે

જોવું. જોવા માટે જાગવું પડે અને આંખ ઉઘાડવી પડે. જેને આપણે જિંદગી કહીએ છીએ તે વાસ્તવિકતામાં સૂતેલી છે કારણ કે આપણે મોહનિદ્રામાં પડેલા છીએ. જ્યારે આપણે તેમાંથી જાગીશું ત્યારે લાગશે કે આપણી જિંદગી એક સ્વપ્નથી અને તેમાંય એક દુઃસ્વપ્નથી કંઈ વિશેષ ન હતી. જૈન ધર્મે સૌપ્રથમ આ ગાઢ મોહનિદ્રામાંથી જાગવાની વાત કરી છે. જાગીને જોઈશું તો જ આપણને સંસારના વિષયો અને વસ્તુઓ તેના યથાર્થ સ્વરૂપે દેખાશે. સંસાર એટલે જડ અને ચેતનના તાણા-વાણા. જીવ અને જગતનું જે સ્વરૂપ છે તે સ્વરુપે તેને જોવું એટલે સમ્યગ્‌દર્શન. તેના વાસ્તવિક સ્વરૂપ કરતાં ભિન્ન સ્વરૂપે તે દેખાય તો મિથ્યા દર્શન કે દર્શનાભાસ.

જૈન ધર્મમાં દર્શન, શ્રદ્ધાના પર્યાય તરીકે વપરાય છે તે સકારણ છે. કોઈ વિષય કે વસ્તુ વિશે વાંચીને કે સાંભળીને આપણે જે કંઈ મેળવીએ છીએ તે કેવળ કોરી માહિતી બની રહે છે. એકઠી કરેલી કે વ્યવસ્થિત ગોઠવેલી માહિતી શાસ્ત્ર બની જાય છે. શાસ્ત્રનું જ્ઞાન મહત્ત્વનું છે પણ તે ગોદે લીધેલા જ્ઞાન જેવું છે. પણ જેવા તમે વિષયને જાતે જુઓ છો કે તુરત જ તમને તેના સ્વરૂપની ખાતરી થઈ જાય છે. ત્યાર પછી તમે જે વિચારો છો, બોલો છો તે શ્રદ્ધાના ઘરનું હોય છે. આમ દર્શન પોતાની મૂડીના વેપાર જેવું છે જ્યારે જ્ઞાન ઉધાર લાવેલી મૂડીના વેપાર જેવું છે. પારકી મૂડીના વેપારમાં હંમેશાં જોખમ રહેલું છે. લેણદાર જો પોતાની મૂડી પાછી માંગી લે તો વેપાર ઠપ થઈ જાય. દર્શન એ પોતાની મૂડી છે જેને કોઈ પાછી લઈ લે તેવો સંભવ નથી.

બીજી રીતે વિચારીએ તો દર્શન અનુભૂતિની નીપજ છે. હિમાલય વિશે ગમે તેટલું વાંચીએ તો પણ આપણે અધૂરા રહેવાના. વળી કંઈ જુદી જ વાત તેના વિશે વાંચવામાં આવે તો મૂંઝવણમાં મુકાઈ જવાના. પણ એક વખત જાતે જ હિમાલયનું દર્શન થઈ ગયું પછી તેના ઉપર પાકી શ્રદ્ધા થઈ જાય છે. દર્શનમાં અનુભૂતિ છે. તેથી શ્રદ્ધા તેની અંતર્ગત રહેલી છે. જ્ઞાન વિશે ખાતરીપૂર્વક ન કહેવાય, પણ દર્શન થઈ ગયા પછી બીજા કોઈ પુરાવાની જરૂર રહેતી નથી.

આમ તો દર્શન આપણા માટે કંઈ નવું નથી પણ જૈન ધર્મમાં જે

વાત કરી છે તે સમ્યગ્દર્શનની છે. સામાન્ય રીતે આપણે જે દર્શન કરીએ છીએ તે સમ્યગ્દર્શન નથી હોતું. કારણ કે આપણી આંખ ઉપર મોહનાં પડળ ચડેલાં હોય છે તેથી આપણને વસ્તુના શુદ્ધ સ્વરૂપની ઝાંખી ભાગ્યે જ થાય છે. રંગીન કાચ દ્વારા જે જુએ છે તેને વસ્તુના સાચા રંગ કે સ્વરૂપનો ખ્યાલ નથી આવતો. આપણે રાગદ્વેષની આંખથી જ વસ્તુને સતત જોઈએ છીએ તેથી આપણને સંસાર તેના સાચા સ્વરૂપે દેખાતો નથી. આપણી દૃષ્ટિને સંસાર રંગીન લાગે છે પણ તે કાચનાં રમકડાં જેવો છે. ભલે તે રંગીન દેખાય પણ તે સંગીન નથી હોતાં. આપણું શરીર ક્ષણભંગુર છે જે અવશ્ય પડવાનું છે - એ હકીકતને પાયામાં રાખી આપણે સંસાર સજાવીએ છીએ. જે આપણું નથી તેને આપણું માનીને તેની ઉપર આપણે ઈમારત ઊભી કરીએ છીએ. પછી જેવી ઈંટો ખરવા માંડે છે કે આપણે ભયભીત થઈ જઈએ છીએ, વિહ્‌વળ બની જઈએ છીએ. આપણે જાગીએ અને કંઈ સંભાળી લઈએ તે પહેલાં તો આપણો સંસાર પત્તાંના મહેલની જેમ પડી ગયો હોય છે અને આપણે ક્યાં ભૂંસાઈ ગયા તેની ખબર પણ પડતી નથી. જાણે ક્યારેય કોઈ ઈમારત હતી જ નહીં.

સમ્યગ્દર્શન એટલે વસ્તુ જેવી છે તેવી જ તેને જોવી, રાગ-દ્વેષ વિના જોવી-સમજવી. આવું દર્શન ઊતરે તે ખાતરીના ઘરનું હોય, સ્વયંની અનુભૂતિનું હોય એટલે તે શ્રદ્ધાનું જનક બની રહે. જૈન શાસનમાં દર્શન પહેલું ગણાય છે. સમ્યગ્દર્શન આત્માના ઊર્ધ્વારોહણનું પ્રથમ સોપાન છે. પ્રથમ પગથિયે જ જ્યાં અજવાળાં પથરાઈ ગયાં એટલે ઉપરની આખી સીડી-નિસરણી સ્પષ્ટ દેખાવાની અને જીવ પોતાની ક્ષમતા મુજબ તેના ઉપર ચડવા માંડવાનો. કોઈ ઝડપથી ચડે તો કોઈ ધીરેથી ચડે પણ સમ્યગ્દર્શન વિના આગળ વધાય નહીં.

જૈન ધર્મમાં સમ્યગ્દર્શન વિનાના જ્ઞાનની કોડીની ય કિંમત નથી ગણાતી. તેથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિને ત્રણ લોકના લાભ કરતાં ય અધિક ગણવામાં આવે છે.

આ જિંદગીમાં જે મળે છે તે બધી બહારની સંપદા છે. તેનાથી આપણું પાત્ર ક્યારેય નહીં ભરાય. જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ

નહીં થાય ત્યાં સુધી આપણે ખાલી ને ખાલી જ રહેવાના અને અહીં-તહીંથી કાંકરા જ ભેગા કર્યા કરવાના. સમ્યગ્દર્શન અનર્ગળ – આંતરિક સમૃદ્ધિ છે જે પ્રાપ્ત કરવા માટે માનવભવમાં સૌથી વધારે અનુકૂળતા મળી રહે છે.

ટૂંકમાં સમ્યગ્દર્શન એટલે જડ એવો દેહ અને તેની આસપાસ રચાયેલો સંસાર તે હું નથી તેવું દર્શન. હું તો અનંત શક્તિનો સ્વામી ચૈતન્ય છું એવી અનુભૂતિ જેટલી ગાઢ તેટલું સમ્યગ્દર્શન સુદૃઢ અને પરિપક્વ.

સમ્યગ્દર્શન કોનું કરવાનું? જીવ અને જડના સ્વરૂપનું. આ દર્શન થતાં સ્વાભાવિક રીતે જીવના જગત સાથેના, અન્ય જીવો સાથેના, અરે! પોતાના દેહ સાથેના સંબંધોનું યથાર્થ મૂલ્યાંકન થઈ જાય. આ મૂલ્યાંકન તે સમ્યક જ્ઞાન. આપણે સામાન્ય રીતે માહિતીને જ્ઞાન કહીએ છીએ. અતીતનું જ્ઞાન સ્મૃતિથી ઉપલબ્ધ થાય અને ભાવિનું જ્ઞાન ધારણા કરીને પણ મેળવી શકાય. એકમાં અતીત રહેલો છે, બીજામાં ભાવિ છુપાયેલું છે. શાસ્ત્રો વાંચીને, પુસ્તકો વાંચીને કે શ્રવણ કરીને, જ્ઞાન મળે; પણ આ બધું આમ તો માહિતીના સ્તરનું જ ગણાય. જ્યારે માહિતીનું યથાર્થ મૂલ્યાંકન થઈ જાય ત્યારે તે સાચા અર્થમાં જ્ઞાન બની જાય. બીજી રીતે કહીએ તો જેને આપણે સામાન્ય રીતે જ્ઞાન તરીકે ઓળખીએ છીએ તે જ્ઞાન નથી. જીવનભર આપણે માહિતીનાં પોટલાં ઊંચકીને ફર્યા કરીએ છીએ તોય આપણો ઉદ્ધાર થતો નથી. માહિતી એ બોજ છે જ્યારે જ્ઞાન એ પ્રકાશ છે. પ્રકાશ થતાં વસ્તુનું યથાસ્વરૂપે જ્ઞાન થાય, વિષય યથા-તથા સ્વરૂપે સમજાઈ જાય તો તે સમ્યક કહેવાય. સમ્યગ્દર્શન થતાં બધું જ્ઞાન સમ્યક બની જાય. સમ્યગ્ દર્શનનાં અજવાળાં ઊતરતાં સઘળું જ્ઞાન બોધ બની જાય. જૈન ધર્મમાં બોધિનું ઘણું મહત્ત્વ છે. જૈન મત પ્રમાણે જે જ્ઞાન આત્માને ઉપકારક નથી તે બધું મિથ્યાજ્ઞાન ગણાય છે. મિથ્યા એટલે ગેરમાર્ગે દોરનારું.

જ્ઞાન એ દીપ સમાન છે. જે જ્ઞાનમાં આગળનો માર્ગ, આત્માના ઊર્ધ્વારોહણનો માર્ગ સ્પષ્ટ અને સુરેખ ન હોય તેને જૈન ધર્મ જ્ઞાન માનવા જ તૈયાર નથી. જૈન ધર્મમાં જ્યાં જ્યાં જ્ઞાનની વાત આવે તેને

સમ્યક જ્ઞાનની જ વાત સમજવી રહી. સમ્યક જ્ઞાન એટલે યથા-તથા જ્ઞાન. જે વસ્તુ જે સ્વરૂપે છે તે જ સ્વરૂપે તેને જાણવામાં આવે તે જ જ્ઞાન, બાકી બધું અજ્ઞાન જ સમજવાનું. અહીં અજ્ઞાન એટલે જાણકારીનો અભાવ નહીં ગણવાનો. પણ જે માર્ગ શિખર ઉપર ન પહોંચાડે, જે માર્ગે જતાં મંજિલે ન પહોંચાય તેને માર્ગ કેમ કહેવાય? આ રીતે જૈન ધર્મ જ્ઞાનનું મૂલ્યાંકન કરે છે. તે પ્રમાણે આત્મા વિશેની જાણકારીને જ જ્ઞાન ગણાય.

સામાન્ય રીતે લોકો જેને જ્ઞાન ગણે છે તે તો વિષયની જાણકારી છે. આવી જાણકારી સંસારમાં સફળ થવા માટે જરૂરી ગણાય. તેનાથી કીર્તિ મળે, વાહ-વાહ થાય, તે વેચીને કે તેને આધારે ધન-સંપત્તિનું ઉપાર્જન થઈ શકે. પણ તે સમ્યક જ્ઞાન નથી કારણ કે સરવાળે તો તેમાં આત્માનું અહિત રહેલું છે. જૈન ધર્મ તો આવા જ્ઞાનથી સાવધ રહેવા જણાવે છે કારણ કે આવી માહિતી કે જાણકારી વ્યવસ્થિત રીતે પાપાચાર આદરી શકે, વિનાશનાં સાધનો બનાવી શકે અને પોતાના તેમજ અન્ય જીવો મોટે દુઃખનું કારણ બની રહે. જે જ્ઞાન આત્માને ઉપકારક છે તે જ સમ્યક જ્ઞાન છે. સમ્યક જ્ઞાનમાં પાયાની વાત છે ભેદજ્ઞાન એટલે શરીર અને શરીરમાં વ્યાપી રહેલ ચૈતન્ય-જીવાત્મા બંને જુદાં છે તે જ્ઞાન. આવું જ્ઞાન પોપટિયા જ્ઞાન હોય તો ન ચાલે. જ્ઞાન આત્મસાત્ થયેલું હોવું જોઈએ. તે વિશે મનમાં સહેજ પણ શંકા ન હોવી જોઈએ. આ માટે જૈન દર્શને અમુક ભૂમિકાને આવશ્યક ગણી છે. આત્માની વિશુદ્ધિ વિના આવા જ્ઞાનની ઉપલબ્ધિ થઈ શકતી નથી અને ચિત્તનિરોધ વિના આત્મા વિશુદ્ધ થઈ શકતો નથી.

આજે આપણી પાસે અઢળક માહિતી પડેલી છે છતાંય આપણે બધા એક રીતે જ્ઞાનવિહોણા છીએ. વાસ્તવિકતામાં આપણને સાચા જ્ઞાનની દિશા જ પ્રાપ્ત થઈ નથી. સમ્યક જ્ઞાનવાળો જીવ રાગ અને દ્વેષથી મુક્ત ન થયો હોય પણ તેના રાગ-દ્વેષ ઘણા પાતળા પડી ગયા હોય. તેનામાં સર્વ જીવો પ્રત્યે સમભાવ જાગ્યો હોય, તેનો વ્યવહાર મૈત્રીભાવપૂર્ણ હોય, આવા જીવને વસ્તુઓ કે વ્યક્તિઓ સાથે સંબંધો નથી હોતા તેમ નહીં, પણ તેને તેમની પ્રત્યે મમત્વ નથી હોતું. અહં

અને મમનો વિસ્તાર જેટલો મોટો તેટલો તે સમ્યક જ્ઞાનને વધારે બાધક નીવડે છે. 'હું અને મારું' એ વાત ચિત્તને ડહોળી નાખે છે અને જ્યાં ચિત્ત ક્ષુબ્ધ હોય ત્યાં સમ્યક જ્ઞાનના દીવાની જ્યોત ઝાંખી પડતી જાય. જ્ઞાનના દીવાની જ્યોત જેટલી ઝળહળતી રહે તે પ્રમાણે પ્રકાશ પથરાય અને આગળનો માર્ગ સ્પષ્ટ દેખાય.

આમ જૈન ધર્મમાં જ્ઞાનનાં ગણિત મંડાયેલાં છે. જૈન દર્શને તો ત્યાં સુધી વાત કરી છે કે જે આત્માને નષ્ટ થનારા દેહથી ભિન્ન માની રાગ-દ્વેષમાં તણાયા વિના જોઈ જાણે છે તેને પછી એટલાં શાસ્ત્રો ભણવાની જરૂર રહેતી નથી. જે જ્ઞાનના પ્રકાશમાં આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થવાનો માર્ગ જોઈ શકે તે જ જ્ઞાન અને સ્થિર થવામાં સહાય કરનારી સર્વ ક્રિયાઓ ધર્મ છે. આમ જૈન ધર્મની જ્ઞાનની વાત અન્ય દર્શનો કરતાં વિશિષ્ટ બની રહે છે.

જેણે જીવ અને જગતનું સ્વરૂપ જોયું, જેને આત્માની પરમ સંપદાનું જ્ઞાન થઈ ગયું અને તે પ્રાપ્ત કરવાના માર્ગ વિશેની માહિતી પણ મળી ગઈ છતાંય તેણે તે માર્ગ ઉપર ડગલાં ન ભર્યાં તો તેના જેવી બીજી કરુણતા કઈ હોઈ શકે? જ્ઞાનનું ફળ જ વિરતિ છે. સમ્યગ્દર્શનથી રસાયેલું જ્ઞાન જ સમ્યક જ્ઞાન બની રહે છે અને સામાન્ય રીતે આવું જ્ઞાન આચરણમાં ઊતર્યા વિના રહે નહીં. આત્માના ઊર્ધ્વારોહણના માર્ગ ઉપર ડગલાં ભરવા માંડ્યાં એટલે યાત્રા શરૂ થઈ ગઈ. આ યાત્રા તે ચારિત્ર. ચારિત્ર એટલે સંયમ, ચારિત્ર એટલે વિરતિ. સંસારમાં આપણે ઘણું ભવભ્રમણ કર્યું, ઘણું રખડ્યા પણ આપણે ક્યારેય યાત્રા કરી ન જાણી. જીવ, મોક્ષમાર્ગ ઉપર ચાલવા માંડે એટલે યાત્રા શરૂ થઈ જાય. ધ્યેયની સ્પષ્ટતા સાથેની યાત્રા તે સમ્યક ચારિત્ર.

ચારિત્ર બોધ વિના ઊતરે નહીં અને ઊતર્યું હોય તો ટકે પણ નહીં. સમ્યગ્દર્શન વિના શ્રદ્ધા નહીં, પ્રતીતિ નહીં. પ્રતીતિ વિના બોધ નહીં. આમ આખી શ્રૃંખલા છે. બધું કડીબદ્ધ છે. ક્યાંક કડી ખૂટે કે તૂટે તો પ્રગતિ રૂંધાઈ જાય. તપ તો ચારિત્રની અંતર્ગત આવી જાય.

જૈન ધર્મમાં આત્માની પોતાના સ્વભાવમાં સ્થિર થવાની વાતને વાસ્તવિક ચારિત્ર કહેવામાં આવે છે. પણ તેવી અવસ્થા પ્રાપ્ત કરવા

માટે જે સંયમમાર્ગ ગ્રહણ કરવો પડે છે તેને પણ ચારિત્ર કહેવામાં આવે છે. ચારિત્ર એટલે આચરણ. જે જાણ્યું - જોયું તેને અપનાવવાનું. જૈન ધર્મમાં ચારિત્રનું બહુ મૂલ્ય છે. જેમ આંધળા પાસે એક દીપક પ્રગટાવવામાં આવે કે હજારો દીપક પ્રગટાવવામાં આવે તેનાથી તેની પરિસ્થિતિમાં કંઈ ફેર પડતો નથી. તે રીતે ચારિત્રવિહીન જીવ ગમે તેટલાં શાસ્ત્રો ભણે કે કંઠે કરી લે તેનાથી આત્માનું ઉત્થાન થતું નથી.

જૈન દર્શનમાં ચારિત્રને બે રીતે ઓળખવામાં આવે છે. જીવ આત્મજ્ઞાન થયા વિના કે સમ્યક જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના સંયમ ધારણ કરે છે તેને **દ્રવ્યચારિત્ર** કહે છે. જ્યારે જીવ પોતે સ્વયં પોતાનામાં ઊતરવા લાગે છે ત્યારે તે **ભાવચારિત્ર** બની જાય છે. પોતાનામાં ઊતરવું એટલે અનુભવ કરવો. પોતાના સ્વરૂપની અનુભૂતિ એ નાનીસૂની વાત નથી.

સંસારમાં પોતાની વસ્તુનું જ મહત્ત્વ છે તેમ અધ્યાત્મમાર્ગમાં પોતાની અનુભૂતિનું જ મોટું મૂલ્ય છે. અનુભૂતિથી રંગાયેલા જ્ઞાનની જ ખરી કિંમત છે. વાસ્તવિકતામાં ધર્મ બહારથી કોઈ આપી શકતું નથી. બહારથી કોઈ માર્ગદર્શન લઈ શકે - આપી શકે પણ ધર્મની પ્રાપ્તિ તો આપણે પોતે જ કરવી પડે છે. ચારિત્રમાર્ગ ઉપર ચાર ડગલાં ચાલનારનું મૂલ્ય, નકશામાં હજારો માઈલના માર્ગનું નિરીક્ષણ કરનાર કરતાં ઘણું વધારે હોય છે.

આપણે જેને ચારિત્ર કહીએ છીએ તે મહદ્અંશે સામાજિક સ્વરૂપનું છે, છતાંય તે મહત્ત્વનું છે. દ્રવ્યચારિત્ર ઘણીવાર ભાવચારિત્રનું નિમિત્ત બની શકે છે અને તેને સહાયક નીવડી શકે છે. મૂળમાં તો ચારિત્રનો સંબંધ આંતરિક અવસ્થા સાથે છે. સંયમ અંદર ન ઊતર્યો હોય તો તે ઝાઝું પ્રાપ્ત ન કરી શકે. ચારિત્રની ઉત્કૃષ્ટ અવસ્થામાં જીવ વિભાવથી મુક્ત થઈ જાય છે અને સ્વભાવમાં આવી જાય છે. આખો ચારિત્રમાર્ગ આત્માની શુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવાનો છે. દ્રવ્યચારિત્ર બાહ્ય શુદ્ધિનો માર્ગ છે અને તે સધાતાં અભ્યંતર શુદ્ધિનો માર્ગ મોકળો બને છે. તેથી દ્રવ્યચારિત્રનું મૂલ્ય સહેજ પણ ઓછું નથી. સીધું જ ભાવચારિત્ર જવલ્લે જ આવી જાય અને તેમ બને તો પણ તે અપવાદમાર્ગ છે. તે રાજમાર્ગ નથી.

સમ્યગ્દર્શન, સમ્યકજ્ઞાન અને સમ્યકચારિત્ર જૈન ધર્મનો મોક્ષમાર્ગ છે. મોક્ષ-એટલે બંધનમાંથી મુક્તિ. કોના બંધનમાંથી? જીવ કર્મનાં બંધનોથી જકડાયેલો છે. લાખો-કરોડો જન્મનાં કર્મે જીવને બંધનમાં રાખ્યો છે. ચાર કર્મ છૂટે ત્યાં દશ નવાં ઊભાં થઈ જાય. આમ ને આમ જીવનો સંસાર વધતો જ જાય છે. મોક્ષમાર્ગ એટલે સકલ કર્મોનો સંહાર કરવાનો માર્ગ. જીવને કર્મનાં બંધનોથી મુક્ત થવાનો માર્ગ. જૈન ધર્મે કર્મક્ષયને તેનું લક્ષ્ય બનાવ્યું છે કારણ કે કર્મ જ જીવને તેના સ્વરૂપમાં આવવા નથી દેતાં. તેથી જૈન ધર્મે આત્માની ઉત્કૃષ્ટ અવસ્થા માટે મોક્ષ શબ્દ પસંદ કર્યો છે. જૈન ધર્મે નિર્વાણ કે બ્રાહ્મી સ્થિતિની વાત કરી નથી પણ મોક્ષની વાત કરીને તેના તત્ત્વનિરૂપણને સુસ્પષ્ટ કર્યું અને તે જ તેના સિદ્ધાંતને આનુષંગિક બની રહે છે.

મોક્ષ એટલે સર્વ બંધનોમાંથી મુક્ત જીવાત્માની પરમાત્મ અવસ્થા. તે અવસ્થામાં આત્મા પોતાની અનંત સંપદાઓમાં સ્થિત થઈ જાય છે. ત્યાર પછી તેને ક્યારેય પાછા પડવું પડતું નથી. જો આટલો પુરુષાર્થ કર્યા પછી પાછા પડવાની શક્યતા હોય તો તેને મોક્ષ પણ ન કહેવાય. જૈન ધર્મના મતે આત્માને કશુંય બહારથી મેળવવાનું નથી. જે છે તે બધું તેની અંદર છે પણ તે કર્મથી આવૃત્ત છે - ઢંકાયેલું છે. બંધનો તૂટે કે આવરણો ખસે એટલે જીવાત્મા તેના સાચા સ્વરૂપમાં આવી જાય છે. વાસ્તવિકતામાં આપણે આપણી સંપદા જ ભોગવવાની છે. તેથી તો નિશ્ચયનય કહે છે કે આત્મા એ જ દર્શન છે, જ્ઞાન છે અને ચારિત્ર છે. વાત સાચી છે પણ આપણે તે સિદ્ધ કરવાની છે. આ વાત સિદ્ધ થાય છે સમ્યગ્દર્શન, સમ્યક જ્ઞાન અને સમ્યક ચારિત્રથી. મોક્ષમાર્ગનાં આ ત્રણ સોપાન છે તેમાંથી એક પણ ચૂકીએ તો મોક્ષ દૂર રહી જાય. દર્શનથી જ્ઞાન, જ્ઞાનથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષ. મોક્ષ ચારિત્રની નિષ્પત્તિ છે. આવો મોક્ષ પ્રત્યેક જીવની સંભાવના છે અને અંતિમ ઉપલબ્ધિ છે.

-----

# ૭. વત્થુ સહાવો ધમ્મો
## (સ્વભાવધર્મ)

આપણે જૈન ધર્મની પાયાની વાતો ઉપર વિચાર કરીએ છીએ ત્યારે જૈન ધર્મ, 'ધર્મ' કોને કહે છે તે વાત તો કરવી જ રહી. તે સમજ્યા વિના જૈન ધર્મનાં વિધિ-વિધાનો પણ યથાર્થ રીતે નહીં સમજાય. ઘણાંને લાગે કે 'ધર્મ' એટલે ધર્મ. એમાં તો વળી શું સમજવાનું હોય? ના, અહીં પણ આપણે અન્ય સૌ કરતાં જુદા પડી જઈએ છીએ. જગતના બધા ધર્મો 'રિલિજિયન' શબ્દ ધર્મ માટે વાપરે છે. આ અંગ્રેજી શબ્દ રિલિજિયન મૂળ Relegayer શબ્દ ઉપરથી આવ્યો છે, જેને જોડવા સાથે સંબંધ છે. કોની સાથે જોડાવાનું? તો કહે ઈશ્વર સાથે. બસ, અહીં જ તો મૂળભૂત તફાવત છે. જૈન ધર્મે કોઈની સાથે જોડાવાની વાત નથી કરી કારણ કે તેણે કોઈ વ્યક્તિવિશેષ પરમાત્માની ધારણાનો સ્વીકાર કર્યો નથી કે જેની સાથે જોડાવાથી જીવન સાર્થક થઈ જાય કે કૃતકૃત્ય બની રહે.

જૈન ધર્મ 'ધર્મ' શબ્દ વસ્તુના સ્વભાવ માટે વાપરે છે. પાણી શીતલ છે, અગ્નિ ગરમ છે - તે તેના સ્વભાવને કારણે છે. તેમ જીવનો સ્વભાવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંદ આનંદ છે. આ સ્વભાવથી જે વિપરીત ભાવો જીવાત્મામાં છે તે બધા વિભાવો છે. જીવનમાં જે કંઈ કરવાનું છે તે આ વિભાવોને ખંખેરી નાખી પોતાના મૂળ સ્વભાવમાં આવી જવા માટે. આમ જૈન ધર્મ કોઈની સાથે જોડવાની વાત નથી કરતો પણ વિભાવોથી તૂટવાની વાત કરે છે. અન્ય બધા ધર્મોમાં યોગની વાત છે એટલે કે પરમાત્મા સાથે જોડાવાની જ્યારે જૈન ધર્મમાં અયોગની-કર્મથી છૂટવાની વાત છે જેનાથી પરમાત્મદશાનો આવિર્ભાવ થાય છે. જૈન ધર્મના મતે જીવાત્માની બહાર ક્યાંય ધર્મ નથી કે જે તેણે પ્રાપ્ત કરવાનો છે. જીવે જે કંઈ કરવાનું છે તે પોતાના સ્વભાવમાં આવી જવા માટે કરવાનું છે.

સૂર્યને ક્યાંય બહારથી પ્રકાશ કે ઉષ્મા મેળવવાની નથી. સૂર્ય વાદળોથી

ઢંકાયેલો હોય તો પ્રકાશ અવરુદ્ધ થઈ જાય - રોકાઈ જાય, તેમ જીવાત્મા કર્મથી ઢંકાયેલો છે તેથી તેનો મૂળ સ્વભાવ દેખાતો નથી. જીવ, કર્મના ભારથી કચડાયેલો છે, કર્મનાં વાદળોથી આવૃત્ત છે, તેથી તે વિભાવોને વશ થઈને વર્તે છે. જૈન ધર્મમાં મૂળ વાત છે કર્મના ભારથી મુક્ત થઈ જવાની, કર્મ જેવા વિજાતીય દ્રવ્યનાં વાદળાંઓને વિખેરી નાખવાની. આટલું કાર્ય થતાં જીવાત્મા સ્વયં પરમાત્મા બની જાય છે. એટલે કે પરમાત્મભાવમાં અવસ્થિત થઈ જાય છે.

જગતના લગભગ બધા ધર્મો પરમાત્માને સૃષ્ટિમાં પ્રથમ ગણે છે (કારણ કે તેને સૃષ્ટિનો સર્જક માન્યો છે.) અને ત્યાર પછી સૃષ્ટિ અને સકળ સંસાર. જૈન મત પ્રમાણે પરમાત્મા કારણ નથી પણ પરિણામ છે. તે જીવની વિકાસયાત્રાનું અંતિમ ચરણ છે. ભગવાન એટલે ભગવદ્તા અને ભગવદ્તા એટલે ચેતનાનો પૂર્ણ વિકાસ. જીવ કનિષ્ઠમાં રાચે છે કારણ કે તે વિજાતીય દ્રવ્યો (કર્મ) અર્થાત્ પારકા સાથે જોડાયેલો છે અને તે જ તેના દુઃખનું કારણ છે, બધા ક્લેશનું કારણ છે. ધર્મમાં જે આપણું પોતાનું છે તેને જ આપણે પામવાનું છે. સ્વયંને છોડીને અન્યને મેળવવાના બધા પ્રયાસો નિષ્ફળ જવાના. જૈન ધર્મે તેથી ક્યારેય આગળ દોડવાની વાત કરી નથી. પણ પોતાનામાં પાછા ફરવાની વાત કરી છે. તેથી તો જૈન ધર્મમાં પ્રતિક્રમણ છે. સામાયિક તે પણ સ્વભાવમાં સ્થિતિ કરવાની વાત છે. અન્ય ધર્મોમાં ધ્યાન અને ધારણા છે. જ્યારે જૈન ધર્મમાં સામાયિક છે જેને ધ્યાનની પણ ઉપર મૂકી શકાય. ધ્યાનમાં મુખ્યત્વે આલંબન હોય અને જ્યાં આલંબન ત્યાં 'અન્ય'ની (પોતાના સિવાયની) વાત આવી જ ગઈ. **સામાયિકમાં અન્યની વાત નથી પણ આત્મામાં સ્થિત થવાની વાત** છે. તેથી તો મનીષીઓ જૈન ધર્મને સામાયિક ધર્મ તરીકે ઓળખે છે. આટલામાં તો ઘણું બધું આવી ગયું.

સામાયિક તે જ ધર્મ એ વાત બહુ ઓછા સ્પષ્ટ રીતે સમજે છે. વાસ્તવિકતામાં સામાયિક કરવાનું ન હોય પણ સામાયિકમાં રહેવાનું હોય. જૈન ધર્મે આત્મા માટે 'સમય' શબ્દ પ્રયોજ્યો છે જે સકારણ છે. સામાયિકનો અર્થ છે કે સમયમાં રહો - આત્મામાં રહો અર્થાત્ સ્વભાવમાં આવી જાવ.

આપણે મૂળથી જ ખોટો માર્ગ પકડ્યો છે તેથી આપણને ક્યારેય સુખ-શાંતિ મળતાં નથી. આપણને પતિ-પત્નીમાં સુખ લાગે છે, પુત્ર-પરિવારમાં સુખ દેખાય છે. ગાડી-વાડીમાં, પદ-કીર્તિમાં ઈત્યાદિમાં આપણે સુખ શોધીએ છીએ. આ બધા વિભાવો છે. વિભાવોમાં હંમેશાં અન્યની ઉપસ્થિતિની આવશ્યકતા રહે છે. તેથી અન્યના આલંબન વિના આપણને સુખ નહીં જડે. અન્યનું આલંબન એટલે પરાધીનતા. અન્ય ક્યારેય આપણું ન બને. તે અન્ય જ રહેવાનું. વળી અન્ય વ્યક્તિ પોતાનું સુખ બીજા કોઈ અન્યમાં શોધતું પણ હોય તેથી આ અન્યનો સંસાર સરકતો જ રહેવાનો. આપણે અન્યના સંબંધો એટલે કે બહારના સંબંધોમાં સુખ માન્યું છે. માટે આપણને અંતે દુઃખ જ મળ્યું છે. અન્ય સંબંધ હોય કે વસ્તુ હોય પણ તેનાથી જે સુખ મળે તે ક્યારેક કાયમનું ન હોય.

તત્ત્વના ગૂઢાર્થમાં તો શરીર પણ આત્મા માટે 'અન્ય' છે. તેથી તો શરીર આપણને આટઆટલું રંજાડે છે અને રખડાવે છે. અન્યમાં સુખની કલ્પના તે જ ભ્રાંતિ છે. અને તે જ્યારે તૂટે છે. ત્યારે દુઃખના દરિયા ઊમટી પડે છે. આત્માથી અન્ય તે બધું વ્યર્થ છે. આપણને ક્યાંય કોઈ સંબંધ કે વસ્તુ વ્યર્થ લાગે કે વ્યર્થ સાબિત થાય એટલે આપણે તે બદલવાનો વિચાર કરીએ છીએ. પણ એ નથી સમજતા કે અન્ય માત્ર છેવટે વ્યર્થ જ નીવડવાનું. અન્યની પોકળતા સમજી લઈને આપણે 'સ્વ'માં આવી જઈએ તો સુખનાં મંડાણ થઈ જાય. તેથી તો કહે છે; કે જીવ સામાયિકમાં અનંતની સમૃદ્ધિની ઝાંખી કરી લે છે, અને તે દેવોના સુખનેય આંબી જાય છે. આ છે જૈન 'ધર્મ'ના ધર્મની વાત. આ વાત સમજ્યા વિના ધર્મ સાથે અનુસંધાન કેવી રીતે કરાય? સાચી વાત ન સમજવાને કારણે લોકો ચાલે છે ઘણું પણ પહોંચે છે ઓછું. દોડે છે તો સૌ પણ મંજિલ તો કોકને જ મળે છે.

ભગવાન મહાવીરના શાસનમાં 'વત્થુ સહાવો ધમ્મો' એટલે કે વસ્તુનો સ્વભાવ તે જ ધર્મ એમ કહેવાયું છે. જીવાત્મા પોતાના ગહનતમ સ્વભાવમાં આવી જાય એટલે ધર્મમાં આવી ગયો ગણાય.

-----

# ૮. સાધનત્રયી
## (અહિંસા - સંયમ અને તપ)

ધર્મ શું છે? કોને ધર્મ કહેવાય? - એ વાત ઉપર આપણે વિચાર કર્યો પણ જીવાત્મા પોતાના સ્વભાવમાં આવે કેવી રીતે તે વિશે જે કંઈ દર્શાવવામાં આવ્યું તેને પણ ઉપચારથી ધર્મ કહેવામાં આવે છે. આપણી બધી ધર્મક્રિયાઓ અને ધર્મઅનુષ્ઠાનો મૂળ તો આત્માના ધર્મમાં ઊતરવા માટેનાં છે. જો આપણે સાધ્ય વિશે એટલે કે ધર્મની મૂળ વાત વિશે સ્પષ્ટ થઈ ગયા હોઈએ તો આપણી બધી ધર્મક્રિયાઓ,અમૃતક્રિયાઓ બની જાય પણ દુર્ભાગ્યની વાત એ છે કે ધ્યેય તરફ જ દૃષ્ટિ પણ નાખ્યા વિના આપણે ધર્મક્રિયાઓમાં દોડ્યા જ કરીએ છીએ તેથી આપણને બહુ થોડાની પ્રાપ્તિ થાય છે એટલે કે કેવળ શુભની પ્રાપ્તિ થાય છે. જો સમજાણ સાથે આ બધી ક્રિયાઓ થાય તો તે શુદ્ધના ઘરની બની જાય અને તેની તાકાત તો કયાંય વધી જાય.

**જૈન ધર્મે અહિંસાને ધર્મનો આત્મા ગણ્યો છે. સંયમ જૈન ધર્મનો પ્રાણ છે અને તપ ધર્મનો** દેહ છે. આ ત્રણ બાબતો વિશે વિચારણા કરતાં આપણે સ્વભાવધર્મ સુધી પહોંચી જઈશું.

અહિંસા, સંયમ અને તપમાં જૈન ધર્મ સમાઈ જાય છે. બાકી તેનો વિસ્તાર તો ઘણો મોટો છે. તેની વિગતોમાં ન જતાં, તેના પાયામાં રહેલી કેટલીક બાબતો ઉપર સૂક્ષ્મ વિચાર કરીશું. અહિંસા, સંયમ, અને તપ એ ત્રણેય જીવને પોતાના સ્વભાવમાં લઈ જવા માટેનાં અમોઘ સાધનો છે. આ ત્રણેયનું સેવન કરતો જીવ છેવટે ધર્મમાં-સ્વભાવમાં આવીને ઊભો રહેવાનો.

**તપઃ**

તપ ધર્મનો દેહ છે કારણકે તે બહારથી દેખાય છે. જીવ એક કે બીજી રીતે તપથી ધર્મમાં ઊતરવાની શરૂઆત કરે છે. તપ ઉપર જૈન

ધર્મે ગહન ચિંતન કર્યું છે. તેમાં છ તપને-અણશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલીનતાને-બાહ્ય તપ કહ્યાં છે. બાહ્ય તપથી તપની શરૂઆત થાય પણ જ્યારે તે બહાર ન રહેતાં અંદર ઊતરવા માંડે ત્યારે તે અભ્યંતર બની જાય. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ અભ્યંતર તપ છે. બાહ્ય તપ તો અભ્યંતર તપની પૂર્વતૈયારી રૂપે હોય છે.

વાસ્તવિકતામાં તપ જીવની શક્તિને-ઊર્જાને જગાવે છે. આપણી અંદર ઊર્જા છે પણ તે સુષુપ્ત છે-બુઝાયેલી છે. તપ તેને સંકોરીને તેજ કરે છે. તપ અંતરની જ્યોતને પ્રજ્વલિત કરે છે અને તેના તાપમાં જીવાત્મા ભવોભવનાં કર્મોને ભસ્મીભૂત કરી નાખે છે. કર્મનો નાશ થયા વિના જીવ સ્વભાવમાં ન આવી શકે. તપ એ શક્તિ છે-ઊર્જા છે. તપથી ઉત્પન્ન થયેલી શક્તિને જે સાચવી જાણે અને તેને યોગ્ય દિશામાં વાળી શકે તે જ તપનો લાભ મેળવી શકે. તપ તો એક પ્રકારનો યજ્ઞ છે.

તપમાં ભૌતિક શરીરને સંતાપવાની કે શોષવાની વાત નથી, પણ ઊર્જાશરીરને (તૈજસ દેહને) સમૃદ્ધ કરવાની વાત છે, તપથી આવિષ્કાર પામેલી ઊર્જાને અંતર્મુખ કરી તેને (આત્માનો) સ્વભાવસિદ્ધ કરવા માટે નવાં કેન્દ્રો ઉપર લઈ જવાની હોય છે. જેથી આત્મા વિભાવમાંથી સ્વભાવમાં આવવા માંડે. તપનો મૂળ ભાવ છે કે હું શરીર નથી. હું સર્વશક્તિશાળી આત્મા છું. વિભાવ એટલે શરીર સાથેનું તાદાત્મ્ય. તપનું સૂત્ર છે કે શરીર સાથેનું તાદાત્મ્ય તોડી આત્મા સાથે તાદાત્મ્ય સાધો. તપ, પોતાને પોતાનામાં લઈ જવા માટેનું અમૃતદ્વાર છે. જો સમજીને ભાવપૂર્વક તપ થાય તો તે સીડી બનીને સાધકને ઉપર લઈ જાય. જો તપ કેવળ દ્રવ્યતપ જ બની રહે એટલે કે બહાર જ રહી જાય તો તે કષ્ટ બનીને થોડાક પુણ્યનું ઉપાર્જન કરી આપે. અને જો તે વિકૃત થઈ જાય તો તે જીવને નીચે પાડનારું પણ નીવડે. તપ એ સીડી છે જે ઉપર લઈ જાય છે. પણ જે સીડી ઉપર જવા માટે કામ આવે તેનો ઉપયોગ નીચે ઊતરવા પણ થઈ શકે છે. આપણે સીડીનો કેવો ઉપયોગ કરીશું તેનો આધાર આપણા ભાવમાનસ ઉપર રહે છે.

તપ યોગ્ય રીતે, ભાવ સહિત થયું હોય તો તે આત્મા અને શરીર

જુદાં છે એવા ભેદજ્ઞાનનું કારણ પણ બની રહે. જે તપથી ઊર્જાનો આવિષ્કાર-ન થાય, ઉત્પન્ન થયેલી ઊર્જા સ્વભાવ તરફ ન જતાં-સન્માર્ગે ન વળતાં વિભાવો તરફ વહી જાય તો તે તપ નિષ્ફળ ગયું તેમજ સમજવું. તપ દુઃખવાદી દષ્ટિની નીપજ નથી પણ જો તેને યોગ્ય રીતે પકડતાં ન આવડે તો દુઃખ પકડાઈ જાય અને ઉત્પન્ન થયેલી જીવનશક્તિ વેડફાઈ જાય. તપ શરીર સાથેનો સંઘર્ષ નથી. તપમાં શરીરની પાર પહોંચી જવાની વાત છે એટલે કે સ્વભાવ તરફ વળવાની વાત છે.

**સંયમ :**

સંયમ તપથી આગળનું ચરણ છે. સંયમ બહાર ન દેખાય પણ અંતરમાં ઘટે. જ્યાં તપ હોય ત્યાં સંયમ ઊતર્યો હશે તેમ મનાય ખરું. જોકે તેમ ન પણ હોય. આપણે સંયમને મોટે ભાગે ઇન્દ્રિયનિગ્રહ સાથે જોડી દીધો છે. તેનાથી આગળ ગયા તો વૃત્તિઓના નિયમન કે નિગ્રહ સુધી ગયા પણ સંયમના હાર્દ સુધી ઘણા ઓછા પહોંચે છે. આપણે સંયમને ઘણુંખરું નિષેધાત્મક ભાવથી જોયો છે-જાણ્યો છે. સંયમ એટલે જાણે કે નિરોધ, વિરોધ, નિયંત્રણ દમન અને એવું બધું. આપણે તે વાત નજર સમક્ષ રાખવાની છે કે જીવન નિષેધો ઉપર નિર્ભર નથી. જીવનનો પિંડ વિધાયક હોય તો જ જીવન ખીલી શકે. જીવન કેવળ દોષોના નિરોધમાં સમાઈ જતું નથી. જીવન એ ગુણોને ફેલાવે છે તે વાત ઘણીવાર આપણે વીસરી જઈએ છીએ. આપણે સ્વભાવમાં જવા માટે સંયમને વિધાયક સ્વરૂપે ઓળખવો પડશે.

આમ તો સંયમ એટલે રોકાઈ જવું કે રોકી લેવું. કષાયો કે આવેગો ઉત્પન્ન થાય અને તેને રોકી લઈએ તે સંયમ તો ખરો પણ નીચલી કક્ષાનો. કષાયોના ઉછાળા એટલે વિભાવોના ઉછાળા. જ્યાં આવેગોના ઉછાળા જ ન રહ્યા હોય તે સાચો સંયમ. આ સંયમ ઊંચી કક્ષાનો છે. સંયમી પોતાનામાં રોકાઈ ગયો હોય તેથી સંયમી સ્થિર હોય, શાન્ત હોય, સ્વસ્થ હોય. સંયમ એટલે અહં અને મમની સીમા આવી ગઈ. સંયમી બહાર ઓછું જીવે અને ભીતરમાં વધારે જીવે. તેના બાહ્ય સંબંધો ખપ

પૂરતા જ રહે, બાકી તે આત્માના ગુણોથી જ પ્રસન્ન રહેતો હોય. સંયમી વ્યક્તિના જીવનમાંથી મોટે ભાગે ઘટનાઓ વિદાય થઈ જાય, સંબંધો વિરમી જાય કારણ કે તેણે બહાર વહી જવાની પ્રકૃતિવાળા વિભાવોને-કષાયોને રોકી લીધા હોય છે.

**તપ કર્મની નિર્જરા છે તો સંયમ એ કર્મનો સંવર છે.** કર્મ માત્ર વિજાતીય દ્રવ્ય છે. વિજાતીય દ્રવ્યનો સંપર્ક જેટલો ઓછો થાય તેટલો સંયમ વધારે સચવાય. તપથી ઉત્પન્ન થયેલી પ્રાણશક્તિ બહાર વહી જતાં રોકી લેનાર સંયમ છે. સંયમ ઊર્જાને આત્મા તરફ વાળે છે, સ્વભાવ તરફ લઈ જાય છે. સંયમ (આત્માની) અંદરની સમૃદ્ધિને બહાર નથી જવા દેતો તો બીજી બાજુ બહારના કચરાને - કર્મને ઝાઝો અંદર આવવા દેતો નથી. સંયમ એક રીતે તપ અને અહિંસાની વચ્ચેનો પડાવ છે સંયમમાં સંતુલન છે. વિશ્રામ છે. સ્વચ્છતા છે. સ્વભાવમાં જવાની આગળની યાત્રા માનોને કે લગભગ અહીંથી શરૂ થાય છે.

જે સંયમ વિધાયક ભૂમિ ઉપર પાંગર્યો હશે તેને જ ફળ બેસશે. નિષેધની ભોંય ઉપર ઊભેલો સંયમ ઝાઝું નહીં જીવે અને ટકી જશે તો પણ ખાસ કંઈ સિદ્ધ નહીં કરે. સંયમમાં નિયંત્રણ ઉપરથી લાદવાં ન પડે પણ તે તો અંદરથી જ ફલિત થઈ જાય. સંયમ એ જીવનનું સંકોચન નથી પણ આત્માના ગુણોનો ફેલાવ છે તેથી તે પ્રસન્ન હોય. આવો સંયમ મહેંકતો રહે. તેની તો ચારેય બાજુ સુવાસ ફેલાય. જે સંયમમાં પ્રસન્નતા ન લાગે તે સંયમમાં ક્યાંક પાયાની ક્ષતિ રહી ગઈ છે તેમ માની લેવું પડે. સંયમમાં બહાર વહેતી, વિભાવો પાછળ વેડફાતી જીવનઊર્જા અંદર તરફ વળી નિત નવા આવિર્ભાવો કરતી રહે. આવો સંયમ જ્યાં ઘટિત થતો હોય છે ત્યાં જીવનની સુગંધ ફેલાતી હોય છે - પ્રસન્નતા ઊભરાતી હોય છે. સંયમ, જીવને પોતાના ગહનતમ સ્વભાવની નજીક લાવવા માટેની પ્રબળતમ સાધના છે માટે તો સંયમને ધર્મનો પ્રાણ કહ્યો છે.

**અહિંસા :**

આત્માના સ્વભાવપ્રાપ્તિના માર્ગમાં અહિંસા એ ખૂબ આગળની

અવસ્થા છે. 'અહિંસા' શબ્દ આમ તો નિષેધાત્મક છે. સર્વોચ્ચ તથ્યને ઓળખાવવા માટે 'નકાર' જેટલું બળ 'હકાર'માં કદાચ નહીં હોય. વેદાંતે પણ બ્રહ્મને ઓળખાવવા 'નેતિ-નેતિ' એવો જ પ્રયોગ કર્યો છે ને! ગમે તેમ હોય, પણ અહિંસામાં ઊતરવા માટે આત્માની આ અવસ્થાને પ્રાપ્ત કરવા માટે આપણે પ્રથમ તો હિંસાને સમજવી પડશે.

હિંસા ઘટિત થવા માટે ત્રણ પૂર્વશરતોનું પાલન જરૂરી બની જાય છે. હિંસા જાણતાં પણ થાય છે અને અજાણતાંય થાય છે. જાણતાં હિંસા કરવા માટે કષાય એટલે કે રાગ-દ્વેષ આવશ્યક છે. કષાય વિના મનુષ્ય મારવાના ભાવથી હિંસામાં ઊતરી ન શકે. પશુ-પક્ષીઓ સંજ્ઞાથી એટલે કે ઈન્સ્ટિંક્ટથી હિંસા આચરે છે. સંજ્ઞા એ સઘન થયેલો કષાયનો જ ભાવ છે. પણ ત્યાં જીવની મૂર્છા ગાઢ હોય છે. કષાય વિના અને સંજ્ઞા વિના પણ જીવ હિંસામાં ઊતરે છે. તેનું કારણ પણ મૂર્છા છે. જેમ મૂર્છામાં-નશામાં જીવને પોતે શું કરે છે તેનું ભાન નથી હોતું તેમ મૂર્છાને કારણે એટલે કે પ્રમાદને કારણે જીવ, વિના પ્રયોજન ભાન વગર હિંસા કરતો જ રહે છે. પ્રમાદ એ પ્રગાઢ મૂર્છાની સ્થિતિ છે. તદુપરાંત હિંસા માટે અન્ય જીવની ઉપસ્થિતિ પણ જરૂરી બની રહે છે. આ ત્રણેય પૂર્વશરતો - કષાય, મૂર્છા અને અન્યની ઉપસ્થિતિ - પૂર્ણ થાય નહીં તો હિંસા ન થઈ શકે.

કોઈ પણ જીવને મારવાની બુદ્ધિથી ન મારવો તે વાત સાચી, પણ અહિંસાની આ વાત ઘણી સ્થૂળ છે. અહિંસાની અવસ્થામાં બીજી ઘણી સૂક્ષ્મ વાતો રહેલી છે. મન, વચન અને કાયાના યોગ વિના જીવ હિંસામાં ઊતરી શકતો નતી. કાયદો તો હિંસા કૃત્ય બને ત્યારે જ અપરાધ ગણે જ્યારે જૈન શાસનમાં તો મારવાનો ભાવ થતાં જ કર્મના કમ્પ્યૂટરમાં અપરાધ નોંધાઈ જાય. કોઈને પણ આપણાં વાણી-વર્તનથી દુઃખ થાય તો પણ સૂક્ષ્મ રીતે હિંસા થઈ જ ગણાય. પણ જીવની અહિંસાની અવસ્થામાં તો તેનાથીય સૂક્ષ્મ વાતો રહેલી છે. આપણું વ્યક્તિત્વ પણ કોઈને બાધક નીવડે કે દુઃખનું કારણ બની રહે તો તેમાંય ભાવહિંસા તો ખરી જ. આક્રમક વ્યક્તિત્વ તે પણ હિંસા છે. ત્યાં સુધી બહુ ઓછા લોકોએ વિચાર કરેલો છે. અહિંસા તે આત્માની બહુ

ઉચ્ચતમ અવસ્થા છે, જે આત્માના સ્વભાવની ઘણી નજીક છે. આવી અહિંસામાં પહોંચવા માટે આપણે શેનાથી બચવાનું છે, કેવી રીતે બચવાનું છે તે સમજી લેવું જરૂરી છે.

કષાયજનિત હિંસા મુખ્યત્વે રાગ-દ્વેષની પ્રગટતાને કારણે થાય છે. અહંકારનો વિસ્તાર જેટલો વધારે તેટલી હિંસાની સંભાવના વધારે. મમકારનો રણકાર જેટલો વધારે તેટલો જીવ હિંસામાં વધારે ઊતરવાનો. કષાય માત્ર આત્માના વિભાવો છે. કષાય એટલે રાગ-દ્વેષ અને તેના આવિર્ભાવ સમા ક્રોધ, માન, માયા, લોભ અને તેને સહાય કરનારા નવ નોકષાયો. કષાયો પાતળા પડ્યા વિનો જીવ અહિંસાની અવસ્થા પ્રાપ્ત કરી શકતો નથી. આમ અહિંસામાં કષાયોનું ઉન્મૂલન-ઉખેડી નાખવાની વાત આવીને ઊભી જ રહે છે. અહિંસા આત્માની અણમોલ ઉપલબ્ધિ છે અને જેણે તે પ્રાપ્ત કરવી હોય તેણે કષાયો છોડવા પડે અને તો જ હિંસાની જડ હચમચે કે ઊખડે.

અહિંસામાં બીજી વાત આવે છે મૂર્છાની. જીવ પ્રમાદને વશ થઈને અજાણતાં હિંસામાં ઊતરી બેસે છે. તેનાથી બચવા માટે જીવે જાગરૂકતા સાધવી પડે. ઊંઘમાં કરેલો ગુનો પણ ગુનો તો કહેવાય જ અને રાજ્ય તે માટે દંડે. તેવી રીતે કર્મસત્તા, મૂર્છામાં થયેલ હિંસાને પણ માફ કરતી નથી. હા, કદાચ તેનો દંડ ઓછો હોય. આત્માની જાગરૂકતા એટલે વિવેકનું અખંડ જાગરણ. આ તો ચોવીસેય કલાકની ડ્યૂટી થઈ ગઈ. ભગવાન મહાવીર ઊંઘમાંય પડખું બદલતા નહીં કારણ કે અજાણતાં ક્યાંક કોઈ જીવ કચડાઈ મરે. દેશનામાં ભગવાન ગણધર ગૌતમ સ્વામીને વારંવાર કહે છે કે 'સમયં ગોયં મા પમાયએ' - તે મૂર્છાથી મોહથી સાવધ રહેવાના સંદર્ભમાં છે. હે ગૌતમ! તું ક્ષણનોય પ્રમાદ ન કરીશ તેનો ગૂઢાર્થ એ છે કે એક પણ એવી ક્ષણ ન હોય કે જ્યાં તું સાવધ ન હોય કે જાગરૂક ન હોય. આત્મા પ્રતિ જાગ્રત થઈ ગયેલો જીવ ક્યારેય પ્રમાદ કરતો નથી કે બેધ્યાન રહેતો નથી. આમ અહિંસામાં ઊતરવા માટે જાગરૂકતા અનિવાર્ય બની રહે છે.

હવે બાકી રહી અન્યની ઉપસ્થિતિની વાત. સંસાર તો અન્ય જીવોથી ખીચોખીચ ભરેલો છે. અન્યની ઉપસ્થિતિ ન હોય તેવું તો બને જ

નહીં. તો પછી સાધવાનું શું? સાધવાનો છે સમભાવ. જીવ માત્ર મારા જેવો જ જીવ છે અને તેને મારી જેમ સુખ-દુઃખનું સંવેદન થાય છે. અન્ય જીવનું સંવેદન પણ પોતાનું સંવેદન બની જાય તે સમભાવ. આવો સમભાવ જે જીવમાં જાગ્યો હોય તેને હિંસાથી બચવા કોઈ પ્રયાસ ન કરવો પડે. વિના આયાસે સ્વભાવથી જ તેને અહિંસાની ઉપલબ્ધિ થઈ હોય. સર્વ જીવો પ્રત્યે સમભાવ તે આત્માની બહુ ઊંચી અવસ્થા છે. આત્માની લગભગ પૂર્ણ શુદ્ધિ થઈ હોય તેના જ દિલમાં આવો સમભાવ હોય. જેટલી શુદ્ધિ વધારે તેટલો સમભાવ વધારે. આત્માની શુદ્ધિ એટલે કષાયોનાં વાદળોનું વિસર્જન, વિજાતીય દ્રવ્યકર્મથી મુક્તિ. સમભાવ તે સ્વભાવમાં જવા માટેનું છેલ્લું દ્વાર છે. મંજિલ જેમ જેમ નજીક આવતી જાય તેમ તેમ જીવ સમભાવમાં આવવા લાગે.

આમ **અહિંસા આત્માની ભાવદશા** છે કે જે આત્માના સ્વભાવની ઘણી નજીક છે. ત્યાં આત્માની શુદ્ધિ ઘણી થઈ ગઈ હોય છે તેથી કર્મ પણ આછાંપાતળાં થઈ ગયાં હોય છે.

અહીં આપણે જે ચર્ચા કરી છે તે અહિંસાની ભાવદશાને લક્ષમાં રાખીને સવિશેષ કરી છે તેથી કોઈ રખે અહિંસાની સ્થૂળ વાતોનું કે જયણાનું અલ્પ મૂલ્ય આંકે!

આત્માની આવી ઉચ્ચતમ ભાવદશા કે જે પરમાત્મ અવસ્થાની ખૂબ નજીક છે, તે અહિંસાથી ઘટિત થાય છે તેથી તો જૈન શાસને અહિંસાને પરમ ધર્મ કહ્યો છે.

**ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે જે અહિંસા, સંયમ અને તપ સ્વરૂપના ધર્મનું આચરણ કરે છે તેને દેવો પણ નમે છે.**

'વત્થુ સહાવો ધમ્મો' કહીને ભગવાને ધર્મનો મર્મ સમજાવ્યો. અહિંસા, સંયમ અને તપને ધર્મ ગણાવી ભગવાને ધર્મનાં ત્રણ આવશ્યક અંગોનું મહત્ત્વ દર્શાવ્યું.

આમ આપણે ધર્મને સાધ્ય તરીકે સમજ્યા અને ધર્મના આવશ્યક અંગ તરીકે અહિંસા, સંયમ અને તપ વિશે ધર્મની સાધન તરીકે પણ વિચારણા કરી.

-----

# ૯. કર્મસાર

જૈન ધર્મની આખી ગૂંથણી કર્મને લક્ષમાં રાખીને થયેલી છે. કર્મ એટલે સંસાર અને કર્મવિહીન અવસ્થા તે મોક્ષ, આ જૈન ધર્મની પાયાની વાત છે. જીવે જો મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો કર્મરહિત થવું પડે. જો કર્મરહિત થવું હોય તો કર્મ, જીવને કેમ લાગે, ક્યારે લાગે, કેવી રીતે તે તેનો પ્રભાવ બતાવે, કેવી રીતે તેનાથી મુક્ત થઈ શકાય - તે બધી વાતો સમજવી પડે. કર્મ એક વિજ્ઞાન છે અને એક સંપૂર્ણ વિષય છે. તેથી મેં તેને સમજાવવા 'કર્મવાદનાં રહસ્યો' નામનું પુસ્તક લખ્યું છે. જૈન તત્ત્વવિષયક આ પુસ્તકમાં કર્મવાદને ન સમાવું તો આ પુસ્તક અપૂર્ણ ગણાય તેથી તેની કેટલીક મહત્ત્વની બાબતોને જ અહીં લીધી છે.

જોકે અત્યારે આપણા હાથમાં જે પુસ્તક છે તેનાં અન્ય પ્રકરણો અને ખાસ કરીને 'આધારશિલા' અને 'આત્માથી પરમાત્મા'માં કર્મ વિશે ઘણી ચર્ચા કરેલી છે. આ બંનેની ચર્ચામાં 'કર્મ'જ કેન્દ્રસ્થાને રહેલું છે. તો પણ વાચકની સુગમતા ખાતર અહીં હું કર્મસાર આપું છું.

સંસારમાં જીવ અને કર્મ એકમેક થઈને રહેલાં છે. જીવ દુઃખી છે, પરાધીન છે કારણ કે તેને કર્મનો સંગ છે. જો તે કોઈ રીતે કર્મથી અળગો થઈ જાય તો તેનો મોક્ષ થઈ જાય. પણ સદંતર કર્મવિહીન થવાનું જીવ માટે મુશ્કેલ બની જાય છે. કારણ કે જીવ પળેપળ નવાં નવાં કર્મોનું ઉપાર્જન કરે છે. બીજી બાજુ કેટલાંય કર્મો ઉદયમાં આવી તેનો પ્રભાવ બતાવીને જીવ ઉપરથી ખસી જાય છે. આમ એક વિષચક્ર ઊભું થયેલું છે. કર્મના આ ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવાનું જીવ માટે અતિ-અતિ મુશ્કેલ છે પણ તે અશક્ય નથી. જો જીવે કર્મની ચુંગાલમાંથી છૂટી જવું હોય તો તેણે નવાં નવાં કર્મો ન બાંધવાં જોઈએ અથવા તો અલ્પ પ્રમાણમાં બાંધવાં જોઈએ અને પોતાની પાસે અનર્ગળ કર્મનો સ્ટૉક છે તેને ખાલી કરતાં રહેવું જોઈએ. આ છે કર્મના સંવર અને કર્મની

નિર્જરાની વાત. આટલામાં તો ઘણું બધું આવી ગયું.

આપણે નવાં આવતાં કર્મને રોકવાં હોય તો કર્મ કેવી રીતે બંધાય છે તે વાત સમજવી પડશે. જીવ પોતાના રાગ-દ્વેષને કારણે વાતાવરણમાંથી એવા પરમાણુઓ સતત ગ્રહણ કરતો રહે છે જે જીવ સાથે ઓતપ્રોત થઈને કર્મ બની જાય છે. કર્મનાં રૂપાંતર થયેલા પરમાણુઓમાં અનર્ગળ શક્તિ હોય છે. આમ જીવ કર્મની નાગચૂડમાં ફસાયેલો જ રહે છે. જીવ જ્યારે કર્મ બાંધે છે ત્યારે જ તે કર્મ ક્યારે ઉદયમાં આવશે (સ્થિતિબંધ), કેટલા પ્રમાણમાં જીવે કર્મજન્ય પરમાણુઓ ગ્રહણ કર્યા છે (પ્રદેશબંધ), તેનો કેવા પ્રકારનો પ્રભાવ રહેશે (પ્રકૃતિબંધ), કેટલા વેગથી-ફોર્સથી કર્મ ઉદયમાં આવશે (રસબંધ) વગેરે નક્કી થઈ જાય છે. કર્મનું વિભાગીકરણ સ્વયં થઈ જાય છે. તેની નોંધ રાખવા કે ફાળવણી કરવા કોઈ ચિત્રગુપ્તની જરૂર નથી રહેતી. આપણે ત્યાં કર્મ એ સંસ્કાર નથી. કર્મ એ પદાર્થ છે – પુદ્ગલ છે. કોઈએ પણ કર્મને આપણી રીતે પુદ્ગલ ગણ્યું નથી અને આ જ તો જૈન ધર્મની વિશિષ્ટ દેન છે.

હવે આપણે વિચાર કરીએ કે કર્મ, જીવ ઉપરથી ખસે કેવી રીતે ? કર્મ બે રીતે જીવનો સંગ છોડે છે. એક તો કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે તેનો સારો-માઠો પ્રભાવ બતાવીને તે જીવથી અલગ થઈ જાય છે. બીજી રીત એક વિશિષ્ટ રીત છે કે જેમાં કર્મ પોતાનો પ્રભાવ ન બતાવી શકે અને ઉદયમાં આવીને તે જીવથી અલગ થઈ જાય કે તેને અલગ થઈ જવું પડે. પહેલી રીતને વિપાકોદય કહે છે જ્યારે બીજી રીતને પ્રદેશોદય કહે છે.

કર્મની જીવથી અલગ થઈ જવાની પ્રક્રિયાને નિર્જરા કહે છે. જીવ જાતે સભાનતાપૂર્વક કંઈ ન કરે તો પણ સમયસર અનેક કર્મો ઉદયમાં આવતાં જાય અને આત્માથી અલગ થતાં રહે તેને અકામ નિર્જરા કહે છે. પણ જ્યારે જીવ સભાનતાપૂર્વક કર્મને ખસેડવા માટે કંઈ પ્રયાસ કરે, કંઈ વિધિ-વિધાન કે અનુષ્ઠાન કરે અને તેને પરિણામે કર્મના થોકેથોક આત્મા ઉપરથી ખસી જાય તેને સકામ નિર્જરા કહે છે.

જીવ જ્યારે કર્મને આવતાં સદંતર રોકી લે અને પોતાના સાથમાં રહેલાં બધાં જ કર્મ ખંખેરી નાખે ત્યારે તે બિલકુલ શુદ્ધ સ્વરૂપમાં

આવી જાય છે અને આત્મા સોળે કળાએ પ્રકાશી ઊઠે છે. અહીં આત્મા પરમાત્મા થઈ જાય છે.

કર્મની નિર્જરાની વાત તો સમજયા પણ હજુ કર્મના સંવર વિશે થોડોક વધારે વિચાર કરવો પડશે. સંવર આત્માની જાગૃતિ અને વિશિષ્ટ પ્રયાસ માગી લે છે. નિર્જરા તો જાણતાં કે અજાણતાં સધાઈ શકે પણ સંવર સાધવા સભાનતાપૂર્વક પ્રયાસ કરવો પડે છે.

આગળ ઉપર આપણે જોઈ ગયા કે જીવ, રાગ અને દ્વેષને લીધે કર્મનું ઉપાર્જન કરે છે. આ મૂળ વાત છે. પણ તેની સાથે બીજી પણ કેટલીક મહત્ત્વની આનુષંગિક બાબતો રહેલી છે. કષાય અર્થાત્ રાગ-દ્વેષ કર્મબંધનું મૂળ કારણ છે પણ તેની સાથે રહેલાં મિથ્યાત્વ, અવિરતિ અને યોગ તેમાં સહાયક કારણો છે. મન, વચન અને કાયાની પ્રવૃત્તિ તે યોગ કહેવાય છે. કષાય એ જીવનો પરિણામ છે - ભાવ છે પણ યોગ વિના જીવ વાતાવરણમાંથી પરમાણુઓ ગ્રહણ ન કરી શકે. એટલે જેનો અલ્પ યોગ તે અલ્પ પ્રમાણમાં પરમાણુઓ ગ્રહણ કરે અને પરિણામે તે ઓછાં કર્મ બાંધે. વિરતિ એટલે સંયમ. જે જીવ અવિરતિમાં હોય તેના ભાવોનો વિસ્તાર ઘણો મોટો હોય. વળી તેના યોગ પણ વ્યાપક હોય તેથી તે થોકેથોક કર્મ બાંધે. મિથ્યાત્વ એટલે સારા-નરસાના વિવેકનો અભાવ. જેનામાં આ વિવેક નથી તેનાં તો બધાં દ્વાર કર્મને આવવા માટે ખુલ્લાં જ છે. જીવને જ્યારે સંવરમાં આવવું હોય ત્યારે તે યોગને અલ્પ કરે છે, સંયમમાં આવી જાય છે અને આ બધું મિથ્યાત્વના ખસ્યા વિના જીવ કરવા માટે તત્પર જ થતો નથી. આ થઈ સંવરની વાત.

અહીં સુધી પહોંચ્યા છીએ તો બીજી બે વાત પણ કરી લઈએ. કર્મ બે પ્રકારનાં ગણાય છે. જે કર્મની અસરથી જીવને સુખદ સંવેદન રહે તે પુણ્યકર્મ. જે કર્મના પ્રભાવથી જીવને દુઃખ લાગે તે પાપકર્મ. જીવ ઋજુ હૃદયનો હોય, પરોપકારી હોય, ધર્મપ્રિય હોય, પરમાર્થી હોય તો તે પુણ્યકર્મનો વધારે બંધ કરે. જો જીવ સ્વાર્થી હોય, કપટી હોય, ક્રૂર હોય, હિંસા કરનારો હોય - એમ કનિષ્ઠ ભાવોમાં રાચનારો હોય તો તે પાપકર્મ વધારે બાંધે. સામાન્ય રીતે લોકો પાપકર્મને તો છોડવા જેવું ગણે છે. પણ

જૈન ધર્મે એક વિશિષ્ટ વાત કરી કે પુણ્યકર્મ પણ છેવટે છોડવા જેવું છે. ભલે શરૂઆતમાં જીવ પુણ્યકર્મની સહાયથી પાપકર્મ છોડતો રહે પણ પછી શુદ્ધ સ્વરૂપમાં આવવા માટે પુણ્યકર્મ પણ વર્જ્ય છે.

કર્મની સવિસ્તર ચર્ચા કરવાનો તો અહીં અવકાશ નથી છતાંય અહીં મેં તેનો સારભાગ તો આપી દીધો છે. તદુપરાંત કર્મની બીજી કેટલીક મહત્ત્વની બાબતોનો પણ અહીં ઉલ્લેખ કરી લેવાનું મને ઠીક લાગે છે.

જૈન ધર્મમાં કર્મ એટલે ક્રિયા એકલી જ નહીં. મન, વચન અને કાયાના કોઈ પણ યોગથી કે ત્રણેયના યોગથી જીવ જે કંઈ કરે તે બધું કર્મ જ થઈ ગયું. રાજ્ય કે સમાજ તો ક્રિયાને કર્મ ગણે છે પણ કર્મ-સત્તામાં તો વચન નીકળ્યું કે મનનો ભાવ ગયો ત્યાં કર્મ તો થઈ ગયું જ.

જીવ જે સ્વરૂપે કર્મ બાંધે છે તે સ્વરૂપે કર્મ ભાગ્યે જ ઉદયમાં આવે છે. કારણ કે કર્મનો ઉદય થતાં પહેલાં જીવની ભાવદશા-પ્રવૃત્તિ વગેરે હંમેશાં પલટાતાં રહે છે જેને કારણે બંધાયેલ કર્મમાં ફેરફારો થઈ જાય છે. વળી કર્મને ઉદયમાં આવતાં ભવોના ભવો લાગે છે. અહીં આપણે આજના પાપીને કે દુષ્ટને સુખી અને સમૃદ્ધ જોઈએ કે પુણ્ય પ્રવૃત્તિ કરતા ધર્મી માણસને દુઃખમાં સબડતો જોઈએ તો વિમાસણમાં પડવું નહીં. કારણ કે તે સમયે એ આગળના કોઈ ભવનું કર્મ ભોગવતો હોય છે. લોકો કર્મના ઉદયની ગતિ-વિધિથી પૂરા જાણકાર ન હોવાથી આવું બધું જોઈને મૂંઝાઈ જાય છે અને ઘણીવાર કર્મમાંથી (ધર્મમાંથી) તેમની શ્રદ્ધા ડગમગી જાય છે.

કર્મ વિપાકથી પણ ઉદયમાં આવે અને પ્રદેશથી પણ ઉદયમાં આવે. વિપાકથી ઉદયમાં આવેલા કર્મનો પ્રભાવ વર્તાય, જ્યારે પ્રદેશથી ઉદયમાં આવેલા કર્મનો ઉદય ન વર્તાય કારણ કે તે પ્રભાવ બતાવ્યા વિના આત્માથી અલગ થઈ જાય છે. જ્ઞાની કે સબળ આરાધક ઘણાં કર્મો પ્રદેશથી ઉદયમાં લાવીને પોતાનાથી અળગાં કરી દે છે.

કર્મ વહેલા ઉદયમાં લાવી શકાય, તેનો ઉદય પાછો પણ ધકેલી શકાય (અપવાદ ઉદયાવલિકામાં પ્રવેશેલું કર્મ), કર્મને લાંબું-ટૂંકું પણ કરી શકાય, સજાતીય કર્મમાં ભેળસેળ પણ કરી શકાય. જેનાથી સારાં માઠાં કર્મની અસરો વત્તી-ઓછી વર્તાય. કર્મના બળમાં એટલે કે રસની

તીક્ષ્ણતામાં પણ વધઘટ કરી શકાય. આ બધાં કર્મને લાગતાં કરણો કહેવાય છે.

કર્મબંધનાં કારણોમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. મિથ્યાત્વ એટલે વસ્તુનું વિપરીત ભાન; અવિરતિ એટલે સંયમનો અભાવ; કષાય એટલે રાગ અને દ્વેષ; યોગ એટલે મન-વચન-કાયાનું પ્રવર્તન.

કર્મ ક્યારેય નિમિત્ત લીધા વિના ઉદયમાં નથી આવતું. કર્મના ઉદય માટેનાં પાંચ નિમિત્તો છેઃ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. પ્રબળ કર્મનો ઉદય આવી પહોંચ્યો હોય તો તે નિમિત્તને ઘસડી લાવે પણ તે નિમિત્ત તો લે જ.

કર્મના અનુબંધની જૈન ધર્મે જે વાત કરી છે તેવી તો અન્ય કોઈ ધર્મે કરી નથી લાગતી. કર્મનો બંધ થયા પછી તે કર્મ અંગે જીવના મનમાં જે ભાવ થાય છે તેની કર્મના બંધ ઉપર ઘણી અસર પડે છે. કર્મ થયા પછી, તેનો બંધ પડ્યા પછી જીવ આનંદમાં આવી જાય અને તે ભાવ ઘૂંટયા કરે તો તે કર્મના બંધ ગાઢ થઈ જાય. કર્મ થયા પછી જીવ જો પશ્ચાત્તાપ કરે અને મનમાં તે ભાવ ઘૂંટાયા કરે તો જીવનો કર્મબંધ શિથિલ થઈ જાય. માટે પુણ્યકર્મ - સારાં કર્મ કરીને તેની અનુમોદના કરવાનું અને પાપકર્મ - ખોટાં કર્મ થઈ ગયા પછી પસ્તાવો કરવાનું જૈન ધર્મમાં વિધાન છે. જૈન ધર્મે તો બંધ કરતાં અનુબંધને ઘણો મહત્ત્વનો ગણ્યો છે.

કર્મ એ વાસ્તવિકતામાં જડ પદાર્થના અતિસૂક્ષ્મ પરમાણુ છે. પણ જડમાં ઘણી તાકાત હોય છે. અણુશક્તિ એ જડ શક્તિ છે. કર્મ જેને લાગે છે કે લાગેલું હોય છે તે જીવ એટલે ચૈતન્ય સત્તા છે. જડ શક્તિશાળી છે પણ ચૈતન્ય જો જાગે તો તેની પાસે અનર્ગળ શક્તિ છે જેનાથી તે જડ એવી કર્મસત્તાને હઠાવી શકે. આપણે કર્મની શરણાગતિ નથી સ્વીકારવાની પણ કર્મ સાથે સંઘર્ષ કરી તેનો પરાભવ કરવાનો છે. - તેને જીતવાનાં છે. તેથી તો જૈન ધર્મ, જિનોનો માર્ગ કહેવાય છે.

સંસારમાં જડ અને ચેતન એમ કેવળ બે સત્તાઓનું અસ્તિત્વ નથી. કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ (ચૈતન્ય) એ

પાંચ પ્રબળ મહાસત્તાઓનો સંસાર છે. એમાંની પ્રથમ ત્રણ સામે આપણું કંઈ ન નીપજે. પણ તે ત્રણ સત્તાઓ આપણા સુખની આડે પણ નથી આવતી. આપણે સીધી નિસ્બત છે તે કર્મસત્તા સાથે. આપણો સંઘર્ષ કર્મસત્તા સાથે છે.

સંસારમાં જે કંઈ થાય છે તે કર્મને કારણે થાય છે તેમ ન માનવું. કોઈ પણ ઘટના ઘટે તે માટે કર્મથી વિભિન્ન એવી ચાર સત્તાઓ પણ વ્યક્તિગત રીતે કે સામૂહિક રીતે જવાબદાર હોઈ શકે. આ પાંચ મહાસત્તાઓનો સમવાય કહેવાય છે. આ પાંચના સહયોગ વિના કોઈ ઘટના ઘટતી નથી પણ તેમાં મુખ્ય કોણ બની રહે છે અને ગૌણ કોણ છે તે જોવાનું હોય છે અને જે વાત આપણા હાથની હોય તે સંભાળી લેવાની હોય છે.

આ છે કર્મવિજ્ઞાનની ગહન વાતો - કર્મનાં રહસ્યો. કર્મવાદ એ સ્વતંત્ર વિષય છે. જૈન ધર્મમાં પાયાથી માંડીને શિખર સુધી કર્મની જ વાત છે. પાયામાં જીવ અને કર્મ ઓતપ્રોત થઈને પડ્યાની વાત છે. જેમ જેમ જીવ ઊંચે ચડતો જાય છે, તેમ તેમ કર્મ ખસતાં જાય. પછી નવાં કર્મ ઓછાં આવે અને જે આવે તે મોટે ભાગે શુભ કર્મ હોય. શિખર એટલે તો સિદ્ધિશિલા આવી ગઈ જ્યાં જીવ સકલ કર્મોનો ક્ષય કરીને શુદ્ધ-બુદ્ધ સ્વરૂપે પોતાના સ્વભાવમાં - અનંત આનંદમાં શાશ્વતકાળ માટે સ્થિત થઈ જાય. ત્યાર પછી જીવ કદીય સંસારમાં પાછો ન આવે.

-----

# ૧૦. સજગતા અને સાધના
## (સમિતિ-ગુપ્તિ)

ભગવાન મહાવીરની ધર્મપ્રરૂપણાની વિશિષ્ટતા છે કે નાની દેખાતી ધર્મક્રિયાઓમાં તેમણે સમસ્ય આરાધના ઉતારી દીધી હોય છે. આવી એક મહત્ત્વની વાત છે - પ્રવચન માતા. **પ્રવચન માતા એટલે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ.** આમ જોઈએ તો બધા જૈનો તેનાથી માહિતગાર છે પણ મોટા ભાગના જૈનો એમ માને છે કે સમિતિ અને ગુપ્તિ કેવળ સાધુ-સાધ્વીઓ માટેનો કે પૌષધમાં શ્રાવકોએ પાળવા માટેનો આચાર છે. તેથી સાધુ-સાધ્વી જ્યારે ગોચરી ઈત્યાદિ માટે આવે -જાય ત્યારે શ્રાવકો તેમની સમિતિ સચવાય એટલું ધ્યાન રાખે છે. વાસ્તવિકતામાં પ્રવચન માતા સાધુ અને શ્રાવક માત્ર માટે આરાધનાનું અણમોલ સૂત્ર છે. તે એટલે સુધી કે તત્ત્વજ્ઞાનમાં ઊંડો ન ઊતર્યો હોય તેવો કોઈ પણ ભદ્રિક જીવ ભાવપૂર્વક આ સમિતિ અને ગુપ્તિનું પાલન કરે તો તે આરાધનામાર્ગમાં કેટલોય આગળ નીકળી જાય. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને માતા કહે છે તે વાત ઘણી સૂચક છે. જેમ માતા પોતાના બાળકની સંપૂર્ણ સંભાળ રાખી, તેનું હિત જાળવી તેને આગળ વધારે તેમ આ સમિતિ અને ગુપ્તિ સાધકના હિતનું રક્ષણ કરી તેને સંભાળપૂર્વક ધર્મમાર્ગમાં આગળ લઈ જાય છે. તેથી સમિતિ કે ગુપ્તિનું સહેજ પણ ઓછું મૂલ્ય કોઈ ન આંકે.

જૈન ધર્મે કર્મની ઘણી વાત કરી. તેના ઉપર ઊંડું ચિંતન કર્યું અને કર્મને તોડવાની - નષ્ટ કરવાની વાત કરી. પણ સાથે સાથે તેણે કર્તા ઉપર પણ ધ્યાન રાખવાની વાત કરી છે જે ઘણાની નજર બહાર રહી જાય છે અથવા જોઈએ તેટલું ધ્યાન તેના ઉપર અપાતું નથી. કર્તા વિના કર્મ થતું નથી. જો કર્તા સાવધ હોય - સજાગ હોય તો કર્મને રોકાયા વગર કે ખસ્યા વિના છૂટકો થતો નથી. **સમિતિ અને ગુપ્તિ**માં કર્તા ઉપર ધ્યાન રાખી, **કર્તાને કેન્દ્રમાં રાખી સાધનાની વાત કરવામાં**

આવી છે. કર્તા જો હોશમાં હશે તો કૃત્ય યોગ્ય જ થશે અને કર્મબંધ અલ્પ થવાનો. પાંચ સમિતિ વિધાયક છે જ્યારે ત્રણ ગુપ્તિ નિષેધાત્મક છે – આ વાત ધ્યાનપાત્ર છે. સમિતિમાં જાગરૂક રહેવા ઉપર જોર છે. ગુપ્તિનું સ્વરૂપ નિષેધાત્મક છે પણ વાસ્તવિકતામાં તે ખૂબ સક્રિય આરાધના છે. તેમાં બહારથી નિષ્ક્રિય રહેવાની વાત દેખાય છે પણ વાત ત્યાં પૂરી થતી નથી. બહારથી નિષ્ક્રિય થઈને પછી એમાં અંદર ઊતરવાની વાત છે. બહારથી સીમિત ક્રિયા પણ અંદરથી તેજ સક્રિયતા.

સાધનાના પ્રથમ ચરણમાં સમિતિ છે. તેના હાર્દમાં છે કે બધું હોશપૂર્વક કરો, જાગૃતિમાં રહો. આપણે સમિતિ એટલે જયણા કે ધ્યાનપૂર્વકનો વ્યવહાર એ રીતે વધારે સમજીએ છીએ. પણ તેમાં મૂળ વાત છે જાગરૂકતાની. હોશ વિના ક્રિયાની જયણા સંભવે નહીં. અથવા તો આપણે જયણાને જ જાગરૂકતાનો પર્યાય સમજવો જોઈએ.

પહેલી સમિતિ **ઈર્યા સમિતિ** છે. એટલે કે જે કંઈ હલનચલન કરો તે હોશપૂર્વક કરો. તે દરમિયાન કોઈ પણ નાના મોટા જીવની વિરાધના ન થાય કે કદર્થના ન થાય તે વાત તો તેમાં આવી જ જાય. પણ તેનાથી કંઈ વધારે તેમાં છે અને તે છે જાગરૂકતાની વાત. આપણે પ્રયોજન વિના કેટલું બધું હલન-ચલન કરતા હોઈએ છીએ ? કારણ કે આપણે સજાગ નથી. આપણે પ્રમાદમાં જ કેટલું બધું કર્યા કરીએ છીએ? અને તેનાથી અકારણ આપણી મોંઘામૂલી જીવન-ઊર્જાનો વ્યય કરી નાખીએ છીએ. વળી પ્રમાદ પણ કર્મબંધનું એક સબળ કારણ છે. ઈર્યા સમિતિનું સૂત્ર છે કે હોશમાં રહો અને જરૂર વગર કોઈ હલન-ચલન પણ કરશો નહીં. આપણને જીવનમાં નવરાશ નથી મળતી કારણ કે આપણે અકારણ કેટલીય પ્રવૃત્તિમાં વ્યસ્ત રહીએ છીએ. વળી જે કંઈ કરીએ છીએ તે વખતે આપણે પૂરતા સજાગ પણ હોતા નથી. ઈર્યા સમિતિ અલ્પ કર્મબંધનું કારણ બને છે. જે હિંસાથી જીવને બચાવી લે છે એટલું જ નહીં, પણ જીવનઊર્જાનું પણ જતન કરે છે.

બીજી સમિતિ છે **ભાષા સમિતિ**. ભગવાન મહાવીર સાધનાકાળમાં બાર વર્ષ મૌન રહ્યા. જૈન ધર્મે મૌનને તો મોટી આરાધના ગણી છે. જૈન ધર્મમાં સાધુ માટે 'મુનિ' શબ્દનો પ્રયોગ થાય છે જે સહેતુક છે.

શબ્દના સહયોગ વિના વિચાર ચાલી શકતો નથી. વિચાર એ ચંચળતા છે. ભાષા વિના તમે બહારના જગત સાથે સંબંધ બાંધી શકતા નથી. ભાષા એ સેતુ છે. ભાષા રોકી લો. એટલે તમારા બધા સંબંધો રોકાઈ જશે, સંસાર સીમિત બની જશે. ભાષા રોકાય પછી બાકી શું રહે? કેવળ અનુભૂતિ. જૈન ધર્મ અનુભૂતિના આધારે ઊભો છે. **કેવલી પન્નતો ધમ્મો** – એ વાક્યનો સૂચિતાર્થ છે કે કેવળીને જે અનુભૂતિ થઈ અને તેને આધારે તેમણે જે ભાખ્યું છે તે ધર્મ, નહીં કે આગળના વેદ-પુરાણો વાંચીને કે શ્રુતના આધારે તેમણે ધર્મ કહ્યો. આ છે ભાષા સમિતિનું હાર્દ.

બાકી વ્યવહારમાં તો ભાષા સમિતિનો અર્થ સામાન્ય રીતે એટલો જ થાય છે કે આવશ્યક હોય એટલું જ બોલવું. જે કંઈ બોલીએ તે વિવેકપૂર્ણ અને વિનયપૂર્વકનું હોય. વળી ભાષા પણ મધુર હોવી જોઈએ. કોઈ પણ જીવને દુઃખ થાય કે હાનિ પહોંચે તેવી ભાષા પણ ન બોલવી જોઈએ. આ વાતો મહત્ત્વની છે પણ ભાષાનો સંયમ, મૌનની આરાધના અને અનુભૂતિનો આધાર. આ સમિતિની સૂક્ષ્મ બાબતો છે.

ત્રીજી છે **એષણા સમિતિ.** આપણે સામાન્ય રીતે તેનો અર્થ કરીએ છીએ કે વસ્તુઓ લેવા-મૂકતાં કોઈ જીવની વિરાધના ન થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ. માલિકની સંમતિ વિના કોઈ પણ વસ્તુ લેવી નહીં. આપણે આ વાતની સામે કંઈ કહેવાનું નથી પણ આ વાતને અહીં અટકાવી દેવાની નથી. એષણા એટલે તૃષ્ણા. તૃષ્ણાનું સામ્રાજ્ય ઘણું મોટું છે. ગમે તેટલું ઘરમાં ભરો પણ રોજ કંઈ ખૂટતું ને ખૂટતું લાગવાનું. સૌથી મોટી તૃષ્ણા છે જીવેષણા. જીવેષણા જેવી કોઈ એષણા નથી, ઈચ્છા નથી. બેફામ બનેલી કે નિયંત્રણ વિનાની જીવેષણા વાસના બની જાય છે. અને તેની પૂર્તિ કરવામાં આપણું જીવન વહી જાય છે. એષણાની પૂર્તિ કરવા પાછળ આપણે જીવનની અમૂલ્ય ઊર્જા વેડફી નાખીએ છીએ અને પછી દરિદ્ર બની જઈએ છીએ. એષણા આપણને દોડાવે છે. આપણા મોટા ભાગનું જીવન ભોગનાં સાધનો એકઠાં કરવામાં વીતી જાય છે. વાસ્તવિકતામાં જીવવા માટે આપણે આટલી ભાગમ્-ભાગ કરવાની જરૂર જ નથી હોતી. આપણે

એષણાના દોડાવ્યા દોડ્યા કરીએ છીએ અને એટલું બધું ભેગું કરીએ છીએ કે જેની-આપણને કંઈ જરૂર જ નથી હોતી. માટે એષણાને રોકો - સીમિત કરો. જેણે એષણા સાચવી લીધી - મર્યાદિત કરી લીધી તેનો સંસાર પણ સીમિત થઈ જવાનો.

ત્યાર પછી ચોથી આવે છે **આદાન નિક્ષેપની સમિતિ - નિક્ષેપણા સમિતિ.** જીવન માટે ચીજોની જરૂર તો પડે છે પણ લેવા-મૂકવામાં હોશ રાખો. એટલે કે તેમાં વસ્તુ લેતાં-મૂકતાં જીવને જાળવવાની વાત તો ખરી જ પણ મૂળ વાત છે જીવન માટે અનિવાર્ય હોય તેટલી જ વસ્તુઓ લેવાની. ખપ જેટલું જ લો. આપણે ઘરમાં એવું તો કેટલુંય વસાવ્યું છે કે જેનો આપણને બિલકુલ ખપ હતો નહીં. આપણે દેખાદેખી કેટલુંય લીધું છે તો કેટલીય વસ્તુ વેચનારાઓએ સિફતપૂર્વક આપણને પધરાવી છે. વેચનારાઓ આપણી વાસનાઓને ઉત્તેજિત કરીને આપણને કેટલીય વસ્તુઓ ભેળવી ગયા છે. પાપના અલ્પ પણ વ્યાપાર વિના ધનનું ઉપાર્જન થઈ શકતું નથી. આવા અમૂલ્ય ધનને વહાવીને આપણે ઘણી બધી વસ્તુઓ - મોટા ભાગની કચરા જેવી નિરર્થક ભેગી કરી છે. આદાનની પાછળ લેવાની - ભેગું કરવાની વૃત્તિ છે. તેને મર્યાદિત રાખવામાં આદાન નિક્ષેપણા સમિતિ આવી જાય છે.

આદાન એટલે લેવું અને નિક્ષેપ એટલે મૂકવું. જીવનના નિભાવ માટે વખતોવખત અનેક વસ્તુઓ લેવી પડે છે અને કેટલીય વસ્તુઓ અહીં-તહીં મૂકવી પડે છે. વસ્તુઓ લેવા-મૂકવામાં કોઈ પણ જીવની હિંસા ન થાય કે તેને પીડા ન થાય એ વાત તો આ સમિતિની અંતર્ગત આવી જ જાય છે. પણ એટલા પૂરતી આ સમિતિ મર્યાદિત નથી. જીવન માટે આવશ્યક હોય એટલી વસ્તુઓનું સંપાદન કરવું અને જે કંઈ સંપન્ન થયું હોય તેનો વિવેકપૂર્વક સદ્‌વ્યય કરવો તે આ સમિતિની સૂક્ષ્મ વાત છે.

છેલ્લી પાંચમી સમિતિ છે **ઉત્સર્ગ અંગેની નિહાર વિશેની.** આમાં મળ પરઠવાની એકલી સ્થૂળ ક્રિયા જ સમજવાની નથી. આપણી પાંચેય ઇન્દ્રિયો સતત નિહાર કરી રહી હોય છે. આપણે સતત આહાર લઈએ છીએ. આહાર બહારથી આવે છે. બહારથી જે આવે છે તેને બહાર

કાઢવું જ પડે છે. શ્વાસ બહાર નીકળે છે, શબ્દ બહાર પડે છે, અન્નજળ અંદર ગયા પછી કચરો થઈને મળરૂપે બહાર પડે છે. તેમ જે જોયું, જે સાંભળ્યું, જે ખાધું-પીધું, જે સૂંઘ્યું અને જે સ્પર્શસુખ માણ્યું તે બહાર આવ્યા વિના રહેતું જ નથી. આ બધું બહાર મૂકતી વખતે કોઈને પણ પીડા ન થાય, કોઈનેય હાનિ ન થાય તે રીતે બહાર મૂકો. આપણા સ્પર્શમાં પણ આપણી ઊર્જા બહાર વહે છે. કોઈની સાથે હાથ મિલાવ્યો પણ મનમાં અંદર દુર્ભાવ રાખ્યો તો તે ઊર્જા પણ સામી વ્યક્તિને ક્ષુબ્ધ કરી મૂકશે. તમારી નજર પણ કોઈને વીંધી નાખશે કે કોઈને પીડા કરશે. તમારો શ્વાસ-ઉચ્છ્વાસ પણ કોઈને તકલીફ આપશે. તમારો કોઈ પણ નિહાર, કોઈ પણ પ્રકારનો મળ કોઈ જીવને હાનિ ન કરે એટલી જ વાત આ સમિતિમાં નથી. પણ કોઈનેય તમારો નિહાર અશુભમાં જોડનાર ન બને, અશુદ્ધિ ન કરી દે તેનો ખ્યાલ રાખવાની વાત મહત્ત્વની છે. આપણી પાંચેય ઇન્દ્રિયો સતત કંઈ બહાર કાઢ્યા જ કરે છે. પાંચેય ઇન્દ્રિયો દ્વારા તમારી ઊર્જા સતત બહાર વહે છે. આપણી વાસના, આપણી હિંસા આપણા પ્રત્યેક ઉત્સર્ગમાં નીકળે છે. તેથી તેને ઊખરભૂમિમાં ભંડારી દો જેથી તેનો વિસ્તાર ન વધે અને કોઈને પણ તે શારીરિક, માનસિક કે ભાવનાત્મક રીતે દુઃખનું કારણ ન બને.

જયણા એટલે કોઈપણ જીવની વિરાધના ન થાય, કોઈ પણ જીવને દુઃખ ન થાય -તે સમિતિનો દેહ છે. પણ કોઈ જીવ, તમારા નિમિત્તે, તમારા અસ્તિત્વને કારણે અશુભમાં ન પ્રવર્તે, અશુદ્ધમાં ન જોડાય, તેના આત્માનું અહિત ન થાય તે વાત પાંચ સમિતિનું હાર્દ છે.

**ત્રણ ગુપ્તિ :**

ગુપ્તિ એટલે ગોપવવું - સંકોચવું. જૈન ધર્મમાં ત્રણ ગુપ્તિની વાત કરવામાં આવી છે. જે આ ત્રણ ગુપ્તિ સાધી લે તે સાધનાપથ ઉપર કેટલોય આગળ વધી જાય છે. ગુપ્તિને સરળ ન માનશો. જૈન ધર્મ એ સંયમ ધર્મ છે અને સંયમ એટલે ગુપ્તિની આરાધના. ગુપ્તિઓ ત્રણ ગણાવી છે : **મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.** મન હંમેશાં

કૂદકા મારે છે. ઘડીમાં મન ભાવિમાં ભૂસકો મારે છે તો ઘડીમાં તે ભૂતકાળને ફંફોસી નાખે છે. પણ જ્યાં ઊભું છે તે વર્તમાનમાં મન બહુ ઓછું રહે છે. વર્તમાન એ સત્ય છે. ભાવિ તો આવેય ખરું અને ન પણ આવે. ભૂતકાળ તો ગયો. તેમાંથી બોધ લઈ લીધો હોય તો પછી તેનું મૂલ્ય ખાલી ખોખાથી કંઈ વધારે નથી. મનોગુપ્તિનું સૂત્ર છે વર્તમાનને પકડો - વર્તમાનમાં જીવો એટલે કે સમયમાં અર્થાત્ આત્મામાં અવસ્થિત થઈ જાવ. **સામાયિક એ મનોગુપ્તિનું ચરમ શિખર છે.** આમ જોઈએ તો સંસાર મનનો જ વિસ્તાર છે. મન જ્યારે પોતાનામાં રોકાઈ જાય એટલે સામાયિક ઘટે. સામાયિકમાં અદ્ભુત આનંદની ઝાંખી થઈ જાય છે.

**વચનગુપ્તિ** એટલે વાણીને ગોપવવો. બોલવાનું બંધ કર્યું એટલે વચનગુપ્તિ થઈ ગઈ એમ ન માનશો. તેનાથી તો વચનગુપ્તિની શરૂઆત થાય છે. આપણે બોલીએ છીએ શા માટે? અન્ય સાથે સંબંધમાં ઊતરવા માટે આપણે વાણીનો વ્યવહાર કરીએ છીએ, પણ પોતાની સાથે સંબંધ સ્થાપિત કરવા માટે વાણીની જરૂર નથી પડતી. શબ્દ સેતુ છે જે દ્વારા આપણે બીજા સુધી પહોંચી શકીએ છીએ. ભગવાને સાધનાકાળમાં તે સેતુનો ઓછામાં ઓછો ઉપયોગ કર્યો છે એટલે કે અન્ય સાથે ભાગ્યે જ સંબંધ જોડ્યા છે. સાડા બાર વર્ષ દરમિયાન તેઓ માંડ બે-ચાર વખત બોલ્યા છે. મહાવીરની સાધનાનો મર્મ મૌનમાં રહ્યો છે. વચનગુપ્તિ પોતાનામાં રહેવા માટે છે. વચન ન રહ્યું એટલે શબ્દ ગયો. શબ્દ વિના વિચાર ક્યાંથી આવે? શબ્દના પગ ઉપર વિચાર ચાલતો રહે છે. શબ્દ તો સંબંધોનો સેતુ છે. ચોમાસામાં નદી-નાળાં ઉપરના પુલો તૂટી જાય એટલે માણસને ઘર-ગામમાં જ રહેવું પડે, ક્યાંય બહાર ન જઈ શકાય. તેમ વચનગુપ્તિનું થતાં જીવનનું બધું નિર્ગમન અટકી જાય છે, બહાર જવાનું બંધ થઈ જાય છે. પછી તે પોતાના ઘરમાં જ - પોતાનામાં જ સ્થિરતા કરે છે. આ છે વચન-ગુપ્તિનું રહસ્ય. વચનગુપ્તિ એટલે વાસ્તવિકતામાં શબ્દનો વિલય. અંતરમાં શબ્દ રહેશે ત્યાં સુધી વિચાર રહેશે. શબ્દ સાથ નહીં આપે તો વિચાર નહીં ચાલે. અંતરમાં શબ્દ જીવિત હશે તો માણસ ચેષ્ટાથી પણ

બહારના જગત સાથે સંબંધ સ્થાપિત કરી લેશે. વચનગુપ્તિની સાધના જેમ જેમ આગળ વધતી જાય તેમ તેમ શબ્દ છૂટતો જાય. શબ્દ સંપૂર્ણતયા સરી જાય પછી બાકી રહે કેવળ આત્માની સ્થિતિ - અસ્તિત્વનો આનંદ. આ છે વચનગુપ્તિનો મર્મ.

કાયગુપ્તિમાં કાયાનો વ્યવહાર શક્ય એટલો રોકી લેવાનો છે. આપણે જોઈએ છીએ એટલો જ કાયાનો વિસ્તાર નથી. કાયા કરતાં કાયાનો વિસ્તાર ઘણો મોટો છે. કાયાનો સ્થૂળ વિસ્તાર એટલે કાયાનું સામાન્ય હલન-ચલન, ઊઠ-બેસ ઈત્યાદિ. જેને રોકવામાં આવે તેને ઉપચારથી કાયગુપ્તિ કહેવામાં આવે છે. પણ આ તો સ્થૂળ વાત છે. બંગલા, ગાડી, વાડી, વેપાર-વણજ, ધંધા-રોજગાર, કીર્તિ-આબરૂ આ બધું એક રીતે કાયાનો જ વિસ્તાર છે. કાયાનો સૂક્ષ્મ ફેલાવ આ બધાંને પોતાની અંદર આવરી લે છે. પુત્ર-પરિવાર પણ કાયાનો જ વિસ્તાર છે. કાયા ન હોય ત્યાં પરિવાર ક્યાં રહ્યો ? પતિ-પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ, જમાઈ, પૌત્રો, અરે ! મિત્રો અને દુશ્મનો સુધ્ધાં કાયાનો જ વિસ્તાર છે. કાયગુપ્તિ એટલે કાયાને સંકોચો, કાયાનો વિસ્તાર ટૂંકાવો. એક આસને બેસીને આપણે કાયાને સ્થિર રાખી શકતા નથી ત્યાં આ તો કાયાનો વિસ્તાર ગોપવવાની - ટૂંકાવવાની સાધના છે.

**મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ પોતાનામાં આવી જવાની અને તેમાં સ્થિર થઈ જવાની સાધના છે. સમિતિ સાવધાનીનું - સજગતાનું સૂત્ર છે, તો ગુપ્તિ આત્મામાં ઊતરવાનો માર્ગ છે.** ગુપ્તિમાં કેવળ ક્રિયોનો સંયમ નથી, પણ જીવનશક્તિનું દિશાપરિર્વતન છે એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. ગુપ્તિમાં બહાર વહેતી ઊર્જાને રોકીને અંદર તરફ વાળવાની વાત છે. કર્મની ભાષામાં કહીએ તો સમિતિ પ્રમુખતયા સંવરની સાધના છે તો ગુપ્તિ મહદ્ અંશે નિર્જરાની પ્રક્રિયા છે.

સામાયિક એ મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ ત્રણેનું દ્યોતક છે. સામાયિક એટલે આત્માની આત્મામાં સ્થિરતા. જૈન ધર્મે આત્મા માટે 'સમય' શબ્દ વાપર્યો છે. સામાયિકને સમય સાથે એટલે કે આત્મા સાથે સંબંધ છે. આવું એક શુદ્ધ સામાયિક જીવને સંસારની પાર

ઉતારવા માટે સમર્થ બની રહે છે.

જયણા રાખવી, હિંસાથી બચવું, કર્મને રોકવાં એ બધી વાતો તો સમિતિ-ગુપ્તિ સાથે સંલગ્ન છે જ પણ એમાં એટલી જ વાત નથી. એ બધી વાતો તો સંયમપથની પૂર્વભૂમિકા જેવી છે. સમિતિનું હાર્દ સજગતા છે, અપ્રમાદ છે, વિવેક છે. ગુપ્તિનું હાર્દ સમયમાં એટલે કે આત્મામાં અવસ્થિત થવાની વાતમાં છે. જો આપણે સમિતિ અને ગુપ્તિનો મર્મ નહીં પકડ્યો હોય તો તે કેવળ દ્રવ્ય ક્રિયાઓ બની રહેશે અને તેનાથી જીવનઊર્જા સંકોચાઈ જશે અને તમારો જીવનદીપ બૂઝ્યો બૂઝ્યો જલ્યા કરશે. સમિતિ અને ગુપ્તિની સાધનાનો મર્મ સચવાયો હશે તો બહારથી માણસ નિષ્ક્રિય લાગતો હોવા છતાંય અંદરથી સક્રિય હશે અને તેનો અંતરદીપ વધારે પ્રજ્વલિત થઈને ઝગમગતો હશે.

જો મર્મને સમજીએ તો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં આખો સંયમમાર્ગ સમાઈ જાય છે. આ સમિતિ અને ગુપ્તિમાં જીવને છેક નીચેથી ઉઠાવીને છેક ઉપલા પગથિયે મૂકી દેવાની તાકાત રહેલી છે. સમિતિ અને ગુપ્તિને પ્રવચન માતા કેમ કહે છે તે હવે સ્પષ્ટ થાય છે ને!

-----

# ૧૧. શલ્યચિકિત્સા

આધ્યાત્મિક માર્ગ ઉપર આગળ વધવાની જેને તમન્ના હોય તેણે મનમાં રહેલા શલ્યને સૌપ્રથમ દૂર કરવું જોઈએ. શલ્ય એટલે કાંટો. પગમાં કાંટો ખૂંપી ગયો હોય તો જેમ માણસ તેને કાઢ્યા વિના ઝાઝું ચાલી શકતો નથી તેમ અધ્યાત્મના માર્ગ ઉપર આગળ વધવા માટે મનમાં રહેલા શલ્યને – કાંટાને દૂર કર્યા વિના ખાસ આગળ વધી શકાતું નથી. અધ્યાત્મના ક્ષેત્રમાં તો શું પણ સંસારની બાબતોમાં પણ શલ્યને દૂર કરવાથી ઘણાં સુખ-શાંતિ મળે છે. કાંટા સાથે ચાલવાથી પીડા થાય છે એટલું જ નહીં પણ આગળ ઉપર તે જગા પાકવા લાગે છે અને છેવટે તેમાંથી પાચ-પરૂ ઊભરાય છે. જો તેની પણ અવગણના કરવામાં આવે તો એ ચેપ-સડો ધીમે ધીમે શરીરમાં આગળ વધે છે. એ જ રીતે મનમાં પેસી ગયેલો કાંટો સમયસર કાઢી નાખવામાં ન આવે તો તે મનને રુગ્ણ બનાવી દે છે અને છેવટે તેની અસરો શરીર ઉપર વર્તાય છે. મનમાં શલ્ય રાખીને જીવનાર વ્યક્તિના પારસ્પરિક સંબંધો પણ વિષમય બની જાય છે અને તેવી વ્યક્તિ એક પ્રકારના તનાવમાં જ સતત જીવ્યા કરે છે.

આમ જોઈએ તો ઘણા બધા ધર્મોએ શલ્યચિકિત્સાની વાત કરી છે પણ જૈન ધર્મે તેના ઉપર વિશેષ ધ્યાન આપ્યું છે અને તેનું વૈજ્ઞાનિક ઢંગથી વિશ્લેષણ કરેલું છે. **જૈન ધર્મમાં શલ્યના ત્રણ પ્રકાર ગણાવવામાં આવ્યા છે : મિથ્યાત્વ શલ્ય, માયા શલ્ય અને નિયાણ શલ્ય.** આ ત્રણેય શબ્દો આમ તો પારિભાષિક સંદર્ભમાં વપરાયેલા છે પણ તે સરળતાથી સમજી શકાય તેવા છે. જે વસ્તુ કે વાત જે સ્વરૂપે છે તે સ્વરૂપે ન જાણવી તેને મિથ્યાત્વ કહે છે. એટલે કે વાત જે હોય તેના કરતાં વિપરીત ભાસે. દેખાય છે નાની વાત પણ છે ખૂબ મહત્ત્વની. આપણે આ જીવન તો શું પણ અનેક ભાવિ જન્મોમાં મળનારા જીવનને પણ આ શલ્યને લીધે હારી બેસીએ છીએ.

મૂળ પાયામાં જ જે વાત ખોટી ધરબાઈ હોય ત્યાં તેના ઉપર ચણેલી ઈમારત કેટલી ટકે? સાંસારિક સંબંધોમાં પણ આ વાત ખૂબ મહત્ત્વની બની રહે છે. માયાને બીજું શલ્ય કહે છે. માયા એટલે કપટ. બહાર કંઈ બતાવીએ અને અંદર બીજું કંઈ હોય તે માયા શલ્ય છે. નિયાણું તો સવિશેષ જૈન પારિભાષિક શબ્દ છે. જે વસ્તુ આપણને મળતી નથી, જે વાત આપણે હાંસલ નથી કરી શક્યા પણ તે મેળવવા આપણી ઝંખના એટલી તો ઉત્કૃષ્ટ છે કે આપણે આ જન્મની આપણી પુણ્ય સમૃદ્ધિને હોડમાં મૂકીને, હવે પછીના ભવમાં તે વસ્તુની પ્રાપ્તિ માટેનો સંકલ્પ કરીએ છીએ. આ છે નિયાણું.

શલ્ય માત્ર વાસના રૂપે આપણા મનમાં ઊતરી જાય છે. અચેતન મનમાં ધરબાયેલી આવી વાસનાઓ નિમિત્ત મળતાં બહાર ઊભરાઈ આવે છે અને માણસ શું ને શું કરી બેસે છે. મનમાંથી શલ્ય દૂર કર્યા સિવાય સુખ અને શાંતિ મળતાં નથી અને કલ્યાણકારી ભાવિનું ઘડતર થઈ શકતું નથી.

આવા શલ્યને દૂર કરવા માટે જૈન ધર્મમાં ગુરુ પાસે જઈને પોતાના શલ્યનું નિવેદન કરવાની ભલામણ કરવામાં આવે છે. આ પ્રક્રિયા ખૂબ મનોવૈજ્ઞાનિક છે. ગુરુ પાસે નિવેદન કરવાથી જ મનમાં પડેલી ગાંઠ લગભગ ઊકલી જાય છે. છેલ્લે ગુરુ પ્રાયશ્ચિત્ત આપે તે કરતાં કરતાં અંદર પડેલી રહી-સહી ગૂંચ પણ ઊકલી જાય છે. પ્રાયશ્ચિત્તની અંતર્ગત ઑટો-સજેશનની પણ પ્રક્રિયા થતી જ રહે છે જે ખૂબ ઉપકારક નીવડે છે.

ખ્રિસ્તી ધર્મમાં શલ્યચિકિત્સા કન્ફેશન-કબૂલાતના સ્વરૂપે જોવા મળે છે. ઈશુની સાક્ષીએ માણસ પોતાનાં પાપની કબૂલાત કરે છે અને પરમાત્મા પાસે માફીની યાચના કરે છે. આવી કબૂલાતથી માણસ તનાવમુક્ત થઈ જાય છે અને આગળનું જીવન સ્વસ્થતાપૂર્વક જીવી શકે છે.

હિંદુઓમાં ગંગા, જમના કે ગોદાવરી જેવી પવિત્ર નદીઓમાં સ્નાન કરી પાપથી મુક્ત થવાની વાત કરવામાં આવે છે. તીર્થક્ષેત્રો પાસે વહેતી નદીઓનાં શીતળ જળમાં ડૂબકી મારીને માણસ પોતાનાં પાપ ધોવાઈ ગયાં એમ માની હળવો ફૂલ થઈને બહાર આવે છે. નદીઓનાં જળ,

પાપ ધોતાં હશે કે નહીં તે વાતને અલગ રાખીએ તો પણ તે સમયે મનુષ્યના દિલમાં જે ભાવધારા ઊછળે છે તેમાં તો તેનાં પાપને દૂર કરવાની તાકાત હોય જ છે. પાપ દૂર કરવાની વાત એ મનમાં પડેલા શલ્યને દૂર કરવાની વાત છે.

આ સદીના પ્રખર મનોવિજ્ઞાની સિગમન્ડ ફ્રૉઈડે પણ આવી જ વાત જુદા ઢંગથી કરી છે. તેમણે એ વાતનું પ્રતિપાદન કર્યું કે મનુષ્યના અચેતન મનમાં પડેલ વિચાર કે સંસ્કારની મનુષ્યનાં વાણી કે વર્તન ઉપર અસર થયા વિના રહેતી નથી. તેથી મનુષ્યને સ્વસ્થ કરવો હોય તો તેના મનની અંદર અને ખાસ તો અચેતન મનની અંદર પડેલી વાતને પકડીને તેનું નિરસન કરવું જોઈએ. આ માટે તેમણે વિવિધ પ્રક્રિયાઓની નિષ્પત્તિ કરી હતી. આમ શલ્યચિકિત્સાનું મહત્ત્વ વર્તમાન જીવનવ્યવસ્થામાં પણ હવે સ્વીકારાયું છે. તબીબી ક્ષેત્રે તો તેને સારી એવી માન્યતા અને મોભો મળ્યાં છે.

અધ્યાત્મના માર્ગ ઉપર આગળ વધવા માટે નિઃશલ્ય થવાની વાત પૂર્વશરત છે તો સંસારવ્યવહારમાં સુખ અને શાંતિની ઉપલબ્ધિ માટે પણ શલ્ય વિહોણા થવાની બાબત ખૂબ મહત્ત્વની બની રહી છે.

-----

## ૧૨. ભાવછાયાની પેલે પાર
### (લેશ્યા)

મનુષ્યની ક્રિયા અને પ્રતિક્રિયા ઉપર તેના જીવનનાં સુખ-શાંતિ અને આબાદીનો આધાર રહેલો છે. જીવનમાં સારા-માઠા પ્રસંગો તો ઉપસ્થિત થવાના પણ તે વખતે આપણે કેવી પ્રતિક્રિયા કરીએ છીએ તે આપણી અંદર રહેલા ભાવોની સૂચક હોય છે. માણસ બહાર દેખાય છે તેવો તે અંદર નથી હોતો. વાસ્તવિકતામાં તો માણસ જે અંદર છે તે બહાર ભાગ્યે જ દેખાવા દે છે. પરિણામે તે પોતે જ સતત એક પ્રકારની તાણનો અનુભવ કરે છે. જે લોકો અંદર અને બહાર જેટલા વધારે સરખા હોય છે તેટલી તેઓ ઓછી તાણ અનુભવે છે અને વધારે સ્વસ્થ રહે છે. આમ આજના યુગમાં માણસ અન્યને તો છેતરે છે પણ પોતાનેય છેતરે છે અને પરિણામે તે પોતે જ વધારે અસ્વસ્થ રહે છે. બહારના લોકો તો તમ્રને ઓળખી જાય એટલે ખસી જાય પણ તમે પોતે તમારાથી દૂર જઈને ક્યાં રહેશો ? અધ્યાત્મ તો યુગોથી અંદર અને બહારથી એકસરખા રહેવા કહેતું આવ્યું છે પણ હવે તો મનોવિજ્ઞાન પણ આ વાત ભારપૂર્વક દર્શાવી રહ્યું છે. માણસ પોતાના બાહ્ય આચરણનો અંદરની વાત સાથે સુમેળ સાધવા માંડે છે એટલે તેનામાં સચ્ચાઈનું અવતરણ થવા લાગે છે અને સચ્ચાઈ પણ ધર્મની પૂર્વભૂમિકા નીવડી શકે છે.

બાહ્ય જગતમાં અને જીવનમાં ક્રિયા મહત્ત્વની છે. માણસ શું કરે છે, તેનું આચરણ કેવું છે, તે કેમ બોલે છે, તે કેમ વર્તે છે તે વાત મહત્ત્વની છે. અધ્યાત્મ જગતને મનુષ્યની અંદર રહેલા ભાવો સાથે વધારે સંબંધ છે. માણસ સાવધ હોય તો તેની અંદર રહેલો ભાવ તેની વાણીમાં કદાચ ન ઊતરવા દે પણ છેવટે તો ઘટના ઘટીને રહેવાની અને પછી તો તે તેના સાચા સ્વરૂપે પરખાઈ જવાનો. માણસને સમાજમાં રહેવું છે તેથી તેણે સામાજિક મૂલ્યોને આધીન રહીને જીવવું પડે. એ જ રીતે કાયદાને

આધીન રહીને પણ તેણે આચરણ રાખવું પડે. પણ અંદર તેના ઉપર રોક-ટોક રાખનાર તેના સિવાય અન્ય કોઈ નથી હોતું. આમ વર્તમાન જીવનમાં માણસ પોતાના બાહ્ય આચરણ અને અંદરના ભાવ વચ્ચેનું સંતુલન ગુમાવી બેઠો છે. માણસ જેટલો વધારે શિષ્ટ દેખાય તેટલું વધારે તેણે આ સંતુલન ગુમાવી દીધેલું હોય છે. જે લોકો પ્રકૃતિની વધારે નજીક હોય છે, સહજ જીવન જીવતા હોય છે તે મોટે ભાગે જેવા હોય તેવા દેખાઈ જાય છે. પણ આપણે બધા મોટે ભાગે કૃત્રિમ જીવન જીવીએ છીએ તેથી આપણી અંદરના ભાવ અને બહારના જીવન વચ્ચે ઘણો ફરક રહે છે.

આપણાં ક્રિયા અને કાર્ય આપણા તેમજ સૌના માટે મહત્ત્વનાં છે. પણ આપણી અંતરનું ભાવજગત અતિ મહત્ત્વનું છે. ભાવ કોઈને મારવાનો હોય તો પણ તે જ્યાં સુધી કૃત્ય ન બને ત્યાં સુધી કાનૂન તેની નોંધ લેતો નથી અને અદાલત તેની સજા ફરમાવતી નથી. કોઈના માટે દિલમાં કેટલોય રાગ હોય કે દ્વેષ હોય તો પણ જ્યાં સુધી તે વાણીમાં કે વર્તનમાં ન વહે ત્યાં સુધી સમાજ તેના ઉપર ધ્યાન આપતો નથી. આ છે આપણું વ્યવહારજગત. અધ્યાત્મ જગતમાં વાણી અને આચરણની અવગણના નથી કરવાની હોતી; પણ ત્યાં અંદરનો ભાવ ઘણો મહત્ત્વનો બની રહે છે. ભાવ સારો હોય તો આચરણની ક્ષતિ નભાવી લેવાય. દિલમાં ડંખ ન હોય તો કડવી વાણી પણ ઘણીવાર ચલાવી લેવાય છે. પણ જો અંદરનો ભાવ મેલો હોય તો તે ચલાવી ન લેવાય. વ્યવહારના જગતમાં પણ લોકો અંદરના ભાવને ગણે છે તો અધ્યાત્મના ક્ષેત્રમાં તો ભાવનું જ મૂલ્ય અંકાય છે. ભાવ મૂલ્યવાન છે એટલું જ નહીં પણ તેના ઉપર માણસના વર્તમાન જીવનનો અને ભાવિ જન્મોનો આધાર રહેલો છે.

આપણી અંદર જેવો ભાવ હોય છે તેવી છાયા રચાય છે. ભાવ એટલે રાગ અને દ્વેષ. રાગ અને દ્વેષને રંગો છે. રાગ અને દ્વેષનાં પરિણામ જેટલાં તીવ્ર એટલી છાયા ગાઢા રંગની હોય છે. રંગોની દૃષ્ટિએ **ભાવછાયાનું છ રંગોમાં વિભાગીકરણ કરવામાં આવે છે: કૃષ્ણ, નીલ, કપોત, પીત, પદ્મ અને શુક્લ.** ભાવછાયા માટેનો

પારિભાષિક શબ્દ લેશ્યા છે. આધ્યાત્મિક જગતમાં લેશ્યાનું ઘણું મહત્ત્વ છે. કારણ કે તે જીવને પોતાનો સીધો જ પરિચય કરાવે છે. જીવ જાગ્રત હોય તો પોતાની ભાવછાયાને ઓળખીને, તેને બદલીને સારી બનાવવા કોશિશ કરી શકે. ભાવો પ્રમાણે છાયાના રંગો બદલાય છે તો તેથી ઊલટું પણ સાચું છે કે છાયા બદલાય તો ભાવ બદલાય. ધ્યાન દ્વારા છાયા બદલી શકાય. જીવ અનુપ્રેક્ષા કરીને પણ પોતાની છાયા બદલી શકે છે. આપણી ભાવછાયાને ઓળખવાનું જેટલું જરૂરી છે તેટલું જ અન્યની ભાવછાયાને જાણવાનું જરૂરી છે. સમસ્ત સંસાર, સંક્રમણનો સંસાર છે. આપણે ક્યારેય એકલા રહી શકતા નથી. અન્ય સાથેના સંબંધોની વચ્ચે આપણે જીવીએ છીએ. જો આપણે અન્યની ભાવછાયાને ઓળખતાં શીખી જઈએ તો આપણે આપણા સંબંધોમાં ફેરફાર કરી શકીએ. મલિન ભાવછાયાવાળાથી દૂર રહીએ કે સાવધ રહીએ. શુભ ભાવછાયા આધ્યાત્મિક જગતમાં તેમજ વ્યવહાર જગતમાં પણ ઘણી માર્ગદર્શક બની રહે છે.

જે માણસની અંતરશુદ્ધિ થયેલી હોય છે તે તો સરળતાથી ભાવછાયાને વર્તી શકે છે. માણસનાં બાહ્ય લક્ષણો ઉપરથી પણ તેની ભાવછાયાનો અંદાજ કાઢી શકાય છે. ધર્મ ઉપર જેને શ્રદ્ધા ન હોય, દિલમાં દયા-માયા જેવું કંઈ ન હોય, સ્વભાવ દુષ્ટ અને ઘાતકી હોય તો સમજવું કે માણસમાં કૃષ્ણ કે કાળી લેશ્યા પ્રવર્તે છે. ઘોર અજ્ઞાન, બુદ્ધિહીનતા, આળસ અને વિષયોની લોલુપતા નીલ એટલે ગાઢા ભૂરા રંગની લેશ્યાનાં લક્ષણો છે. જલદીથી ગુસ્સો આવી જાય, બીજાની નિંદામાં રસ પડે, અન્યનો દોષ જોવાની વૃત્તિ, અતિશોકાકુલ બની જવું, અત્યંત ભયભીત થઈ જવું ઇત્યાદિ કપોત એટલે કે કબૂતરના રંગ જેવી લેશ્યાનાં લક્ષણો છે. સામાન્ય રીતે મોટા ભાગના લોકો આ ત્રણેય લેશ્યાઓ વચ્ચે ઝોલાં ખાતા હોય છે. માણસ સતત એક જ લેશ્યામાં નથી રહેતો. લેશ્યા પણ ભાવની ચઢઊતર સાથે બદલાતી રહે છે. મનુષ્યને મન અને બુદ્ધિ મળેલાં છે. તેણે વિચાર કરીને આ ત્રણેય લેશ્યાઓની ઉપર ઊઠવાનું છે અને આગળ વધવાનું છે. તે માટે હવે આપણે આગળની ત્રણ લેશ્યાઓનાં લક્ષણો જોઈએ.

સારા-નરસાનો વિવેક, સમભાવ, દયા, દાન વગેરે વૃત્તિઓ પીત લેશ્યામાં હોય છે. પીત લેશ્યાનો રંગ ખુશનુમા પીળો હોય છે તેને તેજોલેશ્યા પણ કહે છે. ધર્મની શરૂઆત અહીંથી થાય છે. તેજોલેશ્યાનાં લક્ષણો પ્રગતિનાં સોપાન જેવાં છે. આ જ ભાવ વધારે શુદ્ધ થતાં સ્વભાવ ત્યાગશીલ બની રહે, મનનાં પરિણામોમાં ભદ્રતા આવી જાય, વ્યવહાર પ્રમાણિક થઈ જાય, સંબંધોમાં સરળતા અને પારદર્શકતા આવે, અપરાધો પ્રતિ ક્ષમાનો ભાવ જાગે, સાધુઓ અને ગુરુજનો પ્રત્યે બહુમાન થાય અને તેમની સેવા કરવા જીવ તત્પર રહે. આ બધાં પદ્મ એટલે સુવર્ણ કમળ જેવી શ્વેત પણ આછી પીળી છાંય જેવી લેશ્યાનાં લક્ષણો છે. ત્યાર પછીની ચરમ લેશ્યા એ શુક્લ લેશ્યા છે. શુક્લ એટલે શ્વેત-ઉજ્જ્વળ. તેમાં સત્યનો સ્વીકાર હોય છે, પક્ષપાતરહિતતા હોય છે, ધર્મ અને ગુરુજનો પ્રત્યે સમર્પણનો ભાવ હોય છે. રાગ-દ્વેષનાં પરિણામો તો અત્યંત મંદ પડી ગયાં હોય છે. આ લેશ્યા જેનામાં પ્રવર્તતી હોય તેનું ચિત્ત શાંત, સ્થિર અને પ્રસન્ન હોય છે.

રાગ અને દ્વેષ રંગીન પરમાણુઓને ગ્રહણ કરે છે તેથી લેશ્યાઓને રંગ હોય છે. **લેશ્યા તો ભાવ અને રંગનું વિજ્ઞાન છે. પતંજલિના યોગશાસ્ત્રમાં લેશ્યાઓને મળતું સાત ચક્રોનું વર્ણન જોવા મળે છે તે પણ સરખાવવા જેવું છે. મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધિ, આજ્ઞાચક્ર અને સહસ્રાર - એમ સાત સૂક્ષ્મ ચક્રો માનવદેહમાં રહેલાં છે.** જેમ જેમ જીવના ભાવો શુદ્ધ થતા જાય તેમ તેમ તેની પ્રાણધારા નીચેનાં ચક્રોને ભેદીને ઉપર તરફ જતી જાય છે. જ્યારે આ પ્રાણધારા આજ્ઞાચક્રમાં સ્થિત થઈ જાય છે ત્યારે સાધક લગભગ સ્વાધીન અવસ્થામાં જાય છે. પછી તે મનની પાછળ નથી દોડતો પણ મન તેની આજ્ઞામાં રહે છે.

મનોવિજ્ઞાનીઓએ પણ મનુષ્યના આ ભાવજગતનું વિશ્લેષણ કરી કેટલાંક તથ્યો તારવ્યાં છે. તેમણે ચેતન, મન, અવચેતન મન અને અચેતન મનની વાતો કરી છે. તેનીય પારના સુપર કૉન્શિયસ માઈન્ડ અર્થાત્ અતિમનસની પણ તેઓ વાત કરે છે જે લેશ્યાની પાર આવે કે આજ્ઞાચક્ર ઉપર આવે. આ બધી વાતો લેશ્યાની નજીકની વાતો છે.

વિજ્ઞાન લેશ્યાને હવે **'ઓરા'** તરીકે ઓળખવા લાગ્યું છે. આપણે ત્યાં તેના માટે **આભામંડળ** શબ્દ વપરાવા લાગ્યો છે. આપણું ચિત્ત જો સ્થિર અને શાંત હોય તો તે પણ એક કૅમેરાનું કામ આપશે જ અને તે માણસના ભાવજગતને વર્તી જશે, ભાવછાયાના રંગોને પકડી શકશે.

જૈન ધર્મનો લેશ્યા વિચાર ખૂબ વૈજ્ઞાનિક છે. તેનાથી મનુષ્યના ભાવજગતમાં વિવિધ સ્તરોનો વિચાર કરવામાં આવ્યો છે. આ વાત કેવળ જાણીને બેસી રહેવાનું નથી. અન્યના ભાવજગતને જાણીને તેની સાથેના આપણા વ્યવહારને યથાયોગ્ય રીતે ગોઠવી લેવાય તે તેનો ફાયદો છે જ. પણ તેથીય વિશેષ તો એ છે કે આપણે આપણા ભાવજગતને ઓળખી લઈએ. જો આપણે અશુભ લેશ્યામાં રમતા હોઈએ તો ધર્મ-ધ્યાન આદિની સહાય લઈને શુભ લેશ્યામાં આવી જઈએ. સાધક જ્યારે છએ લેશ્યાઓને પાર કરી જાય છે ત્યારે તે વીતરાગ બની જાય છે અને કૃતકૃત્ય થઈ જાય છે. જૈન ધર્મની રીતે કહીએ તો તેના જ્ઞાનની આડેનાં બધાં આવરણો દૂર થતાં તે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. પતંજલિની ભાષામાં કહીએ તો જીવનઊર્જા-પ્રાણશક્તિ આજ્ઞાચક્રને પણ ભેદી આગળ વધીને સહસ્રાર ચક્રમાં જે મસ્તકની ચોટીમાં રહેલું છે ત્યાં સ્થિર થઈ જાય છે અને આત્મા પરમ દૈવતનો સ્વામી બની જાય છે.

અંતમાં એટલું કહેવાનું કે આ લેશ્યાઓની પાર જવા માટે પુરુષાર્થની પ્રબળતા જોઈએ. તે કર્મને આધીન નથી. અહીં જે પુરુષાર્થ કરવાનો છે તે ધર્મનો પુરુષાર્થ કરવાનો છે અને તેમાંય ધ્યાન જેવો કોઈ પ્રબળ પુરુષાર્થ નથી.

-----

## ૧૩. ભાવનાયોગ

જૈન ધર્મમાં ગીતાર્થ મુનિઓએ ભાવનાનું ઘણું મહત્ત્વ ભાખ્યું છે. પણ આજના જૈન સમાજને ભાવના સરળ લાગતી હોવાથી તેની ઘણે અંશે અવગણના થતી હોય એમ લાગ્યા વિના રહેતું નથી. અથવા તો ભાવનાને ધર્મક્રિયાઓમાં કે ધર્મઅનુષ્ઠાનોમાં જેટલું મહત્ત્વ અપાવું જોઈએ તેટલું મહત્ત્વ અપાયું નથી લાગતું. ભાવના શબ્દ આમ તો ઘણો પ્રચલિત છે પણ જૈન ધર્મમાં તેને જરા વિશિષ્ટ અર્થમાં વાપરવામાં આવે છે. ભાવનાની અંદર ભાવની વાત રહેલી છે. મનમાં કંઈ ભાવ થયો અને પછી ઘૂંટાતો રહે તો ભાવના બની જાય. સામાન્ય રીતે જનસમાજે ભાવ અને ભાવના બંને શબ્દો વચ્ચે ભેળસેળ કરી નાખી છે. પણ જ્યારે આપણે તેનો આધ્યાત્મિક સંદર્ભમાં વિચાર કરીએ ત્યારે તેને વિશે સ્પષ્ટ થવાની જરૂર રહે છે.

અધ્યાત્મના માર્ગમાં અનેક અડચણો આવે છે અને તેને પાર કરવા માટે ભાવના જેટલું કોઈ સુગમ સાધન નથી. ભાવનાઓનું ગાઢ પરિશીલન કરવામાં આવે તો તે છેક સમાધિની અવસ્થા સુધી પહોંચાડી શકે એમ છે. અધ્યાત્મની અંતિમ યાત્રા ધ્યાનને સહારે કરવી પડે છે. પણ ધ્યાનમાં અંતર્મુહૂર્તથી વધારે સમય રહેવાનું શક્ય ન હોવાથી, વખતોવખત ધ્યાનમાં આંતરો પડે ત્યારે ભાવનાનું સેવન કરવાની ભલામણ કરવામાં આવે છે. ધ્યાન તે આરોહણની પ્રક્રિયા છે પણ જ્યારે ધ્યાનની ધારા ઊંચે ચઢતી અટકે ત્યારે જીવ પાછો નીચે ન પડે અને જેટલે સુધી પહોંચ્યો હોય ત્યાં ને ત્યાં ઝિલાઈ રહે તે માટે ભાવના જેટલું કોઈ પ્રબળ ધારક નથી. ભાવનાને ભવની પરંપરાનો નાશ કરનારી માનવામાં આવે છે. ભાવનાનાં આટલાં બધાં ગુણગાન કેમ કરવામાં આવે છે તે વાત સમજીએ તો આપણે ભાવનાનું મૂલ્ય સમજીને તેને ભાવતા-અપનાવતા થઈ જઈએ.

ધર્મની કોઈ પણ ક્રિયા કરનાર સૌની સામાન્ય ફરિયાદ એ છે કે તે

સમયે ચિત્ત ક્રિયામાંથી ખસીને બીજી કેટલીય ફાલતુ વાતો ઉપર ચાલ્યું જાય છે. ચિત્ત સ્થિર ન રહેવાને કારણે આપણી કોઈ ક્રિયામાં તાકાત આવતી નથી. ભટકતા ચિત્તવાળી ભાવ વિનાની આપણી બધી ક્રિયાઓ લૂખા-સૂખા ભોજન જેવી બની રહે છે. તેનાથી પેટ ભરાય, ખાધાનો સંતોષ કદાચ લાગે પણ તેનાથી શરીર કૌવતવાળું ન બને. આપણા કોઈ પણ ધાર્મિક અનુષ્ઠાનમાં આપણે પ્રાણ પૂરવો હોય તો તેની શરૂઆતમાં, તેના મધ્યમાં અને તેના અંતમાં ભાવનાને ભાવતા રહેવું જોઈએ. ભાવના ધર્મના અનુષ્ઠાનને સદાય જીવંત રાખે છે અને તેને ધબકતું રાખે છે. તેથી તો ભાવનાને રસાયણ જેવી ગણવામાં આવે છે.

ભાવના એક પ્રખર મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. નોકરી-ચાકરી, ધન-ધંધો, સંપત્તિ-સંતતિ, ઘર-બહાર, વસ્તુ-વૈભવ ઇત્યાદિ સાથે આપણે એટલા બધા ઓતપ્રોત થઈ ગયા છીએ કે તેની સાથેનો સંબંધ આપણા મનમાંથી ખસતો નથી. આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન જેને જૈન શાસન સંજ્ઞાઓ તરીકે ઓળખે છે તે આપણા જન્મ-જન્માંતરના ગાઢ સંસ્કારો સિવાય બીજું કંઈ નથી. વર્ષોનું કે ભવાંતરનું આપણે જેની સાથે ઍસોસિયેશન-સાહચર્ય હોય છે તે વાત આપણા અવચેતન મન અને અચેતન મનના સ્તરોમાં એટલે સુધી ઊંડે ઊતરી ગઈ હોય છે કે ડૂબકી મારેલા માણસની જેમ, વારંવાર ઉપર આવ્યા જ કરે છે. એમાંય વળી જો કોઈ નિમિત્ત મળે તો તો સંસ્કારો સીધો જ ઉછાળો મારે છે. જ્યાં સુધી આ સંસ્કારોને ઢીલા કર્યા ન હોય, મનોવિજ્ઞાનની ભાષામાં કહીએ તો તેના સાહચર્યને તોડ્યું ન હોય ત્યાં સુધી તેની યાદ આવ્યા જ કરવાની અને ચિત્ત હરીફરીને ત્યાં જઈને ચોંટવાનું.

જન્મજન્માંતરના સંસ્કારોને તોડવા માટે આપણે અન્ય પ્રકારના વિચારોનું સાહચર્ય કેળવવું ખૂબ જરૂરી બની રહે છે. **અનિત્યાદિ બાર ભાવનાઓ** પૂર્વે પ્રાપ્ત થયેલા, ગાઢ થઈ ગયેલા અનિષ્ટ સાહચર્યને તોડીને ઢીલું કરીને નવી વસ્તુઓ કે નવી બાબતો સાથે ઇષ્ટ સાહચર્યનો સંબંધ બાંધે છે. વળી ભાવનાના વિષયોની પસંદગી પણ એવી કુશળતાથી કરવામાં આવી છે કે નવા વિષયો સાથેનું સાહચર્ય કે સહગમન અધ્યાત્મના માર્ગમાં ઘણું સહાયક નીવડે. ભાવનાઓની

સહાયથી પૂર્વના સંસ્કારોને, સંજ્ઞાઓને આરાધકે તોડી હશે કે ઢીલી કરી નાખી હશે તો તેનું ચિત્ત એટલા ઠેકડા નહીં મારે અને ચિત્ત ધર્મક્રિયાઓ, સેવા-પૂજા, જપ-તપ, ધ્યાન-ધારણા ઈત્યાદિમાં સારી રીતે ગમન કરશે અને વધારે સ્થિર રહી શકશે. ભાવનાઓનો જો આ પરિપ્રેક્ષ્યમાં વિચાર કરીશું તો આપણે ભાવનાઓને સારી રીતે અપનાવી શકીશું અને તેનો સારો એવો લાભ લઈ શકીશું.

ભાવનાઓનું વિભાજન વિવિધ રીતે કરવામાં આવે છે પણ સામાન્ય રીતે અનિત્યાદિ બાર ભાવનાઓનું આયોજન વધારે પ્રચલિત છે. એમાં પ્રથમની **અનિત્ય ભાવના** જ એટલી શક્તિશાળી છે કે તે અનિષ્ટ બાબતોના મૂળમાં જ ઘા કરી તેમને નિરર્થક બનાવી દે છે જેથી આગળની ભાવનાઓનું કાર્ય ઘણું સરળ બની રહે છે.

આ સંસારમાં બધું ક્ષણભંગુર છે, બધું જ અનિત્ય છે, છતાં કોણ જાણે કેમ આપણે બધાને સ્થિર માની લેવાની ભૂલ કરી બેસીએ છીએ. વસ્તુઓ સંબંધો, પર્યાવરણ બધું ક્ષણે ક્ષણે બદલાઈ રહ્યું છે. છતાંય તેને સ્થિર માનીને જીવવું કે વ્યવહાર કરવો તેનાથી વધારે બીજી કઈ મૂર્ખાઈ હોઈ શકે? આપણી નજર સમક્ષ આજે જ્યાં મહાસાગર ઘૂઘવે છે અને નર્યો જળરાશિ દેખાય છે ત્યાં એક સમયે ઊંચા તોતિંગ પહાડો ઊભા હતા. જ્યાં આજે ફળદ્રુપ મેદાનો છે ત્યાં એક કાળે નદીઓનાં પાણી વહેતાં હતાં. માની શકાય કે આજે જે જમીન ઉપર પગ મૂકીને આપણે ઊભા છીએ તે એક કાળે સળગતી હતી અને ચારેય બાજુ તેજીલા પવનો ફૂંકાતા હતા. બધું કયાં ગયું? શહેરો થાય છે અને નાશ પામે છે. લીલાછમ બગીચાઓ સૂકા ભઠ્ઠ રણમાં ફેરવાઈ જાય છે અને રણ ઉપર સમુદ્રો ફરી વળે છે.

અરે! આપણે જન્મ્યા ત્યારે કેવા હતા અને આજે કેવા થઈ ગયા? આપણા સંબંધો પહેલાં કોની સાથે હતા અને આજે કોની સાથે છે? પળવાર જેનાથી છૂટા પડી શકતા ન હતા, તે સ્વજનો આજે કેટલે દૂર ફેંકાઈ ગયા છે? સ્વજનો સંબંધો, વસ્તુઓ બધું જ સતત ખસી રહ્યું છે – બધું જ બદલાઈ રહ્યું છે. આપણે પોતે સદંતર બદલાઈ ગયા. અસ્તિત્વમાં કયાંય કશું સ્થિર નથી. જોતજોતામાં મીઠી મઝાની ઉષ્માભરી

સવાર સાંજમાં પલટાઈ જાય છે અને પળવારમાં સાંજ રાત્રિમાં ઢળી જાય છે. પ્રકૃતિ એટલે જ પરિવર્તન - સતત પરિવર્તન; છતાંય આપણે બધાને સ્થિર માનીને વ્યવહાર કર્યા કરીએ તો નિરાશા ન મળે તો બીજું શું મળે? પરિસ્થિતિ, સંજોગો, સંબંધો હાથમાંથી સરકી જાય પછી આપણે રડીએ છીએ, કકળીએ છીએ અને જે સરકી ગયું તેને પુનઃ પ્રાપ્ત કરવા ઝંખીએ છીએ, ઝાંવાં નાખીએ છીએ તેમાં દોષ કોનો?

માટે હાલતાં, ચાલતાં, બેસતાં-ઊઠતાં સતત અનિત્ય ભાવના ભાવ્યા કરો કે બધું બદલાઈ રહ્યું છે, ક્ષણે ક્ષણે પરિવર્તન થઈ રહ્યું છે, કશુંય ક્યાંય સ્થિર નથી પછી જુઓ કે તમારી અંદર શું ઘટિત થાય છે. ત્યાર પછી વસ્તુઓ અને વ્યક્તિઓ સાથેનો તમારો લગાવ તૂટી જશે. આસક્તિ ઊતરી જશે. પછી મિત્ર પાછળ તમે ઘેલા નહીં બનો અને શત્રુ સાથે એટલા કટુ નહીં રહી શકો. આજનો મિત્ર કદાચ કાલનો શત્રુ પણ હોય અને આજનો શત્રુ કાલનો ગાઢ મિત્ર પણ બની જાય. આજે જે પ્રિય છે તે કાલે અપ્રિય થઈ પડે અને આજે જે અળખામણું છે તે કાલે વહાલું થઈ પડે. કશું જ નિત્ય નથી ત્યાં કોના ઉપર રાગ રાખીશું કે કોનો દ્વેષ કરીશું? અરે, આપણો પોતાનો દેહ, જેની આસપાસ આપણો સકળ સંસાર ઊભો છે તે પણ પળે પળે બદલાઈ રહ્યો છે એટલું જ નહીં, પણ તેનું વિસર્જન થઈ રહ્યું છે; પછી કોના ઉપર વિશ્વાસ રાખીશું? જે પૃથ્વી ઉપર આપણે પગ ટેકવીને ઊભા છીએ તે પણ સ્થિર નથી. પૃથ્વી પણ બ્રહ્માંડમાં હરપળે ખસી રહી છે, ઘૂમી રહી છે. એક વખત આ અનિત્યતા સમજાઈ જશે, તેના સંસ્કાર ગાઢ થઈ જશે પછી તમે જ જાણે તમે નહીં રહો. જીવન પ્રત્યેનો તમારો સમસ્ત અભિગમ બદલાઈ જશે. બધુંય જ્યારે પસાર થઈ રહ્યું છે ત્યારે તમે કોને તમારું ગણશો અને કોના ઉપર આસક્તિ રાખશો?

સંસારની ક્ષણભંગુરતાનું જેને સતત સ્મરણ રહ્યા કરે તેનું ચિત્ત શાશ્વતની શોધમાં નીકળી પડ્યા વિના નહીં રહે અને ત્યાર પછી ધર્મ સિવાય અન્ય કોઈ વાત ઉપર ચિત્ત ઠરશે નહીં. એક વખત આવી મનોમય ભૂમિકાની માંડણી થઈ જશે અને પછી ધર્મનાં બધાં અનુષ્ઠાનો અમૃત અનુષ્ઠાનો બની જશે અને તે અનેકગણું ફળ આપનારાં બની રહેશે.

આવી જ બીજી ભાવના છે **'અશરણ'**. અનિત્ય ભાવનાના સેવનથી મોહનાં મૂળિયાં ઢીલાં પડી જાય છે, જ્યારે અશરણ ભાવનાના રટણથી પોતાના ઉત્તરદાયિત્વ પ્રત્યેની સભાનતા કેળવાય છે અને પુરુષાર્થ માટેનાં દ્વાર ખૂલી જાય છે. જ્યાં સુધી જીવને કોઈનો આધાર હોય ત્યાં સુધી તે ખાસ કંઈ કરતો નથી. પિતાની છત્રછાયામાં ઊછરતા પુત્રનું વ્યક્તિત્વ પણ જોઈએ તેવું ઘડાતું નથી. ઝાડની ઓથે ઊગતા છોડનો પણ પૂરો વિકાસ થતો નથી. અન્ય ઉપર જીવનાર કે નભનાર જીવોનો પણ યોગ્ય વિકાસ થતો નથી. જૈન ધર્મે અશરણ ભાવનાનું આરોપણ કરીને મનુષ્યને પોતાની જવાબદારીનું સંપૂર્ણ ભાન કરાવી દીધું છે. કોઈ કોઈનું નથી. કોણ કોને મદદ કરે છે? ખાલી ભ્રમમાં રહેવું નહીં. પુણ્ય પણ તારું છે અને પાપ પણ તારું છે. તું જે છે કે જે નથી એ માટે તું જ જવાબદાર છે અને કોઈ તને બચાવનાર નથી. બચવાનું તારે જ છે. તે માટે પ્રયાસ તારે જ કરવો પડશે. તરવાનું તારે જ છે માટે બાવડામાં બળ પૂરી, હોડી હંકારીશ તો પાર ઊતરી જઈશ.

ભગવાન મહાવીરનો સંદેશ છે કે કોઈ કોઈને શરણ આપી શકતું નથી. તું અનાથ છે, તું અશરણ છે.

ભગવાન આ બાબત ઘણા સ્પષ્ટ રહ્યા છે. તેમણે ખોટું આશ્વાસન આપ્યું નથી. તેમણે માણસને અનાથ બનાવી-ગણાવી તેના ઉપર જ સઘળી જવાબદારીનો ભાર મૂકી તેને વાસ્તવિકતામાં ખૂબ સબળ બનાવી દીધો છે. જેણે અશરણ ભાવના પચાવી હોય તે પળનોય પ્રમાદ કર્યા વિના પોતાના જીવનને ઘડવા માટે તત્પર બની જશે.

ત્યાર પછીની બે ભાવનાઓ છે **એકત્વ** અને **અન્યત્વ**. આ બંને ભાવનાઓ ખેડાયેલી જમીનમાં બીજારોપણ કરવા સમી છે. એકત્વનો અર્થ કે હું એકલો જ છું. હર્યાભર્યા સંસારમાં કોઈ મારું નથી. હું એકલો જ આવ્યો છું અને એકલો જ જવાનો છું. જતી વખતે મને કોઈ સાથ નહીં આપે. બધાં સ્મશાન સુધી વળાવવા આવશે પણ તેની આગળ કોઈ આવી શકનાર નથી. જીવ એકલો છે તે એક ભીષણ વાસ્તવિકતા છે જે સ્વીકારવા મનુષ્ય તૈયાર હોતો નથી કારણ કે તેને સંબંધોની હૂંફમાં લપાઈ જવું ગમે છે. પણ જ્યારે સંબંધો સરવા માંડે છે અને માણસને

પોતાના એકલવાયાપણાનો અહેસાસ થઈ જાય છે ત્યારે માણસ ભાંગી પડે છે. જો માણસ પહેલેથી જ એકત્વની ભાવના ઘૂંટતો હોય તો તેને છેવટે હતાશ થવાનો વારો ન આવે. ઊલટાનો તે આ ભાવનાના સેવનથી ક્રમે ક્રમે માનસિક બળ મેળવતો જશે જે તેને ખરી વખતે સ્થિર રહેવામાં સહાયભૂત નીવડશે.

અન્યત્વ ભાવનામાં ઉપરની ભાવનાને મળતી જ વાત છે પણ તે બીજે છેડેથી તે જ વાતનો વિચાર કરે છે. મનુષ્ય સમગ્ર જીવન પર્યંત 'હું' અને 'મારું' એમ બે વાતોમાં રચ્યોપચ્યો રહે છે. જેને તે 'હું' માને છે તે દેહ જ ખરેખર તેનો નથી બનતો. શરીર જીર્ણ અને શીર્ણ થવા માંડે ત્યારે માણસને લાગે છે કે આ શરીર જેને મેં મારું માનીને સજાવ્યું, સાચવ્યું તે હવે સાથ આપતું નથી અને દગો દઈ રહ્યું છે. જે શરીરને 'હું' માનીને આપાણે 'મારા'નો જે વિસ્તાર કર્યો હોય છે તે પતિ-પત્ની, દીકરા-દીકરીઓ, માલ-મિલકત, ગાડી-વાડી બધુંય જ્યાં 'હું' જ પડવા માંડે ત્યાં ક્યાંથી ટકવાનું? આપણે જીવનમાં 'મારા'નો વિસ્તાર વધારતા જઈએ છીએ પણ ભૂલી જઈએ છીએ કે જ્યાં 'હું' જ હતો ન હતો થઈ જાય છે પછી 'મારું' શું રહેવાનું? **આમ એકત્વ અને અન્યત્વ ભાવનાઓ આત્મલક્ષી ભાવનાઓ છે** જેના સેવનથી જીવ જડ એવા પુદ્‌ગલ તરફથી પોતાના મનને વાળીને આત્માભિમુખ બનતો જાય છે. એક વાર જીવ આત્માભિમુખ બને પછી આગળનો તેનો માર્ગ સ્પષ્ટ થઈ જાય છે.

ત્યાર પછી **'સંસાર'** નામની ભાવના આવે છે જેમાં સંસારના સ્વરૂપનો વિચાર કરવામાં આવે છે. જે સરકતો જાય છે, સરકી જાય છે તે સંસાર - એની અંતર્ગત ખાસ તો જન્મ, જરા, મૃત્યુ આવી જાય છે. જેને આપાણે જીવન કહીએ છીએ તે એક સ્વપ્નથી કંઈ વિશેષ નથી બની રહેતું. હજુ તો જાણે કાલે જન્મ્યા હોઈએ અને જ્યાં લાગે કે હવે સમજણમાં આવ્યા, જીવવા માટે બધી ગોઠવણ કરી ત્યાં તો જવાનો સમય આવીને ઊભો રહે છે. મહેફિલ માંડ સજાવી રહ્યા હોઈએ ત્યાં તેને ઉઠાવવાનો સમય આવી પહોંચે છે. હજુ તો વાજિંત્રો સાજ મેળવી રહ્યાં હોય અને માંડ બેચાર ગીતો ગાયાં - ન ગાયાં ત્યાં તો સંગીતનો

જલસો ઊઠી જાય છે. તંબુ ઠોક્યા અને તેમાં વસવાની માંડ વ્યવસ્થા કરી ત્યાં તો તંબુ ઉઠાવવાનો સમય થઈ જાય છે. સંસારનું આ સ્વરૂપ છે. જાણે નાટકમાં પડદો ખૂલ્યો – ન ખૂલ્યો, ત્યાં તો પડદો પાછો પડી જાય છે. આવો છે સંસાર. છતાંય આપણે કેટલું દોડી મરીએ છીએ! આમ જોઈએ તો જન્મથી મૃત્યુ સુધીની આપણી નાનકડી યાત્રા માટે કેટકેટલી તૈયારીઓ કરીએ છીએ જે અંતે નિરર્થક નીવડે છે. સંસારના આવા સરકતા સ્વરૂપનો વિચાર જેના મનમાં દઢ થઈ જાય છે તેની નજર પછી કોઈ શાશ્વત સુખની ખોજમાં નીકળી પડે છે અને પછી તે રેતીના પાયા ઉપર પોતાનું ઘર ક્યારેય બાંધતો નથી.

ત્યાર પછી આવે છે **લોકભાવના** – લોકસ્વરૂપ ભાવના. એમાં વિશ્વના વિસ્તારનો વિચાર કરવામાં આવે છે. આપણું જગત કે જેમાં આપણે રચ્યા-પચ્યા રહીએ છીએ તેનું સમગ્ર વિશ્વમાં શું સ્થાન છે અને એમાં આપણે ક્યાં છીએ? – તે બધો વિચાર આ લોકભાવનામાં કરવામાં આવે છે. આ ભાવનામાં ત્રણ લોક – ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક અને તેના વિસ્તારનો તેમજ ત્યાંની પરિસ્થિતિનો, ત્યાં રહેલા જીવો ઇત્યાદિનો, વિચાર કરવામાં આવે છે. એમાં દેવોનું ઐશ્વર્ય કેટલું બધું? તો નારકીનાં અપરંપાર દુઃખ અને મધ્યલોકવાસી જીવોનાં સુખ-દુઃખ વગેરેનો વિચાર થાય છે. અનંતા ભવો કરતો જીવ તેના ભવભ્રમણમાં આ બધા આલોકને કોણ જાણે કેટલીય વાર સ્પર્શ્યો હશે પણ ક્યાંય તેને પોતાનું ઘર મળ્યું નહીં તે બાબત વિચાર કરતાં આલોકના અગ્રભાગ ઉપર રહેલી સિદ્ધિશિલાનો વિચાર થાય છે કે જ્યાં સિદ્ધ પરમાત્માઓ અનંત સુખમાં સ્થિતિ કરીને રહેલા છે. શાશ્વત સુખના આ અવિચળ ધામમાં કેવી રીતે પહોંચાય, આ નિરર્થક ભવભ્રમણનો અંત કેવી રીતે આવે ઇત્યાદિ બાબતોનો વિચાર કરતો જીવ પોતાની વર્તમાન અવસ્થાની અલ્પતા સમજીને પરમ ઐશ્વર્યની સ્થિતિ તરફ મીટ માંડતો થઈ જાય છે.

સાતમી ભાવના **અશુચિ** છે. આપણાં ઘણાં પુસ્તકોમાં શરીરની ગંદકીનાં વર્ણનો કરીને આ ભાવનાનો વિસ્તાર કરવામાં આવેલો છે. શરીર ગંદકીનો ગાડવો હશે તો એ જ શરીર સિદ્ધિ મેળવવાનું સાધન

પણ છે. વાંક શરીરનો નથી. શરીર એ જડ પરમાણુઓનું બનેલું છે. પદાર્થ માત્ર તેના ગુણધર્મો પ્રમાણે વર્તે છે. તેમાં આપણે કંઈ રાગ-દ્વેષ કરવા જેવું નથી **પણ આપણે જે અશુચિની વાત સમજવાની છે તે આત્માની અશુદ્ધિની.** શુદ્ધ એવા આત્માના સ્વરૂપને આપણે વીસરી ગયા છીએ અને કર્મથી મલિન થયેલો આત્મા સંસારમાં રખડ્યા કરે છે. વિધ-વિધ રીતે પીડાય છે. મોહને વશ થઈને તે પોતાના શુદ્ધ સ્વરૂપને ગુમાવી બેઠો છે. કર્મના કીચડમાં રગદોળાયેલો હોવા છતાંય તે તેમાંથી બહાર નીકળવા તત્પર થતો નથી. જીવને કર્મની અશુચિ સમજાઈ જાય અને આત્માના શુદ્ધ સ્વરૂપનું, તેના દૈવતનું, તેની દેદીપ્યમાન અવસ્થાનું તેને ભાન થઈ જાય પછી અનંત શક્તિ અને સામર્થ્યનો સ્વામી એવો આત્મા, આળસ દૂર કરીને કર્મનો કીચડ દૂર કરવા મેદાને પડે છે. અશુચિ ભાવનાનું આ મહત્ત્વ છે. આ ભાવનાનું ચિંતન કરતો જીવ પોતાના શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા તત્પર થઈ જાય છે.

એક વાર કર્મનો કીચડ દૂર કરવાનો જીવને વિચાર આવે અને પોતાના શુદ્ધ સ્વરૂપમાં આવી જવાની ઉત્કંઠા જાગે પછી જીવ જાગ્રત થઈ જાય છે. ત્યાર પછી તે નવો કર્મકીચડ પોતાની અંદર આવવા નથી દેતો. કચરાને રોકવા જેમ ઘરમાં કમાડ બંધ કરીએ છીએ તેમ કર્મરૂપી કચરાને આવતો રોકવા જીવ પોતાની વાસનાઓને મૂકવા માંડે છે. કષાયોને પાતળા કરી નાખે છે. બહારનો કચરો કે અશુદ્ધિ આવતાં રોક્યા પછી જીવાત્મા પોતાને વળગી રહેલી અશુદ્ધિનો - કર્મનો વિચાર કરે છે અને તેને ધોઈ નાખવા, તેને ખોતરી કાઢવા જપ-તપ-ધ્યાન-ધારણા ઈત્યાદિ અનુષ્ઠાનોમાં લાગી જાય છે. કર્મકીચડનું આત્મા સાથે લાગવું તેને આસ્રવ કહે છે. કર્મને આત્મા ઉપર લાગતાં રોકવાં એટલે કે કર્મના પ્રવેશને રોકવો તેને સંવર કહે છે. આત્મા સાથે ઓતપ્રોત થઈને પડેલાં કર્મોને ખોતરીને ઉખાડી નાખવાં તેને નિર્જરા કહે છે. આમ **આસ્રવ, સંવર અને નિર્જરા - ત્રાણે ભાવનાઓ કર્મલક્ષી છે.** જીવનો કર્મનો સંસર્ગ કેવી રીતે થાય છે તે બધી વાતો આસ્રવ ભાવનામાં વિચારવામાં આવે, કર્મને કેવી રીતે રોકી શકાય તે બાબત સંવરમાં વિચારવામાં આવે અને લાગેલાં કર્મોને કેવી રીતે આત્માથી અલગ કરી

શકાય તે નિર્જરામાં વિચારવામાં આવે. આત્મા ઉપર કર્મનો શો પ્રભાવ છે અને તેનાથી આત્મા કેવો પરાધીન બની ગયો વગેરે બાબતોનો વિચાર કરતાં આ ત્રણ ભાવનાઓ ભાવવાની હોય છે. તેનું ચિંતન કરવાનું હોય છે. કર્મ અંગેની જાણકારી જેટલી વધારે હોય તેટલા પ્રમાણમાં આ ત્રણેય ભાવના ઉપર ચિંતન થઈ શકે છે. આસ્રવ, સંવર અને નિર્જરા આ ત્રણેય ભાવનાઓના ચિંતનથી કર્મબંધ ઘણા શિથિલ થઈ જાય છે અને જીવ આગળની યાત્રા માટે ઘણો હળવો થઈ જાય છે.

ઉપરની કર્મવિષયક ત્રણે ભાવનાઓ ભાવતો જીવ ધીમે ધીમે પોતાના સ્વભાવમાં આવવા લાગે છે. આત્માનો મૂળ સ્વભાવ અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતવીર્ય-ઉત્સાહ અને અનંત આનંદ છે. આમ તો આત્મા અનંતનો સ્વામી છે પણ કર્મના સંગથી તેને પોતાની સંપત્તિની વિસ્મૃતિ થઈ ગઈ છે. આત્માને પોતાના સ્વભાવનું ભાન થઈ જાય કે તરત જ તે કર્મ માત્રને છોડી દેવા તત્પર થઈ જાય છે. આમ, આત્માના સ્વભાવ વિશેનું ચિંતન તે **ધર્મ ભાવના** છે.

ધર્મ શબ્દનો વાસ્તવિક અર્થ સ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ તે જ તેનો ધર્મ. આત્માનો મૂળ સ્વભાવ તે આત્માનો ધર્મ છે પણ કર્મના સંગમાં આત્મા પોતાના સ્વભાવથી - ધર્મથી ચ્યૂત થઈ ગયો છે. કર્મનો સંગ છૂટી જતાં આત્મા આપોઆપ પોતાના સ્વભાવમાં આવી જાય છે. આમ ધર્મ ભાવનામાં આત્માના સ્વભાવનું ચિંતન થાય છે. જીવ પોતાના મૂળ સ્વભાવથી વિપરીત ભાવમાં ભ્રમણ કરે તો તે વિભાવમાં રમે છે તેમ કહેવાય. જાગેલા જીવનું લક્ષ્ય, વિભાવોને છોડી દઈ પોતાના સ્વભાવમાં આવી જવાનું છે. જૈન ધર્મની આ એક ગહન વાત છે કે જીવે કંઈ નવું પ્રાપ્ત કરવાનું નથી. આત્મા અનંતનો સ્વામી છે પણ કર્મથી તે દબાઈ ગયો છે તેથી તેની શક્તિ કુંઠિત થઈ ગઈ છે. મૂળ વાત છે જીવના ઊઘડવાની - વિભાવોને હટાવાની. વાદળાં ખસી જાય એટલે સૂર્ય પૂર્ણ રીતે પ્રકાશી ઊઠે છે તેમ વિભાવો ખસી જતાં જીવનો ઉઘાડ થાય છે. અને આત્માનાં અજવાળાં પથરાઈ જાય છે.

ધર્મભાવના પછી છેલ્લે **'બોધિ' ભાવના** આવે છે. બોધિ એટલે બોધ. બોધ એટલે સંસારમાં શું મેળવવા જેવું છે અને શું છોડવા જેવું

છે તેનું જ્ઞાન. ચૈતન્ય એવો આત્મા જડ એવા શરીરથી ભિન્ન છે એ વાતની પ્રતીતિ બોધના પાયામાં રહેલી છે. બોધિથી જીવ પોતાની ઉપરનાં કર્મનાં આવરણો દૂર કરી ઊઘડતો જાય છે. કળી ખીલીને મઘમઘતું ફૂલ બનવા માંડે છે. જીવની આડે આવેલાં મોહનાં પડળો 'બોધિ' પ્રાપ્ત થતાં ખસી જાય છે અને તે સમાધિની પ્રાપ્તિની દિશામાં આગળ વધતો જાય છે. બોધિથી જીવની સૌ ઉપાધિઓ ટળી જાય છે અને તે સમાધિ પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઈ જાય છે. સમાધિ પ્રાપ્ત થતાં આત્માની આગળની યાત્રાનો માર્ગ મોકળો થઈ જાય છે આત્મા ત્વરિત ગતિએ તેના ગંતવ્ય સિદ્ધશિલા તરફ આગળ વધવા માંડે છે.

આમ અનિત્યથી શરૂ થતી અને બોધિમાં વિરમતી બાર ભાવનાઓનું બંધારણ છે તો એની સાથે **જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્યની ભાવનાઓનો પણ વિચાર થાય છે.** જો આ ચાર ભાવનાઓને આગળની બાર ભાવનામાં ઉમેરીએ તો સોળની સંખ્યા થાય. પૂર્વધર આચાર્ય ઉમાસ્વાતિ મહારાજે આ સોળે ભાવનાઓને અનુપ્રેક્ષા તરીકે ઓળખાવી છે. આ સોળેય ભાવનાઓ મહદ્ અંશે આત્મલક્ષી ભાવનાઓ છે જેનું લક્ષ્ય પરમાત્મ અવસ્થાની પ્રાપ્તિ છે.

**પ્રકારાન્તરે જૈન મનીષીઓએ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય એમ અન્ય ચાર ભાવનાઓ પણ ગણાવી છે.** આ ભાવનાઓ, ઉપરની બાર ભાવનાઓ કરતાં એક રીતે જુદી પડી જાય છે કારણ કે આ ભાવનાઓ સમાજલક્ષી કે સંસારના અન્ય જીવો સાથેના વ્યવહારની છે.

**મૈત્રી ભાવના**માં સંસારના તમામ જીવોના હિતનો વિચાર કરવામાં આવે છે. એમાં મનુષ્ય એકલાના નહિ પણ જીવ માત્રના સુખનો વિચાર થાય છે. મૈત્રી એ એવો સંબંધ છે કે જે સર્વ સાથે સ્થાપિત થઈ શકે, જ્યારે સગપણના સંબંધોને મર્યાદા રહે છે. જેના હૈયે મૈત્રીભાવ વસે છે. તેની અંદર કાયમની અમીવર્ષા થતી જ રહે છે.

મૈત્રી પછી **પ્રમોદ ભાવના** છે જે ગુણાનુરાગની ભાવના છે. કોઈના પણ ગુણ જોઈ હૈયું આનંદથી નાચી ઊઠે તે નાની-સૂની વાત નથી. માણસ જલદીથી કોઈના દોષ જોઈ શકે છે. પણ ગુણ જોવા માટે

અંતરની સ્વસ્થતા હોવી જરૂરી છે. પ્રમોદ ભાવના ગુણગ્રાહી ભાવના છે. આમ તો સમસ્ત જૈન ધર્મ ગુણગ્રાહી છે એટલે કે એમાં આત્માના ગુણોની પ્રાપ્તિનું મહત્ત્વ છે. જૈન ધર્મની બધી ક્રિયાઓ પાછળ આત્માના ગુણોની પ્રાપ્તિનો -વિકાસનો હેતુ રહેલો છે. તેથી જૈન માત્ર માટે પ્રમોદ ભાવના સહજ હોવી જોઈએ. આ ભાવનાના સેવનથી ભાવકના ચિત્તમાં પણ ગુણનો વિકાસ થાય છે. જો આપણે અન્યના ગુણો જોઈ પ્રસન્ન ન થઈ શકીએ તો અવશ્ય સમજવું કે આપણા ધર્મનો પાયો હજુ કાચો છે.

**કરુણાની ભાવનામાં** જીવ માત્રનું દુઃખ જોઈને કે તેની પીડા જાણીને હૈયું કરુણાથી ભરાઈ જાય જીવ માત્ર સુખનો ઇચ્છુક છે અને સુખ માટે પ્રયત્નશીલ રહે છે. એમાં કેટલાય જીવો સફળ રહે છે તો કેટલાકના નસીબમાં પીડા અને દુઃખ જ આવી મળે છે. અન્ય જીવનું દુઃખ જોઈ-જાણીને આપણું હૈયું ભરાઈ જાય તો અવશ્ય જાણવું કે ધર્મમાર્ગમાં આગળ વધવાની આપણામાં યોગ્યતા આવી ગઈ છે. કરુણાની ભાવનાથી જે જીવ વાસિત થયેલો હોય તે સૌના સુખનો, શાંતિનો, સ્વાસ્થ્યનો વિચાર કરતો હોય. સૌ જીવોમાં મારા જેવું જ આત્મતત્ત્વ છે. એવા ભાવથી ચિત્ત રસાયેલું હોય તો જ અન્યની પીડા જોઈ આપણું હૃદય કરુણાથી દ્રવી ઊઠે. આ ભાવનામાં અદ્‌ભુત શાંત રસ છે.

**માધ્યસ્થ્ય ભાવનાને** ઉપેક્ષા ભાવના પણ કહે છે. આ ભાવનામાં અન્યના દોષો કે ક્ષતિ પ્રત્યેના આપણા ભાવની વાત છે. પ્રમોદમાં અન્યના ગુણ જોઈ આનંદવાની વાત છે, તો મધ્યસ્થમાં અન્યના દોષોની ઉપેક્ષા કરવાની વાત છે. કોઈના દોષ જોઈ આપણને તેના તરફ ધૃણા થઈ જાય કે આપણે ગુણી-ગુણિયલ છીએ તેવું અભિમાન થઈ જાય તો તે આપણા કર્મબંધનું કારણ બને છે. સર્વ જીવો કર્મને વશ રહી વર્તે છે તેમ સમજીને આપણે તટસ્થ રહીએ તો જ ભાવનાનો મર્મ સચવાય. સલાહ-શિખામણ કે ઉપદેશનું પરિણામ વિપરીત આવે તેમ હોય તો મૌન રહેવું વધારે યોગ્ય છે. દોષદર્શન કે દોષની જે વાત ઉપકારક નીવડે તેમ ન હોય તો તેનાથી દૂર રહી તેની ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ્ય ભાવનાનો મર્મ છે. કર્મબંધની સૂક્ષ્મ

વિચારણાના આધારે આ ભાવના ઊભેલી છે.

આમ, આપણે ભાવનાઓ ઉપર સવિસ્તર વિચાર કર્યો છે. ભાવના એ પણ યોગ છે. ભાવનાયોગ સરળ છે તેથી તેનું મૂલ્ય ઓછું આંકવાની જરૂર નથી. ભાવનાયોગ વિશેષતઃ કર્મના સંવરની સાધના છે. જ્યારે ધ્યાનયોગ કર્મની નિર્જરાની સાધના છે. આરાધનાના માર્ગમાં સંવર અને નિર્જરા બંનેનું મહત્ત્વ છે. શુદ્ધ ચિત્ત વિના ધ્યાનની પણ સિદ્ધિ નથી. અને ચિત્તની શુદ્ધિ માટે ભાવના જેવું કોઈ સરળ સાધન નથી. ચંચળ ચિત્તવાળાઓ માટે તો ભાવનાયોગ ઘણો અનુકૂળ યોગ છે કારણ કે તેમાં ચિત્તનિરોધ નથી પણ ચિત્તને ઈષ્ટ માર્ગમાં વાળવાની કે વહાવવાની વાત છે. અનિત્યાદિ બાર ભાવનાઓ આત્મલક્ષી ચિંતનની ભાવના છે તો મૈત્રાદિ ચાર ભાવનાઓ પરાભાવનાઓ એટલે કે અન્ય સાથેના વ્યવહારની ભાવનાઓ છે. આ બંને પ્રકારની ભાવનાઓ ભેગી મળીને ભાવનાયોગમાં પરિણમે છે.

ભાવનાઓમાં અનર્ગળ શક્તિ રહેલી છે. ભાવનાઓ મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વને પલટી નાખે છે. તેનાથી ક્રમે ક્રમે જીવનનો અભિગમ બદલાઈ જાય છે. ધર્મનાં અનુષ્ઠાનોમાં ભાવનાથી પ્રાણ પુરાય છે. અધ્યાત્મના માર્ગ ઉપરથી પડતા જીવને ભાવનાઓ ઝીલી લઈને વળી પાછો આળગ મૂકી દે છે. ભાવનાનો કેટલો વ્યાપ કરવો અને ચિંતનના ઊંડાણમાં કેટલું ઊતરવું તે બધાનો આધાર જીવની પોતાની ક્ષમતા ઉપર રહે છે. ભાવનાઓ સરળ દેખાય છે. માટે રખે કોઈ તેના સામર્થ્યને અલ્પ આંકે. આત્મા ઉપર પડેલા કર્મના સાહચર્યને તોડી નાખવાની ભાવનામાં ઘણી તાકાત છે. અશુભ સાથેના સાહચર્યને તોડીને શુભ કે શુદ્ધ સાથેનું સાહચર્ય વધારવા માટે સમસ્ત ભાવનાયોગ છે. ધ્યાનયોગ સૌને માટે સુલબ નથી પણ ભાવનાયોગ સૌને માટે સુલભ છે.

-----

# ૧૪. આત્માનું ઊર્ધ્વારોહણ
## (ગુણસ્થાનકો)

આત્માથી પરમાત્મા સુધીનો માર્ગ ઘણો લાંબો અને વિકટ હોય છે. ઘણીવાર સાધક મૂંઝાઈ જાય છે કે પોતે ક્યાં ઊભો છે અને મંજિલ કેટલે દૂર છે. જેમ સાગરખેડુઓ પોતે સાગરમાં કયા અક્ષાંશ અને રેખાંશ ઉપર છે તેનું સતત ધ્યાન રાખતા હોય છે તેમ સાધકે પોતે સાધનાપથ ઉપરના પોતાના સ્થાનથી સતત માહિતગાર રહેવું જોઈએ. પોતે ક્યાં ઊભેલો છે તે જાણીને આગળની યાત્રાની તૈયારી કરવી જોઈએ. આ યાત્રામાં ઘણીવાર યાત્રિકો વચ્ચેથી ગબડી પડે છે અને છેક નીચે પણ ફેંકાઈ જાય છે. ભગવાન મહાવીર કુશળ સાર્થવાહક છે. તેમણે પોતે તો સાધનાપથ ચાતરી લીધો પણ પાછળ આવનારાઓ માટે સીમાના પથ્થરો - માઈલ સ્ટોન્સ મૂક્યા છે. તેના ઉપર આગળનું અંતર બતાવતાં નિશાન મૂક્યાં છે. સાધનાપથનું આટલું સચોટ અને સૂક્ષ્મ વર્ણન જગતમાં અન્ય ક્યાંય જોવા મળતું નથી.

જૈન ધર્મમાં પરમાત્માને શરણે જવાની વાત નથી કે તેનામાં ભળી જવાની વાત નથી. તેમાં પોતે જ પરમાત્મા બનવાનું છે. પરમ ઐશ્વર્યના પદ ઉપર પહોંચી શકાય તેવી કોરી વાતો કરીને તીર્થંકરો વીરમ્યા નથી. તેમણે માર્ગ ચાતરી બતાવ્યો છે. તેમાં આવતાં ભયસ્થાનોનું નિર્દેશન કર્યું છે અને ક્યાં કેવા પડાવો આવે છે તેનું સવિસ્તર વર્ણન કર્યું છે. પણ હા, જૈન ધર્મમાં ભગવાન કૃપા કરીને તમને ઊંચકીને સીધા જ ઉપર ન મૂકી દે. ચાલવું તો તમારે જ પડે. પરમાત્મા કોઈ બનાવે નહીં પણ પરમાત્મા તો સાધકે સાધના કરી જાતે જ બનવું પડે. **મોક્ષનો માર્ગ એ પરમ પુરુષાર્થનો માર્ગ છે.** આ માર્ગ ઉપર ચૌદ પડાવો આવે છે જેને ગુણસ્થાનકો કહેવામાં આવે છે. સાધકમાં આત્માના ગુણોની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય તેમ તેમ તે આગળ વધી શકે છે તે વાતનું સૂચન 'ગુણસ્થાનકો' કે 'ગુણઠાણાં' શબ્દથી જ થઈ જાય છે. આ શબ્દોથી

ખ્યાલ આવી જાય છે કે આ માર્ગ આત્માના ગુણોની વૃદ્ધિનો માર્ગ છે.

આત્માના ગુણોની વૃદ્ધિ કેવી રીતે થઈ શકે તે વિશે વિચાર કરીએ તો જ આ માર્ગમાં આગળ વધાય. જૈન ધર્મ પ્રમાણે જીવ આજે જે કંઈ છે તેને માટે તે પોતે જ જવાબદાર છે અને આગળ ઉપર તે જે કંઈ થઈ શકશે તે પણ તેનાં ભૂતકાળનાં કર્મો અને વર્તમાનના પુરુષાર્થને આધીન રહેશે. જીવ પોતાનાં કર્મો પ્રમાણે જ સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, યશ-અપયશ, સુરૂપતા-કુરૂપતા ઈત્યાદિ પ્રાપ્ત કરે છે. જીવના ઉત્થાન અને પતન માટે જીવનાં કર્મો જ જવાબદાર છે. માટે મોક્ષમાર્ગમાં પ્રસ્થાન કરનાર જીવે કર્મને જ પોતાનું નિશાન બનાવીને સંઘર્ષ કરવાનો છે. કર્મ એ જીવનો પોતાનો વારસો છે. વારસામાં મળેલી સંપત્તિને વધારવી, ઘટાડવી કે વેડફવી તે જીવના પોતાના પુરુષાર્થને આધીન રહે છે.

કોઈને વારસામાં સંપત્તિ મળે તો કોઈને બાપનું દેવું પણ મળે. શાણો વારસદાર દેવું ફેડી નાખે અને સંપત્તિનું ઉપાર્જન કરી સમૃદ્ધ થઈ જાય. તો કોઈ સંપત્તિ વેડફી નાખીને છેવટે દેવાળું પણ ફૂંકે. વાતનો મર્મ એટલો જ છે કે વારસો મહત્ત્વનો છે પણ વારસો સાચવવો, વેડફવો કે વધારવો એ બધું વારસદાર ઉપર આધાર રાખે છે. વારસો એટલે વારસો; તે સારો પણ હોય અને નરસો પણ હોય. જીવનમાં જે કાંઈ સારું-ખોટું આવી મળ્યું તે જીવનો વારસો. જીવે પુરુષાર્થથી જે કાંઈ ઉપાર્જન કર્યું કે ગુમાવ્યું તેના ઉપર તેની સંપત્તિનો આધાર રહે છે. સમજુ અને ઉદ્યમી જીવ હોય તો વારસામાં મળેલી દુઃખ-દરિદ્રતા જેવી વસ્તુઓને ફેડી નાખી પોતે સાફ-સૂથરો થઈ જાય અને પછી બધી સારી વસ્તુઓનું સંપાદન કરી વૈભવ પ્રાપ્ત કરી લે.

**મૂળ વાત છે આત્માનો વૈભવ પ્રાપ્ત કરવાની.** આત્માનો વૈભવ મેળવવો હોય તો આત્માને ઘાતક જે દોષો આપણામાં હોય તેને કાઢવા પડે અને આત્માને ઉપકારક જે ગુણો હોય તે કેળવવા પડે અને તેની વૃદ્ધિ કરવી પડે. આ વાત ગીતાર્થ મુનિઓએ કર્મવિજ્ઞાનને સહારે સારી પેરે સમજાવી છે. જૈન ધર્મમાં કર્મ કેન્દ્રસ્થાને છે. તેની આસપાસ સમસ્ત સંસાર ઘૂમે છે. કર્મની અવગણના કરીને કોઈ જીવ આ ભવભ્રમણમાંથી બહાર નીકળી શકે નહીં. વાસ્તવિકતામાં કર્મસત્તાનું આધિપત્ય એટલે એક

પ્રકારની ગુલામી, પરાધીનતા. રાજા સાનુકૂળ હોય ત્યાંસુધી દરબારી લહેર કરે પણ રાજા રૂઠે પછી તેની શી દશા થાય? જૈન ધર્મે તેથી કર્મમાત્રને દુઃખનું કારણ કહ્યું છે. કર્મને કારણે સુખ-દુઃખનું ચક્ર સતત ઘૂમ્યા જ કરે છે અને જીવ તેની અંદર ફસાઈને આમથી તેમ ફંગોળાયા કરે છે. જીવનમાં જો કોઈ ઉત્તમ પુરુષાર્થ હોય તો તે કર્મના વિષચક્રમાંથી છૂટી જઈ સ્વાધીન થઈ જવાનો. આ વિષચક્રમાંથી છૂટવા માટે કર્મ સાથે સંઘર્ષ કરવો પડે. **કર્મ સાથેના સંઘર્ષનો માર્ગ તે મોક્ષમાર્ગ જેનું વર્ણન જૈન શાસનમાં ચૌદ ગુણસ્થાનકો તરીકે કરવામાં આવે છે.**

કર્મના પ્રભાવને, તેની વ્યવસ્થાને સમજવા માટે કર્મનું આઠ પ્રકારે વિભાગીકરણ કરવામાં આવે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આ આઠેય પ્રકારનાં કર્મો આપણા ઉપર આધિપત્ય જમાવે છે અને આપણને કનડે છે - પીડે છે. પણ આ આઠેયમાં જો સેનાપતિ જેવું જો કોઈ હોય તો તે મોહનીય કર્મ છે. તેથી આપણે ખરું યુદ્ધ કરવાનું છે મોહનીય કર્મ સાથે કે જે આત્માની અગવડને પણ સગવડ દેખાડે છે. **આત્માના વિકાસને અવરોધનાર કર્મ, મોહનીય કર્મ છે.** મોહનીય કર્મને વશ થયેલા જીવને સાચી પરિસ્થિતિ સમજાતી નથી. તેને સારાસારનો વિવેક હોતો નથી. સંસારના મોટા ભાગના જીવો આ અવસ્થામાં હોય છે. આત્માના વિકાસનો જે જીવોએ માર્ગ લીધો તે પણ એક કાળે આ અવસ્થામાં જ હતા. જીવની ગાઢ મૂર્છાની કે મોહની આ અવસ્થાને ધર્મમાં - ગુણસ્થાનકમાં **મિથ્યાત્વ**ને નામે ઓળખવામાં આવે છે. મિથ્યાત્વ અવસ્થા એ સંસારના સકળ જીવોનું પારણું છે. જેમાં અનંત કાળથી સંસારના જીવો ઝોલાં ખાય છે. થોડાક ભાગ્યશાળી જીવો જે આત્માના વિકાસને પંથે પળ્યા તે પણ એક કાળે મિથ્યાત્વના આ પારણામાં પોઢ્યા તો હતા જ. આ મિથ્યાત્વ આત્માના વિકાસનું પ્રથમ પગથિયું છે જેથી તેને પ્રથમ ગુણસ્થાનક કહે છે.

સ્વાભાવિક રીતે વિચાર આવે કે મિથ્યાત્વ છે તો મોટો દોષ છતાંય તેને પ્રથમ ગુણસ્થાનક કેમ ગણ્યું? આત્માના વિકાસક્રમને આલેખવા માટે ક્યાંકથી શરૂઆત તો કરવી જ પડે. તેથી મિથ્યાત્વની એક અંતિમ સીમા

ધારી લઈને તેને મિથ્યાત્વ ગુણસ્થાનક ગણાવ્યું. જીવ પોતાના ગુણોના વિકાસની યાત્રા અહીંથી શરૂ કરે છે. માટે તેને પ્રથમ ગુણસ્થાનક કહ્યું. બાકી તે છે તો દોષોનું સ્થાન, પણ ઉપચારથી તેને ગુણસ્થાનક કહ્યું છે.

આત્માના વિકાસને પંથે પળેલા હોય તેવા જૂજ જીવો સિવાયના સંસારના સકળ જીવો આ પ્રથમ ગુણસ્થાનક (મિથ્યાત્વ) ઉપર જ ઊભેલા છે. છતાંય અહીં એક મહત્ત્વનો પણ નાજુક ભેદ છે જે સમજી લેવા જેવો છે. જે જીવો દોષોથી ભરેલી મિથ્યાત્વની ગાઢ રાત્રિમાં હજુ પ્રવર્તે છે જે હજુ મોહની ગાઢ મૂર્છામાં પડેલા છે અને ગુણ પ્રતિ જેમનામાં કંઈ સળવળાટ પણ થયો નથી તેમને માટે આ ગુણસ્થાનકને અતાત્ત્વિક ગુણસ્થાનક કહે છે એટલે કે વિકાસક્રમમાં જેનું કંઈ મહત્ત્વ નથી.

જ્યારે એ જ ગુણસ્થાનક ઉપર એવા કેટલાય જીવો હોય છે કે જેઓ હજુ મોહની મૂર્છામાં છે પણ તેમની આસપાસનાં મિથ્યાત્વનાં ગાઢ વાદળો ખસવાની તૈયારીમાં છે અને આત્માના ગુણોના પ્રકાશની પ્રથમ રેખા તેમના જીવનમાં ફૂટવાની ઘડી નજીક આવી ગઈ છે. તેમને માટે આ જ ગુણસ્થાનક તાત્ત્વિક ગુણસ્થાનક સમું છે તેથી તેને **ગુણી ગુણસ્થાનક** કહે છે.

આમ, આત્માના વિકાસક્રમમાં મિથ્યાત્વ તરીકે ઓળખાતું પ્રથમ ગુણસ્થાનક આવે છે. જે વાસ્તવિકતામાં છે તો દોષોનું સ્થાન પણ કેવી રીતે તેને ઉપચારથી ગુણસ્થાનક કહે છે અને એમાં પણ તાત્ત્વિક અને અતાત્ત્વિકનો ભેદ કેવો છે તે વાત આપણે સમજ્યા.

બીજું ગુણસ્થાનક સમજવા માટે એક નાનકડું ઉદાહરણ પર્યાપ્ત થઈ રહેશે. એક ખંડમાં અજવાળું થઈ ગયું હોય, બધાં બારી-બારણાં ખૂલી ગયાં હોય અને પછી સંજોગોવશાત્ કોઈ આવીને ઓચિંતાં જ બધાં બારી-બારણાં બંધ કરી દે તો અંદર રહેલા જે માણસો હોય તેમને કેવું દેખાય ? ખંડમાં ફરીથી અંધારું થઈ ગયું છે પણ એક વાર જે પ્રકાશ થયેલો અને તેના અજવાળામાં ખંડમાં પડેલી વસ્તુઓ દેખાઈ હતી તે હવે સ્પષ્ટ નહીં દેખાય છતાં તેના આકારો-ઓળાઓ હજી દેખાયા કરશે. બારી-બારણાંની તડો પણ પુરાઈ જાય અને સંપૂર્ણ અંધકાર ઊતરી પડે

અને વસ્તુ માત્ર દેખાતી બંધ થઈ જાય તેના પહેલાંની અવસ્થા જેવું અલ્પ સમયનું આ બીજું ગુણસ્થાનક છે. તેને **સાસ્વાદન** ગુણસ્થાનક એટલા માટે કહે છે કે ગુણોની જે કંઈ અનુભૂતિ થઈ હતી તે તો સરી પડી પણ તેનો સ્વાદ રહી ગયો. સ્વાદની સ્મૃતિ જેવી અવસ્થાવાળા આ બીજા ગુણસ્થાનકને સાસ્વાદન ગુણસ્થાનક તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકમાં મોહનીય કર્મના ઊંચકાયેલા પડદા પાછા પડી ગયા પણ જે જોયું હતું તેના ઓળા થોડીક વાર વર્તાયા.

ત્રીજું ગુણસ્થાન જરા વધારે સુરેખ બને છે. તેમાં જીવ સાચા-ખોટાને સમજવા લાગે છે પણ હજુ તે મૂંઝાયેલો તો છે જ. તેને ગુણ ગમે છે અને દોષ પણ ગમે છે. તેને બંનેનું મહત્ત્વ સરખું લાગે છે. તે બહારની ચમક-દમકથી અંજાય છે તો બીજી બાજુ તેને અંદરનું ઓજસ પણ પ્રભાવિત કરે છે. બંનેમાંથી કોઈ એકને પકડવા જેટલી તેની દૃષ્ટિ પ્રબળ નથી હોતી. તેથી તે બંનેને સરખા ગણે છે. સંસાર પણ સારો લાગે અને મોક્ષ પણ સારો લાગે. અહીં દૃષ્ટિ હોય છે પણ નીર અને ક્ષીર વચ્ચેનો વિવેક કરવા જેટલી તે સ્પષ્ટ નથી હોતી. અહીં ગુણનો રાગ નથી, દોષનો વિરાગ નથી. માટે તેને **મિશ્ર ગુણસ્થાનક** કહે છે.

ત્યાર પછી આત્માના વિકાસક્રમમાં જે ચોથું સ્થાન આવે છે તેને **સમ્યક્ત્વ** કહે છે. તેમાં માણસ સુસ્પષ્ટ થઈ જાય છે. સાચું શું અને ખોટું શું તે બાબત તે સ્પષ્ટ હોય છે. આત્માને ઉપકારક શું અને અપકારક શું તેનો તેને ખ્યાલ આવી ગયો હોય છે. અહીં દૃષ્ટિની નિર્મળતા પ્રવર્તે છે. પણ જે સાચું લાગ્યું તેને અપનાવવાની તેની તત્પરતા કે શક્તિ હોતી નથી. ખોટું લાગે તેને છોડવાની શક્તિ હોતી નથી. અહીં સાધકની નજર આકાશ તરફ ઊઠેલી હોય છે પણ પગ હજુ પૃથ્વી ઉપર હોય છે. આ ગુણસ્થાનકને આત્માની ઉત્ક્રાંતિમાં ખૂબ મહત્ત્વનું ગણવામાં આવે છે. કારણ કે જીવનમાં શું મેળવવા જેવું છે અને શું છોડવા જેવું છે તે બાબત જીવ અહીં સ્પષ્ટ હોય છે પણ તેને જે યોગ્ય લાગે તે પ્રમાણે વર્તન કરી શકતો નથી. તેથી તેના મનમાં એક પ્રકારનો સંઘર્ષ રહે છે. છતાંય જે વાત તેને સ્પષ્ટ રીતે સમજાઈ ગઈ, સ્વીકાર થઈ ગયો તે મોડા-વહેલા પણ સાકાર કરવા જીવ પુરુષાર્થ કરવાનો - કર્યા વગર રહેવાનો નહીં. તેથી આ

ગુણસ્થાનકનું ખાસ મહત્ત્વ છે. વાસ્તવિકતામાં ધર્મની શરૂઆત અહીંથી જ ખરેખર થાય છે. **અહીં સુધીનાં ગુણસ્થાનકો સુધી દર્શનમોહનીય કર્મ સાથેનો સંઘર્ષ હોય છે પણ આનાથી આગળનાં ગુણસ્થાનકો ઉપર ચારિત્રમોહનીય કર્મ સાથેનો સંઘર્ષ હોય છે.**

વિકાસમાં પાંચમા સ્થાને આવે છે **દેશવિરતિ.** તેમાં સાધક સાચી અને સારી લાગેલી વસ્તુઓ અપનાવવા માંડે છે. આ ગુણસ્થાનકથી ચાલવાની વાત આવે છે. આચરણની વાત આવે છે. દૃષ્ટિ સ્પષ્ટ થઈ ગઈ, માર્ગ દેખાયો પણ પૂરેપૂરું ચલાય નહીં તેનું કારણ ચારિત્રમોહનીય કર્મ છે. જેમ જેમ ચારિત્રમોહનીય કર્મ તૂટતું જાય તેમ તેમ જીવ આચારમાં આગળ વધતો જાય છે. વિકાસમાર્ગ ઉપર સાધક ચાલવા માંડે છે પણ હજુય તેનું આચરણ તેના અંતર સાથે પૂર્ણ સુમેળમાં નથી હોતું. તેના હૈયે સત્યને અપનાવવાનો પૂર્ણભાવ હોય છે. છતાંય વ્યવહાર તેને અંશતઃ અનુરૂપ રહે છે તેથી તેને દેશવિરતિ એટલે કે થોડે ભાગે સંયમના ગુણસ્થાનક તરીકે ઓળખવામાં આવે છે.

છઠ્ઠા **સર્વવિરતિ** ગુણસ્થાનકે તો જીવ શક્તિશાળી બની ગયો હોય છે. મોહનાં ઘણાં વાદ્દળાં વીખરાઈ ગયાં હોય છે. સત્યનો સૂરજ ઊંચે આવી ગયો હોય છે. તેના પ્રકાશમાં સાધક આગળ વધતો હોય છે. તે મોહનિદ્રામાંથી જાગી ગયો હોય છે અને કેવળ સંયમનો પ્રકાશ તેના જીવનમાં રેલાઈ રહ્યો હોય છે. હવે તે મૂર્છામાં કે તંદ્રામાં ડગલાં નથી ભરતો પણ જોઈ-વિચારને એકેક ડગલું ભરતો હોય છે. છોડવા જેવું બધું છૂટતું હોય છે પણ પ્રમાદને લીધે ક્યાંક પુરુષાર્થમાં ઊણપ રહી જાય છે. તેથી તેને **પ્રમત્ત ગુણસ્થાન** કહે છે.

સાતમા ગુણસ્થાનકે તો સાધકે પ્રમાદ પણ ખંખેરી નાખ્યો હોય છે. તેને લાગે છે કે મંજિલ હજુ દૂર છે અને ચાલવામાં-આચરણમાં ઢીલા-પોચા ન રહેવાય. આગળના મોક્ષમાર્ગ ઉપર ચાલવા તે પૂર્ણ રીતે કટિબદ્ધ થયેલો હોય છે. વિસ્મૃતિ, ભ્રમ, આળસ, પ્રમાદ, ઇત્યાદિ તેને નીચે તાણી જવા મથતાં હોય છે. પણ સાધક સજગ રહી, જાગરૂક રહી આત્માના ગુણોના વિકાસ માટે સતત ઉદ્યમશીલ રહે છે. તેથી તેને **અપ્રમત્ત સર્વવિરતિ** ગુણસ્થાનક કહે છે. વિરતિ એટલે સંયમ. સર્વવિરતિ એટલે

સર્વ પ્રકારે સંયમ. અપ્રમત્ત એટલે સજાગ - જાગરૂક અને ઉદ્યમશીલ. આ ગુણસ્થાનકનો કાળ કેવળ અંતર્મુહૂર્તનો હોય છે. આત્માના ગુણોના વિકાસક્રમમાં આ ગુણસ્થાનક બહુ ક્રિટિકલ-નાજુક હોય છે. બે ઘડી જેટલો તેનો કાળ છે પણ જો તે ન સચવાયો તો આગળની બધી મહેનત એળે જાય અને સાધક નીચે ગબડી પડે તેમજ પ્રાપ્ત થયેલા ગુણોનો પણ હ્રાસ થઈ જાય.

સાતમા ગુણસ્થાનકે અર્ધો રસ્તો કપાઈ ગયો તેમ કહી શકાય. આગળનો માર્ગ ટૂંકો છે પણ તેનાં ચઢાણ કપરાં છે. આઠમે ગુણસ્થાનકે આવ્યા પછી જરા પાછા વળીને જોઈએ તો લાગશે કે આપણે આઠેય પ્રકારનાં કર્મોમાંથી કેવળ મોહનીય કર્મ સાથે લડવા માંડ્યું છે. **શરૂઆતની લડાઈ દર્શનમોહનીય કર્મ સામેની હતી પણ પાંચમાથી સંઘર્ષ ચારિત્રમોહનીય કર્મ સામે શરૂ થઈ ગયો હોય છે.** મોહનીય કર્મના આ બંને ઘટકો છે. બંનેને પરાસ્ત કર્યા વગર આગળ ન વધાય. આપણે મૂળ શત્રુ સામે યુદ્ધ આદર્યું છે કારણ કે મોહનીય કર્મ જ સૌથી વધારે પ્રબળ છે. બીજાં બધાં કર્મો તો તેની છાયામાં જ પાંગર્યાં હોય છે. એક વાર મોહનીય કર્મનું વૃક્ષ પડ્યું પછી બીજાં કર્મો તો આપોઆપ સુકાઈ જવાનાં કે તેના ભારથી જ કચડાઈ જવાનાં. મોહનીય કર્મનો જેમ જેમ પરાજય થતો જાય છે તેમ તેમ અન્ય કર્મો જીર્ણશીર્ણ થઈને ખસતાં જાય છે.

બીજી એ વાત પણ ધ્યાન બહાર ન જાય કે આત્માના વિકાસક્રમમાં ચાર ગુણસ્થાનક દર્શનની શુદ્ધિ માટેનાં છે. આ ઉત્થાન દરમિયાન દર્શનમોહનીય કર્મ પાછું હઠતું જાય છે અને જીવની દર્શનશુદ્ધિ થાય છે. એટલે કે જે વસ્તુ જે સ્વરૂપે છે તે તેને દેખાય છે - સમજાય છે. તેથી શું છોડવા જેવું છે, શું મેળવવા જેવું છે તે બાબતે તે સ્પષ્ટ થઈ જાય છે. પાંચમા ગુણસ્થાનકથી જીવ ચાલવા માંડે છે, સંયમમાર્ગ ઉપર પ્રયાણ કરે છે. જે ઈષ્ટ લાગ્યું તે મેળવવા તે આગળ વધે છે અને છોડવા જેવું બધું મૂકતો જાય છે. આમ પાંચમાંથી સાતમા સુધીનાં ગુણસ્થાનકો આચાર-શુદ્ધિનાં સ્થાનો છે. આમ સાતમા ગુણસ્થાનક સુધી પહોંચતા જીવની દર્શનશુદ્ધિ અને આચારશુદ્ધિ સારા પ્રમાણમાં થઈ ગઈ હોય છે. આ સાત

ગુણસ્થાનકો સુધીનો માર્ગ કાપતાં જીવને વર્ષોનાં વર્ષો તો શું ભવોના ભવ નીકળી જાય છે.

આઠમા ગુણસ્થાનકને **નિવૃત્તિબાદર** કહે છે. અહીં નિવૃત્તિ શબ્દ અધ્યવસાયોની ભિન્નતાના અર્થમાં વપરાયેલો છે. બાદર શબ્દ સ્થૂળ કષાયોની વિદ્યમાનતા બતાવે છે. આ ગુણસ્થાનકે જીવ અપૂર્વકરણ કરે છે. સમ્યકત્વની પ્રાપ્તિની વેળાએ ગ્રંથિભેદ થતાં જે અપૂર્વકરણ થાય છે તેના કરતાં આ અપૂર્વકરણ જુદું છે. અહીં જીવ કર્મનો સ્થિતિઘાત, રસઘાત કરી કર્મના દલિકોની ગુણશ્રેણી માંડીને, અસંખ્યાત ગુણવૃદ્ધિએ સંક્રમણ કરીને અપૂર્વ સ્થિતિબંધ કરે છે. અહીં જીવ શુક્લ ધ્યાનનો પહેલો પાયો ધ્યાવે છે. સંજ્વલન લોભ સિવાયની બાકી સર્વ કષાય-નોકષાય મોહનીય કર્મની પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય કરીને જીવાત્મા અહીંથી નવમા ગુણસ્થાનકે આવે છે.

નવમા ગુણસ્થાનકને **અનિવૃત્તિ બાદર** અથવા અનિવૃત્તિકરણ કહે છે. અહીં અધ્યવસાયોની સમાનતા પ્રવર્તે છે. આ ગુણસ્થાનકે આવેલા સર્વ જીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય છે. અહીં કષાયો વિદ્યમાન હોય છે પણ અત્યંત પાતળા પડી ગયેલા હોય છે. અહીં જીવના 'અહં' અને 'મમ' બંને ઓગળી ગયા હોય છે અને સાધક, જીવ માત્ર તરફ આત્મભાવથી જુએ છે. જડ માત્ર તેને વિભાવ લાગે છે. અહીં તેને જડ અને ચેતનનો ભેદ સ્પષ્ટ વર્તાતો હોય છે. આ અવસ્થામાં જીવને જડ કે ચેતન પ્રતિ - નથી રાગ હોતો કે નથી દ્વેષ હોતો. અહીં તેને સમતાની ઉપલબ્ધિ થાય છે. આ સમ્યક અવસ્થા છે. સાચા અર્થમાં અહીં સામાયિક ઘટે છે. જીવ સમયમાં અર્થાત્ કે આત્મામાં વર્તે છે.

આગળ ચાલતાં દશમું ગુણસ્થાનક આવે છે જેને **સૂક્ષ્મ સંપરાય** કહે છે. સંપરાય એટલે કષાય. અહીં આત્મા અત્યંત વિશુદ્ધ થઈ ગયેલો હોય છે. છતાંય અત્યંત સૂક્ષ્મ કષાયોથી યુક્ત હોય છે. કષાયો દસમા ગુણસ્થાનક સુધી જીવની સાથે રહે છે. આ કષાયોમાં છેલ્લે પડનાર લોભ હોય છે. તેને હઠાવવા ઘણો આત્મિક પુરુષાર્થ કરવો પડે છે. કર્મની સામે યુદ્ધ - ચડેલો જીવ અહીં પોતાના પથનું છેલ્લે છેલ્લે કાળજીપૂર્વક નિરીક્ષણ કરી લે છે. ભૂગર્ભમાં ક્યાંક મોહની સૂરંગ રહેલી હોય તો તેનું

નિરસન કરી તેને તે નિષ્ફળ બનાવી દે છે. પોતાના અંતરમાં રહેલા મોહના નાનામાં નાના કણિયાને શોધીને તે નષ્ટ કરી નાખે છે. આ ગુણ સ્થાનક ખૂબ મહત્ત્વનું છે. જો અહીં મોહનો એકાદ કણિયો રહી ગયો હોય તો જીવ અગિયારમે આવવાતો અને ત્યાંથી મોહનો કણિયો ભભૂકી ઊઠતાં જીવ પાછો પડવાનો. જો દસમું ગુણસ્થાનક સચવાઈ ગયું તો જીવ સીધો બારમે પહોંચવાનો અને પછી તો છેવટે સિદ્ધશિલા ઉપર જઈને જ વિરમવાનો.

મઝાની વાત એ છે કે આઠ, નવ, દસ અને અગિયાર અથવા આઠ, નવ, દસ અને બાર એમ ચાર સ્થાનકો જીવ અંતર્મુહૂર્તમાં એટલે બે ઘડીમાં જ પાર કરી લે છે. અહીં આચારના વેગ કરતાં ભાવના વેગનું મહત્ત્વ વિશેષ રહે છે. ચઢાણ સીધાં અને કપરાં હોય છે પણ ભાવની ઉત્કૃષ્ટતા એટલી હોય છે કે આ ચારેય સ્થાનો આત્મા ટપોટપ ચડી જાય છે અને જીવ કાં તો અગિયારમે અથવા બારમે આવીને ઊભો રહે છે.

અગિયારમા ગુણસ્થાનકને **ઉપશમનું** ગુણસ્થાનક કહે છે. એટલે ત્યાં અશુદ્ધિ છે પણ તે નીચે બેઠી છે. કર્મોનું અસ્તિત્વ છે પણ તે દબાઈ ગયેલાં છે. ભોંય સાથે ભળી ગયેલાં દેડકાં જેમ પ્રથમ વરસાદ થતાં બેઠાં થઈ જાય છે તેમ નીચે બેસી ગયેલ કષાયો, તળિયે પડેલી અશુદ્ધિઓ છેવટે ઉપર આવી જવાનાં અને જીવ ત્યાંથી નીચે ગબડી પડવાનો. કેટલો નીચે પડે અને ક્યાં અટકે તે કહેવાય નહીં. જ્યારે **બારમા ગુણસ્થાનકે** પહોંચેલો જીવ પાછો પડતો નથી. કપરાં ચઢાણ તે ચડી ચૂક્યો હોય છે. તેના કષાયો નિર્મૂળ થઈ ગયા હોય છે. જીવ પરિપૂર્ણ રીતે શુદ્ધ થઈ ગયો હોય છે. જીવને નીચે ધકેલી દે, આત્માનો ઘાત કરે તેવાં બધાં કર્મો અહીં નષ્ટ થઈ ગયાં હોય છે. તે સમયે જીવ સાથે જે કર્મો રહેલાં હોય છે તે તો કેવળ હથિયાર મુકાવી દીધેલ સૈનિક જેવાં હોય છે, જે જીવનો ઘાત કરવા સમર્થ નથી હોતાં. આ સ્થાનને **'ક્ષીણમોહ'** તરીકે ઓળખવામાં આવે છે. અહીં ક્ષીણનો અર્થ 'નષ્ટ' લેવાનો છે; 'નિર્બળ' કરવાનો નથી.

પ્રથમથી ચાર ગુણસ્થાનકો દર્શનની શુદ્ધિ માટેનાં છે. ચોથા ગુણસ્થાનક ઉપર આત્માની આછી પણ ઝાંખી થઈ ગઈ હોય છે. સાત

ગુણસ્થાનક સુધી આચારશુદ્ધિ સંયમની સાધના મહત્ત્વની બની રહે છે, જ્યારે આઠમાથી બારમા સુધીનો માર્ગ આત્માની અનુભૂતિનો માર્ગ છે. આઠમા ગુણસ્થાનકથી જીવને આત્માની અનુભૂતિ થવા લાગે છે. જીવને આત્માના સામાર્થ્યની ઝાંખી થવા લાગે છે. અને બારમે પહોંચતાં સુધીમાં તો આત્માનાં અજવાળાં ઊતરવા લાગે છે. **એકથી ત્રણ ગુણસ્થાનક સુધીની દશાને જીવની બહિરાત્મદશા કહે છે. ચારથી સાત ગુણ-સ્થાનક જીવની અંતરાત્મદશા હોય છે. આઠથી બારમા ગુણ-સ્થાનક સુધી જીવને પરમાત્મદશાની આંશિક પણ અનુભૂતિ હોય છે.** બીજી રીતે કહીએ તો સાતમા ગુણસ્થાનક સુધીની યાત્રા પૂર્વતૈયારી જેવી છે પણ આઠમાથી જીવને આત્માના પ્રસાદની પ્રતીતિ થવા માંડે છે. **સાત સુધી જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે પણ આઠમાથી ધ્યાનની સાધના શરૂ થાય છે.** અહીંથી આત્મા અદ્‌ભુત ધ્યાનમાં લીન બનીને, મોહનીય કર્મનો ઉપશમ કરનારી કે સદંતર ક્ષય કરનારી શ્રેણી ઉપર – સીડી ઉપર ચઢવા માંડે છે.

બારમા અને તેરમા ગુણસ્થાનક વચ્ચે આમ જોઈએ તો સમયનું ખાસ અંતર નથી. બારમું સિદ્ધ થયું તેની સાથે જ તેરમું આવી જવાનું. બે પ્રદેશોની સરહદો ઉપરના પાટિયા જેવું આ સ્થાન છે. આ બાજુ બારમું અને બીજી બાજુ તેરમું. જે રેખા ઉપર એક પ્રદેશ પૂરો થાય તે જ રેખા ઉપર બીજો પ્રદેશ શરૂ થાય. બારમા ઉપર મોહનો સંપૂર્ણ નાશ થયો. આત્માનો સૂર્ય સોળે કળાએ પ્રકાશવા લાગ્યો. પ્રકાશ થયો, અંધારાં ઊલેચાઈ ગયાં. બારમે કષાય અને ઘાતી કર્મથી – જ્ઞાનાવરણીય, દર્શના-વરણીય, મોહનીય અને અંતરાય કર્મથી – સંપૂર્ણ મુક્તિ થઈ કે તુરત જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં પ્રદેશ બદલાઈ ગયો અને તેરમા ગુણસ્થાનકનો પ્રદેશ શરૂ થઈ ગયો.

તેરમું ગુણસ્થાનક **સયોગી** કેવળીનું ગુણઠાણું છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ પણ આયુષ્ય બાકી હોય તો તે પૂર્ણ થતાં સુધી આત્મા આ ભૂમિ ઉપર શરીરના યોગ સાથે વિચરે અને દેહના માટેની આવશ્યક ક્રિયાઓ કંઈ પણ ભાવ વિના થતી રહે તેથી તેને 'સયોગી કેવળી' કહે છે. એમાંય વળી જે જીવોએ તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય તેઓ અહીં રોકાઈને

'તીર્થ'ની સ્થાપના કરે. કેટલાક જીવો જ તેરમા પછી તુરત જ ચૌદમા ગુણસ્થાનકે આવીને પળવારમાં શરીર છોડીને લોકાગ્ર ઉપર ચાલ્યા જાય છે.

તેરમા ગુણસ્થાનક ઉપર શરીરનો યોગ હોવાથી તેને **'સયોગી કેવળી'**નું ગુણસ્થાનક કહે છે. અહીં શરીર છે તેથી તેની સાથે નામ-આકાર ઇત્યાદિ હોવાનાં. ગોત્ર તો જન્મથી શરીરને મળેલું હોય છે તેથી તે પણ શરીર રહે ત્યાં સુધી રહેવાનું. શરીર રહે એટલે શરીરના સહજ ધર્મો પણ તેની સાથે રહેવાના. આયુષ્યકર્મ રહે ત્યાં સુધી જીવનો શરીર સાથેનો સંયોગ રહેવાનો અને શરીર રહે ત્યાં સુધી તેની સાથે નામ, ગોત્ર, વેદનની ક્ષમતા પણ રહેવાની. **આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર અઘાતી કર્મો કહેવાય છે.** અઘાતી એટલે કે જે આત્માના ગુણોનો ઘાત કરવા માટે સમર્થ નથી. આયુષ્ય પૂર્ણ થવાની નજીકની વેળાએ તેરમા ગુણસ્થાનક ઉપર રહેલ સયોગી કેવળી આત્માઓ જો નામ, ગોત્ર કે વેદનીય કર્મ બાકી રહી ગયાં હોય તો **'કેવળી સમુદ્‌ઘાત'** નામની પ્રક્રિયા કરીને બાકી રહેલાં તે કર્મોને આયુષ્યકર્મની બરાબર કરી નાખે છે જેથી આયુષ્ય પૂરું થાય તે વેળાએ કર્મનો એક પણ કણિયો બાકી ન રહે.

ચૌદમું ગુણસ્થાનક અતિ અલ્પ સમય માટેનું છે. પાંચ હ્રસ્વ સ્વરોના ઉચ્ચારણ જેટલી તેની અવધિ ગણાય છે. આ ગુણસ્થાનકને **અયોગી કેવળીનું ગુણસ્થાનક** કહે છે. અહીં આત્મા મન, વચન અને કાયાના યોગોનો સર્વથા નિરોધ કરી **શૈલેશીકરણ સાધે છે** એટલે કે મેરુ પર્વત જેવો અડોલ અને નિશ્ચલ બની રહે છે. આત્માનો આ અંતિમ પુરુષાર્થ છે. ત્યાં મન, વચન અને કાયાના યોગોનું કોઈ પ્રવર્તન રહેતું નથી. આ અવસ્થાને **'પરમ અક્રિયારૂપ અમૃત અવસ્થા'** તરીકે શાસ્ત્રોમાં ઓળખાવી છે. શૈલેશીકરણને અંતે આત્મા સર્વકર્મરહિત થઈને કર્મના આશ્રયસ્થાન સમા દેહને છોડીને મોક્ષને પ્રાપ્ત કરે છે એટલે કે બંધનમાંથી મુક્ત થઈ જાય છે અને તે જ સમયે સિદ્ધશિલા ઉપર સ્થિતિ કરી લે છે. અંધકાર ઓસરે અને પ્રકાશ પથરાય એમ અયોગી કેવળીનું ગુણસ્થાનક છૂટવાની અને આત્માના સિદ્ધશિલા ઉપર સ્થિત થવાની

બંને ઘટના એકસાથે ઘટે છે.

ચૌદમા અયોગી કેવળીના ગુણસ્થાનકને છોડ્યા પછી તત્કાલ આત્મા લોકાકાશના અગ્રભાગે વિરમે છે. ત્યાર પછી તે સિદ્ધાત્મા કે સિદ્ધ પરમાત્મા કહેવાય છે. સિદ્ધ અવસ્થા એ શૂન્ય અવસ્થા નથી કે કોઈ પરમાત્મામાં વિલીન થઈ જવાની સ્થિતિ નથી. ત્યાં ફક્ત દુઃખનો નિરોધ થવાની વાત નથી. **સિદ્ધ અવસ્થા વિધાયક અવસ્થા છે.** ત્યાં જીવ અનંત ચતુષ્ટયી એટલે કે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય (ઉત્સાહ) અને અનંત સુખને સહજ રીતે ભોગવે છે કે તેનો આવિર્ભાવ કરે છે. અહીં **આત્માની સ્વરૂપરમણતા હોય છે.** હવે આત્મા શુદ્ધ-બુદ્ધ થઈ પરમાત્મા થઈ ગયો હોય છે.

શરૂમાં બહિરાત્મભાવમાં રાચતો જીવ, ચોથા ગુણસ્થાનકથી અંતરાત્મ દશામાં ચઢતો ચઢતો અંતે તેરમા ગુણસ્થાનક પર પહોંચીને પરમાત્મદશા પ્રાપ્ત કરે છે. તેથી તેરમા ગુણસ્થાનક ઉપર ઊભેલા અને સંસારમાં વિચરતા આત્માઓને કેવળી ભગવંતો તરીકે ઓળખવામાં આવે છે. અયોગી કેવળીની અવસ્થા તો પળવારની છે. તેની ઉપર રહેલ જીવોને પણ કેવળી ભગવંતો જ કહેવાય. અયોગી કેવળીની અવસ્થા પછી આત્માના ઊર્ધ્વારોહણનું અંતિમ સ્થાન લોકના અગ્રભાગે આવેલ સિદ્ધશિલા છે.

આત્માના ગુણોનો ઉત્કૃષ્ટ વિકાસ સાધી કે આત્માના ગુણોનો સંપૂર્ણ આવિર્ભાવ કરી સિદ્ધશિલા ઉપર અનંતકાળ માટે, અનંદ સંપદામાં સ્થિતિ કરેલ સર્વ આત્માઓ, પરમાત્માઓ બની રહે છે. ત્યાં તીર્થંકરના આત્મા કે સિદ્ધના આત્મા વચ્ચે કંઈ ભેદ રહેતો નથી. તે ચરમ અવસ્થામાં સૌ સરખા પણ સૌ એક નહીં, સૌ જુદા. અત્યાર સુધીમાં અનંત જીવો પરમાત્મા થઈ ગયા છે અને હજુ અનંત જીવો પરમાત્મા થવાના. આમ જૈન ધર્મ પ્રમાણે અનંત પરમાત્માઓ છે જ્યારે અન્ય ધર્મોના મતે પરમાત્મા આદિ અને અંતરહિત - અનંત છે. અન્ય ધર્મો સાથેનો આપણો આ પાયાનો તફાવત છે.

-----

# ૧૫. મંગલની વર્ષા

નવકાર મંત્રની વાત કર્યા વિના જૈન તત્ત્વજ્ઞાનની મીમાંસા અપૂર્ણ રહી જાય. બીજી બાજુ નવકાર વિશે એટલું બધું લખાયું છે કે તેમાં કંઈ ઉમેરો કરવા મન થાય નહીં. તેથી નવકાર વિશે કંઈક વિશેષ વિચારણા કરવા મારો આ પ્રયાસ છે.

નવકાર મંત્ર સૂત્રાત્મક છે. નવકારને ચૌદ પૂર્વનો સાર કહે છે તે તેની સૂત્રાત્મકતાને કારણે. નવકારના પ્રથમ ચરણ 'નમો અરિહંતાણં'માં જૈન તત્ત્વજ્ઞાનનું નિર્દેશન થઈ જાય છે અને તેના સાધનામાર્ગને અપનાવવાનો એકરાર થઈ જાય છે.

આ પદમાં કોઈ એક અરિહંતને નમસ્કાર કર્યા નથી પણ અરિહંતોને નમસ્કાર કર્યા છે. અરિહંત એટલે ભગવાન. અરિહંતો એમ બહુવચનમાં ઉલ્લેખ થતાં એ વાતનું પ્રતિપાદન થઈ ગયું કે જૈન ધર્મમાં કોઈ એક ભગવાન નથી પણ ઘણાબધા ભગવાનો છે - અનંતા ભગવાનો છે. ત્યાં તુરત જ વિચાર આવે કે અનંત પરમાત્માઓ કયાંથી આવ્યા? પ્રત્યેક જીવમાં પરમાત્મા બનવાની સંભાવના છે એટલે જે જીવો અરિહંત પરમાત્મા બન્યા, તીર્થંકરો બન્યા તે બધા ભગવાનને નમસ્કાર. અહીં બે વાતો આવી કે અરિહંતો અનંતા છે અને ઘણા બધા જીવમાં અરિહંત પરમાત્મા બનવાની સંભાવના રહેલી છે.

સ્વાભાવિક છે, વિચાર આવે કે ભગવાન કેવી રીતે થઈ શકાય? તો જેણે દુશ્મનોને હણ્યા છે તે ભગવાન થઈ ગયા. 'અરિહંત' શબ્દ જ સૂચક છે - શત્રુઓ હણનાર. શત્રુ કોણ હશે? તો કષાય અને કર્મ જીવના મૂળ શત્રુ છે જે જીવનો માર્ગ રોકીને બેઠા છે અને તેને ભગવાન થવા દેતા નથી. જીવનો મૂળ શત્રુ તો કર્મ છે જેની અંતર્ગત કષાય ઈત્યાદિ આવે છે પણ કષાય કર્મબંધના જનક છે. તેથી તેનો અલગ ઉલ્લેખ કરવામાં આવે છે. કષાયની મહત્તાને લક્ષમાં રાખીને આચાર્ય હરિભદ્રસૂરિ જેવાએ તો કષાયમુક્તિને જ આત્માની મુક્તિ

ગણાવી છે. અહીં એ વાતનું પણ સૂચન થઈ ગયું કે શત્રુઓને જાતે જ હણવા પડે. તેમાં કોઈ સહાય કરે નહીં. આ શબ્દની અંતર્ગત એ વાત આવી ગઈ કે ભગવાન બનવા માટે જીવે જાતે જ ઉદ્યમ કરવાનો છે અને તેમાં કોઈની કૃપાની અપેક્ષા રાખવાની નથી, કોઈ બહારથી સહાય કરનાર નથી. અન્ય ધર્મોના 'ઈશ્વરકૃપા'ના સિદ્ધાંતનો અહીં છેદ ઊડી જાય છે અને પુરુષાર્થની પ્રધાનતા સ્થાપિત થઈ જાય છે.

જો દુશ્મનોને એટલે કે કષાયો અને કર્મને હણવાની વાત આવી તો તે હણવાનો માર્ગ હશે અને તેની રીત પણ હશે. આમ, જૈન ધર્મના મોક્ષમાર્ગની પ્રરૂપણા થઈ ગઈ. આ માર્ગ બતાવનાર અરિહંતો છે માટે તેમને નમસ્કાર. અહીં અરિહંતનું કોઈ નામ નથી પાડ્યું તેથી તે નમસ્કાર અંતર્ગત રીતે મોક્ષમાર્ગને અનુલક્ષીને જ થયો. મોક્ષમાર્ગના પ્રણેતા અરિહંત અને તેમને નમસ્કાર એટલે તેમાં મોક્ષમાર્ગના અસ્તિત્વની અને તેના સ્વીકારની વાત આવી ગઈ.

આમ, નવકારના પ્રથમ પદમાં જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન, કષાય, કર્મ, મોક્ષમાર્ગ ઇત્યાદિ ઘણીબધી વાતો સમાઈ જાય છે. અહીં આપણે પ્રથમ પદનો સૂત્રાત્મક રીતે વિચાર કરી જોયો છે. જે કેવળ એક ઉદાહરણ છે. બાકી જ્ઞાનીઓ તો નવકારમાંથી જ્ઞાન અને આરાધનાનાં કેટલાંય દ્વાર શોધી આપે. કંઈક આવી રીતે વિચારણા થાય તો નવકારમાંથી ચૌદ પૂર્વનો સાર નીકળી આવે.

**નવકાર મંત્રમાં નમવાની મહત્તા છે.** નવ પદોને કારણે તે નવકાર કહેવાય છે, તો 'નમો'ને કારણે તે નમસ્કાર મંત્ર કહેવાય છે. નમવું એટલે ઝૂકવું. અહંકાર સ્વભાવથી અક્કડ હોય છે. તે ઝૂકતો નથી. અહીં તો પદે-પદે નમવાની વાત છે. પ્રત્યેક પદમાં પ્રથમ ઝૂકવાનું એટલે અહંકારનું વિસર્જન કરવાનું. નમવાની સાથે બીજી એક સૂક્ષ્મ વાત જોડાયેલી છે. ભાવથી વંદન થતાં જ મનની ગ્રાહકતા વધે છે. ઘમંડ અને ગ્રાહકતા સામસામે છે. નમન કરવાથી સામાની વાતને આવવાનો માર્ગ મોકળો થઈ જાય છે. નમ્યા વિના ગ્રાહકતા ન આવે અને ગ્રાહકતા કેળવ્યા વિના કંઈ મળે નહીં.

નવકારમાં રહેલ પાંચ પરમેષ્ઠીઓને નમસ્કાર થતાં તેમના

અવતરણનો માર્ગ સરળ થઈ જાય છે. પરમેષ્ઠીઓને આપણા નમસ્કારની કંઈ જરૂર નથી પણ આપણું મસ્તક કોઈની સમક્ષ ઝૂકે છે તે વાત ઘણી મહત્ત્વની બની જાય છે. અને મસ્તક નમાવવા માટે પરમેષ્ઠીથી વધારે સારું કયું સ્થાન આપણને મળવાનું હતું? નમસ્કાર થતાં જ પરમેષ્ઠીના માર્ગનો સ્વીકાર થઈ જાય છે. નમન વિના ગ્રાહકતા નહીં. ગ્રહણ કર્યા વિના કંઈ પ્રાપ્તિ ન થાય. વસ્તુ કે વિચાર કંઈ પણ હોય તેની પ્રાપ્તિ માટે નમસ્કાર આવશ્યક બની રહે છે. નવકારમાં નમવાની ઘણી મહત્તા છે. તેથી પદે પદે 'નમો' આવે છે. વળી નમવાનું ગુણવાચક પાંચ પરમેષ્ઠીઓને તેથી નવકારને **'પંચ મહાશ્રુત સ્કંધ'** એ રીતે પણ ઓળખવામાં આવે છે.

નવકાર મંત્રના રટણ સાથે જ આપણી અંદરના ભાવો બદલાવા લાગે છે. નવકાર મંત્રમાં આવેલા અક્ષરોનું એવું સંયોજન થયેલું છે કે જે ભીતરના ભાવને સ્પર્શી જાય અને તેને શુભ કરી દે. નવકાર મંત્રના રટણ સાથે આપણે કોઈ પાપમાં નહીં ઊતરી શકીએ. તેમાંય જો ભાવથી મંત્રનું રટણ થતું હશે તો પાપ કરવાની આપણામાં તે સમયે તાકાત જ નહીં રહે. આ મંત્રાક્ષરોનાં ધ્વનિઆંદોલનો પણ શુભ ભાવનાં પ્રવર્તક છે. તેથી નવકારના આરાધકની લેશ્યા ઉત્તરોત્તર શુભ થતી જાય છે. શુભ લેશ્યા જીવને પુણ્યકર્મમાં જોડનારી છે. નવકાર મંત્ર જીવને અશુભથી બચાવી લઈને શુભમાં જોડી દે તે કંઈ જેવો તેવો લાભ છે?

નવકાર મંત્ર સાથે બીજી એક વૈજ્ઞાનિક વાત જોડાયેલી છે. નવકારના રટણથી જે સૂક્ષ્મ ધ્વનિતરંગો પેદા થાય છે તે વાતાવરણમાં રહેલાં શુદ્ધ અને શુભ તત્ત્વો સાથે અનુસંધાન કરી લે છે. આ વિશ્વ ક્યાંય ખાલી નથી. તે અનેક સારા-નરસા તરંગોથી વ્યાપ્ત છે. વાણી તો તેની પાછળ આંદોલન મૂકી જાય છે પણ વિચારેય તેની પાછળ સૂક્ષ્મ પરમાણુઓ છોડી જાય છે (મનોવર્ગણાના પરમાણુઓ). આ પરમાણુંઓ ઘણા લાંબા કાળ સુધી ટકી રહે છે અને અવકાશમાં ઘૂમરાયા કરે છે. નવકાર મંત્રના રટણ દ્વારા જે ધ્વનિતરંગોનું ટ્રાન્સમિશન થાય છે તે વાતાવરણમાં સંગૃહીત પાંચ પરમેષ્ઠીઓ દ્વારા છોડાયેલા પરમાણુઓ સાથે અનુસંધાન કરી લે છે. પરમેષ્ઠીઓ મંગળના પ્રવર્તક છે. તેમણે

મૂકેલા-છોડેલા પરમાણુઓ મંગળના દ્યોતક હોય છે. તેની સાથે નવકારના ધ્વનિતરંગોનું અનુસંધાન થતાં વિનીત આરાધક ઉપર મંગલની વર્ષા થાય છે. મંગલ એટલે આત્માનું મંગલ. આમ મંગલની વર્ષા કરતો નવકાર મહામંત્ર બની રહે છે.

આપણે ખૂબ ધ્યાન રાખવા જેવી અને સમજવા જેવી વાત છે કે **નવકાર પરમાત્મપ્રાપ્તિનો મંત્ર છે.** તેની પાસે ભૌતિક સમૃદ્ધિની કે સફળતાની આશા રાખવી તે બરોબર નથી. ઘણીવાર એવું બને કે નવકારની આરાધનાથી પાપકર્મ આઘાંપાછાં થઈને સંસારમાં અનુકૂળતા મળી જાય તો તે આનુષંગિક લાભ ગણાય. પણ તે કંઈ તેનો આશય નથી. ઘણીવાર એમ લાગે છે કે નવકાર સાથે ભૌતિક ચમત્કારોની વાતો જોડીને આપણે આ મહામંત્રનું અવમૂલ્યન કરી નાખ્યું છે. લોકો ચમત્કારોની આશાથી નવકાર તરફ વળે પણ જો ચમત્કાર ન થાય તો પછી તેનાથી વિમુખ થઈ જાય. જેની આપણને ખાતરી ન હોય કે જે બાબત હાલના વૈજ્ઞાનિક યુગમાં ઘટાવી શકાય તેમ ન હોય તેને આગળ કરવાથી આપણો સાચો કેસ પણ ખોટો ઠરે. પરમાત્મદશાની પ્રાપ્તિ એ જ મોટામાં મોટો ચમત્કાર છે. નવકારને તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજીને આગળ કરવાથી લોકમાનસમાં તે વધારે સારી રીતે આરૂઢ થશે.

હવે આપણે નવકાર મંત્રનાં પદોની સંરચના ઉપર થોડોક વિચાર કરીએ. તેનાં પ્રથમ બે પદો પરમાત્મશક્તિનાં વાચક છે. જ્યારે બાકીનાં ત્રણ આત્મશક્તિનાં દ્યોતક છે. અરિહંત અને સિદ્ધ એ બંને પરમાત્મ-શક્તિ છે અને આ બંને પદો આપણા માટે સૂક્ષ્મ છે. એમાંય અરિહંતનું શિખર તો દૂરથીય દેખાય એટલે તેનાં દર્શન થઈ શકે. ત્યાં પહોંચવાનો વિચાર થઈ શકે અને તેને નજરમાં રાખી, તેમના સુધી પહોંચતા માર્ગ ઉપર ચાલી પણ શકાય. સિદ્ધનું શિખર તો તેનાથીય આગળનું છે. જે આપણી દૃષ્ટિને ગોચર નથી પણ સિદ્ધની કલ્પના કરવા માટે પણ જો કોઈ સહાય કરી શકે તેમ હોય તો તે અરિહંત જ છે. તેથી નવકારની યાત્રા અરિહંતથી શરૂ થાય છે. અરિહંત અને સિદ્ધ પરમાત્મશક્તિનાં બંને શિખરો આમ તો સાથે જ ઊભાં છે. પણ આપણે જેને જોઈ શકીએ છીએ તેને પ્રથમ નમસ્કાર. જેનો પરિચય તાજો હોય, સ્મૃતિ નજીકની જ

હોય તેની સાથે આત્મીયતા વધારે લાગે - તે સ્વાભાવિક છે. એ રીતે આચાર્ય તો આપણને ઘણા નજીકના લાગે. અરિહંતો દૂર છે પણ તેમનાં પગલાં હજુ વર્તાય છે. સિદ્ધો અગમ્ય છે. આ બંને પરમાત્મશક્તિને સમજવા માટે જો કોઈ આપણી સૌથી નજીક હોય તો તે છે આચાર્ય. આચાર્ય એટલે જેમનું આચરણ જ પરમાત્મશક્તિનું સૂચક છે. તેમના સાંનિધ્યમાં પરમાત્મભાવની ઝાંખી થાય. છતાંય આવી ઝાંખીથી ઝાઝો ખ્યાલ ન આવે તો ઉપાધ્યાય તો ખૂબ નજીક છે. આચાર્યમાં તેમનું આચરણ તે જ ઉપદેશ. ઉપાધ્યાય તો બોલીને પણ આપણને ઉપદેશ આપે, સમજાવે. ઉપાધ્યાય પણ સુલભ ન હોય કે દૂર લાગે તો આપણી સૌથી વધારે નજીક છે સાધુશક્તિ. અસ્તિત્વમાં જ્યાં જ્યાં સાધુશક્તિ છે તેને નમસ્કાર કરતાં વિશ્વનો કોઈ ખૂણો આપણા માટે વંદનવિહોણો ન રહ્યો. આપણી ગ્રાહકતા અસીમ બની ગઈ.

આમ પાંચ પરમેષ્ઠી એટલે જે સંસારમાં આપણા માટે પરમ ઈષ્ટ છે, આરાધ્ય છે તેમને વંદન કરવા - નમસ્કાર કરવા. આ નમસ્કાર વિશિષ્ટ છે કારણ કે તેમાં આપણે સૂક્ષ્મથી સ્થૂળ તરફ ગતિ કરીએ છીએ. પરમાત્મા સૂક્ષ્મ છે, અતિસૂક્ષ્મ છે. તેને સમજવા માટે કે સ્પર્શવા માટે આપણે છેક નીચે ઊતરીએ છીએ, એક વખત છેક નીચેના પગથિયે સાધુશક્તિને સ્પર્શ થઈ ગયો, તેનો આવિષ્કાર થઈ ગયો પછી આરાધના શરૂ થઈ જાય છે. અને આરાધનાનો આ માર્ગ ઊર્ધ્વારોહણનો માર્ગ છે.

નવકારની એ પણ આગવી વિશિષ્ટતા છે કે તેમાં ક્યાંય કોઈ વ્યક્તિવિશેષને નમસ્કાર નથી કરવામાં આવ્યો. અહીં જે કંઈ વંદન છે તે ગુણોને વંદન છે, ગુણોનું અભિવાદન છે. ગુણોનું અભિવાદન થતાં આપણામાં ગુણોનું સંક્રમણ થવા લાગે છે - ગુણો આપણામાં ઊતરવા લાગે છે. ભાવપૂર્વક ગુણને વંદન કરતાં જ આપણી કલ્યાણમાર્ગની યાત્રા શરૂ થઈ જાય છે. નવકાર મંત્ર કામ્ય મંત્ર નથી એટલે કે કામનાઓની પૂર્તિ કરવા માટેનો મંત્ર નથી. નવકાર તો કામનાઓની પાર પહોંચી જવાનો, કામનાઓથી ઉપર ઊઠવાનો મંત્ર છે. નવકારનું લક્ષ્ય પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ છે. તેથી તો તે મહામંત્ર કહેવાય છે.

નવકારની ભૂમિકામાં ખાસ કહેવામાં આવ્યું છે કે **'સવ્વ પાવપ્પણાસણો'** એટલે સર્વ પાપોનો નાશ કરનારો છે. પાપ અને પુણ્ય એ બંને કર્મની પ્રકૃતિ છે. જૈન ધર્મ પુરુષાર્થનો પુરસ્કર્તા છે અને કર્મવાદ ઉપર તો તેની ગૂંથણી થયેલી છે. આ ચૂલિકા પણ એ વાતની પ્રતીતિ કરાવે છે કે કર્મસત્તા ક્યાંય અપવાદ કરતી નથી. નવકાર મંત્ર જે કંઈ કાર્ય કરે છે તેમાં કર્મને સ્થાન રહેલું જ છે. સૌપ્રથમ તો સર્વ પાપકર્મોનો નાશ કરે છે. પાપકર્મોનો નાશ થતાં પુણ્યકર્મની પ્રકૃતિ માટેનો માર્ગ મોકળો થાય અને જીવને આરાધનામાર્ગમાં પણ અનુકૂળતાઓ મળી રહે. નવકારમાં કર્મસત્તાની ઉપરવટ થઈને જવાની વાત નથી પણ કર્મમાં ફેરફારો કરી પાપકર્મોને નષ્ટ કરીને આગળ વધવાની જ વાત છે. પાપકર્મના ખસ્યા વિના જીવ માટે કોઈ સાનુકૂળતા ઊભી ન થાય. આમ નવકાર પ્રથમ તો જીવને અશુભમાંથી શુભમાં લાવે છે અને ત્યાર પછી પરમાત્મપ્રાપ્તિ માટેનો આગળનો શુદ્ધનો માર્ગ તૈયાર થતો જાય છે. આ ચૂલિકામાં એ વાતનું સ્પષ્ટ નિર્દેશન થઈ જાય છે કે કર્મની ઉપરવટ જઈને કંઈ પ્રાપ્ત ન કરી શકાય. કર્મમાં ફેરફાર કરી, કર્મને હરાવીને જ આગળ વધી શકાય. નવકારથી ભાવપરિવર્તન, લેશ્યાપરિવર્તન, કર્મસંક્રમણ અને અન્ય કરણો જેવાં કે અપવર્તના, ઉદીરણા ઈત્યાદિની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. જેનાથી ઘણીવાર વિપત્તિઓનાં વાદળો ખસી જાય છે. **નવકારથી ભૌતિક વિપત્તિઓ કે પ્રતિકૂળતાઓ દૂર થાય પણ ખરી અને ન પણ થાય; છતાંય એક વાત તો નિશ્ચિત છે કે વિપત્તિઓ સહન કરવાની શક્તિ તો આપણને તેનાથી અવશ્ય મળી રહે છે.**

નવકારને પ્રથમ મંગલ કહ્યું છે એટલે કે તેનાથી મંગલની શરૂઆત થઈ જાય. કોનું મંગલ? આત્માનું. આત્માના મંગલની શરૂઆત એટલે જ જીવનું બહિરાત્મદશામાંથી અંતરદશામાં આવવું. બાહ્ય જગત ઉપરથી દૃષ્ટિ ફેરવી લઈને પોતાના આત્મા તરફ જોવું – આત્માભિમુખ થવું. જીવ પોતાની તરફ પાછો વળે. સંસાર જેની આસપાસ રચાયો છે તે 'હું' એટલે કે પોતાના આત્મા તરફ દૃષ્ટિ કરે અને તેનાં સુખ-દુઃખનો વિચાર કરે. કષાયોથી પાછો ફરે, વસ્તુઓ અને સંબંધોથી વિરમે અને કેવળ આત્માનો વિચાર કરે તે અંતરાત્મદશા. આ દશા તે જ પ્રથમ મંગળ છે.

નવકાર અહીંથી સાથ આપીને જીવને છેક પરમાત્મદશા સુધી પહોંચાડે. આ છે નવકારનો સાર.

**નવકારનો વિસ્તારઃ**

નવકારના વિસ્તારમાં નવકાર કેવી રીતે ગણવાથી વધારે ફળદાયી નીવડે ઈત્યાદિ વાતો આવે છે. નવકાર ભાવપરિવર્તન કરે છે જેથી લેશ્યા બદલાય છે. લેશ્યાને રંગ છે. તેથી નવકાર મંત્રનો જાપ વિવિધ વર્ણ એટલે રંગો સાથે કરવાનાં વિધિવિધાનો છે. **શરીરમાં સાત સૂક્ષ્મ ચક્રો આવેલાં છે : મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધિ, આજ્ઞા અને સહસ્રાર.** આ સ્થાનો ઉપરથી આત્માના પ્રદેશોનો તુરત જ સંપર્ક સાધી શકાય છે. તેથી નવકાર મંત્રનું આ ચક્રનાં સ્થાનો, જેને મર્મસ્થાનો કહે છે તેના ઉપર ધ્યાન કરવામાં આવે છે. આ ધ્યાન લાગલું જ કર્મશરીરને ચોટ મારી સોંસરું નીકળી જાય છે અને સત્વરે અસરકારક નીવડે છે. શ્વાસ સાથે પણ નવકારને જોડવાની વાત છે. શ્વાસ એ દસ પ્રાણમાંની એક પ્રબળ પ્રાણધારા છે. સબળના સાથમાં નવકાર બળવત્તર બની જાય છે. આવો બધો નવકારનો વિસ્તાર છે, જેમાં ઊતરવું અહીં અસ્થાને છે.

નવકાર વિશે જે સમજવાનું છે તે એ છે કે તેનું બળ ક્યાં છે અને તે કેવી રીતે કાર્યાન્વિત થાય છે (સક્રિય થઈ શકે છે). મંત્રનું માળખું ગમે તેટલું સક્ષમ હોય પણ જો તેમાં આપણે પ્રાણ ન પૂરી શકીએ તો મંત્ર નિર્જીવ બની રહે કે બૂઝ્યો-બૂઝ્યો રહી જાય. મંત્ર પોતે સબળ કે નિર્જીવ નથી પણ આપણા પ્રાણથી તે જીવંત બને છે, આપણા ભાવથી અને શ્રદ્ધાથી તે બળ પ્રાપ્ત કરી લે છે અને પછી તેને સહારે આપણી અધ્યાત્મયાત્રા નિર્વિઘ્ને આગળ વધે છે. **નવકાર પથદર્શક છે અને સહપાન્થ એટલે કે સહયાત્રી પણ છે.** ક્યાંક પગલું ચૂકી જઈએ તો તે બચાવી લેનાર પણ છે.

આવો મહિમાવાન નવકાર મંત્ર છે. તેની ઘણી બધી વિશિષ્ટતાઓને કારણે તે જૈન શાસનમાં મહામંત્ર બનીને ધર્મના સિંહાસન ઉપર આરૂઢ થયેલો છે. કોઈ **જૈન નવકાર વગરનો ન હોય.**

-----

# ૧૬. અનેકાંત વિજ્ઞાન

અનેકાંત કે સ્યાદ્વાદની ચર્ચા કર્યા વિના જૈન ધર્મ ઉપરનું ચિંતન અધૂરું ગણાય. જૈન ધર્મ અનેક રીતે વિશિષ્ટ છે પણ તેના વિશેષ યોગદાનની વાત કરવી હોય તો તેમાં અહિંસા અને સ્યાદ્વાદ આવે. આચાર-વ્યવહારની ભૂમિકા ઉપર અહિંસાનું જેવું મહત્ત્વ છે તેવું જ વૈચારિક ભૂમિકા ઉપર અનેકાંત કે સ્યાદ્વાદનું મહત્ત્વ છે. આમ જોઈએ તો સ્યાદ્વાદ સહજ અને સરળ છે. પણ વ્યવહારમાં લોકો તેની સદંતર ઉપેક્ષા કરતા રહે છે અને તેથી તેમનું જીવન ક્લેશમય કે કલહમય બની જાય છે. આપણે અહીં સ્યાદ્વાદની ચર્ચા કરી છે તેનો એ જ હેતુ છે કે લોકો વૈચારિક ભૂમિકા ઉપરથી સ્યાદ્વાદને નીચે ઉતારીને વ્યવહારની ભૂમિકા ઉપર લાવીને મૂકે જેથી સૌનાં જીવન સ્વસ્થ અને પ્રસન્ન બની રહે.

સમસ્ત સૃષ્ટિની સંરચના પરસ્પરના વિરોધના પાયા ઉપર ઊભી છે માટે વિરોધને નિર્મૂળ કરવાની વાત છોડીને વિરોધને સ્વીકારતાં શીખી જાવ તે અનેકાંતની શીખ છે. જો વિરોધને હટાવી લઈશું તો સમસ્ત અસ્તિત્વ ડગમગી ઊઠશે. પૃથ્વી અવકાશમાં ટકી રહી છે કારણ કે એક બાજુ તેને સૂર્ય ખેંચી રહ્યો છે તો બીજી બાજુ પૃથ્વી સૂર્યથી દૂર જવા તાણ કરી રહી છે. આ પરસ્પર વિરોધી પરિબળોને કારણે, ખેંચતાણને કારણે પૃથ્વીનું સંતુલન થઈ ગયું છે અને તેનું અસ્તિત્વ ટકી રહ્યું છે. સૂર્ય ઊગે છે તો આથમે પણ છે. દિવસ થાય છે તો રાત પણ થાય છે. જન્મ છે તો મૃત્યુ પણ છે. પૃથ્વીના પટ ઉપર ઊંચા પહાડો ઊભા થઈ ગયા છે તો સામે પક્ષે ઊંડા મહાસાગરો થઈ ગયા છે. નદીઓ વહીને સાગરમાં મળી જાય છે તો સાગરો તપીને વરાળ રૂપે ઊંચે ચઢે છે જેમાંથી વાદળો બંધાય છે. સંસારમાં સ્ત્રી છે તો પુરુષ પણ છે. સમૃદ્ધિ છે તો સામે ગરીબી પણ ઊભી જ છે. શિયાળાની પાછળ ઉનાળો, વસંત પાછળ પાનખર એમ પકડદોડનો દાવ રમાઈ રહ્યો છે. ક્યાંય કોઈ

એકલું નથી. આમ સમગ્ર અસ્તિત્વ પરસ્પર વિરોધી તત્ત્વોના સહઅસ્તિત્વને આધારે ટકી રહ્યું છે. તેમાંથી એકને ખસેડવા જઈશું તો અસ્તિત્વની આખી ઈમારત કડડભૂસ કરતાં નીચે આવી જશે. પરસ્પર વિરોધી તત્ત્વો કે પરિબળોને આધારે આખો સંસાર ટકી રહ્યો છે તે અનેકાંતનો મૂળ સિદ્ધાંત છે.

આ જ વાતનો જરા વધારે વિસ્તાર કરીએ તો વસ્તુમાત્રમાં પરસ્પર વિરોધના કેવળ બે જ ગુણધર્મો નથી. વસ્તુ અનેકધર્મા છે. સત્યને અનેક બાજુઓ છે પણ અસ્તિત્વને ટકી રહેવા માટે પરસ્પર વિરોધી ગુણધર્મો આવશ્યક બની રહે છે. સત્યને ક્યાંય વિરોધ નડતો નથી. સત્ય એટલું વિરાટ છે કે તેમાં બધાય વિરોધ સમાઈ જાય છે. પણ વિરોધમાં સત્ય ન સમાઈ શકે. ઉદાહરણ તરીકે હિમાલયનું ઉત્તુંગ શિખર ગૌરીશંકર છે. ત્યાં પહોંચવાના અનેક માર્ગો છે. ભારતમાંથી જવાય, નેપાળમાંથીય જવાય, ચીનમાંથી પણ જઈ શકાય. તિબેટમાંથી પણ ત્યાં પહોંચવાનો માર્ગ છે. ગૌરીશંકરના અસ્તિત્વને ભિન્ન અને વિરોધી માર્ગોથી ક્યાંય કશી મુશ્કેલી પડતી નથી. ગૌરીશંકર સર કરવા જનારાઓ ગમે તે માર્ગે જઈ શકે છે. કોઈ ગૌરીશંકરની ઉત્તરેથી ચઢે તો કોઈ વળી તેની દક્ષિણેથી આરોહણ કરે. કોઈક ત્રીજી બાજુ પસંદ કરે. પણ કોઈ એમ કહે કે મારો માર્ગ જ સાચો અને તે જ માર્ગે ગૌરીશંકર ઉપર પહોંચાય તો તે વાત કેટલી બેહૂદી અને અયોગ્ય લાગે! સત્ય વિશે અજ્ઞાન હોય તો જ કોઈ આવું માની શકે અને આવી એકાંતે વાત કરી શકે.

સંસાર બહુઆયામી છે. અસ્તિત્વ એટલું બધું વિરાટ છે, અને તેને એટલી બધી બાજુઓ છે કે તમે અસ્તિત્વને – સત્યને સમગ્રતયા તમારી બાથમાં ન લઈ શકો. સત્યને જાણવાના, પ્રાપ્ત કરવાના બહુ માર્ગો માટે ક્યારેય એમ ન કહેવાય કે આ જ માર્ગે સત્યની ઉપલબ્ધિ થાય. અનેક માર્ગે સત્યનો આવિષ્કાર થઈ શકે, અનેક રીતે સત્યની પ્રાપ્તિ થઈ શકે. માટે જૈન ધર્મ કહે છે કે સત્ય ક્યારેય એકાંતિક નથી. અનેકાંત સત્યદર્શી છે. આ છે અનેકાંતની સુગમ અને સરળ પ્રરૂપણા. જૈન ધર્મે અનેકાંતને આધારે સત્યની વિચારણા કરી છે. તેથી ક્યાંય તેને અન્ય ધર્મોની વાત સમજવામાં અડચણ પડતી નથી. વળી અનેકાંતને આધારે ઊભી થયેલી

જૈન ધર્મની ઈમારતને કોઈ ધર્મ હચમચાવી શકતો નથી.

અનેકાંત સત્યનું ઉદ્‌ઘાટન કરે છે. એકાંતે વિચારાતી કે બોલાતી વાત સત્યથી ઘણે દૂર રહી જાય છે. જ્યારે અનેકાંતથી વાતનો વિચાર થાય તો તે સત્યની ઘણી નજીક આવી જાય છે. દા.ત. આપણે આજે કોઈ માણસને જોયો કે જે વાણી અને વર્તનથી સદાચારી લાગે છે. એટલે આપણે તુરત કહી દઈશું કે આ વ્યક્તિ સદાચારી છે. હા, આજની અપેક્ષાએ તે સદાચારી છે તેની કંઈ ના ન કહેવાય પણ આપણે તેને બહારથી જ જોયો છે કે જાણ્યો છે. તેનો ભૂતકાળ આપણાથી અજાણ્યો છે. વળી તેની અંદરની વાત પણ આપણે જાણતા નથી. અંદરથી તે મેલા મનનો પણ હોય. તેનો ભૂતકાળ સારો ન પણ હોય. કેવળ આજનાં બાહ્ય વાણી-વર્તનની અપેક્ષાએ તેને સદાચારી કહેવામાં આપણે ઉતાવળ કરી દઈએ છીએ. એ જ ન્યાયે આજે દુરાચારી થઈ ગયેલો માણસ ભૂતકાળમાં સદાચારી પણ હોય. વ્યક્તિ કે **વસ્તુની પાછળ એક અવ્યકત જગત છે જેને ગણતરીમાં લીધા વિના આપણે કોઈ તારવણી કાઢીએ તો તે સત્યની વેગળી જ રહે.**

બીજી વાત એવી પણ નીવડે કે માણસ ભૂતકાળમાં સદાચારી હતો અને આજે પણ સદાચારી છે. વળી બહારથી અને અંતરથી પણ તે આજે સદાચારી છે. છતાંય થોડાંક વર્ષો પછી કંઈક એવું બને કે તે અઠંગ દુરાચરી થઈ જાય. એનાથી ઊલટું પણ બને કે આજનો દુરાચારી કાલે સદાચારી બની જાય. તેથી માણસને કાયમનો સદાચારી કે દુરાચારી ગણવામાં ભૂલ થઈ જાય છે અને આપણે સત્યથી દૂર નીકળી જઈએ છીએ. ભવિષ્યની સંભાવનાને અવગણીને આજે આપણે જે કહીએ છીએ તે પણ બરોબર નથી. વ્યક્તિનો ભૂતકાળ અને ભવિષ્યકાળ બંને કાળની અપેક્ષાએ તે જ વ્યક્તિનાં પર્યાયો છે – સ્વરૂપો છે. ભૂત અને ભાવિના પર્યાયોને ગણતરીમાં લીધા વિના ભાખેલું અસત્ય પણ ઠરે. પછી ભલે આજે અને અત્યારે તે સત્ય હોય. માટે **અનેકાંત કહે છે કે હંમેશાં વિચાર અને વાણી અમુક અપેક્ષાથી કરાય અથવા અમુક સંદર્ભમાં જ તે કથન થાય તો જ તે સત્ય બની રહે. આ છે સ્યાદ્‌વાદ જેને અપેક્ષાવાદ પણ કહી શકાય.**

આવી જ વાત ભવને અનુલક્ષીને થઈ શકે છે. બાળકનો જન્મ જોઈને કહીએ કે તે જન્મ્યો અને માણસને મરતાં જોઈને કહીએ કે તે મરી ગયો. વાસ્તવિકતામાં તે જીવ આ ભવની અપેક્ષાએ - સંદર્ભમાં જ જન્મ્યો કહેવાય અને મર્યો કહેવાય. પણ જો ભવાંતરની અપેક્ષાએ વિચાર કરીએ તો જીવ જન્મતોય નથી અને મરતો પણ નથી. જીવ આ ભવમાં દેખાયો તે આ ભવના સંદર્ભમાં તેનો જન્મ થયો અને મૃત્યુ પામ્યો એટલે કે જીવ ક્યાંક જતો રહ્યો - શરીરને છોડી દીધું. અહીં વાણીનો જે વ્યવહાર થાય છે તે ભવની અપેક્ષાએ થાય છે, જે સામાન્ય રીતે અધ્યાહાર રહે છે.

એ જ રીતે ક્ષેત્રની અપેક્ષાએ સત્યનું નિરૂપણ થાય છે. હિમાલય ઉત્તરમાં આવ્યો છે તેમ ભારતના લોકો કહે છે તે બરોબર છે પણ તિબેટના લોકો માટે તે દક્ષિણમાં આવેલો છે. અમેરિકાના લોકો માટે હિમાલય પૂર્વમાં છે, તો જાપાનના લોકો માટે હિમાલય પશ્ચિમમાં આવેલો છે. હિમાલય ઉત્તરમાં આવેલો છે તે વાત ભારતના લોકોની અપેક્ષાએ થઈ તેથી તેને સમગ્રતયા સત્ય તરીકે ન સ્વીકારાય. અપેક્ષા વિના બોલેલું કે વિચારાયેલું સત્ય પણ અસત્ય જ ગણાય - આ જ તો સ્યાદ્વાદનું રહસ્ય છે.

આવી જ વાત ભાવની છે - અનુભૂતિની છે. આજે જે સુખ લાગે છે તે જ કાલે દુઃખ લાગે. આજે જેને સમૃદ્ધિ માનીએ છીએ તે કાલે દરિદ્રતા લાગે. નાહવા માટે મૂકેલું પાણી કોઈને ગરમ લાગે તો કોઈને ઠંડું પણ લાગે. ધ્રુવ પ્રદેશમાંથી આવનારા માટે આપણો શિયાળો ગરમીની ઋતુ છે, પણ ગરમ પ્રદેશમાંથી આવનાર માટે કડકડતી ઠંડીની મોસમ છે.

દ્રવ્યની વાત લઈએ તો અત્યારનું જે દૂધ છે તે કાલનું દહીં છે, તો પરમ દિવસની છાશ છે અને અઠવાડિયા પછીનું ઘી છે. આજે આપણને જે વસ્તુ મીઠાઈ લાગી તે ખાધા પછી બીજે દિવસે ત્યાગવા જેવી માટી થઈ ગઈ. આમ બધું અમુક સંદર્ભમાં જ ઊભું છે, અમુક અપેક્ષાએ જ ખરું છે.

તાત્પર્ય એ છે કે સત્ય એટલું વિરાટ છે અને એટલું તો બહુઆયામી

છે કે તેને વિશે કંઈ પણ કહેવું હોય તો તે અપેક્ષાથી જ કહી શકાય. સત્ય અનેકાંતિક છે. તેને પહોંચવાના, તેને પ્રાપ્ત કરવાના અનેક માર્ગો છે માટે સત્ય વિશે એકાંતિક રીતે કયારેય વાત ન થાય. અનેકાંત એટલે સત્યની વિરાટતા અને તેના બહુઆયામી - બહુમુખી અસ્તિત્વનો સભાનતાપૂર્વક સ્વીકાર અને તે રીતે થતી વિચારણા.

માણસનો સત્ય વિશેનો અનુભવ અમુક અપેક્ષાએ જ હોય છે તેથી માણસે સત્યનું સચોટ નિર્દેશન કરવું હોય તો અપેક્ષાથી જ કરવું જોઈએ. સત્ય વિશે થયેલું કોઈપણ કથન જો નિરપેક્ષ હોય તો તે અસત્ય જ ઠરે. **સત્ય વિરાટ છે, તેનો આવિષ્કાર અનેક રીતે થઈ શકે તે વાતનું અનેકાંત પ્રતિપાદન કરે છે.** તેથી સત્ય વિશે કંઈ કહેવું હોય તો તે અપેક્ષાથી જ કહેવાય. આમ સ્યાદ્વાદ એટલે અપેક્ષાવાદ સત્યને સચોટ રીતે કહેવાની એક રીત છે - શૈલી છે.

અનેકાંતને હજુ વધારે સમજવા માટે બે ઉદાહરણોની આપણે સહાય લઈએ. તેમાંનું સૌથી સરળ ઉદાહરણ પાંચ આંધળાઓ અને હાથીવાળી વાત છે. પાંચ આંધળાઓ હાથી ઉપર પોતાનો હાથ ફેરવી હાથીના સ્વરૂપ વિશે નિર્ણય લે છે. એક જણ કહે છે કે હાથી થાંભલા જેવો છે કારણ કે તેના હાથમાં હાથીનો પગ આવ્યો હતો. જેના હાથમાં હાથીના કાન આવ્યા હતા તે કહે છે કે હાથી સૂપડા જેવો છે; તો જેના હાથમાં સૂંઢ આવી હતી તે કહે છે કે હાથી સાંબેલા જેવો છે. જેણે હાથીની પીઠ ઉપર હાથ ફેરવ્યો હતો તેણે કહ્યું કે હાથી તો પાટ જેવો છે. અને જેના હાથમાં હાથીની પૂંછડી આવી હતી તેણે કહ્યું કે હાથી તો દોરડી જેવો છે. દરેક આંધળો પોતાના હાથમાં હાથીનું જે અંગ આવ્યું હતું તેને આધારે હાથી વિશે કહે છે. આમ જોઈએ તો દરેક જણ પોતાની રીતે, પોતાના અનુભવથી (અપેક્ષાએ) સાચો છે. છતાંય પ્રત્યેકનું કથન સત્યથી ઘણું વેગળું છે કારણ કે સૌએ નિરપેક્ષ રીતે હાથીનું વર્ણન કર્યું છે. જો પ્રત્યેક વ્યક્તિ એમ કહે કે મારા હાથનો જેને સ્પર્શ થાય છે - થયો છે તેની અપેક્ષાએ હાથી આવો હશે તેમ હું કહી શકું; પણ અન્યની અપેક્ષાએ તેનું સ્વરૂપ ભિન્ન પણ હોય. આ છે સત્યને ઓળખવાની સ્યાદ્વાદની શૈલી.

તત્ત્વજગતની મહાન વાત લઈએ તો આત્મા નથી જન્મતો કે નથી મરતો. આત્મા ઉત્પન્ન થતો નથી અને આત્મા નષ્ટ થતો નથી. તેથી વેદાંતે કહ્યું કે આત્મા નિત્ય છે. બીજી બાજુ બૌદ્ધોએ કહ્યું કે આત્માનું જે સ્વરૂપે આપણને ભાન થયું કે અનુભવ થયો - નવજાત શિશુ બાળક બન્યો, યુવાન બન્યો, પ્રૌઢ બન્યો અને છેવટે વૃદ્ધ થઈને મૃત્યુ પામ્યો - એ રીતે આત્મા અનિત્ય ઠર્યો. ભગવાન મહાવીરે કહ્યું કે દ્રવ્યરૂપે આત્મા નિત્ય છે કારણ કે તે નથી ઉત્પન્ન થતો કે નથી તે મૃત્યુ પામતો. પણ પર્યાયરૂપે એટલે કે શરીર રૂપે તે પળે પળે બદલાયા કરે છે. તેનું એક રૂપ નષ્ટ થાય છે અને બીજું ઉત્પન્ન થાય છે તેથી તે અનિત્ય છે. આમ જૈન ધર્મે આત્માને નિત્યાનિત્ય એટલે કે દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય કહ્યો. આમ મહાવીરનું દર્શન સત્યને પામવા સ્યાદ્‌વાદનો સહારો લે છે. તેથી જૈન ધર્મને ક્યાંય વિરોધ નથી લાગતો. તે પોતાનામાં બધા વિરોધોને સમાવી લે છે. ભગવાને ગણધરોની શંકાનું સમાધાન કરતાં વેદોની વાતને ખોટી નથી કહી પણ તેની ઋચાઓનો અપેક્ષાથી અર્થ કરી બતાવ્યો છે જેનાથી ગણધરોનાં મનનું સમાધાન થઈ ગયું - તે વાત ખૂબ સૂચક છે.

આટલી ચર્ચાના પરિપ્રેક્ષ્યમાં હવે આપણે અનેકાંત અને સ્યાદ્‌વાદ બંને વચ્ચેનો ભેદ સ્પષ્ટ રીતે સમજી શકીશું. આમ તો બંને ઘણા નજીક છે. એક સાધ્ય છે તો બીજો સાધન છે પણ સ્પષ્ટતાપૂર્વકની સમજણ ન હોવાને કારણે ઘણા વિદ્વાનો પણ બંને શબ્દો સાથે ઘણી છૂટછાટ લઈ લે છે ત્યાં સામાન્ય માણસનું તો શું કહેવું ?

સત્ય વિરાટ છે, બહુઆયામી છે તે વાતનો સ્વીકાર થઈ ગયા પછી આપણે ક્યારેય એમ ન કહી શકીએ કે આ જ સત્ય છે. તેથી જો આપણે સચોટ કે યથાર્થ સંભાષણ કરવું હોય તો તેમ કહેવું પડે કે હું જે કંઈ કહું છું તે વાત મારી રીતે ખરી છે. મને જે માહિતી છે, હું જે રીતે વિચારું છું તે રીતે મારી વાત આમ છે. ભલે વ્યવહારમાં આપણે આમ ન બોલીએ પણ આપણા દરેક વકતવ્ય કે વિચાર પાછળ આ વાત કે શરત રહેલી છે તે ભુલાવું ન જોઈએ. સત્ય વિશે વિચાર કરવાની, કહેવાની આ રીતને સ્યાદ્‌વાદ કહે છે. કારણ કે તેમાં 'સ્યાત્' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. સ્યાત્ એટલે અપેક્ષાએ In relation to અથવા તો અમુક

સંદર્ભમાં એવો અર્થ થાય. પણ તેથી કોઈ રખે એમ માની લે કે આ વાતમાં કંઈ સંદેહ છે. **એમાં સંદેહ કે શંકાની વાત નથી પણ અમુક અપેક્ષા અને સંદર્ભની વાત છે** અને તે અપેક્ષાએ તો તે વાત ખરી જ છે. તેથી તેના માટે 'કથંચિત એવ' એમ શબ્દો વપરાય છે જે નિશ્ચિતતાના સૂચક છે. તેથી જો સત્ય વિશે ખરેખર કંઈ કહેવું હોય તો પોતાના કથનની સાથે એમ કહેવું જોઈએ કે **'સ્યાત્ કથંચિત એવ'** એટલે કે એ સંદર્ભમાં તે વાત આમ જ છે. ભલે વ્યવહારમાં તેમ ન બોલીએ પણ તે રીતે સમજવું તો જોઈએ. આમ કહેવામાં આપણે એ વાતનો સ્વીકાર કરી લીધો કે બીજા કોઈ સંદર્ભમાં કે બીજી કોઈ અપેક્ષાએ આ વાત અન્ય રીતે પણ હોઈ શકે.

આમ સ્યાદ્વાદ કે સ્યાત્ શબ્દ શંકાનો સૂચક નથી પણ અપેક્ષાનો વાચક છે. આ રીતે વસ્તુનો વિચાર કરવાની શૈલીને સ્યાદ્વાદ કહે છે. કારણ કે તેમાં 'સ્યાત્' શબ્દ મહત્ત્વનો છે. પછી ભલે આપણે તે બોલીએ કે ન બોલીએ પણ તે અધ્યાહાર તો રહે છે જ. જરા વિચાર કરીશું તો અવશ્ય લાગશે કે આપણે જે કંઈ વિચારીએ છીએ કે બોલીએ છીએ તે અમુક સંદર્ભમાં જ હોય છે પણ આપણે તે માટે સભાન નથી હોતા. પરિણામે આપણે આપણી જ વાતને કે વિચારને સત્ય ગણીને બીજા બધાને અસત્ય કે ખોટા ગણીએ છીએ. બસ, અહીં જ તો બધી મુશ્કેલીઓ કે ગેરસમજ ઊભી થઈ જાય છે. સ્યાદ્વાદની શૈલીથી જે પરિચિત હોય તે પોતાની જ વાતને સત્ય માનવાની કે અન્યને ખોટા માનવાની ક્યારેય ભૂલ નહીં કરે.

સાથે સાથે એ પણ સ્પષ્ટ કરી લઉં કે **સ્યાદ્વાદ એ સમાધાન નથી.** સમાધાન અને અપેક્ષા એ બે વચ્ચે ઘણો તફાવત છે. સમાધાનમાં તમે કંઈક છોડો, હું કંઈક છોડું અને આપણે વચલી વાત સ્વીકારી લઈએ. જ્યારે સ્યાદ્વાદમાં કંઈ છોડવાની વાત નથી. તમે તમારી રીતે બરોબર છે. મારી રીતે હું પણ બરોબર છું. આમાં કંઈ તડજોડ કરવાની નથી પણ વિવિધ અપેક્ષાઓ સમજવાની છે. **સમાધાનમાં બાંધછોડ છે જ્યારે સ્યાદ્વાદમાં વિશાળતા છે જે બધા ભેદોને સમાવી શકવાની ક્ષમતા ધરાવે છે.**

આ ચર્ચાનો એ સાર નીકળ્યો કે સત્ય વિરાટ છે, અનેકાંતિક છે. સત્ય વિશેનું કોઈ વક્તવ્ય સાર્વભૌમિક નથી. સત્ય એક ગહન અનુભૂતિ છે. સત્ય એટલું વિરાટ છે કે તેનું વિવિધ અપેક્ષાઓથી જ દર્શન થઈ શકે. સત્ય વિશે સલામત રીતે અને સચોટતાપૂર્વક કંઈ પણ કહેવું હોય તો તે અનેકાંતને લક્ષ્યમાં રાખીને સ્યાદ્‌વાદની શૈલીમાં જ કહી શકાય કે વિચારી શકાય. **આમ અનેકાંત એક વિચારવ્યવસ્થા છે અને સ્યાદ્‌વાદ તેનું નિર્માણ કરવા માટેની શૈલી છે. આ બંને વચ્ચેનો સંબંધ વાચ્ય-વાચકનો છે.**

અનેકાંતની વિચારસરણી આમ જોઈએ તો તદ્દન નવી નથી. બૌદ્ધોએ વિભજ્યવાદ નામથી તેને મળતી રીત અપનાવી હતી. વેદાંત જ્યારે એમ કહે છે કે "એક જ સત્યને બ્રાહ્મણો અનેક રીતે કહે છે" ત્યારે તેમાંય સ્યાદ્‌વાદનો ધ્વનિ તો ઊઠે જ છે. પણ જૈન ધર્મે આ શૈલીને પરિપૂર્ણ રીતે વિકસાવી પોતાની વિચારણામાં તેનો આધાર લીધો તેથી સ્યાદ્‌વાદ જૈનોનો ગણાયો અને તે સ્વાભાવિક છે.

અનેકાંત કે સ્યાદ્‌વાદ કેવળ ધર્મની વાતો કરવા માટે કે સમજવા માટે જ નથી. વ્યવહારમાં પણ જો સભાનતાપૂર્વક અનેકાંતનો ઉપયોગ કરતાં રહીએ તો આપણું વ્યક્તિગત જીવન ઘણું સ્વસ્થ બની રહે. આપણા મોટા ભાગના કલહોનું કારણ એ છે કે આપણે એકાંતિક રીતે જ વસ્તુની વિચારણા કરીએ છીએ. આપણી વાતને આપણી અપેક્ષાએ સાચી માનવામાં કંઈ વાંધો નથી પણ આપણે તો બીજાની અપેક્ષાની સદંતર અવગણના કરીને, અન્યને ખોટા ગણીએ છીએ તેથી આપણું જીવન વિસંવાદ અને વિવાદોથી ઊભરાય છે. એમાંથી જો આપણામાં સહિષ્ણુતા ઓછી હોય તો પછી આપણે કલહમાં ઊતરી પડીએ છીએ જે છેવટે ક્લેશમાં પરિણમે છે.

**અનેકાંત વિજ્ઞાન છે.** તે જીવનથી પરનું વિજ્ઞાન નથી પણ જીવનમાં ઉતારવા માટેનું - અપનાવવા માટેનું વિજ્ઞાન છે.જો આપણે અનેકાંતના વૈજ્ઞાનિક ઢંગથી જીવતાં શીખી જઈશું તો આપણા સંબંધોમાં પણ મીઠાશ આવી જશે, ક્યાંય આપણને કલહ નહીં વર્તાય. **અનેકાંત સમભાવ-પૂર્વકના સ્વસ્થ જીવનનું દ્યોતક છે.**

-----

# લેખકનાં જૈન ધર્મ વિષયક પુસ્તકો

## કર્મવાદનાં રહસ્યો :

કર્મવાદના આ પુસ્તકમાં ખૂબ જ રોચક શૈલીમાં સરળ સુગમ શબ્દો દ્વારા તાર્કિક પદ્ધતિથી કર્મવાદની રજૂઆત થઈ છે. જેથી માત્ર બુદ્ધિવાદી જીવોને પણ પોતાની માન્યતા અંગે પુનઃ વિચાર કરવો પડે તેવું છે. માત્ર કોરું તત્ત્વજ્ઞાન અહીં ઠાલવવામાં નથી આવ્યું પણ કર્મના સિદ્ધાંતો મન-મગજમાં ઠસી જાય તે માટે સરળ કથાઓ પણ આપી છે. કથાની શૈલી નવતર છે. વાંચવાનું શરૂ કરો પછી અંત સુધી તમે ખેંચાતા જાવ તેવું લાગે. **– આચાર્ય શ્રી પ્રદ્યુમ્નવિજય મ. સા.**

'કર્મવાદનાં રહસ્યો' લખીને શ્રી ચંદ્રહાસભાઈએ ધાર્મિક લોકોની જે સેવા કરી છે તે અમૂલ્ય છે. કર્મની બાબતમાં જૈન ધર્મે વિશેષ વિચારણા કરી છે. તે સમક્ષ રાખીને પ્રસ્તુત પુસ્તક લખાયું હોવા છતાંય તે બધા કર્મવાદીઓને ઉપકારક થાય તેવું છે. આટલી સરળ ભાષામાં સ્પષ્ટતા કરીને કર્મવાદનાં રહસ્યોનું જે ઉદ્ઘાટન પુસ્તકમાં થયું છે તે કર્મ વિશેના સાહિત્યમાં અપૂર્વ છે. **– દલસુખ માલવણિયા**

## જૈન આચાર મીમાંસા

"જૈન આચારોનો વિષય ગહન છે. પ્રત્યેક આચારની પાછળ રહસ્ય રહેલું હોય છે. આ રહસ્યને જાણ્યા વિના આચારોનો પૂર્ણ લાભ ન મળી શકે. વળી તેમાં ભાવનું સિંચન કરીને આરાધના કરવી જોઈએ. આ વાતને લક્ષમાં રાખીને આ પુસ્તકમાં ચર્ચા કરવામાં આવી છે તે તેની વિશિષ્ટતા છે.

દર્શન શ્રદ્ધાનું જનક છે. જ્ઞાન ધર્મના પથ ઉપર અજવાળાં પાથરે પરંતુ લક્ષ્ય સુધી પહોંચાડે ચારિત્ર અર્થાત્ આચારો. પંચાચાર જૈન આચારોનું પ્રથમ ચરણ છે તો ચાર શરણ અંતિમ ચરણ છે. વચ્ચે આવે છે છ આવશ્યક, બાર વ્રત અને કાઉસગ્ગ અર્થાત્ કાયોત્સર્ગ. આ પાંચેય વિષયોની આ પુસ્તકમાં વિશદ રીતે છણાવટ કરવામાં આવી છે જે સાધકને ઘણી સહાય કરે તેવી છે."

## કર્મસાર

"આપણે આજે જે છીએ તે કર્મને કારણે છીએ અને કાલે જે હોઈશું તે પણ કર્મને કારણે હોઈશું. પળે પળે જીવનને સુખ-દુઃખમાં પલટી નાખતા કર્મનો બંધ કેવી રીતે થાય છે, તેનાથી કેમ બચી શકાય, બાંધેલા કર્મમાં ફેરફાર કેવી રીતે થઈ શકે, ક્યારે કર્મ ભોગવ્યા વિના છૂટકો થાય જ નહીં અને કેવી રીતે વગર ભોગવ્યે

કર્મથી છૂટી શકાય - એવી બધી ગહન વાતોનું નિરૂપણ આ પુસ્તકમાં થયેલ છે. વળી લેખકે કર્મ વિશેની કેટલીક ભ્રામક માન્યતાઓનું સુપેરે નિરસન કરતાં જીવનના અંતિમ લક્ષ્ય તરફ ઈશારો પણ કર્યો છે. વિશિષ્ટ અને વૈજ્ઞાનિક સિદ્ધાંતને આધારે લખાયેલ આ પુસ્તકના વાંચનમાંથી આપણને મૂંઝવતા બધા પ્રશ્નોનું સમાધાન મળી જાય છે.

## ધ્યાનવિચાર - વિશિષ્ટ વિચાર

"ધ્યાનમાં આધ્યાત્મિક રીતે આત્માને પરમાત્મા સુધી પહોંચાડવાની તાકાત છે તો ઐહિક રીતે જીવનને શાંત, સ્વસ્થ અને પ્રસન્ન રાખવાની ક્ષમતા છે. આલોક અને પરલોક બંને માટે ઉપકારક બની રહે તેવું આ ધ્યાન શું છે, તે કેવી રીતે સાધી શકાય તે વાતનું લક્ષ્ય રાખીને આ પુસ્તકમાં પ્રમુખ ધ્યાનધારાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. લેખકે પ્રત્યેક ધ્યાનધારા પાછળના તત્ત્વ વિચારની સાથે તે ધ્યાન કેવી રીતે થઈ શકે તેનું પણ સવિસ્તાર વર્ણન કર્યું છે. વળી ન કરવા જેવાં અને બચવા જેવાં દુર્ધ્યાનોની પુસ્તકમાં વિગતે ચર્ચા કરવામાં આવી છે જે મહત્ત્વની છે પણ ઘણી ઓછી જગાએ જોવા મળે છે.

ધ્યાનનો ઇચ્છુક પોતાની પ્રકૃતિ અને હેતુને નજરમાં રાખીને યોગ્ય ધ્યાનની પસંદગી કરી તેમાંથી ઇષ્ટ લાગેલી બાબતોનો સમન્વય કરીને પોતાને અનુકૂળ રહે તેવા ધ્યાનનું આયોજન પણ કરી શકે તેવી બધી માહિતીથી પુસ્તક સભર છે."

## મહાવીરનો સાધનાપથ :

'મહાવીરનો સાધનાપથ' એક વિશિષ્ટ પુસ્તક છે. તેમાં સાધનાની ચીલા ચાલુ વાતો નથી, પણ સાધનાના સિદ્ધાંતનું સરળ ભાષામાં નિરૂપણ થયેલું છે. સાધનાનું લક્ષ્ય છે અનંત અવ્યાબાધ સુખમાં સ્થિતિ જે સિદ્ધ કરવા માટે આવશ્યક છે કર્મરહિત અવસ્થાની. આ માટેના ટૂંકામાં ટૂંકો માર્ગ છે કર્મના સંવરનો અને નિર્જરાનો. તેની સાધના હાલતાં-ચાલતાં, હરતાં-ફરતાં, ઉઠતાં-બેસતાં ગમે તે સ્થિતિમાં કેવી રીતે થઈ શકે તેનું આ પુસ્તકમાં નિર્દેશન થયેલું છે. ધર્મના પ્રવર્તમાન વિધિ-વિધાનોની અંતર્ગત આ વાત કેવી રીતે રહેલી છે તે દર્શાવીને લેખકે મહાવીરના સાધનાપથની રૂપરેખા આપી છે. પુસ્તકને અંતે લેખકે 'ઉપયોગે ધર્મ'ની વાત સમજાવીને સાધનાનો માર્ગ જાણે સૌના માટે મોકળો કરી આપ્યો છે.

-----

# જૈન ધર્મનું હાર્દ

''જૈન ધર્મ ઘણો ગહન અને સૂક્ષ્મ છે. તેના અંતરંગ અને બહિરંગ પરિચય માટે ઘણાં પુસ્તકો લખાયેલાં છે પરંતુ તેમાં 'જૈન ધર્મનું હાર્દ' વિશિષ્ટ છે. લેખકે જૈન ધર્મના તત્ત્વજ્ઞાનને તેમાં સમાવી લઈને અત્યંત સંક્ષેપમાં રસાળ શૈલીમાં વહેતું કર્યું છે. ભાષા સરળ હોવા છતાંય લેખક તત્ત્વનાં ઊંડાણ સાધવામાં સુપેરે સફળ રહ્યા છે. વાંચકને ખબર પણ ન પડે તેમ ધર્મના હાર્દને સ્પર્શીને તે તત્ત્વને આત્મસાત્ કરી લે તેવી લેખકની શૈલી આસ્વાદ્ય બની રહે છે. જૈન ધર્મના પાયાના સિદ્ધાંતોની કડીબદ્ધ તર્કગમ્ય રજૂઆત એટલી સચોટ અને સ્પષ્ટ છે કે વાંચકને ક્યાંય કંઈ અટપટું લાગતું નથી. 'જૈન ધર્મ શું છે ?' તે પ્રશ્નનો નિઃસંશય ઉત્તર આ પુસ્તકમાંથી મળી જાય છે તે તેની મોટી સફળતા છે. જૈન ધર્મ વૈજ્ઞાનિક છે. સંસાર વિશે તેણે જે રીતે વિચાર કર્યો છે એવો ભાગ્યે જ અન્ય કોઈ ધર્મે કરેલો છે. આજની પેઢીની જિજ્ઞાસાને નજરમાં રાખીને લખાયેલું આ પુસ્તક નવી જ ભાત પાડનારું ઉપયોગી પ્રકાશન છે. આજે જ્ઞાનના સીમાડાઓ વિસ્તર્યા છે ત્યારે માણસ વિષયના ઊંડાણમાં જતાં ગૂંગળાય છે અને મૂંઝાય છે ત્યારે સરળ અને સુગમ ભાષામાં લખાયેલું 'જૈન ધર્મનું હાર્દ' તેને ઘણું સ્વીકાર્ય બની રહે તેવું છે. ધર્મને તેના સાચા પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે તે ઘણું ઉપયોગી થઈ પડે તેવું છે. તેનું વાંચન કરનાર જૈન ધર્મનો રાગી બન્યા વિના રહે નહિ તે જ તેની સિદ્ધિ છે.''